# महावीरचरियं

- सिरिगुणचंदगणी



१

# MAHAVIR CHARIYAM

OF

SHRI GUNCHANDRA GANI
IN PRAKRIT

PART - 1

**Sanskrit Translation**

**Muni Nirmalyashvijay**

**Gujarati Translation**

**Shri Atmanand Jain Sabha, Bhavnagar**

**PUBLISHERS**
**SHRI DIVYA DARSHAN TRUST**
**39, KALIKUND SOCIETY**
**DHOLKA - 387810**
**DIS : AHMEDABAD, STATE : GUJARAT (IND.)**
**Ph. : 02714-225482**

# INTRODUCTION


| | | |
|---|---|---|
| **ORIGINAL TEXT** | : | MAHAVIR CHARIYAM |
| **AUTHOR** | : | SHRI GUNCHANDRA GANI |
| **LANGUAGE** | : | PRAKRIT |
| **SANSKRIT TRANSLATION** | : | MUNI NIRMALYASH VIJAY |
| **GUJARATI TRANSLATION** | : | SHRI ATMANAND JAIN SABHA, BHAVNAGAR |
| **EDITED BY** | : | MUNI NIRMALYASH VIJAY |
| **TYPE SETTERS** | : | ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR, KOBA |
| **PRINTERS** | : | SHRI PARSHVA COMPUTERS, AHMEDABAD |
| **EDITION** | : | 1st |
| **COPY** | : | 500 |
| **PRICE** | : | ₹ 1600/- (WHOLE SET) |
| **AVAILABLE AT** | : | 1 PUBLISHERS<br>2 SHIRISH SANGHVI<br>702, RADHA KUNJ<br>OPP. WITTY KID'S SCHOOL<br>RAMCHANDRA LANE<br>MALAD (WEST)<br>MUMBAI - 400064<br>MO : 9892870790<br>3 MAHENDRA ZAVERI<br>502, SANSKRUTI COMPLEX<br>NR. ATITHI CHOWK<br>KALAWAD ROAD<br>RAJKOT - 360005<br>MO : 9825168834 |
| **ISBN** | : | 978-81-925531-0-8 |

ISBN 978-81-925531-0-8

9 788192 553108


This fresh edited text has been printed in four volumes.

પ્રાકૃતભાષાનિબદ્ધ

# મહાવીર ચરિયં

રચયિતા

## પરમ પૂજ્ય શ્રીગુણચંદ્રગણી

**ભાગ-૧**

**દિવ્યાશિષ**

**પરમ પૂજ્ય સકલસંઘ હિતચિંતક આચાર્યદેવેશ**
**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.**

**શુભાશિષ**

**પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ**
**શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.**

**સંસ્કૃત છાયાકાર**

**પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર**
**શ્રી વિશ્વકલ્યાણવિજયજી મ. સા. ના શિષ્યરત્ન પરમ પૂજ્ય વિદ્વદ્વર્ય**
પંન્યાસ પ્રવર શ્રીયશોવિજયજી મ. સા. ના
શિષ્યાણુ મુનિ નિર્મલયશવિજય

**ગુજરાતી અનુવાદક**

**શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર**

**પ્રકાશક**

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી
મફલીપુર ચાર રસ્તા પાસે
ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૭૮૧૦
ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨

| | | |
|---|---|---|
| **ગ્રંથનું નામ** | : | મહાવીરચરિયમ્ |
| **કર્તા** | : | શ્રી ગુણચંદ્ર ગણી |
| **ભાષા** | : | પ્રાકૃત |
| **વિશેષતા** | : | શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના પૂર્વના ૨૭ ભવોનું તથા ૨૭મા ભવની ઐતિહાસિક ઘટનાઓનું, પ્રભુના સમકાલીન ભારતવર્ષની રાજકીય, ધાર્મિક પરિસ્થિતિ વગેરેનું ઐતિહાસિક તથા કાવ્યાત્મક રીતે રોચક વર્ણન |
| **સંસ્કૃત છાયા** | : | મુનિ નિર્મલયશવિજય |
| **ગુજરાતી અનુવાદ** | : | શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર |
| **અક્ષરાંકન** | : | આચાર્ય શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા |
| **મુદ્રક** | : | શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ<br>મો. ૯૯૦૯૪૨૪૮૬૦ |
| **કુલ ભાગ** | : | ૪ |
| **આવૃત્તિ** | : | પ્રથમ **નકલ :** ૫૦૦ **મૂલ્ય :** ₹ ૧૬૦૦/- (સંપૂર્ણ સેટના) |
| **પ્રાપ્તિસ્થાન** | : | **૧) પ્રકાશક**<br>**૨) શ્રી શિરીષભાઇ સંઘવી**<br>૭૦૨, રાધાકુંજ<br>વીટી. સ્કુલની સામે<br>રામચંદ્ર લેન, મલાડ (વે.)<br>મુંબઇ - ૪૦૦૦૬૪<br>મો. ૯૮૯૨૮૭૦૭૯૦<br>**૩) શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી**<br>૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ<br>અતિથિ ચોકની પાસે,<br>કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫<br>મો. ૯૮૨૫૧૬૮૮૩૪ |





# સમર્પણમ્

આસન્નોપકારી
વર્તમાન શાસન
સ્થાપક
શ્રી વર્ધમાનસ્વામીના
ચરણોમાં

મોક્ષમાર્ગના
પ્રદર્શક
જિનશાસનને

જેમની
જન્મશતાબ્દીમાં આ
ગ્રંથનું કાર્ય થયું તેવા
વર્ધમાનતપોનિધિ
પરમ પૂજ્ય
આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી
મહારાજાના ચરણોમાં

**આ ગ્રંથ
સમર્પિત
કરેલ છે.**

અધ્યાત્મની રસાળતા
ચખાડનાર પૂના
જિલ્લોદ્ધારક પરમ
પૂજ્ય પંન્યાસપ્રવર
શ્રીવિશ્વકલ્યાણ વિ.
મ. ના ચરણોમાં

સતત કૃપાદૃષ્ટિ
& અમીદૃષ્ટિ
રાખનાર વર્તમાન
ગચ્છાધિપતિ પરમ
પૂજ્ય આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય
જયઘોષસૂરીશ્વરજી
મહારાજાના ચરણોમાં

ભવોદધિતારક
પરમ પૂજ્ય ગુરુદેવ
શ્રીયશોવિજયજી મ.
ના ચરણોમાં

# પ્રકાશકીય નિવેદન

અનેક શારીરિક, માનસિક, કાર્મિક ઉપાધિઓથી ઘેરાયેલા અને એટલે જ વ્યથિત, પીડિત એવા જીવોને જોઇ આજથી ૨૫૦૦ જેટલા વર્ષ પૂર્વે કરુણાથી પરિપ્લાવિત અંતઃકરણવાળા શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ જગતને પોતાની મધુરી વાણીથી પ્રતિબોધિત કર્યું. આજે પણ એ વાણી જગતને સાચો રાહ દર્શાવે છે. પરમાત્મા શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ બાદ જે રાહ દર્શાવ્યો તે રાહ ઉપર સ્વયં પોતે ચાલ્યા હતા. કઠિનમાં કઠિન સાધના કરી હતી. એમની એ સાધનાનું વર્ણન ગમે તેવા સહૃદયી સજ્જનને આંસુ પડાવ્યા વિના રહે નહી. આવી દર્દનાક સાધના પરમાત્માએ હસતા હસતા કરી છે.

જૈનશાસનની માન્યતા અનુસાર પરમાત્મા થવાનો અધિકાર કોઇ એક વ્યક્તિને જ નથી મળ્યો. પણ, સહુ કોઇને મળેલ છે. સાધના કરનાર કોઇ પણ વ્યક્તિ પરમાત્મા થઇ શકે છે. પામરમાંથી પરમાત્મા સુધી પહોંચવું શક્ય છે. પરમાત્મા મહાવીરસ્વામી પણ રાતોરાત પરમાત્મા નથી બની ગયા. પણ ૨૭ ભવની યાત્રા તેમણે પણ ખેડી છે. ચડતી-પડતીના અનેક દિવસો આવે છે, પૂર્વના ભવોમાં કરેલી ભૂલોની સજા પરમાત્મા મહાવીરને ૨૭મા ભવમાં પણ ભોગવવી પડી છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના જીવનને સંલગ્ન આવી ઘણી બધી વાતો **શ્રીગુણચંદ્રગણિવર્યજીએ 'શ્રીમહાવીરચરિયં'** ગ્રન્થરૂપે ગૂંથી છે. અનેક બોધપાઠો આપતું આ ચરિત્ર ખરેખર ખૂબ જ આસ્વાદ્ય છે.

વર્ષો પૂર્વે **શ્રી આત્માનંદ જૈન સભા તરફથી** આ ગ્રંથનો ગુર્જરાનુવાદ પણ બહાર પડેલ. તે ગુર્જરાનુવાદમાં યથાયોગ્ય ફેરફાર કરી તથા મૂળ પ્રાકૃતગ્રંથની સંસ્કૃત છાયા કરવાનું ભગીરથ કાર્ય પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રીયશોવિજયજી** મ. સા. ના શિષ્યરત્ન પરમ પૂજ્ય મુનિરાજ **શ્રીનિર્મલયશવિજયજી** મ. સા. એ કર્યું છે. તેઓશ્રીએ આવા રૂડા ગ્રંથને પ્રકાશિત કરવાનો મોકો અમને આપી અમારી શ્રીસંસ્થા ઉપર અનુપમ ઉપકાર કર્યો છે.

પરમ પૂજ્ય સંકલસંઘ હિતચિંતક સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.** ના દિવ્યાશિષથી, પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના શુભાશિષથી આવા પ્રકાશનોનો લાભ અમને મળતો રહે છે.

આ પ્રકાશન કાર્યમાં સંપૂર્ણ આર્થિક સહયોગ આપનારા **શ્રી ભુજ તપગચ્છ જૈન સંઘ**નો પણ અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર** તરફથી ગુર્જરાનુવાદને સંશોધિત કરી પુનઃ પ્રકાશન કરવા માટે સંમતિ મળી છે, તેના પણ અમે ખૂબ ખૂબ ઋણી છીએ.

તથા આ ગ્રંથના અક્ષરાંકન માટે **આચાર્ય શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા** તરફથી ખૂબ જ સ્તુત્ય સહયોગ મળેલ છે. તથા ગ્રંથના મુદ્રણ વગેરે કાર્ય માટે **શ્રીપાર્શ્વ કોમ્પ્યુટર્સ** તરફથી પણ પ્રશંસનીય સહકાર મળેલ છે.

તદુપરાંત આ કાર્યમાં જે જે સંસ્થા-વ્યક્તિ સહયોગી થયા છે તે સૌનો અમે આભાર માનીએ છીએ.

આવા રૂડા ગ્રંથના વાંચનનો વ્યાપ વધે અને શ્રીસંઘ તેના દ્વારા શીઘ્ર મુક્તિ પદને પ્રાપ્ત કરે એજ.

**લિ.**

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ વતી**

**કુમારપાળ વી. શાહ**

# મહાવીર ચરિયં

### ચાર ભાગના
### સંપૂર્ણ લાભાર્થી

## શ્રી ભુજ તપગચ્છ જૈન સંઘ
## ભુજ - કચ્છ

પાવન પ્રેરણા : પરમ પૂજ્ય વિદ્વદ્વર્ય પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ. સા.

**ધન્ય શ્રુતભક્તિ !**

**ભૂરિ ભૂરિ અનુમોદના**

નોંધ : પ્રસ્તુત પ્રકાશનના ચારે ભાગ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થે કિંમત ચૂકવ્યા વિના તેની માલિકી કરવી નહીં.

**વિભાગ પ્રમાણે ગ્રંથના પ્રસ્તાવોનું વર્ગીકરણ**


| | | |
|---|---|---|
| ભાગ-૧ | પ્રસ્તાવ ૧ થી ૩ | પૃ. ૧ થી ૩૨૪ |
| ભાગ-૨ | પ્રસ્તાવ ૪ | પૃ. ૩૨૫ થી ૬૩૦ |
| ભાગ-૩ | પ્રસ્તાવ ૫ થી ૭ | પૃ. ૬૩૧ થી ૧૦૮૦ |
| ભાગ-૪ | પ્રસ્તાવ ૮ | પૃ. ૧૦૮૧ થી ૧૪૮૦ |

# મંગલ આશીર્વચન

અનેક યુવાનોના રાહબર, સકલસંઘ હિતચિંતક સ્વર્ગસ્થ દાદાગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાની જન્મશતાબ્દીનું મંગલવર્ષ (વિ. સં. ૨૦૬૭) ચાલી રહ્યું હતું. પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના શુભાશિષથી ચતુર્વિધ શ્રીસંઘમાં ઠેર ઠેર આરાધનાના મંડાણ મંડાયા હતા. શ્રમણસંઘ પણ નતૂન પ્રકાશનો શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરી રહ્યો હતો. આ શુભઅવસરને પામી કંઇક નવતર પ્રકાશન દાદાગુરુદેવશ્રીના ચરણે સમર્પિત કરવા માટે મેં મારા શિષ્યમુનિ **શ્રી નિર્મલયશવિજયજી**ને સહજ પ્રેરણા કરી.

પ્રાકૃતભાષાની જટિલતાને કારણે પ્રાકૃતભાષાના ઘણા ગ્રંથો, કે જે ઐતિહાસિક દસ્તાવેજ સમાન છે, અભ્યાસ વર્તુળમાંથી બાકાત રહી ગયા હતા. એમાં પણ **શ્રીગુણચંદ્રગણિવર્યજી** મ. સા. વિરચિત **'મહાવીર ચરિયં'** ગ્રંથ ઘણો જ અદ્ભુત છે. તેની છાયા કરવાની મેં પ્રેરણા કરી. તેમણે તે કાર્ય સહર્ષ સ્વીકાર્યું. મુનિશ્રીએ વૈયાવચ્ચયોગને તો આત્મસાત્ કર્યો જ છે, સાથે સાથે અંતર્મુખતા અને સાધના પ્રિયતા તેમના અનુપમ ગુણ છે. અત્યંત પરગજુ સ્વભાવના મુનિશ્રીએ ખૂબ જ સુંદર રીતે છાયાનું તથા સેટીંગ-સંપાદન વગેરેનું કાર્ય પાર પાડ્યું છે. મારી ઇચ્છાને માન આપી મારા ગુરુદેવશ્રી પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મ. સા. ની સેવામાં રાતદિવસ જોડાયેલા રહે છે. તથા પૂ. ગુરુદેવશ્રીની જ સેવામાં સહર્ષ જોડાયેલા મુનિ **શ્રીજ્ઞાનયશવિજયજી**ને સતત અભ્યાસ પણ કરાવી રહ્યા છે. તે વચ્ચે આ કાર્ય તેમણે પૂર્ણ કર્યું છે.

આ અવસરે અંતરના આશિષ સાથે એટલું જ કહીશ તેઓ આવા સુંદર કાર્યો કરવા દ્વારા અંતરંગ પુરુષાર્થને સાધી વહેલી તકે પરમપદને પામે.

**- પંન્યાસ યશોવિજય**

# પ્રસ્તાવના

પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાની જન્મશતાબ્દીની ઉજવણી અમારા વર્તમાન ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની સૂચનાથી વિવિધ આરાધનાઓના માધ્યમથી અનેક સંઘોમાં પૂજ્ય શ્રમણભગવંતોની નિશ્રામાં ચાલતી હતી. અનેક શ્રમણભગવંતો પણ સ્વક્ષયોપશમ પ્રમાણેની આરાધનાઓમાં ગોઠવાયા. આવા સુંદર નિમિત્તને પામીને મારા પૂજ્ય ગુરુદેવશ્રી **પં. યશોવિજયજી** મહારાજાએ પ્રભુવીરના આ પ્રાકૃત ચરિત્રની સંસ્કૃતમાં છાયા કરવાની મને પ્રેરણા કરી અને શુભાશિષ મેળવીને આ કાર્યના શ્રીગણેશ કરવામાં આવ્યા.

મહાવીરચરિયં મૂળ ગ્રંથ પૂ. ગુણચંદ્રગણી દ્વારા લખાયો છે. તેમણે પોતાનો પરિચય આ ગ્રંથની પ્રશસ્તિમાં જાતે જ આપેલ છે. તે સિવાય તેમના વિશે વિશેષ માહિતી મળેલ નથી.

આ ગ્રંથની પ્રાપ્તિ જામનગરના પાઠશાલા સંઘના ચાતુર્માસ દરમિયાન ત્યાં બાજુમાં રહેલ જામનગર દેવબાગ જૈન સંઘમાંથી થઇ. તેમણે આ ગ્રંથ ઉદારતા પૂર્વક આપી મારું કામ સરળ કર્યું. આ ચરિત્રનું ગુજરાતી ભાષાંતરનું પુસ્તક જામનગર પાઠશાળા જૈન સંઘે આપવાની ઉદારતા કરી. આ ભાષાંતર વરસો પૂર્વે જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા પ્રકાશિત થયેલું. ભાષાંતર અત્યંત વ્યવસ્થિત અને પ્રાકૃત ગ્રંથને સ્પર્શીને કરાયેલું હોવાથી મને સંસ્કૃત છાયા કરવામાં અનેક જટિલ સ્થાનોમાં આ પુસ્તક દીવાદાંડી રૂપ બનેલ છે. વર્તમાનમાં જે મહાવીર ચરિયં ગ્રંથ છપાવેલ છે તેમાં ઉપર પ્રાકૃત ગ્રંથ, વચ્ચે સંસ્કૃત છાયા અને નીચે ગુજરાતી એમ ત્રણ વિભાગમાં આ ગ્રંથ છાપવામાં આવેલ છે. તેમાં ગુજરાતી ભાષાંતરમાં ઉપરોક્ત પુસ્તકને જ અક્ષરશઃ છાપેલ છે. જરૂરી શાબ્દિક ફેરફાર અને અનુવાદમાં ક્વચિત ફેરફાર કરેલ છે. તે સિવાય ગુજરાતી અનુવાદમાં પ્રાયઃ મારી મહેનત નથી.

સંસ્કૃત છાયાનું કામ કરવામાં મને અનેક સ્થાનોમાં વિવિધ સમસ્યાઓ આવી હતી. તે સમયે પૂજ્યગુરુદેવશ્રીનું માર્ગદર્શન સતત મળતું રહ્યું. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય રાસના લેખન-સંશોધન વગેરે કાર્યની વ્યસ્તતા વચ્ચે અને સંઘમાં પ્રવચનો, શિષ્યોને બેથી ત્રણ પાઠ વગેરે અનેક પ્રવૃત્તિઓની વ્યસ્તતા હોવા છતાં પણ અનેક વાર અનેક પ્રશ્નોના નિરાકરણ સમય કાઢીને તેઓશ્રીએ કરેલ છે. તેમનાથી છૂટા પડ્યા પછી પત્ર દ્વારા પૂછાવેલા પ્રશ્નોના તેઓશ્રીએ પત્રો લખી-લખીને સમાધાન કરેલ છે, સ્વયં સામેથી સૂચનો કરેલ છે અને તેમના અનેક સૂચનો મને ગ્રંથની શુદ્ધિ વગેરેમાં ઉપયોગી થયા છે.

આ ગ્રંથ તૈયાર કરતા કેટલીક સમસ્યાઓ ઉભી થઇ. અમુક સ્થાનમાં મને પ્રાકૃત ગ્રંથની લીટી સમજાઈ નથી ત્યાં સંસ્કૃત છાયા કરીને પ્રશ્નચિહ્ન કરેલ છે.

જે જગ્યાએ પાઠ અશુદ્ધ લાગેલ છે ત્યાં મારી દૃષ્ટિએ શુદ્ધપાઠને કૌંસમાં મૂકેલ છે અને છાયા તેના આધારે જ કરેલ છે. ઘણીવાર પ્રાકૃત પંક્તિ બેસતી ન હોય ત્યાં ગુજરાતી અનુવાદને આધારે પણ છાયા કરેલ છે.

એક જ નામ હ્રસ્વ-દીર્ઘ એમ બન્ને રૂપે સામે આવેલ છે જેમકે સૂરસેન/સુરસેન. આ નામને સંસ્કૃત છાયામાં પણ ઉભયરૂપે સ્વીકારેલ છે. તે જ રીતે શીલમતી/શીલવતી આ બંને નામને છાયામાં સ્વીકારેલ છે.

સંસ્કૃત છાયા કરવા જતા દ્વિઅર્થી શબ્દોના અર્થ અસ્પષ્ટ લાગે તેને ત્યાં જ કૌંસમાં સ્પષ્ટ કરેલ છે.

સંસ્કૃત છાયા કરતા કોઇક ધાતુ જટિલ લાગે અથવા નામસાધિત ધાતુનો પ્રયોગ કરેલ હોય તેની સૂચના પણ છાયાની અંદર તે તે શબ્દની બાજુમાં જ કૌંસમાં આપેલ છે.

આ છાયાનું કામ કરવામાં મને પૂ. ભક્તિયશવિ. મ. અને પૂ. શ્રમણયશ વિ. મ. ની સહાય મળેલ છે. તથા ૪ પ્રસ્તાવ સુધીનું સાંગોપાંગ નિરીક્ષણ પણ પૂ. શ્રમણયશવિ. મ. સા. કરી આ ગ્રંથની ત્રુટિઓ દૂર કરી સુંદર શ્રુતસેવા તથા સહાયકભાવ દેખાડેલ છે.

**આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,** કોબાના કમ્પ્યૂટર વિભાગમાં આના ટાઇપસેટીંગનું સુંદર કાર્ય કરવામાં આવેલ છે. **શ્રી ભુજ તપગચ્છ જૈન સંઘે,** આને છપાવવાની સંપૂર્ણ જવાબદારી લઇને શ્રુતભક્તિનું દૃષ્ટાંત પૂરૂં પાડેલ છે. ઉપરાંતમાં આ ગ્રંથને સારી રીતે છાપનાર **શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ**વાળા **શ્રી વિમલભાઈ**ને પણ ભૂલી શકાય તેમ નથી.

કુલ આઠ પ્રસ્તાવ રૂપ વિસ્તૃત એવા આ ગ્રંથનું વિભાજન ચાર ભાગમાં કરવામાં આવેલ છે. અહીં ભા. ૧માં પ્રસ્તાવ ૧-૨-૩ લેવામાં આવેલ છે. તેમાંથી કેટલાક પ્રસંગો નોંધનીય છે. જેમ કે -

ભરતચક્રવર્તી શ્રી આદિનાથ પ્રભુને પૂછે છે - 'પ્રભુ આપની જે સમૃદ્ધિ છે તેવી સમૃદ્ધિસભર કોઇ મહાપુરુષ ભવિષ્યમાં થશે ?' - અને આદિનાથ પરમાત્મા 'બહુરત્ના વસુંધરા' કહેવત પ્રમાણે મરીચિને દેખાડે છે, સંસારમાં કોઇની ક્યારેય 'મોનોપોલી' હોતી નથી.

પાત્રતા વિનાની પ્રવૃત્તિ કેટલી જોખમી થઇ શકે !, અપાત્ર હોવા છતાં ઉપદેશની પ્રવૃત્તિ કરનાર મરીચિને વચનયોગના કારણે જ કપિલ સાથે મિલન અને ઉત્સૂત્ર પ્રરૂપણાથી સંસારવૃદ્ધિરૂપ અપાર નુકસાન થયું.

સમ્યક્ત્વ કેટલું દુર્લભ છે ! મરીચિના ભવમાં ગુમાવેલ સમ્યક્ત્વ ત્રિપૃષ્ઠના ભવમાં ૧૧મા તીર્થંકરની પ્રાપ્તિ થઇ પછી મળ્યું. ૧ થી ૧૦ તીર્થંકરના સમયગાળામાં સમ્યક્ત્વ મળી ન શક્યું. ૧લા ભગવાનના શાસનનો સમય ૫૦ લાખ ક્રોડ સાગરોપમ છે. કેટલો કાળ !

રાજકુમારીને પરણવા આવેલ વિશાખાભૂતિ કુમાર વિશ્વભૂતિ મુનિની મશ્કરી કરે છે. ત્યારે વિશાખાભૂતિ વિનય નામનો પાયાનો ગુણ ચૂક્યા. વિશ્વભૂતિ મુનિનું અપમાન કરી બેઠા - પરસ્પર વેર બંધાયું. તેની પરંપરા કેવી ચાલી - સિંહના ભવમાં કમોત, સુદંષ્ટ્ર દેવના ભવમાં પરાભવ અને ખેડૂતના ભવમાં ગૌતમસ્વામી મળવા છતાં કેવળજ્ઞાન તો દૂર રહ્યું, સમ્યગ્જ્ઞાન પણ ન ટક્યું. ધર્મની ચકાસણી સમ્યક્ત્વના આધારે ભલે થાય પણ ધર્મમાં વિકાસ તો ગુણના આધારે જ થાય. તે અહીં નોંધપાત્ર છે.

સંજ્ઞા પ્રધાન પ્રાણીઓ પણ માન-અપમાન સમજતા હોય છે. માટે કોઇની પણ સાથે પ્રેમમય વ્યવહાર રાખવો. આ બોધ ત્રિપૃષ્ઠ વાસુદેવે ફાડેલા - તરફડતા સિંહ પાસેથી મેળવવો રહ્યો. તથા સારથિ રૂપ ગૌતમસ્વામીના જીવે સિંહને જે શાંતિ આપી તેમાં પણ પ્રાણીઓ માણસની શબ્દભાષા કદાચ ન સમજે પણ હૃદયની ભાષા અવશ્ય સમજે છે, આ જાણીને જીવવાની જરૂર છે.

ચંડવેગ દૂતના અપમાનમાં રાજા અશ્વગ્રીવનું અપમાન છે-ગ્રંથમાં આવતું આ વાક્ય 'આપણી સામે ઉભેલી વ્યક્તિ કોણ છે ? તેને કોનું પીઠબળ છે ?' આ સતત નજરની સામે રાખવાની એક ચેતવણી આપે છે.

ત્રિપૃષ્ઠ વાસુદેવ વિદ્યાધર પાસેથી વિજયવતી રાજકન્યા વિશે સાંભળી તેને પ્રયત્નપૂર્વક પરણે છે. પણ પછી વિજયવતીને જોતો કે બોલાવતો પણ નથી. સંસાર આવો જ છે. દૂરથી સોહામણો છે.

આવી અનેક વાતો વિચારવા દ્વારા અંતરમાં મોક્ષમાર્ગના અજવાળા અનુભવે એ જ ભાવના.

**મુ. નિર્મળયશ વિજય.**

## श्रीमहावीरचरितस्य विषयानुक्रमः

### प्रस्तावः - 9


प्रस्तावना ........ १

महावप्रजयन्तीशत्रुमर्दनवर्णनं ........ ९

नयसारवर्णनं ........ १२

अटवीमध्ये साधुभ्यो दानं ........ १६

धर्मदेशना सम्यक्त्वं च ........ २०

सौधर्मे देवत्वं धर्मकार्यं च ........ ३४


### प्रस्तावः - २


विनीतावर्णनं ........ ३८

श्रीऋषभप्रभुवर्णनं ........ ३९

समवसरणवर्णनं ........ ४९

वामासुतमरीचिदीक्षा ........ ५६

अंगारदाहकदृष्टान्तः ........ ५९

मरीचेःपरिव्राजकतादि ........ ६४

इन्द्रचक्रिकृतमवग्रहदानं ........ ८०

मरीचेः कुलमदः ........ ८७

अष्टापदे चैत्यं तद्गुणाश्च ........ ९६

कपिलदीक्षा मरीचिकालः आसुरिदीक्षा अव्यक्तादि ........ १०४

सूरसेनपरिव्राजकचरित्रं अग्निद्योतदीक्षा ........ ११५

सनत्कुमारे देवः श्वेतांबिकायां भारद्वाजः माहेन्द्रे देवः संसारः ........ १२४

परिवाड्वृत्तं भोगदोषाः स्थावरदीक्षा ब्रह्मदेवः ........ १२६


### प्रस्तावः - 3


विश्वभूतेर्मधुक्रीडा ........ १४०

देव्याग्रहः कूटपुरुषाः रणयात्रा विश्वनन्दिक्रीडा विश्वभूतेरपमानं संवेगश्च
संभूत्याचार्यवर्णनं देशना विश्वभूतिदीक्षा परिजनाक्रन्दः बोधश्च ..........१५१
विश्वभूतेस्तपः गोनुन्नस्य पातः निदानं
महाशुक्रे देवः .......... १८६
रिपुप्रतिशत्रुः अचलः मृगावती पुत्री राज्ञी
च सप्त स्वप्नाः त्रिपृष्ठजन्म ..........१९६
प्रेक्षणकं अश्वग्रीवदूतापमानं सिंहवधः ..........२१२
युद्धं प्रतिवासुदेववधः अंतःपुरविलापः अंगादिदेशसाधनं कोटीशिलोत्पाटनं ..........२४१
पोतनपुरे श्रेयांसजिनागमः धर्मकथा
सम्यक्त्वं .......... २८०
शय्यापालदण्डः सप्तमनरकगमनं .......... २८७
धर्मघोषसूरिदेशना अचलदीक्षामोक्षौ ..........२९१
प्रियमित्रचक्री अनार्यदेशसाधनं चक्रिऋद्धिः
वैराग्यं प्रोष्ठिलाचार्यदेशना दीक्षा शुक्रे
देवः ..........२९६

।। णमो वीयरागाणं ।।

## सिरिगुणचंदगणिवरनिम्मियं

# ।। सिरिमहावीरचरियम् ।।

### ।। पढमो पत्थावो ।।

पयडियसमत्थपरमत्थवित्थरं भव्वचक्ककयसोक्खं।
विप्फुरइ जस्स रविमंडलं व नाणं निहयदोसं।।१।।

जस्स य सोहइ पणमंतसक्कसंकंतनयणकमलवणं।
कमविमलसरं तललीणमीणमयरं नहंसुजलं।।२।।

---

।। नमो वीतरागेभ्यः ।।

श्रीगुणचन्द्रगणिवरनिर्मितम्

# श्रीमहावीरचरितम्

### प्रथमः प्रस्तावः

प्रकटितसमस्तपरमार्थविस्तारं भव्यचक्रकृतसौख्यम्।
विस्फुरति यस्य रविमण्डलम् इव ज्ञानं निहतदोषम् ।।१।।

यस्य च शोभते प्रणमच्छक्रसङ्क्रान्तनयनकमलवनम्।
क्रमविमलसरः तललीनमीनमकरं नखांशुजलम् ।।२।।

---

**।। વીતરાગ ભગવંતોને નમસ્કાર હો ।।**

**શ્રી ગુણચંદ્રગણી નિર્મિત**

# 'શ્રી મહાવીર ચરિત્ર'

## પ્રથમ પ્રસ્તાવ ભાષાન્તર.

## (મંગલાચરણ) અને સમકિતની પ્રાપ્તિનું વર્ણન.

સમસ્ત પરમાર્થના વિસ્તારને સ્પષ્ટપણે પ્રગટ કરનાર, ભવ્યજનરૂપ ચક્રવાકને આનંદ પમાડનાર તથા દોષ પક્ષે દોષા=રાત્રિનો ધ્વંસ કરનાર એવું જેમનું જ્ઞાન રવિમંડળની જેમ ચળકતું વર્તે છે.....૧

નમસ્કાર કરતા ઇંદ્રોના લોચનરૂપ કમળ-વનો જેમાં સંક્રાંત-પ્રતિબિંબિત થયેલાં છે, મત્સ્ય અને મગર જેના તલને વિષે ચિન્હરૂપે લીન થઇ રહેલા છે તથા નખના કિરણરૂપ જેમાં જળ ભરેલ છે એવું જેમના ચરણરૂપ વિમલ સરોવર શોભી રહ્યું છે.....૨

संगमयपणइणीहिं कडक्खविक्खेवखोभदक्खाहिं।
जस्स मणागंपि मणो न चालियं नियपइण्णाओ।।३।।

नर-तिरिय-देवविहिओवसग्गरिउवग्गविजयजायजसो।
ओहामियऽण्णवीरो सो जयइ जिणो **महावीरो**।।४।। चउहिं कुलयं।।

पणमह सिरि**रिसह**जिणिंदचंदमुद्दामकामबलदलणं।
गिहि-साहुधम्मपासायमूलपीढाइयं जेण।।५।।

**अजियाइणो** जिणिंदा सुरिंदसंदोहनमियकमकमला।
धम्ममहिधरणधीरा सेसव्व जयंति सेसावि।।६।।

---

सङ्गमक-प्रणयिनीभिः कटाक्षविक्षेपक्षोभदक्षाभिः।
यस्य मनाग् अपि मनः न चलितं निजप्रतिज्ञातः ।।३।।

नर-तिर्यग्-देवविहितोपसर्गरिपुवर्गविजयजातयशः।
अभिभूताऽन्यवीरः सः जयति जिनः महावीरः ।।४।। चतुर्भिः कुलकम्।।

प्रणमत श्रीऋषभजिनेन्द्रचन्द्रम् उद्दामकामबलदलनम्।
गृहि-साधुधर्मप्रासादमूलं पीठापितं (स्थापितम्) येन ।।५।।

अजितादयः जिनेन्द्राः सुरेन्द्रसन्दोहनतक्रमकमलाः।
धर्ममहीधारणधीराः शेष इव जयन्ति शेषाः अपि ।।६।।

---

સંગમ દેવતાએ પ્રગટ કરેલ તથા કટાક્ષપાતથી ક્ષોભ પમાડવામાં ભારે ચાલાક એવી રમણીઓ, જેમના મનને પોતાની પ્રતિજ્ઞાથી લેશ પણ ચલાયમાન કરવામાં સમર્થ ન થઇ શકી...૩

તેમજ દેવતા, મનુષ્ય અને તિર્યંચના કરેલા ઉપસર્ગરૂપ શત્રુવર્ગનો વિજય કરવાથી અપૂર્વ યશ મેળવનાર અને અન્ય સામાન્ય યોધાઓને પરાભૂત કરનાર એવા શ્રી **મહાવીર** જિનેશ્વર જયવંતા વર્તે છે. (૪)

જેમણે ગૃહસ્થધર્મ તથા સાધુધર્મરૂપ ભવ્ય મહેલના મૂળને સ્થાપન કર્યું તથા ઉત્કટ કામ-સેનાનું દલન કરનાર એવા **શ્રી ઋષભજિનરૂપ** ચંદ્રને હે ભવ્યાત્માઓ! તમે વારંવાર નમસ્કાર કરો. (૫)

જેના ચરણ-કમળ પ્રત્યે ચોસઠ ઇંદ્રોના સમૂહે ભક્તિભાવથી મસ્તક નમાવેલ છે તથા શેષનાગની જેમ ધર્મરૂપ વસુંધરાને ધારણ કરવામાં ધીર એવા અન્ય **અજિતનાથ** વગેરે જિનેશ્વરો પણ જયવંતા વર્તે છે. (૬)

सो जयइ जिणो **पासो** जस्स सिरे सहइ फणिफणकडप्पो।
पायडियसत्तजीवाइतत्तसंखं व दाविंतो।।७।।

कविसेवियपयकमला सुत्तीहि पसाहिया महाभोगा।
गोवग्गजणियसोक्खा **सरस्सई** जयइ सरियव्व।।८।।

दंसियसमग्गसग्गापवग्गमग्गाण **गोयमाईणं**।
गुणवंताण गुरूणं थुणामि पयपंकयं निच्चं।।९।।

इय संथवणिज्जप्पयपणाममाहप्पनिद्दलियविग्घो।
भव्वाण सोक्खमूलं धम्मुवएसं पयंपेमि।।१०।।

---

सः जयति जिनः पार्श्वः यस्य शिरसि राजते फणिफणा(कटप्रः)समूहः।
प्रकटितसप्तजीवादि-तत्त्वसङ्ख्याम् इव दर्शयन् ।।७।।

कविसेवितपदकमला सूक्तिभिः प्रसाधिता महाऽऽभोगा।
गोवर्गजनितसौख्या सरस्वती जयति सरिद् इव ।।८।।

दर्शितसमग्रस्वर्गाऽपवर्गमार्गाणां गौतमादीनाम्।
गुणवतां गुरूणां स्तौमि पदपङ्कजं नित्यम् ।।९।।

अत्र संस्तवनीयपदप्रणाममाहात्म्यनिर्दलितविघ्नः।
भव्यानां सौख्यमूलं धर्मोपदेशं प्रजल्पामि ।।१०।।

---

પોતે જણાવેલી સાત **જીવાજીવાદિક**ની સંખ્યાને જાણે બતાવતા હોય એવી ધરણેંદ્રની સાત ફણાઓ જેમના શિરપર શોભી રહી છે એવા **શ્રીપાર્શ્વનાથ** ભગવંત જયવંતા વર્તે છે. (૭)

કવિજનોએ જેના ચરણ-કમળ સેવ્યાં છે, સુંદર ઉક્તિઓ-સ્તુતિઓ વડે સધાયેલી, મહાઉપયોગવાળી તથા પંડિતજનોને સુખ પમાડનાર એવી **સરસ્વતી** દેવી સરિતાની જેમ જયવંતી વર્તે છે. સરસ્વતી નદી પણ ગોવર્ગ-પશુવર્ગને જળપ્રદાનથી આનંદ પમાડે છે. (૮)

સમસ્ત સ્વર્ગ તથા મોક્ષમાર્ગને બતાવનાર ગુણવંત **ગૌતમાદિ** ગુરુના ચરણકમળને હું સદા સ્તવું છું. (૯)

હવે અહીં (આ ગ્રંથને વિષે) સ્તવનીય એવા પરમાત્માના પદ કમલને કરેલ નમસ્કારના માહાત્મ્યથી નષ્ટ વિઘ્નવાળો હું ભવ્યાત્માઓને સુખના કારણરૂપ એવા ધર્મોપદેશનું કથન કરૂં છું. (૧૦)

जलहिजलगलियरयणं व दुल्लहं पाविऊण मणुयत्तं।
पुरिसत्थज्जणकज्जे उज्जमियव्वं बुहजणेणं।।११।।

तत्थ पुरिसत्थमत्थयचूडामणिविब्भमो परं धम्मो।
सो पुण पइदिण सच्चरियसवणओ हवइ भव्वाणं।।१२।।

तस्स य धम्मस्स जिणो पणायगो संपयं महावीरो।
चरियंपि उ तस्सेव य सुणिज्जमाणं तओ जुत्तं।।१३।।

तं पुण निस्सेसागमसमुद्दसवणासमत्थसत्ताणं।
निउणेणावि न गुरुणा समग्गमवि तीरए वोत्तुं।।१४।।

---

जलधिजलगलितरत्नमिव दुर्लभं प्राप्य मनुजत्वम्।
पुरुषार्थाऽर्जनकार्ये उद्यतितव्यं बुधजनेन ।।११।।

तत्र पुरुषार्थमस्तकचूडामणिविभ्रमः परं धर्मः।
सः पुनः प्रतिदिनं सच्चरित्रश्रवणाद् भवति भव्यानाम् ।।१२।।

तस्य च धर्मस्य जिनः प्रणायकः साम्प्रतं महावीरः।
चरित्रमपि तु तस्यैव च श्रूयमाणं ततः युक्तम् ।।१३।।

तत्पुनः निःशेषाऽऽगमसमुद्रश्रवणाऽसमर्थसत्त्वानाम्।
निपुणेनाऽपि न गुरुणा समग्रमपि शक्यते वक्तुम् ।।१४।।

---

મહાસાગરના અગાધ જળમાં પડી ગયેલા રત્નની જેમ અત્યંત દુર્લભ એવા માનવભવને પામીને સુજ્ઞજનોએ સદા પુરુષાર્થ-પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો ઉચિત છે. (૧૧)

તે સમસ્ત પુરુષાર્થોરૂપી મસ્તક ઉપર મણિ સમાન શ્રેષ્ઠ તો ધર્મ જ છે. તે ધર્મ, પ્રતિદિન સુચરિત્રો સાંભળવાથી ભવ્યજનોને પ્રાપ્ત થાય છે. (૧૨)

તે ધર્મના નાયક વર્તમાનમાં તીર્થંકર **શ્રી મહાવીર** છે. માટે ચરિત્ર પણ તેમનું જ સાંભળવું વધારે યુક્ત છે, (૧૩)

પરંતુ સમસ્ત આગમરૂપ સમુદ્રને સાંભવામાં અસમર્થ એવા પ્રાણીઓને નિપુણ ગુરુ પણ તે સમસ્ત વીરચરિત્ર કહેવાને સમર્થ થઇ શકે નહિ. (૧૪)

ता जह भुवणेक्कगुरू निप्पडिमपभावधरियधम्मधुरो।
मिच्छत्ततिमिरमुसुमूरणेक्कमिहिरो **महावीरो**।।१५।।

अच्चंतमणंतमणोरपारभववारिरासिमणवरयं।
पुव्वं परियट्टिय तिरिय-तियस-पुरिसाइभावेणं।।१६।।

ओसप्पिणी इमीए पढमं चिय गामचिंतगभवंमि।
नीसेससोक्खमूलं सम्मत्तमणुत्तमं पत्तो।।१७।।

तत्तो पाविय देवत्तमुत्तमं भरहचक्कवट्टिस्स।
**मरिइ**त्ति सुओ होउं काउं जिणदेसियं दिक्खं।।१८।।

---

तस्माद् यथा भुवनैकगुरुः निष्प्रतिमप्रभावधृतधर्मधूरः।
मिथ्यात्वतिमिरभञ्जनैकमिहिरः **महावीरः** ।।१५।।

अत्यन्तमनन्तमनर्वाक्पारभववारिराशिम् अनवरतम्।
पूर्वं परिवृत्य तिर्यक्-त्रिदश-पुरुषादिभावेन ।।१६।।

## भूमिका - संक्षिप्तवृत्तम्

अवसर्पिण्याम् अस्यां प्रथममेव ग्रामचिन्तकभवे।
निःशेषसौख्यमूलं सम्यक्त्वमनुत्तमं प्राप्तवान् ।।१७।।

ततः प्राप्य देवत्वमुत्तमं भरतचक्रिणः।
**मरीचिः** इति सुतः भूत्वा कृत्वा जिनदेशितां दीक्षाम् ।।१८।।

---

તેથી જે પ્રમાણે-ત્રણે ભુવનના એક ગુરુ, અખંડ પ્રભાવથી ધર્મ-ધુરાને ધારણ કરનાર, મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરવામાં એક માત્ર સૂર્ય સમાન એવા **શ્રી મહાવીર**, (૧૫)

પૂર્વે તિર્યંચ, દેવતા અને મનુષ્યાદિરૂપે અત્યંત, અનંત અને પારાવાર આ ભવસાગરમાં વારંવાર ભમીને (૧૬)

આ અવસર્પિણીમાં પ્રથમ ગામમુખીના ભવમાં સમસ્ત સુખના કારણરૂપ ઉત્તમ સમ્યક્ત્વ પામ્યા. (૧૭)

ત્યાંથી ઉત્તમ દેવત્વ પામી, ચ્યવીને **ભરત** ચક્રવર્તીના **મરીચિ** નામે પુત્ર થઈને જિનપ્રણીત દીક્ષા લઈને... (૧૮)

दुस्सहपरिसहनिम्महियमाणसो पयडिउं तिदंडिवयं।
मिच्छत्तविलुत्तमई कविलस्स कुदेसणं काउं।।१९।।

तद्दोसेणं अयराण वड्ढिउं कोडकोडिसंसारं।
छब्भवगहणे पुणरवि पारिव्वज्जं पवज्जित्ता।।२०।।

दीहं संसारं हिंडिऊण रायग्गिहंमि रायसुओ।
होऊण **विस्सभूई** घोरं संजममणुचरित्ता।।२१।।

मरणे नियाणबंधं निव्वत्तिय सुरसुहं च भोत्तूणं।
पोयणपुरे **तिविट्ठू** परिपालिय वासुदेवत्तं।।२२।।

---

दुस्सह - परिषहनिर्मथितमानसः प्रकटयित्वा त्रिदण्डिव्रतम्।
मिथ्यात्वविलुप्तमतिः कपिलाय कुदेशनां कृत्वा ।।१९।।

तद्दोषेण अतराणां वर्धयित्वा कोटाकोटिसंसारम्।
षड्भवगहने पुनः अपि पारिव्रज्यं प्रव्रज्य ।।२०।।

दीर्घं संसारं हिण्डित्वा राजगृहे राजसुतः।
भूत्वा **विश्वभूतिः** घोरं संयमं अनुचर्य ।।२१।।

मरणे निदानबन्धं निर्वृत्य सुरसुखं च भुक्त्वा।
पोतनपुरे **त्रिपृष्ठः** परिपाल्य वासुदेवत्वम् ।।२२।।

---

દુસ્સહ પરિસહથી મનમાં કાયર એવા તેમણે **ત્રિદંડી**-વ્રત પ્રગટ કરીને પછી મિથ્યાત્વથી નષ્ટ બુદ્ધિવાળા તેમણે **કપિલ**ને કુદેશના આપીને... (૧૯)

તે દોષથી તેણે કોડાકોડીસાગરોપમ જેટલો પોતાનો સંસાર વધારીને પછી છ ભવરૂપી વનમાં ફરીથી પણ પરિવ્રાજકપણું લઈને... (૨૦)

ત્યાંથી દીર્ઘ સંસાર ભમીને **રાજગૃહ** નગરમાં રાજપુત્ર **વિશ્વભૂતિ** થઈને ઘોર સંયમનું આચરણ કરીને... (૨૧)

મરણ વખતે તેણે નિયાણું બાંધીને ત્યાંથી દેવપણાના ભોગ ભોગવી **પોતનપુર** નગરમાં **ત્રિપૃષ્ઠ** નામે વાસુદેવ થઈને... (૨૨)

**मूयाए पियमित्तो** चक्कित्तं संजमं च अणुचरिउं।
**छत्तग्गाए नंदण** नरनाहत्तं च पव्वज्जं।।२३।।

परिपालिय वीसइकारणेहिं तित्थाहिवत्तमज्जिणिउं।
पाणयकप्पा चविउं कुंडग्गामंमि नयरंमि।।२४।।

सिद्धत्थरायपुत्तो होउं जंतूणमुद्धरणहेउं।
सव्वविरइं पवज्जिय दुव्विसहपरीसहे सहिउं।।२५।।

केवललच्छिं लहिउं संपत्तो मोक्खसोक्खमक्खंडं।
अट्ठहिं पत्थावेहिं सिद्धंताओ तह कहेमि।।२६।। द्वादशभिः कुलकम्।।

---

मूकायां **प्रियमित्रः** चक्रित्वं संयमं च अनुचर्य।
**छत्रकायां नन्दनः** नरनाथत्वं च प्रव्रज्यां ।।२३।।

परिपाल्य विंशतिकारणैः तीर्थाधिपत्वमर्जयित्वा।
प्राणतकल्पात् च्युत्वा **कुण्डग्रामे** नगरे ।।२४।।

सिद्धार्थराजपुत्रः भूत्वा जन्तूनाम् उद्धरणहेतुम्।
सर्वविरतिं प्रव्रज्य दुर्विषहपरीषहान् सहित्वा ।।२५।।

केवललक्ष्मीं लब्ध्वा सम्प्राप्तः मोक्षसौख्यमखण्डम्।
अष्टभिः प्रस्तावैः सिद्धान्तात् तथा कथयामि ।।२६।। द्वादशभिः कुलकम् ।।

---

ત્યાંથી **મૂકા** નગરીમાં **પ્રિયમિત્ર** નામે ચક્રવર્તી થયા, ત્યાં ચારિત્રનું પરિપાલન કરીને, ત્યાંથી **છત્રા** નગરીમાં **નંદન** નામે રાજા થયા, ત્યાં પણ તેણે પ્રવ્રજ્યા પાલન કરી અને વીશ સ્થાનક તપ આદરી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું, ત્યાંથી **પ્રાણત** નામે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. પછી ત્યાંથી ચ્યવી **ક્ષત્રિયકુંડ** નગરમાં **સિદ્ધાર્થ** રાજાનો પુત્ર થઈને જીવોનો ઉદ્ધાર કરવા તેમણે સર્વવિરતિ આદરી અને બાવીસ પરીષહ સહન કરી, (૨૫)

કેવળ-કમળા પામી, અખંડ મોક્ષસુખ પામ્યા. એ પ્રમાણે પરમ પવિત્ર મહાવીરનું અદ્‌ભુત ચરિત્ર જેમ કહેવામાં આવેલ છે, તેમ હું સિદ્ધાંતના આધારે આઠ પ્રસ્તાવમાં કહીશ. (૨૬)

अहवा -

कत्थ भुवणेक्कपहुणो चरियं अम्हारिसो कहिं कुकई?।
साहसमिममसममुयहिपवाहतरणाभिलासोव्व।।२७।।

तहवि हु गुरुजणवयणोवरोहओ मुद्धलोयसुहबोहं।
विरएमि चरियमेयं खमियव्वं एत्थ सूरीहिं।।२८।।

एत्थ य पत्थुयचरिए नाणाविहसंविहाणगाइन्ने।
अमयजलकुल्लतुल्ले महल्लकल्लाणवल्लीणं।।२९।।

कत्थवि जइवि हु किंपिप्पसंगओ किंपि वुड्ढवयणाओ।
सत्थंतराणुसरणाओ किंपि किर भण्णइ अउव्वं।।३०।।

---

अथवा -

कुत्र भुवनैकप्रभोः चरितमस्मादृशः कुत्र कुकविः?।
साहसमिदं असममुदधिप्रवाहतरणाऽभिलाषः इव ।।२७।।

तथापि खलु गुरुजनवचनोपरोधतः मुग्धलोकसुखबोधम्।
विरचयामि चरितमेतत् क्षन्तव्यमत्र सूरिभिः ।।२८।।

अत्र च प्रस्तुतचरित्रे नानाविधसंविधानाऽऽकीर्णे।
अमृतजलकुल्यातुल्ये महाकल्याणवल्लीनाम् ।।२९।।

कुत्रापि यद्यपि खलु किमपि प्रसङ्गतः किमपि वृद्धवचनतः।
शास्त्रान्तरानुसरणात् किमपि खलु भण्यते अपूर्वम् ।।३०।।

---

અથવા તો એ જગતના અદ્વિતીય પ્રભુનું ચરિત્ર ક્યાં? અને અમારા જેવા મંદ કવિ ક્યાં? આ તો મહાસાગર તરવાનો અભિલાષ કરવા જેવું શક્તિ બહારનું સાહસ છે. (૨૭)

તથાપિ ગુરુજનોના આગ્રહ-વચનથી મુગ્ધ (ભોળા)જનોને સુખે બોધ થાય તેવુ આ ચરિત્ર હું રચું છું, છતાં કાંઇ ભૂલ જોવામાં આવે તો આચાર્યોએ તેની ક્ષમા કરવી. (૨૮)

મહાકલ્યાણરૂપ લતાઓને માટે અમૃતજળની નીક સમાન તથા અનેક પ્રકારની વસ્તુસંકલનાથી વ્યાપ્ત એવા આ પ્રસ્તુત ચરિત્રમાં કોઈ સ્થાને જો કે કંઈક પ્રસંગને અનુસરતું, કંઇક વૃદ્ધ-વચનને અનુસરતું અને કંઇક અન્ય

चरिएयरंति तहवि हु न संकियव्वं कहिंपि कुसलेहिं।
उवकहपमुहं एत्तो पज्जत्तं बहुपसंगेणं।।३१।। तिहिं विसेसियं।।

अत्थि समत्थावरविदेहालंकारकप्पं, कप्पपहुमणिमउडविडं(ब)कविविहरयणकंति-विच्छुरियचरणजिणनाहविहरणपसंतडिंबडमरं, अमरागारसमुत्तुंगसिंगसमुवहसियहिमगिरिवरं, वरवेरुलिय-कणय-कलहोयपमुहमहागरसोहियवसुंधराभोगं, भोगोवभोगलालसजणजणिय-परितोसं, सुरभूमिसोहग्गमडप्फरफंसयं **महावप्पं** नाम **विजयखेत्तं,** तत्थ य विसालसाल-वलयखाइया-परिक्खित्ता, नाणाविहविहार-वापी-कूव-महासर-सरियपरिसराभिरामा, सुविभत्ततिय-चउक्क-चच्चर-चउप्पहपसोहिया, पासायसयमालालंकिया, सुइनेवत्थ-

---

चरित्रान्तरमिति तथापि खलु न शङ्कितव्यं कुत्रापि कुशलैः।
उपकथाप्रमुखम् इतः पर्याप्तं बहुप्रसङ्गेन ।।३१।। त्रिभिः विशेषकम्।

## नगरीवर्णनम्

अस्ति समस्ताऽपरविदेहाऽलङ्कारकल्पम्, कल्पप्रभुमणिमुकुटविडम्बकविविधरत्नकान्तिव्याप्तचरण-जिननाथविहरणप्रशान्तविप्लवम्, अमराऽगारसमुत्तुङ्गशृङ्गसमुपहसितहिमगिरिवरम्, वरवैडूर्य-कनक-कलधौतप्रमुखमहाऽऽकरशोभितवसुन्धराऽऽभोगम्, भोगोपभोगलम्पटजनजनितपरितोषम्, सुरभूमिसौभाग्या-ऽहङ्कारस्पर्शकं **महावप्रं** नाम्ना **विजयक्षेत्रम्**। तत्र च विशालशालवलयखातिकापरिक्षिप्ता, नानाविधविहार-वापी-कूप-महासरस्सरित्परिसराभिरामा, सुविभक्तत्रिक-चतुष्क-चत्वर-चतुष्पथप्रशोभिता, प्रासादशत-मालाऽलङ्कृता, शुचिनेपथ्यमहेच्छछेकजनसङ्कुला, पाकशासनपुरी इव दृश्यमाणनानाविधरत्ना,

---

શાસ્ત્રને અનુસરીને અપૂર્વ ઉપકથા વગેરે અવાંતર ચરિત્ર કહેવામાં આવશે, તથાપિ કુશળ પુરુષોએ કોઈ સ્થાને શંકા ન કરવી. હવે અહીં આ કરતાં અધિક પ્રસંગ બતાવવાનું કાંઇ પ્રયોજન નથી. (૨૯, ૩૦, ૩૧)

### ચરિત્ર પ્રારંભ - નયસારનું ચરિત્ર.

સમસ્ત પશ્ચિમ મહાવિદેહના અલંકાર સમાન, ઈંદ્રના મણિમુગટનો તિરસ્કાર કરનાર એવા વિવિધ રત્નોના તેજથી શોભતા ચરણોવાળા જિનપતિના વિહારથી જ્યાં ઉપદ્રવો શાંત થયા છે, દેવવિમાનના ઊંચા શિખરોની મશ્કરી જેના દ્વારા થઈ છે તેવા શ્રેષ્ઠ હિમગિરિવાળી, શ્રેષ્ઠ રત્નો, સુવર્ણ, ચાંદી વગેરેની મોટી ખાણોથી શોભતા પૃથ્વીના વિસ્તારવાળી, ભોગ-ઉપભોગમાં આસક્ત થનારા લોકોને સંતોષ પમાડનાર, તથા સ્વર્ગના સૌભાગ્યના ગર્વને સ્પર્શતી એવી **મહાવપ્ર** નામે વિજય છે. એ વિજયમાં વિશાલ કિલ્લાયુક્ત ગોળાકાર ખાઈથી વીંટાયેલ, અનેક પ્રકારના જિનાલયો, વાવો, કૂવાઓ, મહાસરોવરો, સરિતાઓ વગેરે સ્થાનોથી સુંદર, સારી રીતે અલગ પડતા ત્રિક, ચતુષ્ક, ચત્વર તથા ચતુષ્પથ એ માર્ગોની રચનાથી અત્યંત સુશોભિત, સેંકડો મહેલોની શ્રેણિથી

महिच्छच्छेयजणसंकुला, पागसासणपुरिव्व दीसंतनाणाविहरयणा, कमलासणमुत्तिव्व सव्वओमुही, विंझगिरिमेहलव्व पुन्नागनागसोहिया जहत्थाभिहाणा **जयंती** नाम नयरी

कुलसेलुत्तुंगथणत्थलीएँ नहनइजलोहहाराए।
धरणीरमणीएँ मुहे जा सोहइ चित्तलेहव्व।।३२।।

सत्तमुणिमेत्तगव्वियमणेगमुणिसंकुला सुरपुरिंपि।
एगबुहं भूरिविबुहा हसइ व जा तूररसिएहिं।।३३।।

जीए य कमलसंडाण मित्तविरहसंकोयपीडणाणि, मुणिवराण करवालुप्पाडणं, बालकुंजरेसुं

---

कमलाऽऽसनमूर्तिः इव सर्वतोमुखी, विन्ध्यगिरिमेखला इव पुन्नाग-नागशोभिता यथार्थाऽभिधाना **जयन्ती** नामिका नगरी।

कुलशैलोत्तुङ्गस्तनस्थल्याः नभोनदीजलौघहारायाः।
धरणिरमण्याः मुखे या शोभते चित्ररेखा इव ।।३२।।

सप्तमुनिगात्रगर्वितामनेकमुनिसङ्कुला सुरपुरीमपि।
एकबुधां भूरिविबुधा हसति इव या तूररसितैः ।।३३।।

यस्यां च कमलखण्डानां सूर्यविरहसङ्कोचपीडनानि न कदाचिद् लोकेषु मित्रविरह-सङ्कोचपीडनानि, मुनिवराणां(एव) करपात्रोत्पाटनं; न कदापि लोकेषु करवालोत्पाटनम्, बालकुञ्जरेषु (एव) कलभशब्दः

---

અલંકૃત, પવિત્ર વેશ તથા મોટી ઇચ્છાવાળા સુજ્ઞ જનોથી વ્યાપ્ત અમરાવતીની જેમ જ્યાં વિવિધ રત્નો ચળકી રહ્યાં છે, બ્રહ્માની મૂર્તિની જેમ ચોતરફ મુખ=દ્વારયુક્ત, **વિંધ્યાચલ**ની મેખલાની જેમ પુન્નાગ-વૃક્ષવિશેષ પક્ષે ઉત્તમ પુરુષો તેમજ મેખલા પક્ષે નાગ-સર્પો તથા નગરી પક્ષે હાથીઓથી શોભાયમાન, એવી યથાર્થ નામને ધારણ કરનારી **જયંતી** નામે નગરી છે. જે નગરી કુલ પર્વતો રૂપ સ્તનોયુક્ત તથા ગંગાનદીના જળના સમૂહરૂપ હાર સહિત એવી ધરણી-પૃથ્વી રૂપ રમણીના મુખમાં ચિત્રરેખાની જેમ (સ્થિર) શોભે છે. (૩૨)

વળી જે નગરી વાજીંત્રોના ધ્વનિથી અમરાવતીને જાણે હસી કહાડતી હોય એવી ભાસે છે, કારણ કે સ્વર્ગમાં તો સાત ઋષિ-સપ્તર્ષિ છે અને અહીં તો અનેક મુનિઓ વિદ્યમાન છે; સ્વર્ગમાં તો એક બુધ છે અને અહીં તો સંખ્યાબંધ બુધ-પંડિતો વિદ્યમાન છે. (૩૩)

વળી જ્યાં માત્ર કમળ-ખંડોને મિત્ર=સૂર્ય વિરહના કારણે કરમાવાની પીડા હતી, પણ માણસોને મિત્રવિરહથી દુઃખરૂપ પીડા ન હતી, માત્ર મુનિઓજ કરવાલ=કમંડળ ઉપાડતા પણ લોકોને કરવાલ=તરવાર ઉપાડવાની જરૂર પડતી ન હતી, માત્ર બાળ-હસ્તીમાં જ કલભ-શબ્દ હતો, પરંતુ લોકોમાં કલહ-શબ્દ=કજીયો જણાતો ન હતો,

कलहसद्दो, रहंगमिहुणाण पियविरहवेयणा, तंतुवायसालासु वसणुब्भवो, न कयाइ लोएसु,

तहिं च-सायरपणमंतमहंतसामंतमउलिमालामणिमसिणियपायपीढो, पयंडभुयदंड-मंडलियकोडंडनियत्ततिक्खखुरुप्पखंडियसयसत्तुमुंडमंडियसमरंगणो, दप्पुब्भडसुहड-परिवुडदंडनाहसहस्साणुसरिज्जमाणमग्गो, मग्गणगणवंछाइरित्तपूरियमणोरहो, रहोव्व सुसिलिट्ठलट्ठसुचक्ककयसंचरणो, रणरसियपुरिसोव्व कयबहुकवयपरिग्गहो, गहगणोव्व कविमुहगुरुवयणाणुगओ, गओव्व अणवरयदाणवरिसो, रिसिव्व निग्गहियछवग्गपयारो, पायारोव्व पुव्वपुहइपालपवत्तियनयनयरीए, हिमगिरिव्व डिंडीरपिंडपंडुरकित्तिसुरसरियाए, जलहिव्व अणेगगुणगणरयणरासीए

---

न कदापि लोकेषु कलहशब्दः, रथाङ्गमिथुनानां प्रियविरहवेदना न कदापि लोकेषु, तन्तुवायशालासु वसनोद्भवः न लोकेषु व्यसनोद्भवः।

तत्र च सादरप्रणमन्महत्सामन्तमौलीमालामणिमसृणितपादपीठः, प्रचण्डभुजदण्डमण्डलितकोदण्ड-निर्वृत्ततीक्ष्णक्षुरप्रखण्डितशतशत्रुमुखमण्डितसमराङ्गणः, दर्पोद्भटसुभटपरिवृत्तदण्डनाथ-सहस्राऽनुस्त्रियमाणमार्गः, मार्गणगणवाञ्छाऽतिरिक्तपूरितमनोरथः, रथः इव सुश्लिष्ट-लष्ट सुचक्रकृतसञ्चरणः, रणरसिकपुरुषः इव कृतबहुकवचपरिग्रहः, ग्रहगणः इव कवि(प्र)मुखगुरुवचनाऽनुगतः, गजः इव अनवरतदानवर्षकः, ऋषिः इव निगृहीतषट्वर्गप्रचारः, प्राकार इव पूर्वपृथ्वीपालप्रवर्तितन्यायनगर्याः, हिमगिरिः इव डिण्डीरपिण्डपाण्डुर-कीर्तिसुरसरितायाः, जलधिः इव अनेकगुणगणरत्नराशेः

---

માત્ર ચક્રવાક-મિથુનોને જ પ્રિય વિરહની વેદના સહન કરવી પડતી, પણ મનુષ્યોને નહિ, માત્ર વણકરોના સ્થાનોમાંજ વસન=વસ્ત્રની ઉત્પત્તિ હતી, પરંતુ લોકોમાં વ્યસન=દુઃખનો પ્રાદુર્ભાવ ન હતો.

આદરપૂર્વક પ્રણામ કરતા મોટા સામંતોના મુગટ-મણિઓથી જેનું પાદપીઠ અધિક ચળકતું હતું, પોતાના પ્રચંડ ભુજદંડથી વાળેલ ધનુષ્ય પર ચડાવેલ તીક્ષ્ણ બાણોથી સેંકડો શત્રુઓના ખંડિત થયેલાં મસ્તકોથી સમરાંગણને શોભાવનાર, અત્યંત ગર્વિષ્ઠ બનેલા સુભટોથી પરવરેલ હજારો દંડનાયકો=કોટવાલો જેની પાછળ પાછળ અનુસરી રહ્યા છે, યાચક લોકોના ઇચ્છા ઉપરાંત મનોરથને પૂરનાર રથની જેમ સુશ્લિષ્ટ=સારી રીતે મળેલ લષ્ટ=મજબૂત સૈન્યથી કૂચ કરનાર, યુદ્ધરસિક પુરુષની જેમ ઘણા કવચોનો સંગ્રહ કરનાર, ગ્રહગણની જેમ કવિ પ્રમુખ ગુરુ વચનને અનુસરીને ચાલનાર, હાથીની જેમ નિરંતર દાન-મદજળને આપનાર, ઋષિની જેમ કામ ક્રોધાદિ છ વર્ગના પ્રચારને જીતનાર, પૂર્વજ રાજાઓએ પ્રવર્ત્તાવેલ ન્યાયરૂપ નગરના કિલ્લા સમાન, ફીણના પિંડની જેમ ઉજ્વળ કીર્ત્તિરૂપ ગંગાને ઉત્પન્ન કરવામાં હિમાલય સમાન તથા અનેક ગુણ-રત્નોના સમૂહને પેદા

विपक्खदप्पखंडणो नरिंदवंसमंडणो, अजायभंगसासणो कुनीइलोयनासणो।
असेससोक्खकारणं करेइ लोयपालणं, नरिंद**सत्तुमद्दणो** म(ज)णंमि चित्तनंदणो।।३४।।

जंमि य नराहिवे पबलबलसालिभुयपरिहारोवियधरणिभारे रायनीइमेत्तं मंतिणो, सोहा हरि-करि-रह-जोहसामग्गी, आडंबरं असि-चक्क-चाव-सर-कुंतप्पमुहपहरणपरिग्गहो, सेवगा पणयावेक्खा सजीयनिरवेक्खंगरक्खपरिक्खेवपरिकप्पणा।

तस्स य रण्णो विसिट्ठायार-परिपालणपरायणो, धम्मसत्थसवणवियाणियहेज्जोवा-देयवत्थुसरूवो, गंभीरिमाइगुणगणावासो, पयइसरलो, पयइविणीओ, पयइपियंवओ, पयइपरोवयारपरो **पुहइप्पइट्ठाण**नामंमि गामे **नयसारो** नाम गामचिंतगो अहेसि। जो य तहाविहसाहुसेवाविरहेऽवि अलसो अकज्जपवित्तीए, परम्मुहो परपीडाए, सयण्हो

---

विपक्षदर्पखण्डनः नरेन्द्रवंशमण्डनः, अजातभङ्गशासनः कुनीतिलोकनाशनः।
अशेषसौख्यकारणं करोति लोकपालनं, नरेन्द्र**शत्रुमर्दनः** जनानां (मनसः वा) चित्तनन्दनः ।।३४।।

यस्मिंश्च नराधिपे प्रबलबलशालिभुजापरिखाऽऽरोपितधरणिभारे (सति) राजनीतिमात्रं मन्त्रिणः, शोभा(मात्रं) हरि-करि-रथ-योधसामग्र्यः, आडम्बरं असि-चक्र-चाप-शर-कुन्त-प्रमुखप्रहरणपरिग्रहः, सेवकाः प्रणयाऽपेक्षाः, स्वजीवनिरपेक्षाऽङ्गरक्षापरिक्षेपपरिकल्पना।

तस्य च राज्ञः विशिष्टाऽऽचारपरिपालनपरायणः धर्मशास्त्रश्रवणविज्ञातहेयोपादेयवस्तुस्वरूपः, गाम्भीर्यादिगुणगणाऽऽवासः, प्रकृतिसरलः, प्रकृतिविनीतः, प्रकृतिप्रियंवदः, प्रकृतिपरोपकारपरः **पृथ्वीप्रतिष्ठान**नाम्नि ग्रामे **नयसारः** नाम्ना ग्रामचिन्तकः आसीत्। यः च तथाविधसाधुसेवाविरहेऽपि अलसः अकार्यप्रवृत्याम्, पराङ्मुखः परपीडायाम्, सतृष्णः गुणगणोपार्जनाय, अचक्षुः परछिद्रप्रलोकनाय। एवंविधगुणश्च

---

કરવામાં મહાસાગર સમાન તે નગરીમાં **શત્રુમર્દન** નામે રાજા પ્રજાનું પાલન કરતો હતો, કે જે રાજા શત્રુઓના ગર્વને ભાંગનાર, રાજવંશના અલંકાર રૂપ, અખંડ આજ્ઞા ચલાવનાર અને અનીતિના પંથે ચાલતા લોકોને દબાવનાર હતો. વળી જે સમસ્ત સુખના કારણરૂપ હતો અને લોકોના મનને ભારે આનંદ પમાડતો હતો. એવા જે રાજાએ પોતાની અત્યંત પ્રબળ ભુજારૂપ પરિઘાને વિષે રાજ્યભાર આરોપિત કરે છતે મંત્રીઓ માત્ર રાજનીતિની ખાતર રાખવામાં આવ્યા હતા, હાથી, ઘોડા, રથ અને યોધાઓની સામગ્રી માત્ર રાજ્યની શોભા રૂપ હતી, તલવાર, ચક્ર, ધનુષ્ય, બાણ, ભાલા, પ્રમુખ શસ્ત્ર-સંગ્રહ માત્ર આડંબર રૂપ હતો, સેવકો પાસે માત્ર પ્રણય-વફાદારીની અપેક્ષા રાખવામાં આવતી, પોતાને અંગરક્ષાની અપેક્ષા ન હોવાથી અંગરક્ષકો માત્ર દેખાવની ખાતર હતા.

હવે તે રાજાને **પૃથ્વીપ્રતિષ્ઠાન** નામના ગામમાં **નયસાર** નામે એક ગામનો મુખી હતો, કે જે વિશિષ્ટ આચાર પાળવામાં તત્પર ધર્મશાસ્ત્ર સાંભળવાથી હેય=તજવા લાયક, ઉપાદેય=આદરવા લાયક, વસ્તુસ્વરૂપને જાણનાર

गुणगणोवज्जणाए, अचक्खू परछिद्दपलोयणाए। एवंविहगुणो य सो सविसेसगुणुक्करिससाहण-निमित्तं भणिओ गुरुअणेण,

जहा-

धणरिद्धी दूरं वड्डियावि दुव्विणयपवणपडिहणिया।
एक्कपए च्चिय पुत्तय! पणस्सए दीवयसिहव्व।।३५।।

णीहार-हारधवलोवि वच्छ! सेसो गुणाण संघाओ।
विणएण विणा वयणं व नयणरहियं न सोहेइ।।३६।।

अच्चंतपिओऽवि परोवयारकारीवि भुयणपयडोऽवि।
वज्जिज्जइ पुरिसो विणयवज्जिओ गुरुभुयंगोव्व।।३७।।

---

सः सविशेषगुणोत्कर्षसाधननिमित्तं भणितः गुरुजनेन यथा -

धर्नद्धिः अतिशयेन वर्धिताऽपि दुर्विनयपवनप्रतिहता।
एकपदे एव पुत्र! प्रणश्यति दीपशिखा इव ।।३५।।

नीहार-हारधवलोऽपि वत्स! शेषः गुणानां सङ्घातः।
विनयेन विना वदनमिव नयनरहितं न शोभते ।।३६।।

अत्यन्तप्रियः अपि परोपकारी अपि भुवनप्रकटः अपि।
वर्ज्यते पुरुषः विनयवर्जितः गुरुभुजङ्गः इव ।।३७।।

---

ગાંભીર્યાદિ ગુણસમૂહના આવાસરૂપ, સ્વભાવે સરલ, વિનયશીલ, પ્રિયંવદ=મધુર બોલનાર તથા પરોપકાર-પરાયણ હતો. જો કે તેને તથાપ્રકારની સાધુસેવાનો યોગ મળ્યો ન હતો; છતાં તે અકાર્યની પ્રવૃત્તિમાં આળસુ, પરપીડામાં વિમુખ, ગુણગણ મેળવવામાં તૃષ્ણાવાન્, અને પરાયા છિદ્ર=દોષ અવલોકવામાં તે લોચનહીન હતો. આવા પ્રકારના ગુણોથી લાયક બનેલ એવા તે નયસારને અધિક ગુણો સાધવા માટે એકદા ગુરુજને (વડીલે) કહ્યું-

'હે વત્સ! ધનની આબાદી અત્યંત વધાર્યા છતાં તે દીપશિખાની જેમ દુર્વિનયરૂપ પવનથી પ્રતિઘાત પામતાં એક પલવારમાં નષ્ટ થઇ જાય છે. (૩૫)

હે પુત્ર! અન્ય ગુણોનો સંગ્રહ બરફ અને મોતીની માળા સમાન ઉજ્જ્વળ હોવા છતાં લોચન વિનાના મુખની જેમ તે વિનય વિના શોભતો નથી. (૩૬)

વિનય વિના ભલે પુરુષ જગતમાં પ્રખ્યાત હોય, બધાને અત્યંત પ્રિય હોય અને પરોપકારી હોય, છતાં મોટા ભુજંગની=સાપની જેમ તે તજાય છે, (૩૭)

इय दुव्विणयत्तणदोसनिवहमवलोऊण बुद्धीए।
पुत्त! रमेज्जसु विणए समत्थकल्लाणकुलभवणे।।३८।।

तहाहि-विणएणं हुंति गुणा गुणेहिं लोगोऽणुरागमुव्वहइ।
अणुरत्तसयललोयस्स हुंति सव्वाओ रिद्धीओ।।३९।।

रिद्धीहिं संगओ गयवरोव्व अणवरयदाणवरिसेण।
मग्गणगणपणईणं उवयारं कुणइ लीलाए।।४०।।

उवयरणेणं तेसिं लब्भइ आचंदकालिया कित्ती।
तीएऽवि हु लद्धाए किं नो लद्धं तिहुयणेऽवि?।।४१।।

---

इति दुर्विनयत्वदोषनिवहम् अवलोक्य बुद्ध्या।
पुत्र! रमस्व विनयेन समस्तकल्याणकुलभवने ।।३८।।

तथाहि - विनयेन भवन्ति गुणाः गुणैः लोकः अनुरागमुद्वहति।
अनुरक्तसकललोकस्य भवन्ति सर्वाः ऋद्धयः ।।३९।।

ऋद्धिभिः सङ्गतः गजवरः इव अनवरतदानवर्षया।
मार्गणगणप्रणयिषु उपकारं करोति लीलया ।।४०।।

उपकरणेन(= उपकारेण) तेषां लभते आचन्द्रकालिका कीर्तिः।
तस्यामपि खलु लब्धायां किं न लब्धं त्रिभुवनेऽपि? ।।४१।।

---

હે વત્સ! એ પ્રમાણે દુર્વિનયજન્ય દોષના સમૂહને બુદ્ધિપૂર્વક અવલોકીને સમસ્ત કલ્યાણના કુલભવનરૂપ એવા વિનયમાં તું રમ. (૩૮)

વળી કહ્યું છે કે-'વિનયથી ગુણો પ્રાપ્ત થાય છે. ગુણોથી લોકો અનુરાગ કરે છે અને સર્વ લોકોનો અનુરાગ મળવાથી બધી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. (૩૯)

ઋદ્ધિ પ્રાપ્ત થતાં ગજરાજની જેમ પુરુષ-સતત દાનવૃષ્ટિથી પોતાના સંબંધી તેમજ યાચક જનો પર લીલામાત્રથી ઉપકાર કરી શકે છે. (૪૦)

ઉપકાર કરવાથી પુરુષ આચંદ્ર (ચંદ્રના અસ્તિત્વ કાળ સુધી) કીર્ત્તિ મેળવી શકે છે. એ જગજાહેર કીર્ત્તિ મેળવતાં જગતમાં શું બાકી રહ્યું? (૪૧)

एसच्चिय जेण थिरा जुगविगमेऽवि हु न वच्चइ विणासं।
उप्पत्तिपलयकलियं सेसं पुण थेवदियहथिरं।।४२।।

इय गुरुजणसिक्खं गिण्हिऊण तह कहवि संपयट्टो(सो)।
वीसासट्ठाणं नरवइस्स परमं जहा जाओ।।४३।।

अन्नया य **सत्तुमद्दण**नराहिवेण भवण-संदणाइनिमित्तं पवरदारूहिं पओयणंमि संपत्ते आणत्तो एसो-'भद्द! गच्छसु तुमं पभूयं सगडसमूहं किंकर-नरनियरं च गहाय दारुनिमित्तं महाडवीए'त्ति। तओ सिरसा सासणं से पडिच्छिय विसिट्ठसंबलगसमेओ समग्गसामग्गीसणाहो पट्ठिओ गामचिंतगो, पत्तो य अणवरयगमणेण महाडवीए, जा य केरिसी?-गयणयलाणुलिहंत-महंतचित्ततरुवराभोगावर(? रु)द्धदिसावगासा, अणवरयझरंतगिरिनिज्झरझंकारमणहरा,

---

एषा एव येन (कारणेन) स्थिरा युगविगमेऽपि खलु न व्रजति विनाशम्।
उत्पत्तिप्रलयकलितं शेषं पुनः स्तोकदिवसस्थिरम् ।।४२।।

इति गुरुजनशिक्षां गृहीत्वा तथा-कथमपि सम्प्रवृत्तः (सः)।
विश्वासस्थानं नरपतेः परमं यथा जातः ।।४३।।

अन्यदा च **शत्रुमर्दन**नराधिपेन भवन-स्यन्दनादिनिमित्तं प्रवरदारुभिः प्रयोजने सम्प्राप्ते आज्ञप्तः एषः 'भद्र! गच्छ त्वं प्रभूतं शकटसमूहं किङ्कर-नरनिकरं च गृहीत्वा दारुनिमित्तं महाऽटवीम्' इति। ततः शीर्षेण शासनं तस्य प्रतिपद्य विशिष्टशम्बलसमेतः समग्रसामग्रीसनाथः प्रस्थितः ग्रामचिन्तकः, प्राप्तश्च अनवरतगमनेन महाऽटवीम्, या च कीदृशी? - गगनतलाऽनुलिख्यमानमहच्चित्रतरुवराऽऽभोगा-ऽवरा(?रु)द्धदिगवकाशा, अनवरतक्षरद्गिरिनिर्झरझंकारमनहरा, यथेच्छविसरद्द्रुरु(मृग)-विरूप(?)-ऋक्ष-

---

એ કીર્ત્તિ અચળ થતાં યુગપલટો થતાં પણ નાશ પામતી નથી. પરંતુ ઉત્પત્તિ અને નાશના ભાવવાળુ તો માત્ર અલ્પ દિવસ જ ટકી શકે છે.' (૪૨)

એ પ્રમાણે વડીલ જનની શિખામણ સ્વીકારીને નયસારે પોતાની પ્રવૃત્તિ એટલી બધી સુધારી કે જેથી તે રાજાનું એક અસાધારણ વિશ્વાસનું સ્થાન થઇ પડ્યો (૪૩)

એક દિવસે **શત્રુમર્દન** રાજાએ મહેલ તથા રથ કરાવવા માટે સારાં કાષ્ઠ લાવવાના અવસરે નયસારને જણાવ્યું કે- 'હે ભદ્ર! તમે ઘણાં ગાડાં તથા સેવકસમૂહને લઇને મજબૂત કાષ્ઠ આણવા માટે મહાઅટવીમાં જાઓ' એ પ્રમાણે રાજાની આજ્ઞા શિરસાવંદ્ય સમજીને વિશિષ્ટ ભાતું તથા બધી સામગ્રી લઇ નયસાર નીકળ્યો અને નિરંતર પ્રયાણ કરતાં તે મહાઅટવીમાં પહોંચ્યો, કે જે અટવી ગગનતલસ્પર્શી મોટી વિચિત્ર વૃક્ષઘટાથી સમસ્ત દિશાઓને રોકનાર, નિરંતર ઝરતા ગિરિઝરણાના ધ્વનિથી મનોહર, પોતાની ઇચ્છાનુસાર વિચરતા શિયાળ,

जहिच्छविसरंतरुरु-विरुय-रिंछ-हरि-हरिण-सद्दूलभीसणा, महापुरिसवच्छत्थलिव्व सिरिवच्छालंकिया, मिगरायकंधरव्व केसरविसरविराइया, उव्वसनगरभूमिव्व मायंगकुलसंकुला, सुहडावलिव्व धरियबाणासणा। तहिं च निउत्तपुरिसेहिं सरला य दीहरा य विसाला सुंदरा य सुजायवट्टखंधबद्धा य तरुणो समारद्धा छिंदिउं, एवं च छिंदंताण जाओ मज्झण्हसमओ, संपत्ता भोयणवेला, पगुणीभूओ भोयणकरणाय गामचिंतगो, उवणीया किंकरगणेण विचित्तखंडखज्जप्पहाणा रसवई। 'जइ पुण सत्थपरिब्भट्ठो वा मग्गं अयाणमाणो वा एत्थ तडिय-कप्पडिय-समणप्पमुहो अतिही छुहाभिभूओ एज्ज ता तस्स दाऊण सयं भुंजामि'त्ति संपधारिऊण गामचिंतगेण थेवं भूमिभागं गंतूण तक्खणमवलोइयं दिसावलयं, एत्थंतरे सत्थपरिब्भट्ठा संता, परिसंता, खुहापिवासाभिभूया, मज्झंदिणदिणयरताव-विगलंतसेयसलिलधरा, तरुवरनिवडणकडयडारावनिसामणसंभावियसत्थावासा समागया

---

हरि-हरिण-शार्दूलभीषणा, महापुरुषवक्षस्थलमिव श्रीवत्साऽलङ्कृता, मृगराजकन्दरा इव केसरविसरविराजिता, उद्वसितनगरभूमिः इव मातङ्गकुलसङ्कुला, सुभटाऽऽवली इव धृतबाणाऽसना। तत्र च नियुक्तपुरुषाः सरलान् च दीर्घान् च विशालान् सुन्दरान् च सुजातवृत्तस्कन्धबद्धान् च तरून् समारब्धवन्तः छेत्तुम्। एवञ्च छिन्दतां (तेषां) जातः मध्याह्नसमयः। सम्प्राप्ता भोजनवेला। प्रगुणीभूतः भोजनकरणाय ग्रामचिन्तकः। उपनीता किङ्करगणेन विचित्रखण्ड-खाद्यप्रधाना रसवती। 'यदि पुनः सार्थपरिभ्रष्टः वा मार्गं अजानन् वा अत्र तटिक-कार्पटिक-श्रमणप्रमुखः अतिथिः क्षुधाऽभिभूतः आगच्छेत् तदा तस्मै दत्वा स्वयं भुञ्जे' इति सम्प्रधार्य ग्रामचिन्तकेन स्तोकं भूमिभागं गत्वा तत्क्षणं अवलोकितं दिग्वलयम्। अत्रान्तरे सार्थपरिभ्रष्टाः सन्तः, परिश्रान्ताः, क्षुत्पिपासाऽभिभूताः, मध्यन्दिदिनकरताप-विगलत्स्वेद-सलिलधराः, तरुवरनिपतनकड-

---

विरुप (?) रींछ, सिंह, હરિણ તથા વાઘ વિગેરે શ્વાપદોના (= જંગલી પશુઓના) અવાજથી ભયંકર ભાસતી, મહાપુરુષના વક્ષસ્થળની જેમ શ્રીવત્સ (વૃક્ષ વિશેષ)થી અલંકૃત, સિંહની કંધરાની (= ડોકની) જેમ કેસરા (વૃક્ષ વિશેષ) ના સમૂહથી વિરાજિત, વસતિહીન નગરભૂમિની જેમ માતંગ (અંત્યજો, પક્ષે હાથીઓ)ના સમૂહથી વ્યાપ્ત, સુભટશ્રેણિની જેમ બાણાસન, પક્ષે અસન-વૃક્ષોને ધારણ કરનાર એવી તે અટવીમાં નિયુક્ત પુરુષો સરલ, લાંબા, વિશાળ, સુંદર અને ઊંચા ગોળ થડયુક્ત એવા વૃક્ષોને કાપવા લાગ્યા. એ પ્રમાણે કાપતાં મધ્યાન્હ સમય થવા આવ્યો અને ભોજનવેળા પણ થઇ. આ વખતે નયસાર ભોજન કરવા તૈયાર થયો. તે વખતે કિંકરોએ વિચિત્ર રસપ્રધાન રસોઈ લાવીને તેની પાસે હાજર કરી. આ વખતે નયસારને વિચાર આવ્યો કે- 'જો અત્યારે સાર્થભ્રષ્ટ અથવા માર્ગને ન જાણનાર ભૂખથી વ્યાકુળ તટિક = શિવધર્મના ઉપાસક ભિક્ષુક-કે શ્રમણસમુદાય અતિથિ તરીકે અહીં આવી જાય તો તેને કંઈક ભિક્ષા આપીને હું ભોજન કરૂં' એ પ્રમાણે સંકલ્પ કરી નયસાર કંઇક આગળ જઇને તરત ચોતરફ દિશાઓનું અવલોકન કર્યું. એવામાં સાર્થથી ભ્રષ્ટ થયેલા હોતે છતે બહુજ થાકી ગયેલા, ભૂખ-તરસથી આકુળ વ્યાકુળ બનેલા મધ્યાન્હ કાળે તપેલા સૂર્યના તાપથી ગળતા પસીનાથી તરબોલ તથા

तं पएसं तवस्सिणो, दिट्ठा य तेण ससंभमं, गओ तदभिमुहं, गाढकरुणारसाउरिज्जमाणमाणसेण पणमिऊण पुच्छिया अणेण-'भयवं! किमेवं विजणविहारमायरह?',

साहूहिं भणियं-'भद्द! सत्थेण (समं) पढमं अम्हे पत्थिया, भोयणकाले जाव असण-पाणट्ठा गामं पविट्ठा ताव गओ सत्थो, अम्हेऽवि तुरंता सत्थाणुमग्गलग्गा इंता निग्गया एत्थ महाडवीए'।

गामचिंतगेण भणियं-'अहो निक्करुणया, अहो दुट्ठसीलया, अहो नरकनिवासलालसत्तणं, अहो वीसत्थघाइत्तणं, अहो पावाभीरुत्तणं, अहो आजम्मा नियकुलकलंककरणं तेसिं सत्थियाणं, अविय-

सत्तपयमेत्तसंथववसेऽवि सुयणाण वड्ढए नेहो।
आजम्मदंसणेऽवि हु निद्दयचित्ताण न खलाणं।।४४।।

---

कडारावनिश्रवणसम्भावितसार्थाऽऽवासाः समागताः तं प्रदेशं तपस्विनः। दृष्टाः च तेन ससम्भ्रमम्। गतः तदभिमुखम्। गाढकरुणारसाऽऽपूर्यमानमानसेन प्रणम्य पृष्टा अनेन 'भगवन्! किम् एवं विजनविहारमाचरथ?

साधुभिः भणितम्' भद्र! सार्थेन (समं) प्रथमं वयं प्रस्थिताः। भोजनकाले यावद् अशन-पानार्थं ग्रामं प्रविष्टाः तावद् गतः सार्थः। वयमपि त्वरितं सार्थाऽनुमार्गलग्नाः यान्तः निर्गता अत्र महाऽटव्याम्।

ग्रामचिन्तकेन भणितम् 'अहो निष्करुणता!, अहो दुष्टशीलता!, अहो नरकनिवासलालसत्वम्!, अहो विश्वासघातित्वम्!, अहो पापाऽभीरुत्वम्!, अहो आजन्म निजकुलकलङ्ककरणं तेषां सार्थानाम्। अपि च -

सप्तपदमात्रसंस्तववशादपि सुजनानां वर्धते स्नेहः।
आजन्मदर्शनेऽपि खलु निर्दयचित्तानां न खलानाम् ।।४४।।

---

વૃક્ષોના પતનથી થતા કડકડાટ અવાજ સાંભળતાં સાર્થના આવાસની આશંકા લાવતા એવા તપસ્વી મુનિવરો તે સ્થાને આવ્યા. એટલે અત્યંત હર્ષાવેશથી તેણે જોયા અને તરતજ તેમની સન્મુખ ગયો. ત્યાં પ્રણામ કરીને અત્યંત કરૂણારસથી ઓતપ્રોત થતા મનથી તેણે પૂછ્યું-'હે ભગવન્! કેમ વિજન પ્રદેશમાં આપ વિહાર કરો છો?'

સાધુઓ બોલ્યા - 'અહો ભદ્ર! પ્રથમ તો અમે સાર્થ સાથે નીકળ્યા, અને ભોજન સમયે જેટલામાં ભોજન-પાણી નિમિત્તે ગામમાં ગયા, તેવામાં સાર્થ ચાલ્યો ગયો. એટલે અમે પણ તરત સાર્થની પાછળ પાછળ નીકળ્યા અને આ મહાઅટવીમાં આવી પહોંચ્યા.'

નયસાર બોલ્યો - 'અહો નિઃકરૂણા! અહો અધમાચાર! અહો નરકનિવાસની અભિલાષા! અહો! વિશ્વાસઘાત! અહો પાપની નીડરતા! અહો તે સાર્થવાસીઓએ પોતાના કુળને કાયમી કલંક લગાડ્યું!! વળી કહ્યું છે કે-'સાત શબ્દ માત્રથી સ્તુતિ કરતાં પણ સજ્જનો સ્નેહને વધારતા રહે છે અને દયા રહિત મનવાળા દુર્જનો તો જન્મથી સંગમાં આવતાં લોકોને પણ પોતાના અંતરમાં સ્નેહને અવકાશ આપતા નથી. (૪૪)

सत्थाणुसरणकालेऽवि वारिया किं न पावबुद्धीहिं।
एए महाणुभावा पढमं चिय साहुणो तेहिं?।।४५।।

जइ एएसिं सीहाइएहिं कीरेज्ज एत्थ विद्दवणं।
ता नूणमेव तेसिं नरगेऽवि हु होज्ज संवासो।।४६।।

अहवा पावाण कहाए होउ नियधम्मदूसणकरीए।
आगच्छह आवासं कुणह पसायं ममेयाणिं''।।४७।।

इय भणिए ते मुणिणो जुगमेत्तनिहित्तचक्खुणो धीरा।
तस्सावासंमि गया पच्चक्खा धम्मनिहिणो व्व।।४८।।

---

सार्थाऽनुसरणकालेऽपि वारिता किं न पापबुद्धिभिः।
एते महानुभावाः प्रथममेव साधवः तैः? ।।४५।।

यदि एतेषां सिंहादिभिः क्रियेत अत्र विद्रवणम्।
ततः नूनमेव तेषां नरकेऽपि खलु भवेत् संवासः ।।४६।।

अथवा पापानां कथया भवतु (=अलं) निजधर्मदूषणकारिण्या।
आगच्छत आवासं कुरुत प्रसादं मम(=मयि) इदानीम् ।।४७।।

इति भणिते ते मुनयः युगमात्रनिहितचक्षवः धीराः।
तस्य आवासे गताः प्रत्यक्षाः धर्मनिधयः इव ।।४८।।

---

વળી જો એમ કરવું હોત તો સાથની સાથે ચાલતી વખતે એ મહાનુભાવ સાધુઓને તે પાપીઓએ પ્રથમથીજ કેમ અટકાવ્યા નહિ? (૪૫)

જો આવી ભયંકર અટવીમાં એમને સિંહાદિક ઉપદ્રવ કરે, તો અવશ્ય તે પાપાધમોને નરકમાંજ સ્થાન મળે. (૪૬) અથવા તો પોતાના ધર્મને દૂષિત કરનાર એવી તે પાપીઓની કથા કરવાથી પણ શું? હે મહાનુભાવો! હવે તમે મારા આવાસમાં ચાલો અને અત્યારે મારાપર એટલી કૃપા કરો.' (૪૭)

એ પ્રમાણે નયસારની વિનંતિથી, પ્રત્યક્ષ ધર્મના નિધાન સમાન, ધીર અને યુગ-ધોંસરી પ્રમાણ ભૂમિમાં દૃષ્ટિને સ્થાપન કરનાર એવા તે મુનિઓ તેના આવાસમાં ગયા. (૪૮)

पुण्णवससाहुदंसणसिणेहसंजायतिव्वसद्धेणं।
विउलेहिं असणपाणेहिं तेणऽवि पडिलाहिया विहिणा।।४९।।

गहियभत्त-पाणेहि य पडिनियत्तिऊण जीवोवरोहरहिए थंडिलंमि पडिक्कंता ईरियावहिया, आलोइयं भत्त-पाणं, कयं चितिवंदणं, विहिओ तक्कालोचिओ सज्झाओ, सुहज्झाणेण खणंतरं गमिऊण समुज्झिय राग-दोसं मुणिणो परिजिमियत्ति। गामचिंतगोऽवि कयत्थमप्पाणं मन्नंतो भोत्तूण समागओ तेसिं सगासे भणिउं पवत्तो-'भयवं! आगच्छह तुम्हे जेण नगरगामिणिं वत्तिणिं उवदंसेमि,' तओ पत्थिया साहुणो तेण सद्धिं, तेसिं च मज्झे एगो मुणी धम्मकहालद्धिसंपन्नो, तेण य णायं-'जहा एस धम्मजोगोत्ति' ता अवस्सं सद्धम्मे निजुंजियव्वो होइ'त्ति चिंतिऊण भणिओ सो गामचिंतगो-

---

पुण्यवशसाधुदर्शन-स्नेहसञ्जाततीव्रश्रद्धया।
विपुलैः अशनपानैः तेनाऽपि प्रतिलाभिता विधिना ।।४९।।

गृहीतभक्त-पानैः च प्रतिनिवृत्त्य जीवोपरोधरहिते स्थण्डिले प्रतिक्रान्ता ईर्यापथिका, आलोचितं भक्त-पानम्, कृतं चैत्यवन्दनम्, विहितः तत्कालोचितः स्वाध्यायः, शुभध्यानेन क्षणान्तरं (= कञ्चित् कालं)गमयित्वा समुज्झ्य राग-द्वेषौ मुनयः परिजिमिताः इति। ग्रामचिन्तकः अपि कृतार्थम् आत्मानं मन्यमानः भुक्त्वा समागतः तेषां सकाशं भणितुं प्रवृत्तः 'भगवन्! आगच्छत यूयं येन नगरगामिनीं वर्तनीम् उपदर्शयामि। ततः प्रस्थिताः साधवः तेन सह। तेषां च मध्ये एकः मुनिः धर्मकथालब्धिसम्पन्नः, तेन च ज्ञातं 'यथा एषः धर्मयोगः' इति। तस्माद् अवश्यं सद्धर्मे नियोक्तव्यः भवति' इति चिन्तयित्वा भणितः सः ग्रामचिन्तकः।

---

ત્યાં પુણ્યસંયોગે સાધુદર્શનથી ઉત્પન્ન થયેલા સ્નેહને લીધે વૃદ્ધિ પામેલ તીવ્ર શ્રદ્ધાથી તેણે વિધિપૂર્વક સાધુઓને પુષ્કળ આહાર-પાણી વડે પડિલાભ્યા. (૪૯)

ભોજન-પાણી વ્હોરી પાછા ફરીને જંતુવિરાધનારહિત નિર્દોષ સ્થાને ઈરિયાવહી પડિક્કમી, ભક્ત-પાન આલોચ્યું, ચૈત્યવંદન કર્યું, તે કાલને ઉચિત સજ્ઝાય આચરી, ક્ષણવાર શુભ ધ્યાનમાં વ્યતીત કરી, રાગ, દ્વેષને પરિહરીને તે મુનિઓએ વાપર્યું. એવામાં નયસાર પણ પોતાના આત્માને કૃતાર્થ માનતો ભોજન કરીને મુનિઓ પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે-'હે ભગવન્! તમે મારી સાથે આવો, હું તમને નગરનો માર્ગ બતાવું.' એટલે સાધુઓ તેની સાથે ચાલ્યા. તેમનામાં એક મુનિ ધર્મકથાની લબ્ધિથી સંપન્ન હતા. તેમણે જાણ્યું કે-'આ વખતે એને ધર્મ પમાડવાનો સારો યોગ છે. માટે અવશ્ય એ સદ્ધર્મમાં જોડવા લાયક છે.' એમ ધારીને મુનિએ તે નયસારને કહ્યું કે-

'भो महायस! कुमग्गपरिब्भमणपीडियाणं तण्हाछुहाभिभूयाणं अम्हाणं तहाविहपडिवत्तीए असणपाणदाणेण य परमोवयारी तंऽसि ता किंपि अणुसासिउं समीहामो।' गामचिंतएण भणियं-'भयवं! किमेवमासंकह? नियसिस्सनिव्विसेसं सिक्खवेहिं'त्ति, तओ साहुणा पारद्धा धम्मदेसणा, जहा-

धणुसिक्खाविरहियपुरिसखित्तसरजणियराहवेहं व।
तुडिजोगा मणुयत्तं लद्धूणं कुसलबुद्धिमया।।५०।।

सग्गापवग्गफलसाहगस्स धम्मस्स पायवस्सेव।
मूलं सम्मत्तमहो जाणेयव्वं पयत्तेणं।।५१।। जुम्मं।।

मिच्छत्तपंकपडलावलुत्तसन्नाणनयणपसराणं।
सिरसूलमूलमेसा जणाण सम्मत्तवत्तावि।।५२।।

---

भोः महायशः! कुमार्गपरिभ्रमणपीडितानां तृषा-क्षुधाऽभिभूतानाम् अस्माकं तथाविधप्रतिपत्या अशन-पानदानेन च परमोपकारी त्वमसि तस्मात् किमपि अनुशासितुं समीहामहे। ग्रामचिन्तकेन भणितं 'भगवन्! किम् एवमाशङ्कस्व? निजशिष्यनिर्विशेषं शिक्षस्व' इति। ततः साधुना प्रारब्धा धर्मदेशना, यथा-

धनुर्शिक्षाविरहितपुरुषक्षिप्तशरजनितराधावेधम् इव।
त्रुटियोगाद् मनुजत्वं लब्ध्वा कुशलबुद्धिमता ।।५०।।

स्वर्गाऽपवर्गफलसाधकस्य धर्मस्य पादपस्य एव।
मूलं सम्यक्त्वमहो! ज्ञेयं प्रयत्नेन ।।५१।। युग्मम्।।

मिथ्यात्वपङ्कपटलाऽपलुप्तसज्ज्ञाननयनप्रसराणाम्।
शिरोशूलमूलम् एषा जनानां सम्यक्त्ववार्ता अपि ।।५२।।

---

'હે મહાયશ ! માર્ગભ્રષ્ટ થતાં પરિભ્રમણથી પીડિત થયેલા, ભૂખ-તરસથી પીડિત એવા અમોને તથા પ્રકારના આદર-સત્કારપૂર્વક ભોજન-પાણીનું દાન કરતાં તમે અમારા પરમ ઉપકારી છો, તેથી તમને કાંઇક ધર્મોપદેશ દેવાની અમારી ઇચ્છા છે.' નયસાર બોલ્યો-'હે ભગવાન્! તમે આવી આશંકા કેમ લાવો છો? તમારા શિષ્યની જેમજ મને સમજાવો' એટલે સાધુએ ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો તે આ પ્રમાણે-

'ધનુર્વિદ્યા શીખ્યા વિના ચલાવેલ બાણથી થયેલ રાધાવેધની જેમ કોઇ મહા પુણ્યયોગે કુશળ બુદ્ધિમાન્ પુરૂષે મનુષ્ય-જન્મ પામીને (૫૦)

સ્વર્ગ અને મોક્ષરૂપ ફળને સાધનાર ધર્મરૂપ વૃક્ષના મૂળ સમાન સમ્યક્ત્વને પ્રયત્નપૂર્વક જાણી લેવું. (૫૧)

મિથ્યાત્વરૂપ કાદવના પડલથી સુજ્ઞાનરૂપ દૃષ્ટિનો ફેલાવો વિલુપ્ત થતાં લોકોને એ સમકિતની વાર્તા પણ માથાની વેદના સમાન લાગે છે. (૫૨)

जुत्ताजुत्तं केणवि करुणापरबुद्धिणोवइट्ठंपि।
दुस्सुमिणंपिव सोउं नेव वंछंति तुच्छमई।।५३।।

दढमूढगुरुपरूवणवसेण कम्मं च तं पकुव्वंति।
जेण निमज्जंति अहो कूवक्खणणुज्जयनरो व्व।।५४।।

जं मिच्छत्तोदयओ अगुरुंपि गुरुं अदेवमवि देवं।
धत्तूरिओव्व गेण्हइ लेट्ठुं व सुवण्णबुद्धीए ।।५५।।

तेणं चिय पाणिगणो गणणाइक्कंतवेलमणुभवइ।
तं किंपि दुक्खनिवहं जं जाणइ केवली सम्मं ।।५६।।जुम्मं।

---

युक्तायुक्तं केनाऽपि करुणापरबुद्धिनोपदिष्टमपि।
दुःस्वप्नमिव श्रोतुं नैव वाञ्छन्ति तुच्छमतयः ।।५३।।

दृढमूढगुरुप्ररूपणावशेन कर्म च तत् प्रकुर्वन्ति।
येन निमज्जन्ति अहो! कूपखननोद्यतनरः इव ।।५४।।

यस्माद् मिथ्यात्वोदयतः अगुरुमपि गुरुमदेवमपि देवम्।
धात्तूरिकः इव गृह्णाति लेष्टुमिव सुवर्णबुद्ध्या ।।५५।।

तेनैव प्राणिगणः गणणाऽतिक्रान्तवेलामनुभवति।
तत्किमपि दुःखनिवहं यज्जानाति केवली सम्यक् ।।५६।। युग्मम्।

---

કોઇપણ કરુણાપ્રધાન બુદ્ધિમાને ઉપદેશેલ યુક્ત કે અયુક્ત બાબતને તુચ્છમતિ પુરુષ દુઃસ્વપ્નની જેમ સાંભળવાને પણ ઇચ્છતો નથી. (૫૩)

અત્યંત મૂઢ ગુરુની પ્રરૂપણાના વશે કેટલાક લોકો એવા પ્રકારનું કર્મ આચરે છે કે જેથી તેઓ કૂવાને ખોદનાર પુરુષની જેમ અધોભૂમિમાં ઉતરતા જાય છે. (૫૪)

જેમ ધતુરાનું પાન કરનાર પુરુષ માટીના ઢેફાને સુવર્ણ બુદ્ધિથી સ્વીકારે છે, તેમ મિથ્યાત્વના ઉદયથી પ્રાણી અગુરુને પણ ગુરુ અને કુદેવને પણ દેવ તરીકે માની લે છે (૫૫)

અને તેથી પ્રાણીઓ અસંખ્યાતો કાલ એવા પ્રકારનાં દુઃખોનો અનુભવ કરે છે કે જે કેવળજ્ઞાની જ સારી રીતે જાણી શકે. (૫૬)

इय भो देवाणुप्पिय! मिच्छत्तं सयलदोसकुलभवणं।
नीसेसदुग्गदुग्गइसंसग्गकरं लहुं चयसु ।।५७।।

सम्मत्तं पुण नीसेसदोसविरहियमसेससुहफलयं।
जीवाण तिव्वजरमरणदुक्खवुच्छेयणसमत्थं ।।५८।।

जं मोहणिज्जपबलत्तविगमओ गुरुवसा सयं वावि।
उल्लसई कल्लाणयवल्लीजलकुल्लतुल्लं व ।।५९।।

तत्तो अट्ठारसदोसवज्जिए जिणवरंमि पडिवत्ती।
देवोत्ति समुप्पज्जइ निरवज्जा वज्जघडियव्व ।।६०।।

---

एवं भोः देवानुप्रिय! मिथ्यात्वं सकलदोषकुलभवनम्।
निःशेषदुर्गदुर्गतिसंसर्गकरं लघु त्यज ।।५७।।

सम्यक्त्वं पुनः निःशेषदोषविरहितमशेषसुखफलदम्।
जीवानां तीव्रजरा-मरणदुःखव्युच्छेदनसमर्थम् ।।५८।।

यद् मोहनीयप्रबलत्वविगमतः गुरुवशात् स्वयं वाऽपि।
उल्लसति कल्याणकवल्लीजलकुल्यातुल्यमिव ।।५९।।

ततः अष्टादशदोषवर्जिते जिनवरे प्रतिपत्तिः।
देवः इति समुत्पद्यते निरवद्या वज्रघटिता इव ।।६०।।

---

માટે હે દેવાનુપ્રિય! સમસ્ત દોષોના સ્થાનરૂપ અને તમામ દુઃખ (?) અને દુર્ગતિના સંબંધને કરનાર એવા મિથ્યાત્વનો સત્વર ત્યાગ કરો (૫૭)

વળી સમ્યક્ત્વ તો તમામ દોષ રહિત, બધા સુખને આપનાર તથા પ્રાણીઓના તીવ્ર જન્મ, જરા અને મરણના દુઃખનો ઉચ્છેદ કરવામાં સમર્થ છે, (૫૮)

કે જે કલ્યાણરૂપ લતાઓને જળની નીક સમાન એવું સમકિત, મોહનીય કર્મની પ્રબળતા દૂર થવાથી અથવા તો ગુરુના સમાગમથી કે સ્વયમેવ પ્રગટ થાય છે. (૫૯)

પછી અઢાર દોષ રહિત જિનેશ્વરમાં દેવબુદ્ધિ પ્રગટે છે કે જે વજ્ર જેવી દૃઢ અને નિર્દોષ હોય છે. (૬૦)

सयमवि धम्मपरेसुं सिद्धंतवियारणेक्ककुसलेसुं।
धम्मोवएसनिरएसु होज्ज साहूसु गुरुबुद्धी ।।६१।।

ता जिणवयणायण्णणविण्णायसमत्थतत्तरयणस्स।
विरमइ य मई लोइयधम्माउ कुवस्सयाउव्व ।।६२।।

अवगणइ गोपयं पिव दुग्गइदुहमयरभीसणावत्तं।
कम्मजलुप्पीलाउलमरइरउद्दं भवसमुद्दं ।।६३।।

तहा-सम्मत्तुत्तमसन्नाहविहियरक्खो खणेण विक्खिवइ।
सुहडोव्व तित्थियभडुब्भडंपि मिच्छत्तसंगामं ।।६४।।

---

स्वयमपि धर्मपरेषु सिद्धान्तविचारणैककुशलेषु। .
धर्मोपदेशनिरतेषु भवेत् साधुषु गुरुबुद्धिः ।।६१।।

तस्माद् जिनवचनाऽऽकर्णनविज्ञातसमस्ततत्त्वरत्नस्य।
विरमति च मतिः लौकिकधर्मतः कुवयस्याद् इव ।।६२।।

अवगणयति गोष्पदमिव दुर्गतिदुःखमकरभीषणाऽऽवर्तम्।
कर्मजलसमूहाऽऽकुलमरतिरौद्रं भवसमुद्रम् ।।६३।।

तथा -

सम्यक्त्वोत्तमसन्नाहविहितरक्षः क्षणेन विक्षिपति।
सुभटः इव तीर्थिकभटोद्भटमपि मिथ्यात्वसङ्ग्रामम् ।।६४।।

---

તેમજ ધર્મમાં તત્પર સિદ્ધાંતના પઠન-પાઠનમાં કુશળ તથા ધર્મોપદેશમાં અનુરક્ત એવા સાધુઓમાં પોતાની મેળે પણ ગુરુબુદ્ધિ ઉત્પન્ન થાય છે (૬૧)

અને જિનવચન સાંભળવાથી સમસ્ત તત્ત્વ-રત્નને જાણનાર એવા તે પ્રાણીની મતિ, ખરાબ મિત્ર જેવા લૌકિક ધર્મથી વિરામ પામે છે. (૬૨)

વળી દુર્ગતિનાં દુઃખરૂપ મગરથી ભીષણ તથા કર્મરૂપ જળસમૂહથી વ્યાપ્ત તથા અરતિથી અતિ રૌદ્ર એવા ભવસમુદ્રને તે ખાબોચિયા સમાન તુચ્છ ગણે છે (૬૩)

તથા સમ્યક્ત્વરૂપ ઉત્તમ બખ્તરથી રક્ષા પામતાં તે એક સુભટની જેમ લૌકિક સુભટોથી ઉત્કટ છતાં મિથ્યાત્વરૂપ સંગ્રામને ક્ષણવારમાં ક્ષોભ પમાડી દે છે. (૬૪)

पासायस्स व पीढं पुरस्स दारं व मूलमिव तरुणो।
बारसविहधम्मस्सवि आइं कित्तिति सम्मत्तं ।।६५।।

इय भो एवं लक्खिय निरवेक्खो लोइएसु मग्गेसु।
सद्दहण-नाणसारं सरहसमणुसरसु सम्मत्तं ।।६६।।

ताहे भत्तिभरोणयभालयलमिलंतमउलकरकमलो।
सोच्चा सो गुरुवयणं भत्तीए भणिउमाढत्तो ।।६७।।

भयवं! किमेवमुवइसह पावनिरयाण बुद्धिरहियाणं।
पच्चक्खपसूणं पिव अम्हाणं दढमजोग्गाणं ।।६८।।

---

प्रासादस्य इव पीठं पुरस्य द्वारमिव मूलमिव तरोः।
द्वादशविधधर्मस्याऽपि आदि कीर्त्यते सम्यक्त्वम् ।।६५।।

इति भोः एवं लक्षयित्वा निरपेक्षः लौकिकेषु मार्गेषु।
श्रद्धान-ज्ञानसारं स-रभसमनुसर सम्यक्त्वम् ।।६६।।

तदा भक्तिभराऽवनतभालतलमिलन्मुकुलकरकमलः।
श्रुत्वा सः गुरुवचनं भक्त्या भणितुमारब्धवान् ।।६७।।

भगवन्! किम् एवमुपदिशथ पापनिरतानां बुद्धिरहितानाम्।
प्रत्यक्षपशूनाम् इव अस्माकं दृढमयोग्यानाम् ।।६८।।

---

એ સમકિતને ધર્મરૂપ મહેલના પાયા સમાન, ધર્મરૂપ નગરના દ્વારતુલ્ય, ધર્મરૂપ વૃક્ષના મૂળ સમાન અને બાર પ્રકારના શ્રાવકધર્મના આદ્ય કારણરૂપ બતાવેલ છે. (૬૫)

માટે હે ભવ્ય! એ પ્રમાણે સમકિતના સ્વરૂપને સમજીને લૌકિકમાર્ગમાં અનુરક્ત ન થતાં સદ્દહણા અને જ્ઞાનના સારરૂપ તથા અનુપમ તત્ત્વરૂપ એવા એ સમકિતનો ઝડપથી સ્વીકાર કર.(૬૬)'

એ પ્રમાણે ગુરુમહારાજનાં વચન સાંભળી ભક્તિના ભારથી નમતા લલાટપર પોતાના કરકમળ જોડીને નયસાર ભક્તિપૂર્વક કહેવા લાગ્યો- (૬૭)

'હે ભગવન્! સાક્ષાત્ પશુ સમાન, અત્યંત અયોગ્ય, બુદ્ધિરહિત અને નિરંતર પાપકર્મમાં આસક્ત એવા અમારા જેવાઓને પણ આપ આવો ઉપદેશ કેમ આપો છો? (૬૮)'

गुरुणा भणियं मा वयसु एरिसं जेण जोग्गया तुज्झ।
जाणिज्जइ संपन्ना संपइ पच्चक्खलिंगेहिं ।।६९।।

कहमण्णहमेवंविहमहाडवीनिवडिया तए अम्हे।
दिट्ठा पहपब्भट्ठा गाढस्समसुढिय(सिढिल)सव्वंगा? ।।७०।।

कह तत्थवि दंसणमेत्तओऽवि चिरदिट्ठवल्लहजणे व्व।
पुलयपडलाणुमेओ उप्पण्णो तुह पमोयभरो? ।।७१।।

कह वा भोयणसमओवणीयनियभोयणेण दाणमई।
जाया अम्हाणुवरिं खुहा-पिवासाभिभूयाणं? ।।७२।।

---

गुरुणा भणितं मा वद एतादृशं येन योग्यता तव।
ज्ञायते सम्पन्ना सम्प्रति प्रत्यक्षलिङ्गैः ।।६९।।

कथं अन्यथा एवंविधमहाऽटवीनिपतिताः त्वया वयम्।
दृष्टाः पथप्रभ्रष्टा गाढश्रमशिथिलसर्वाङ्गाः ।।७०।।

कथं तत्रापि दर्शनमात्रतः अपि चिरदृष्टवल्लभजनमिव।
पुलकपटलाऽनुमेयः उत्पन्नः तव प्रमोदभरः ।।७१।।

कथं वा भोजनसमयोपनीतनिजभोजनेन दानमतिः।
जाता अस्माकमुपरि क्षुधा-पिपासाऽभिभूतानाम् ।।७२।।

---

ગુરુ બોલ્યા-'હે ભદ્ર! તું એ પ્રમાણે ન બોલ. કારણ કે અત્યારે કેટલાક પ્રત્યક્ષ લક્ષણોથી તારામાં પ્રગટેલી યોગ્યતા જણાઇ આવે છે. (૬૯)

નહિં તો આવા પ્રકારની ભયંકર અટવીમાં આવી પડેલા, માર્ગથી ભ્રષ્ટ થયેલા અને અત્યંત પરિશ્રાંત એવા અમે તારા જોવામાં પણ શી રીતે આવીએ? (૭૦)

કદાચ અમે જોવામાં આવ્યા, છતાં લાંબાકાળે જોવામાં આવેલ પ્રિયજનની જેમ અમને જોતાં જ તને રોમાંચ પ્રગટ થવાથી સમજી શકાય તેવો અનુપમ પ્રમોદ જે થયો, તે ક્યાંથી થાય? (૭૧)

અથવા તો ક્ષુધા-પિપાસાથી પરાભૂત થયેલા એવા અમને, ભોજન સમયે આણેલ પોતાના ભોજનનું દાન કરવાની મતિ ક્યાંથી થાય? (૭૨)

एवंविहपरिणामो उप्पज्जइ नेव पुण्णरहियाणं।
एवंविहा य अतिही न य चक्खुपहं पवज्जंति ।।७३।।

रयणनिहाणं किं रोरमंदिरे किं मरुंमि कप्पतरू।
कत्थवि थलंमि जलकमलसंभवो हवइ कइयावि? ।।७४।।

ता एवंविहविघडंतवत्थुसंघडणलिंगसद्धेया।
कहमिव तुज्झ न सद्धम्मजोग्गया भद्दमुह! होज्जा? ।।७५।।

जेणेरिस सामग्गी निरवग्गहपुण्णपगरिसवसेण।
सिवलच्छिपेच्छियाणं निच्छयओ घडइ मणुयाणं ।।७६।।जुम्मं।

---

एवंविधः परिणामः उत्पद्यते नैव पुण्यरहितानाम्।
एवंविधः च अतिथिः न च चक्षुपथं प्रव्रजति ।।७३।।

रत्ननिधानं किं रङ्कमन्दिरे? किं मरौ कल्पतरुः?।
कुत्राऽपि स्थले जलकमलसम्भवः भवति कदापि? ।।७४।।

ततः एवंविधविघटमानवस्तुसङ्घटनलिङ्गश्रद्धेया।
कथमिव तव न सद्धर्मयोग्यता भद्रमुख! भवेत् ।।७५।।

येन एतादृशी सामग्री निरवग्रहपुण्यप्रकर्षवशेन।
शिवलक्ष्मीप्रेक्षितानां निश्चयतः घटते मनुजानाम् ।।७६।। युग्मम्।

---

પુણ્યહીન જનોને આવો ભાવ ઉત્પન્ન ન જ થાય અને અમારા જેવા અતિથિ પણ તેમના જોવામાં ન આવે. (૭૩)

રંકના ઘરમાં રત્નનિધાન, મરૂસ્થળમાં કલ્પવૃક્ષ અને સ્થળ-કોરી ભૂમિમાં જળકમળ શું સંભવે? (૭૪)

માટે આવા સુસંગત અનેક બાબતોવાળા લક્ષણોથી શ્રદ્ધા કરવા યોગ્ય એવી સદ્ધર્મની યોગ્યતા હે ભદ્ર! તારામાં કેમ ન હોઇ શકે? (૭૫)

કારણ કે આવા પ્રકારની સામગ્રી, ભારે પુણ્યના પ્રભાવે મોક્ષલક્ષ્મીથી જોવાયેલા મનુષ્યોને જ ખરેખર મળી શકે. (૭૬)

किंच-आरियखेत्तुप्पत्ती कुलमकलंकं नरत्तसंपत्ती।
निरुवहयरूवलाहो रोगोरगदूरविगमो य ।।७७।।

आउयमवि पडिपुण्णं कलाकलावंमि कोसलं विमलं।
साहूहिं समं जोगो एत्तियमेत्तं तए पत्तं ।।७८।। जुम्मं।।

एत्तो एगयरंपि हु पण्णं व सकम्मपवणपडिहणिया।
संसारंमि भमंता अणंतसत्ता ण संपत्ता ।।७९।।

तुमए पुण सव्वमिमं उवलद्धं पुण्णपगरिसवसेणं।
ता एत्तो निरुवममोक्खसोक्खफलदाणदुल्ललियं ।।८०।।

---

किञ्च - आर्यक्षेत्रोत्पत्तिः कुलमकलङ्कं नरत्वसम्प्राप्तिः।
निरूपहतरूपलाभः रोगोरगदूरविगमश्च ।।७७।।

आयुष्कमपि प्रतिपूर्णं कलाकलापे कौशलं विमलम्।
साधुभिः समं योगः एतावन्मात्रं त्वया प्राप्तम् ।।७८।। युग्मम्।

एतस्मादेकतरमपि खलु पर्णमिव स्वकर्मपवनप्रतिहताः।
संसारे भ्रमन्तः अनन्तसत्वाः न सम्प्राप्तवन्तः ।।७९।।

त्वया पुनः सर्वमिदमुपलब्धं पुण्यप्रकर्षवशेन।
तस्माद् इतः निरूपममोक्षसौख्यफलदानदुर्ललितम् ।।८०।।

---

આર્યક્ષેત્રમાં ઉત્પત્તિ, કલંકરહિત કુળ, મનુષ્યજન્મની પ્રાપ્તિ, અનુપમ રૂપની પ્રાપ્તિ, રોગરૂપી સર્પનો સંપૂર્ણ અભાવ (૭૭)

સંપૂર્ણ આયુષ્ય, સમસ્ત કળાઓમાં અત્યંત કુશળતા, અને સાધુઓનો યોગ-આ બધી સામગ્રી તને પ્રાપ્ત થઇ છે (૭૮).

આમાંની એકાદ વસ્તુ પણ પાંદડાની જેમ પોતાના કર્મરૂપ પવનથી દૂર કરાયેલા અને સંસારમાં ભમતા અનંત પ્રાણીઓ પામ્યા નથી; (૭૯)

આ બાજુ પુણ્યના પ્રકર્ષવશથી તમને અનુપમ મોક્ષસુખરૂપ ફળ આપવામાં સ્વતંત્ર એવી આ સમસ્ત સામગ્રી પ્રાપ્ત થઇ છે. તેથી (૮૦)

सिहिणो सिहं व सारं फणिवइफणरयणचक्कवालं व।
एक्कं अपत्तपुव्वं गिण्हसु जिणदेसियं धम्मं ।।८१।। जुम्मं।।

इय भणिए सो चिंतेउमारद्धो तिव्वजायसंवेगो।
कह नियकज्जपसाहणपरम्मुहाणं गुणनिहीणं ।।८२।।

केवलकरुणारससायराण समगणियरायरोराणं।
जाओ मइ पडिबंधो गुरूण खणदंसणे वावि? ।।८३।। जुम्मं।।

निप्पुण्णेसु जणेसुं चक्खुंपि खिवंति नेरिसा समणा।
ता सव्वहेसि वयणं जुत्तं मह संपयं काउं ।।८४।।

---

शिखिनः शिखामिव सारं फणिपतिफणरत्नचक्रवालमिव।
एकमप्राप्तपूर्वं गृहाण जिनदेशितं धर्मम् ।।८१।। युग्मम्।।

इति भणिते सः चिन्तयितुमारब्धवान् तीव्रजातसंवेगः।
कथं निजकार्यप्रसाधनपराङ्मुखानां गुणनिधानानाम् ।।८२।।

केवलकरुणारससागराणां समगणितराजरङ्काणाम्।
जातः मयि प्रतिबन्धः गुरूणां क्षणदर्शने वाऽपि? ।।८३।। युग्मम्।।

निष्पुण्यकेषु जनेषु चक्षुरपि क्षिपन्ति नेदृशः श्रमणाः।
*तस्मात् सर्वथा एतेषां वचनं युक्तं मम साम्प्रतं कर्तुम् ।।८४।।*

---

મયૂરના પુચ્છકલાપ અને શેષનાગની ફણાના રત્નની જેમ હે ભદ્ર! પૂર્વે પ્રાપ્ત ન થયેલ એક માત્ર સારરૂપ જિનકથિત ધર્મનો તું સ્વીકાર કર. (૮૧)

એ રીતે ગુરુના કહેવાથી તીવ્ર સંવેગ ઉત્પન્ન થતાં નયસાર વિચારવા લાગ્યો-'અહો! સ્વકાર્ય સાધવામાં પણ વિમુખ, ગુણના નિધાન, કેવળ કરૂણરસના સાગર અને રાજા કે રંકમાં સમાન દૃષ્ટિ રાખનારા એવા આ ગુરુ મહારાજનું ક્ષણભર દર્શન થતાં પણ મને કેવી લાગણી પ્રગટ થઇ આવી? (૮૨,૮૩)

આવા શ્રમણો પુણ્યહીન જનોપર પોતાની દૃષ્ટિ પણ ફેરવતા નથી. માટે હવે સર્વથા મારે એમના વચનને અનુસરીને ચાલવું જ યોગ્ય છે.' (૮૪)

विस्संभरतलविलुलंतमउलिमह पणमिऊण गुरुचलणे।
आणंदसंदिरंसूनयणो सो भणिउमाढत्तो ।।८५।।

निक्कारणेक्कवच्छल! भयवं नीसेससत्तताणपरा।
आरोहेसु ममिण्हिं सम्मत्तं भवविरत्तस्स ।।८६।।

ताहे गुरुणा जिणभणियनीईओ नायजोग्गयगुणेण।
चित्तुच्छाहप्पमुहपहाणसउणोवलंभंमि ।।८७।।

अरिहं देवो गुरुणो य साहुणो जिणमयं मयं तुज्झ।
इय एवं आरोवियमाजम्मं तस्स सम्मत्तं ।।८८।। जुम्मं।

---

विश्वम्भरतलविलोलन्मौली अथ प्रणम्य गुरुचरणे।
आनन्दस्यन्दनाऽश्रुनयनः सः भणितुमारब्धवान् ।।८५।।

निष्कारणैकवत्सल! भगवन्! निःशेषसत्त्वत्राणपर!।
आरोहय मम इदानीं सम्यक्त्वं भवविरक्तस्य ।।८६।।

तदा गुरुणा जिनभणितनीत्या ज्ञातयोग्यतागुणेन।
चित्तोत्साहप्रमुखप्रधानशकुनोपलब्ध्यां (सत्याम्) ।।८७।।

अर्हन् देवः गुरवः साधवः जिनमतं मतं तव।
इत्येवं आरोपितं आजन्म तस्य सम्यक्त्वम् ।।८८।। युग्मम्।

---

એમ ચિંતવીને પૃથ્વીપર મસ્તક નમાવી ગુરુના ચરણે નમીને, આંખમાં આનંદાશ્રુ લાવી તે કહેવા લાગ્યો-(૮૫)

'હે નિષ્કારણ વત્સલ! હે ભગવન્! હે સમસ્ત પ્રાણીઓને તારવામાં તત્પર! હવે ભવવિરક્ત થયેલા એવા મારામાં તમે સમ્યક્ત્વનું આરોપણ કરો.(૮૬)'

એટલે જિનકથિત નીતિથી યોગ્યતાના ગુણને જાણી, ચિત્તના ઉત્સાહ પ્રમુખ પ્રધાન શુકનો જોવામાં આવતાં, ગુરુ મહારાજે 'તારે અરિહંતને દેવ, સુસાધુને ગુરુ અને જિનેશ્વરભાષિત ધર્મ-એ ત્રણ તત્ત્વને (આદરપૂર્વક) માનવાં.' એમ આજીવન સમ્યક્ત્વ તેનામાં આરોપિત કર્યું, (૮૭, ૮૮)

भणिओ य वच्छ! निव्वाणलच्छिबीयं मए इमं दिण्णं।
संकाइदोसविरहेण सव्वहा ता जएज्ज इहं ।।८९।।

धन्नोऽसि तुमं भद्दय! दुहसयरुद्दंमि भवसमुद्दंमि।
जेण तए जिणधम्मो तरणतरंडोवमो पत्तो ।।९०।।

एयस्स पभावेणं पालिज्जंतस्स सव्वकालंपि।
जीवेहिं अणंतेहिं दुक्खाण जलंजली दिण्णो ।।९१।।

पयईए खणविणस्सरसंसारुब्भवसुहस्स कज्जेणं।
एयंमि मा पमायं काहिसि तं भद्द! कइयावि ।।९२।।

अह सो नमिउं चरणे गुरूण भवभीयपाणिगणसरणे।
हरिसभरबंधुरगिरं उदाहरित्था वयणमेयं ।।९३।।

---

भणितश्च वत्स! निर्वाणलक्ष्मीबीजं मया इदं दत्तम्।
शङ्कादिदोषविरहेण सर्वथा तस्माद् यतस्व अत्र ।।८९।।

धन्यः असि त्वं भद्र! दुःखशतरौद्रे भवसमुद्रे।
येन त्वया जिनधर्मः तरणतरण्डोपमो प्राप्तः ।।९०।।

एतस्य प्रभावेण पाल्यमानस्य सर्वकालमपि।
जीवैः अनन्तैः दुःखस्य जलाञ्जली दत्ता ।।९१।।

प्रकृत्या क्षणविनश्वर-संसारोद्भवसुखस्य कार्येण।
एतस्मिन् मा प्रमादं करिष्यस्व त्वं भद्र! कदाचिदपि ।।९२।।

अथ सः नत्वा चरणयो; गुरूणां भयभीतप्राणिगणशरणयोः।
हर्षभरबन्धुरगिरा उदाहरद् वचनमेतत् ।।९३।।

---

અને કહ્યું કે-'હે ભદ્ર! નિર્વાણ-મોક્ષ-લક્ષ્મીના કારણરૂપ એવું એ સમકિત મેં તને આપ્યું છે, તો હવે શંકાદિ દોષરહિત એનું તારે સર્વથા પરિપાલન કરવું. (૮૯)

હે ભદ્ર! તું ધન્ય છે કે સેંકડો દુઃખોથી રૌદ્ર આ ભવસમુદ્રમાં તરવાની નાવ સમાન એવો જિનધર્મ તું પામ્યો. (૯૦)

સદા એનું પાલન કરતાં એના પ્રભાવથી અનંત જીવોએ દુઃખોને જલાંજલિ આપી છે. (૯૧)

વળી હે ભદ્ર! સ્વભાવે ક્ષણભંગુર એવા સંસારના સુખ નિમિત્તે કોઈવાર પણ એ ધર્મમાં તું પ્રમાદ કરીશ નહિ.' (૯૨)

હવે ભવભીત પ્રાણીઓને શરણરૂપ એવા ગુરુમહારાજના ચરણે નમસ્કાર કરીને ભારે હર્ષવાળી સુંદર

थेवोवयारिणोऽविहु लोया पूयं करिंति सविसेसं।
एवंविहोवयारीण तुम्ह किं संपयं करिमो? ।।९४।।

तहवि नियत्तह भयवं! गिण्हह धणरयणभवणसंसारं।
अहवा किमेत्तिएणं? जीयंपिहु तुम्ह आयत्तं ।।९५।।

गुरुणोववूहिओ सो ससरीरेऽवि हु ममत्तरहिएण।
सम्मं कयं महायस! तयत्ति एवं जओ भणियं ।।९६।।

सम्मत्तदायगाणं दुप्पडियारं भवेसु बहुएसुं।
सव्वगुणमेलियाहिंवि उवयारसहस्सकोडीहिं ।।९७।।

---

स्तोकोपकारिणः अपि खलु लोकाः पूजां कुर्वन्ति सविशेषम्।
एवंविधोपकारिणां युष्माकं किं साम्प्रतं करोमि? ।।९४।।

तथापि निवर्तध्वं भगवन्तः! गृह्णीध्वं धन-रत्न-भवन-संसारम्।
अथवा किमेतन्मात्रेण? जीवमपि खलु युष्माकमायत्तम् ।।९५।।

गुरुणा उपबृंहितः सः स्वशरीरेऽपि खलु ममत्वरहितेन।
सम्यक् कृतं महायशः! त्वया इत्येवं यतः भणितम् ।।९६।।

सम्यक्त्वदायकानां दुष्प्रतिकारः भवेषु बहुषु।
सर्वगुणमेलिताभिः अपि उपकारसहस्रकोटिभिः ।।९७।।

---

વાણીથી નયસાર આ પ્રમાણે બોલ્યો-(૯૩)

'લોકો અલ્પ ઉપકાર કરનારની પણ અતિ બહુમાનથી પૂજા કરે છે, તો આવા પ્રકારનો અનુપમ ઉપકાર કરનાર એવા તમારો હું અત્યારે શું પ્રત્યુપકાર કરૂં? (૯૪)

તથાપિ હે ભગવન્! તમે હવે આ ભિક્ષાચરવૃત્તિથી નિવૃત્ત થઇ ધન, રત્ન, ભવન અને સંસારનો સ્વીકાર કરો. અથવા તો એટલું માત્ર આપવાથી પણ શું? આ મારો જીવ પણ તમારે આધીન છે.' (૯૫)

એ પ્રમાણે સાંભળતાં પોતાના શરીરને વિષે પણ મમતારહિત એવા ગુરુ મહારાજે નયસારને પ્રતિબોધ પમાડતાં કહ્યું કે-'હે મહાસત્ત્વ! તમે સારૂં કર્યું કે જેથી એવું વચન બોલ્યા. (૯૬)

કારણ કે સમ્યક્ત્વદાયક ગુરુ પ્રત્યે સર્વ ગુણો સાથે હજારો કે કરોડો ઉપકારો કરતાં ઘણા ભવોમાં પણ તેમનો પ્રત્યુપકાર ન થઇ શકે. (૯૭)

परमत्थेण महायस! दिण्णं तुमए समत्थमम्हाणं।
एयंमि धम्मकम्मंमि निच्चमब्भुज्जमंतेण ।।९८।।

इय गुरुणा सिक्खविउं जिणिंदधम्मस्स सव्वपरमत्थं।
भणिओ सो अणुजाणसु एत्तो अम्हे गमणकज्जे ।।९९।।

दूसहगुरुदंसणविरहवेयणावाउलीकयसरीरो।
दूरपहं अणुगच्छिय दंसिय मग्गं नियत्तो सो ।।१००।।

भावेंतो गुरुवयणं चिंतंतो भवभयं महाघोरं।
सम्मत्तभावियमई निययावासंमि संपत्तो ।।१०१।।

तओ काऊणमणंतरकरणीयं, भरिऊणं सगडाणि विसिट्ठकट्ठाणं, नीसेसभिच्च-जणसमेओ

---

परमार्थेन महायशः! दत्तं त्वया समस्तमस्माकम्।
एतस्मिन् धर्मकार्ये नित्यं अभ्युद्यम्यमानेन ।।९८।।

इति गुरुणा शिक्षयित्वा जिनेन्द्रधर्मस्य सर्वं परमार्थम्।
भणितः सः अनुजानीहि इतः अस्मान् गमनकार्याय ।।९९।।

दुस्सहगुरुदर्शनविरहवेदनाव्याकुलीकृतशरीरः।
दूरपथं अनुगम्य दर्शयित्वा मार्गं निवृत्तः सः ।।१००।।

भावयन् गुरुवचनं चिन्तयन् भवभयं महाघोरम्।
सम्यक्त्वभावितमतिः निजाऽऽवासे सम्प्राप्तः ।।१०१।।

ततः कृत्वा अनन्तरकरणीयम्, भृत्वा शकटानि विशिष्टकाष्ठानाम्, निःशेषभृत्यजनसमेतः निवृत्तः

---

પરંતુ હે ભદ્ર! આ ધર્મ-કર્મમાં નિરંતર ઉદ્યમ કરતાં પરમાર્થથી તો તમે અમને બધું આપી ચૂક્યા છો.' (૯૮)

એ રીતે જિનધર્મનો સર્વ પરમાર્થ સમજાવીને ગુરુ પુનઃ બોલ્યા-'હે ભદ્ર! હવે અમને આગળ જવાની અનુજ્ઞા આપો. (૯૯)

એમ સાંભળતાં ગુરુદર્શનના અસહ્ય વિરહની વેદનાથી વ્યાકુળ શરીરવાળો નયસાર લાંબા માર્ગ સુધી ગુરુની પાછળ જઇ, તેમને માર્ગ બતાવીને તે પાછો વળ્યો, (૧૦૦)

અને ગુરુવચનને ભાવતો, મહાભયંકર ભવભયને ચિંતવતો તથા સમકિતથી અલંકૃત બુદ્ધિવાળો તે પોતાના આવાસમાં આવ્યો. (૧૦૧)

પછી જે કામ કરવાનું હતું તે કરી, સારા કાષ્ઠના ગાડાં ભરી બધા નોકરવર્ગ સહિત તે નયસાર પોતાના

नियत्तो नियगामाभिमुहं, पत्तो य कालक्कमेण। पेसियाणि दारूणि नरिंदस्स। तओ पइदिणं अब्भस्संतो जिणधम्मं, पज्जुवासंतो मुणिजणं, परिचिंतिंतो जीवाजीवाइणो नव पयत्थे, रक्खंतो पाणिगणं, बहु माणंतो साहम्मियजणं, सव्वायरेण पभावेंतो जिणसासणं कालं गमेइ। अण्णया य मरणपज्जवसाणयाए जीवलोयस्स, खणभंगुरत्तणओ सव्वभावाणं, तहाविहमुवक्कमणकारणं पाविऊण सो सम्मं परिपालियाविरयसम्मदंसणभावो कयपज्जंताराहणाविहाणो सुमरंतो पंचनमोक्कारं पंचत्तमुवगओत्ति।

उववण्णो सोहम्मे पलियाउसुरो तओ सुदिट्ठीओ।
अंतोमुहुत्तमेत्तेण पत्तपज्जत्तभावो य ।।१०२।।

---

निजग्रामाऽभिमुखम्, प्राप्तश्च कालक्रमेण। प्रेषितानि दारूणि नरेन्द्रस्य। ततः प्रतिदिनमभ्यस्यन् जिनधर्मम्, पर्युपासमानः मुनिजनम्, परिचिन्तयन् जीवाऽजीवादीन् नव पदार्थान्, रक्षयन् प्राणिगणम्, बहुमन्यमानः साधर्मिकजनम्, सर्वाऽऽदरेण प्रभावयन् जिनशासनं कालं गमयति। अन्यदा च मरणपर्यवसानतया जीवलोकस्य, क्षणभङ्गुरत्वात् सर्वभावानाम्, तथाविधं उपक्रमकारणं प्राप्त्वा सः सम्यक् परिपालिताऽविरत-सम्यग्दर्शनभावः कृतपर्यन्ताऽऽराधनाविधानः स्मरन् पञ्चनमस्कारं पञ्चत्वमुपगतः इति।

## इति प्रथमः भवः

उपपन्नः सौधर्मे पल्योपमायुष्कसुरः ततः सम्यग्दृष्टिः।
अन्तर्मुहूर्तमात्रेण प्राप्तपर्याप्तभावश्च ।।१०२।।

---

ગામ તરફ પાછો વળ્યો અને અનુક્રમે સ્વસ્થાને આવી પહોંચતાં તેણે બધાં કાષ્ઠ રાજાને મોકલી આપ્યાં, ત્યારથી પ્રતિદિન જિનધર્મનો અભ્યાસ કરતાં, મુનિજનોની ભક્તિ સાધતાં, જીવાજીવાદિક નવ પદાર્થો ચિંતવતાં, જીવદયા પાળતાં, સાધર્મિક બંધુઓનું બહુમાન કરતાં અને અત્યંત આદરપૂર્વક જિનશાસનનો મહિમા વધારતાં તે નયસાર કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એકદા જીવલોક મરણને આધીન હોવાથી અને સર્વ પદાર્થોના ક્ષણભંગુરપણાથી, તથાપ્રકારનું ઉપક્રમણ-કારણ પામતાં તે નયસાર બરાબર સમ્યગ્દર્શનનું નિરંતર પાલન કરી, પ્રાંતે આરાધના આચરી, પંચ નમસ્કારનું સ્મરણ કરતાં તે મૃત્યુ પામ્યો.

## પ્રથમ ભવ પૂર્ણ.

હવે ત્યાંથી મરણ પામતાં સમ્યગ્દૃષ્ટિ નયસારનો જીવ **સૌધર્મ** દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં એક પલ્યોપમના આઉખે અને અંતર્મુહૂર્તમાત્રમાં તે પર્યાપ્તભાવને પામ્યો. (૧૦૨)

जय जय नंदा! भद्दत्ति वाहरंतेण किंकरजणेणं।
हरिसभरनिब्भरेणं कारिय तक्कालकायव्वो ।।१०३।।

उत्तुंगथोरथणवट्टलट्ठरेहंतमोत्तियसरीहिं।
छणमयलंछणसच्छहवयणाहिं कुवलयच्छीहिं ।।१०४।।

निम्मलकवोलतललिहियचित्तविच्छित्तिपत्तवल्लीहिं।
करकिसलयपरिघोलिरचामीयरचारुवलयाहिं ।।१०५।।

सुरसुंदरीहिं सद्धिं कीलंतो तेसु तेसु ठाणेसुं।
रइसागरावगाढो कालं वोलेइ लीलाए ।।१०६।। तीहिंविसेसियं।।

---

जय जय नन्दा! भद्रा! इति व्याहरता किङ्करजनेन।
हर्षभरनिर्भरेण कृत्वा तत्कालकर्तव्यम् ।।१०३।।

उत्तुङ्गविस्तीर्णस्तनवृत्तमनोहरराजमाणमौक्तिकमालाभिः।
क्षणमृगलाञ्छनसदृशवदनाभिः कुवलयाक्षीभिः ।।१०४।।

निर्मलकपोलतललिखितचित्रविच्छित्तिपत्रवल्लिभिः।
करकिसलयपरिघूर्णमानचामीकरचारुवलयाभिः ।।१०५।।

सुरसुन्दरीभिः सह क्रीडन् तेषु तेषु स्थानेषु।
रतिसागराऽवगाढः कालं गमयति लीलया ।।१०६।। त्रिभिः विशेषितम्।

---

વળી ઉત્પાતશય્યામાં ઉત્પન્ન થતાં જ સેવક દેવો 'જય જય નંદા! જય જય ભદ્દા!' એ પ્રમાણે ઘોષ કરવા લાગ્યા અને ભારે હર્ષથી તેમણે પોતાનું ઉચિત કર્ત્તવ્ય કરીને... (૧૦૩)

પછી ઉન્નત વિસ્તીર્ણ સ્તનપર લટકતી ગોળ અને સુંદર મોતીઓની માળાઓથી શોભાયમાન, ચંદ્રમા સમાન મુખવાળી, કુવલય તુલ્ય લોચનવાળી, (૧૦૪)

નિર્મળ ગાલપર આલેખેલ વિચિત્ર રચનાવાળી પત્રવલ્લિયુક્ત, કરકિસલયમાં (= કુંપળમાં) લટકતા સુવર્ણના સુંદર કંકણથી વિરાજમાન એવી (૧૦૫)

દેવાંગનાઓ સાથે પોતાની ઇચ્છા પ્રમાણે વિવિધ સ્થાનોમાં ક્રીડા કરતાં રતિસાગરમાં નિમગ્ન થઇ તે દેવ લીલાપૂર્વક કાળ નિર્ગમન કરવા લાગ્યો. (૧૦૬)

कल्लाणगेसु पंचसु चवणप्पमुहेसु जिणवरिंदाणं।
नंदीसरदीवाइसु परिचत्तासेसवावारो ।।१०७।।

भवजलहितरंडमिमं तिदुक्खतत्ताणममयमेयंति।
मणवंछियत्थपूरणचिंतामणिपच्चलमिमंति ।।१०८।।

अम्हारिसाणमविरइपराण इय विहियगाढबहुमाणो।
हरिसभरनिब्भरंगो कुणइ य अट्ठाहियामहिमं ।।१०९।। तीहिंविसेसियं।।

हिमवंतमहाहिमवंतपमुहकुलपव्वएसु अणवरयं।
दिव्वविमाणारूढो सिद्धाययाणि पेच्छइ य ।।११०।।

सुणइ य पच्चक्खं चिय विहरंतऽरिहंतवयणकमलाओ।
संसारुव्वेयकरं भत्तीए धम्मसव्वस्सं ।।१११।।

---

कल्याणकेषु पञ्चसु च्यवनप्रमुखेषु जिनवरेन्द्राणाम्।
नन्दीश्वरद्वीपादिषु परित्यक्ताशेषव्यापारः ।।१०७।।

भवजलधितरण्डमयं त्रिदुःखतप्तानाममृतमयं इति।
मनोवाञ्छितार्थपूरणचिन्तामणिप्रत्यलमयम् इति ।।१०८।।

अस्मादृशानामविरतिपराणाम् इति विहितगाढबहुमानः।
हर्षभरनिर्भराऽङ्गः करोति च अष्टाह्निकामहिमानम् ।।१०९।। त्रिभिः विशेषितम्।

हिमवन्त-महाहिमवन्तप्रमुखकुलपर्वतेषु अनवरतम्।
दिव्यविमानाऽऽरूढः सिद्धायतानि प्रेक्षते च ।।११०।।

शृणोति च प्रत्यक्षमेव विहरदर्हद्वदनकमलतः।
संसारोद्वेगकरं भक्त्या धर्मसर्वस्वम् ।।१११।।

---

તેમજ જિનેશ્વરોના ચ્યવન પ્રમુખ પાંચ કલ્યાણકોમાં પોતાની સમસ્ત અન્ય પ્રવૃત્તિનો ત્યાગ કરી **નંદીશ્વરાદિક** દ્વીપોમાં, 'અમારા જેવા અવિરતિ જીવોને એ ભવસાગરમાં નાવ સમાન છે, ત્રણ પ્રકારના દુઃખોથી તપ્ત થયેલાઓને એ અમૃત સમાન છે, મનોવાંછિત વસ્તુ આપવામાં એ ચિંતામણિ તુલ્ય છે' એ પ્રમાણે અત્યંત બહુમાનથી, અસાધારણ હર્ષથી ઓતપ્રોત બની તે અટ્ઠાઈ મહોત્સવ કરે છે. (૧૦૭-૯)

વળી **હિમવંત, મહાહિમવંત** પ્રમુખ કુલપર્વતો પર રહેલા સિદ્ધાયતનોના, દિવ્ય વિમાનપર આરૂઢ થઇને તે નિરંતર દર્શન કરે છે. (૧૧૦)

તથા સાક્ષાત્ વિચરતા અરિહંતના મુખકમળથી સંસારથી ઉદ્વેગ પમાડનાર એવો ધર્મોપદેશ તે ભક્તિથી

दुक्करतवचरणकिसंग(सारए)संगवज्जिए मुणिणो।
मणवयणकायगुत्ते भत्तीए पज्जुवासइ य ।।११२।।

इय पवरसिद्धिमंदिरसोआणपरंपरासरिच्छंमि।
सिरिवीरनाहजिणवरचरियंमि गुणोलिनिलयंमि ।।११३।।

अच्चंतुत्तमसम्मत्तलाभनामो समत्थिओ एसो।
भव्वजणचित्तसंतोसकारओ पढमपत्थावो ।।११४।।

**इइ सम्मत्तलाभनिरूवणो पढमो पत्थावो।**

---

दुष्करतपश्चरणकृशाङ्गसङ्गवर्जितान् मुनीन्।
मनोवचःकायगुप्तान् भक्त्या पर्युपासते च ।।११२।।

इति प्रवरसिद्धिमन्दिरसोपानपरम्परासदृशे।
श्रीवीरनाथजिनवरचरित्रे गुणावलीनिलये ।।११३।।

अत्यन्तोत्तमसम्यक्त्वलाभनामा समर्थितः एषः।
भव्यजनसन्तोषकारकः प्रथमप्रस्तावः ।।११४।।

**इति सम्यक्त्वलाभनिरूपकः प्रथमः प्रस्तावः**

---

સાંભળે છે. (૧૧૧)

તેમજ દુષ્કર તપ અને ચારિત્ર આચરતાં દુર્બળ બની ગયેલા અને સર્વ સંગથી વર્જિત તથા મન, વચન, કાયાથી ગુપ્ત (ત્રણ ગુપ્તિ સહિત) એવા મુનિજનોની તે ભક્તિથી ઉપાસના કરે છે. (૧૧૨)

એ પ્રમાણે શ્રેષ્ઠ સિદ્ધિ-મંદિરના સોપાનની શ્રેણિ સમાન, ગુણ-પંક્તિના આવાસરૂપ એવા શ્રી મહાવીરસ્વામીના ચરિત્રમાં અત્યંત ઉત્તમ 'સમ્યક્ત્વનો લાભ' નામનો, ભવ્યજનોના મનને પ્રમોદ પમાડનાર આ પ્રથમ પ્રસ્તાવ કહી બતાવ્યો. (૧૧૩-૪)

**પ્રથમ પ્રસ્તાવ અને બીજો ભવ પૂરો થયો.**

## अह बिइओ पत्थावो

एवं लाभो बोहीएँ परमसिवसाहिबीयभूयाए।
भणिओ एत्तो सम्मं **मिरीइ**वत्तव्वयं सुणह ।।१।।

एत्थेव समत्थसमुद्द-दीववलओवगूढपज्जंते।
मेरुविराइयमज्झे **जंबूदीवं**मि दीवम्मि ।।२।।

आरोवियधणुगुणसच्छहंमि तह **दाहिणड्ढभर**हंमि।
गंगासिंधूण महानईण बहुमज्झयारंमि ।।३।।

अत्थि पसत्थविविहतरुसंडमंडियपरिसरा, पेरंतपरूढपंडुच्छु-ताड-नीवार-विराइया,

---

## अथ द्वितीयः प्रस्तावः

एवं लाभः बोधेः परमशिवशाखिबीजभूताया।
भणितः इतः सम्यग् मरीचिवक्तव्यतां शृणु ।।१।।

अत्रैव समस्तसमुद्र-द्वीपवलयोपगूढपर्यन्ते।
**मेरु**विराजितमध्ये **जम्बूद्वीपे** द्वीपे ।।२।।

आरोपितधनुर्गुणसच्छाये तथा **दक्षिणार्धभरते**।
गङ्गासिन्ध्वोः महानद्योः बहुमध्ये ।।३।।

अस्ति प्रशस्तविविधतरुखण्डमण्डितपरिसरा, पर्यन्तप्ररूढपाण्ड्विक्षु-ताड-नीवार-विराजिता,

---

## પ્રસ્તાવ બીજો, ભવ ત્રીજો - મરીચિનું ચરિત્ર.

આ પ્રમાણે શ્રેષ્ઠમોક્ષરૂપી વૃક્ષના બીજ સ્વરૂપ બોધિની પ્રાપ્તિ કહેવાઈ. હવે મરીચિની વક્તવ્યતા સારી રીતે સાંભળો. (૧)

સમસ્ત સમુદ્રો અને દ્વીપોથી વીંટળાયેલ તથા મધ્યભાગે મેરૂપર્વતથી વિરાજિત એવા આ **જંબૂદ્વીપ** નામના દ્વીપને વિષે (૨)

તથા આરોપિત ધનુષ્યની દોરી સમાન **દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્ર**ને વિષે ગંગા-સિંધુ મહાનદીઓના મધ્ય ભાગમાં (૩)

**વિનીતા** નામે નગરી છે કે જે નગરી ચારે બાજુ અનેક પ્રકારના સુંદર વૃક્ષોની શ્રેણિથી વિરાજિત, નજીકના

नाणामणि-रयणरइयधरणिवीढा, अमरावइव्व नासच्चाहिट्ठिया, अहिणवपुरिव्व नवकुलालंकिया, जणयतणयव्व कुसलवलालसा, विलासिणिव्व दीहरच्छोवसोहिया, रामएवसेणव्व अदिट्ठविहीसणदोसा, पायालपुरिव्व अहीणजणाणुगया सुरिंदवयणोवरोहहरिसियवेसमणजक्खविणिम्मिया बारसजोयणदीहा, नवजोयणविच्छिण्णा, समुत्तुंगकणयपायारपरिक्खित्ता, पवरभवणमालासहस्साभिरामा, धण-कणय-रयणपरिपूरिया **विणीया** नाम नयरी ।।

जत्थ वम्महो इव अखंडरूवलावण्णजोव्वणगुणविब्भमो रेहइ पउरजणो, अकित्तिममंडणाओ सुरसुंदरीओ वि परिहवंति नियरूवेण तरुणीओ, जहिं च सूरेसु चेव सुव्वइ मग्गणसद्दो, दोसियाणं दोसाभिलासो, तरुवराणं गयापरावत्तो, रयणेसु वइरसद्दो ।। तं च रक्खेइ

---

नानामणिरत्नरचितपृथ्वीपीठा, अमरावती इव नासत्याऽधिष्ठिता (नाऽसत्याऽधिष्ठिता), अभिनवपुरी इव नवकुलाऽलङ्कृता, जनकतनया इव कुश-लवलालसा (कुशल-बलाऽऽलसा), विलासिनी इव दीर्घाऽक्षोपशोभिता (=दीर्घरथ्योपशोभिता), रामदेवसेना इव अदृष्टविभीषणदोषा, पातालपुरी इव अहीनजनाऽनुरागा, सुरेन्द्रवचनोपरोधहर्षितवैश्रमणयक्षविनिर्मिता द्वादशयोजनदीर्घा नवयोजनविस्तीर्णा समुत्तुङ्गकनकप्राकारपरिक्षिप्ता, प्रवरभवनमालासहस्राऽभिरामा, धन-कनक-रत्नपरिपूरिता **विनीता**नामिका नगरी.........

यत्र मन्मथः इव अखण्डरूपलावण्ययौवनगुणविभ्रमः राजते पौरजनः, अकृत्रिममण्डनतः सुरसुन्दरीः अपि परिभवन्ति निजरूपेण तरुण्यः, यत्र च शूरेषु एव श्रूयते मार्गणशब्दः न लोकेषु, दौष्यिकानां दुष्य-

---

સીમાડામાં ઉગેલ શ્વેત શેલડી, તાલ તથા નીવાર (ધાન્ય વિશેષ) થી શોભાયમાન, વિવિધ મણિ-રત્નોથી જ્યાં પૃથ્વીપીઠ બાંધેલ છે, અમરાવતીની જેમ નાસત્ય (દેવ વિશેષ) પક્ષે સત્યતાયુક્ત, અભિનવ નગરીની જેમ જે નવીન કુળોથી અલંકૃત, સીતાની જેમ કુશ-લવ, પક્ષે કુશળ-બળથી ગરિષ્ઠ, વિલાસિની વનિતાની જેમ દીર્ઘ લોચન, પક્ષે મોટા મ્હોલા-પોળથી સુશોભિત, રામચંદ્રની સેનાની જેમ બિભીષણ, પક્ષે ભીષણ દોષથી અદષ્ટ, પાતાલ નગરીની જેમ શેષ-નાગકુમારો પક્ષે ઉત્તમ જનોથી પરિવૃત, તથા દેવેંદ્રની આજ્ઞાથી પ્રમોદ પામેલા કુબેરયક્ષે રચેલ, બાર યોજન લાંબી અને નવ યોજન વિસ્તીર્ણ, અત્યંત ઊંચા સોનાના કિલ્લાથી વીંટળાયેલી, શ્રેષ્ઠ મકાનોની હજારો શ્રેણિઓથી સુંદર તથા ધન, કંચન, રત્નોથી ભરપૂર છે.

જે નગરીમાં અખંડ રૂપ, લાવણ્ય, યૌવનગુણની શોભાવાળા નગરજનો કામદેવ સમાન શોભતા હતા, જ્યાં તરૂણીઓ પોતાના રૂપગુણથી અકૃત્રિમ અલંકારવાળી દેવાંગનાઓને હસી કાઢતી હતી, વળી જ્યાં માર્ગણ-બાણ શબ્દમાત્ર સુભટોમાં જ સંભળાતો, પણ પ્રજામાં માર્ગણ-યાચકનું નામ ન હતું, દોસી-કાપડીઆ લોકો જ જ્યાં

खंचियचलियासणागयाखंडलकरकलियकणयकलसविहियरज्जाभिसेओ, तक्काल-संगहियउग्ग-भोग-रायन्न-खत्तियचउव्विहपहाणपरियरो, सुरवइविइण्णकणयकडय-तुडिय-मणि-मउडपमुहदिव्वालंकारालंकियसरीरो सिरि**उसभ**नराहिवो ।।

**कसिणासाढचउत्थीए** चत्तसव्वत्थसिद्धिवासो जो।
उत्तरसाढानक्खत्तजोगमिंदुंमि संकंते ।।४।।

कुलगरनाभिस्स गिहे चोद्दसगयपमुहसुमिणकयसूओ।
मरुदेवीए गब्भे पाउब्भूओ महाभूई ।।५।।

---

(विक्रयणा)ऽभिलाषः न लोकानां दोषाभिलाषः, तरुवरेषु गजपरावर्तः (न लोकेषु गदापरावर्तः), रत्नेषु वज्रशब्दः (न लोकेषु वैरशब्दः)। तां च रक्षति खे एव चलिताऽऽसनाऽऽगताऽऽखण्डल-करकलितकनक-कलशविहितराज्याभिषेकः, तत्कालसङ्गृहीतोग्र-भोग-राजन्य-क्षत्रियचतुर्विधप्रधानपरिकरः सुरपतिवितीर्ण-कनककटक-त्रुटित-मणि-मुकुटप्रमुखदिव्याऽलङ्काराऽलङ्कृतशरीरः श्री**ऋषभ**नराधिपः।

श्रीऋषभस्य जन्म राज्यं च :-

**कृष्णाऽऽषाढचतुर्थ्यां** त्यक्तसर्वार्थसिद्धिवासः यः।
उत्तराऽषाढानक्षत्रयोगः इन्दौ सङ्क्रान्ते ।।४।।

कुलकरनाभेः गृहे चतुर्दशगजप्रमुखस्वप्नकृतसूचः।
मरुदेव्याः गर्भे प्रादुर्भूतः महाभूतिः ।।५।।

---

દૌષ્યાભિલાષ-વસ્ત્રો વેચવાની ઇચ્છા કરતા, પણ અન્ય લોકો દોષને ઈચ્છતા ન હતા, વળી જ્યાં વૃક્ષોમાં જ હાથીઓ અટકતા, પરંતુ લોકોને ગદા-અસ્ત્રાદિકનો પરાભવ ન હતો, તથા વઈર=વજ્ર શબ્દ જ્યાં રત્નોમાં જ વપરાતો, પણ પ્રજામાં વૈરનું નામ પણ ન હતું. એ નગરીમાં જેનો, દેવલોકમાં આસન ચલાયમાન થવાથી કનક-કળશ લઇને આવેલ ઇંદ્રોએ રાજ્યાભિષેક કર્યો, એટલે તત્કાલ ઉગ્ર ભોગ, રાજન્ય, ક્ષત્રિય, તથા ચાર પ્રકારના પ્રધાન પરિવારનો જેમણે સ્વીકાર કર્યો, તે વખતે સુરપતિએ આપેલ કંચનના કંકણ તથા બાજુબંધ અને મણિ-મુગટ પ્રમુખ દિવ્ય અલંકારોથી શરીરે શોભાયમાન એવા **ઋષભ**સ્વામી રાજ્ય ચલાવતા હતા,

જે સ્વામી **આષાઢ** માસની **કૃષ્ણ ચતુર્થી**એ **સર્વાર્થ સિદ્ધ** વિમાનનો ત્યાગ કરી, **ઉત્તરા**ષાઢા નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ થતાં ગજ પ્રમુખ ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત, **શ્રીનાભિ** કુલકરના ઘરે **શ્રીમરૂદેવી** માતાના ઉદરમાં આવીને ગર્ભપણે ઉત્પન્ન થયા. (૪,૫)

पुव्वज्जियपुण्णसमूहचलियसिंहासणेण सक्केण।
भत्तीए जस्स पणया जणणी गब्भावयारंमि ।।६।।

चेत्तबहुलट्ठमीए उत्तरसाढासु अद्धरत्तंमि।
भुवणजणजणियतोसो जाओ जो पुण्णचंदोव्व ।।७।।

जस्स य जम्मणकम्मं तक्खणचलियासणा उ अकरिंसु।
निययहिगारणुरूवं छप्पण्णदिसाकुमारीओ ।।८।।

बत्तीससुरिंदेहिं नीसेसामरसमूहसहिएहिं।
मेरुंमि जम्ममज्जणमहूसवो निम्मिओ जस्स ।।९।।

---

पूर्वाऽर्जितपुण्यसमूहचलितसिंहासनेन शक्रेण।
भक्त्या यस्य प्रणता जननी गर्भाऽवतारे ।।६।।

**चैत्रबहुलाऽष्टम्या**मुत्तराऽषाढासु अर्धरात्रौ।
भुवनजनजनिततोषः जातः यः पूर्णचन्द्रः इव ।।७।।

यस्य च जन्मकर्म तत्क्षणचलिताऽऽसनाः तु अकुर्वन्।
निजाऽधिकाराऽनुरूपं षट्पञ्चाशद्दिक्कुमार्यः ।।८।।

द्वात्रिंशत्सुरेन्द्रैः निःशेषाऽमरसमूहसहितैः।
मेरौ जन्ममज्जनमहोत्सवः निर्मितः यस्य ।।९।।

---

પ્રભુ ગર્ભમાં આવે છતે પૂર્વોપાર્જિત પુણ્ય-સમૂહના પ્રભાવે સિંહાસન ચલાયમાન થતાં દેવેંદ્રે ભક્તિપૂર્વક તેમની માતાને નમસ્કાર કર્યા. (૬)

પછી **ચૈત્ર** મહિનાની **કૃષ્ણ અષ્ટમી**એ ઉત્તરાષાઢા નક્ષત્રમાં અર્ધરાત્રે ત્રણે ભુવનના જીવોને ક્ષણભર આનંદ પમાડતાં ઋષભસ્વામી પૂર્ણ ચંદ્રમાની જેમ જન્મ પામ્યા. (૭)

એટલે તત્કાલ આસન કંપવાથી પોતપોતાના અધિકાર પ્રમાણે છપ્પન્ન દિશાકુમારીઓએ ભગવંતની જન્મ-ક્રિયા કરી. (૮)

તેમજ પોતપોતાના દેવસમુદાય સહિત બત્રીશ દેવેંદ્રોએ કનકાચલપર જેમનો જન્માભિષેકનો મહોત્સવ કર્યો, (૯)

जस्सोरुवसभलंछणदंसणसंजायहरिसपुलएण।
सिरिनाभिनरिंदेणं उसभोत्ति पइट्ठियं नामं ॥१०॥

सुररायपाणितलसंठिओच्छुलट्ठिं करे धरंतेण।
जेण जहत्थभिहाणं निम्मियमिक्खागुवंसस्स ॥११॥

लेहप्पमुहा बावत्तरी कला जेण देसिया पढमं।
बहुभेयं कासव(य ?)-लोह-चित्त-घड-वत्थ-सिप्पं च ॥१२॥

कम्मं च खेत्त-वाणिज्जपमुहमाई निदंसियं जेण।
अविपक्ककणविभक्खणदुक्खियजणजलणपयणं च ॥१३॥

---

यस्योरुवृषभलाङ्छनदर्शनसञ्जातहर्षपुलकेन।
श्रीनाभिनरेन्द्रेण वृषभः इति प्रतिष्ठितं नाम ॥१०॥

सुरराजपाणितलसंस्थितेक्षुयष्टिं करे धारयता।
येन यथार्थाऽभिधानं निर्मितम् इक्ष्वाकुवंशस्य ॥११॥

लेखप्रमुखाः द्विसप्ततिः कलाः येन देशिताः प्रथमम्।
बहुभेदं कर्षक-लोह-चित्र-घट-वस्त्र-शिल्पं च ॥१२॥

कर्म च क्षेत्र-वाणिज्यप्रमुखादि निर्दर्शितं येन।
अविपक्वकणविभक्षणदुःखितजनज्वलनपचनं च ॥१३॥

---

વળી જેમના સાથળમાં વૃષભનું લાંછન જોઇ હર્ષથી રોમાંચિત નાભિરાજાએ જેમનું **ઋષભ** એવું નામ પાડ્યું, (૧૦)

ઇંદ્રના હાથમાં રહેલ શેલડીના સાંઠાને પોતાના હાથમાં ધરતાં જેમણે પોતાના વંશનું **ઇક્ષ્વાકુ** એવું યથાર્થ નામ સ્થાપન કર્યું. (૧૧)

જેમણે સૌ પ્રથમ લેખ પ્રમુખ બહોંતેર કળાઓ બતાવી કે જે કૃષિવિદ્યા, લુહારની કળા, ચિત્રકળા, કુંભારની, વસ્ત્ર વણવાની અને શિલ્પકળા વિગેરે અનેક પ્રકારની સમજવી. (૧૨)

વળી ક્ષેત્ર, વાણિજ્ય વગેરે કર્મ તથા કાચુ ધાન્ય ખાવાથી દુઃખ પામતા લોકોને અગ્નિમાં રાંધવાની કળા દર્શાવી. (૧૩)

दुन्नयपसत्थजणसिक्खणत्थमुवदंसिया जए जेणं।
सिट्ठजणरक्खणट्ठा सामाइ चउव्विहा नीई ।।१४।।

दारपरिग्गहसमए जस्स सुरिंदेण परमरिद्धीए।
पुंखणगविहिसणाहो विवाहमहूसवो विहिओ ।।१५।।

वागरण-छंद-कह-कव्व-मग्ग-जोइसपमोक्खबहुविज्जा।
लद्धा जेणुवइट्ठा पढमं चिय सुद्धबुद्धीए ।।१६।।

नियनियकम्मनिसेवण नियमेणं गुरुजणस्स नमणं च।
जाय(? इ)कुलाण ववत्था जेण समत्था कया भुयणे ।।१७।।

---

दुर्नय-प्रशस्तजनशिक्षणार्थमुपदर्शिता जगति येन।
शिष्टजनरक्षणार्थं सामादिः चतुर्विधा नीतिः ।।१४।।

दारापरिग्रहसमये यस्य सुरेन्द्रेण परमद्‌र्ध्या।
प्रोङ्खनकविधिसनाथः विवाहमहोत्सवः विहितः ।।१५।।

व्याकरण-छन्द-कथा-काव्य-मार्ग(=नभ)-ज्यौतिष्कप्रमुखबहुविद्याः।
लब्धा येनोपदिष्टाः प्रथममेव शुद्धबुद्‌ध्या ।।१६।।

निजनिजकर्मनिसेवनं, नियमेन गुरुजनस्य नमनं च।
जाति-कुलानां व्यवस्था येन समस्ता कृता भुवने ।।१७।।

---

તથા શઠ અને પ્રશસ્ત જનોને શિક્ષણ આપવા જેમણે જગતમાં શિષ્ટજનના રક્ષણ માટે સામ, દામાદિ ચાર પ્રકારની નીતિ બતાવી. (૧૪)

વળી જેમના વિવાહ વખતે ઇંદ્રે મહોત્સવપૂર્વક પોંખવાની વિધિસહિત લગ્નોત્સવ કર્યો. (૧૫)

જે ઋષભસ્વામીએ પ્રાપ્ત એવી વ્યાકરણ, છંદશાસ્ત્ર, કથા, કાવ્યકળા, આકાશગામિની (?), જ્યોતિષ પ્રમુખ અનેક વિદ્યા પ્રથમ શુદ્ધ બુદ્ધિથી જગતને બતાવી, (૧૬)

પોતપોતાના કર્મ પ્રમાણે નિયમિત વર્તન, ગુરુજન-વડીલોને નમન ઇત્યાદિ જેમણે જગતમાં જાતિ-કુળની બધી વ્યવસ્થા કરી. (૧૭)

किं बहुणा-जुत्ताजुत्तवत्थुविण्णाणसुण्णहियएसु।
नीई अज्जवि विफुरइ जस्स कित्तिव्व सव्वगया ।।१८।।

तस्स य गय-तुरयपमुहरज्जंगपरिवुडस्स संसएसु य ववत्थासु य कुलायारेसु य परोप्परविसंवाएसु य सयलजणपुच्छणिज्जस्स **नंदा**ए देवीए **सुमंगला**ए य समं विसयसुहमणुहवंतस्स वच्चंति वासरा। अण्णया य सुमंगलाए देवीए **भरहो बंभी** य मिहुणगं जायं। तहा **सुनंदाए**ऽवि देवीए **बाहुबली सुंदरी** य जुवलयं जायं। एवं वच्चंतंमि काले पुणोऽवि सुमंगला देवी अण्णाणि एगूणपन्नासं पुत्तजुयलगाणि पसूया। ते य भरहप्पमुहा कुमारा वड्ढंति सरीरेण नीसेसकलाकलावकोसलेण य।

एवं च निदंसिय-सयलकला-कुलव्ववत्थाए सुहलोयवावारो उसभनरिसरो

किं बहुना? युक्ताऽयुक्तवस्तुविज्ञानशून्यहृदयेषु।
नीतिः अद्यापि विस्फुरति यस्य कीर्तिः इव सर्वगता ।।१८।।

ऋषभस्य पुत्रादिपरिवारः दीक्षा च

तस्य च गज-तुरगप्रमुखराज्याङ्गपरिवृतस्य, संशयेषु च व्यवस्थासु च कुलाचारेषु च परस्परविसंवादेषु च सकलजनपृच्छ्यमानस्य, **नन्दया** देव्या **सुमङ्गलया** च समं विषयसुखमनुभूयमानस्य व्रजन्ति वासराः। अन्यदा च **सुमङ्गलायाः** देव्याः **भरतः ब्राह्मी** च मिथुनकं जातम्। तथा **सुनन्दायाः** देव्याः **बाहुबली सुन्दरी** च युगलकं जातम्। एवं व्रजति काले पुनः अपि सुमङ्गलादेवी अन्यानि एकोनपञ्चाशत् पुत्रयुगलानि प्रसूतवती। ते च भरतप्रमुखाः कुमाराः वर्धयन्ति शरीरेण निःशेषकलाकलापकौशलेन च।

एवं च निदर्शित-सकलकलाकुलव्यवस्थया शुभलोकव्यापारः ऋषभनरेश्वरः त्रि-अशीतिपूर्वलक्षाणि

વધારે તો શું? પરંતુ યોગ્યાયોગ્ય વસ્તુ-વિજ્ઞાનથી શૂન્ય જનોના હૃદયમાં અદ્યાપિ જેમની સર્વવ્યાપક કીર્ત્તિની જેમ જે નીતિ પ્રવર્ત્તી રહી છે. (૧૮)

એ પ્રમાણે ગજ, અશ્વ પ્રમુખ રાજ્યાંગયુક્ત અને સંશય પડતાં દરેક વ્યવસ્થામાં, કુલાચારોમાં, પરોપકારના વિસંવાદમાં બધા લોકના પ્રશ્નનું નિરાકરણ કરતા એવા ભગવંતના **નંદા** અને **સુમંગલા** રાણી સાથે વિષયસુખ ભોગવતાં દિવસો વ્યતીત થવા લાગ્યા.

એકદા સુમંગલા દેવીએ **ભરત** અને **બ્રાહ્મી**ને સાથે જન્મ આપ્યો તથા સુનંદાએ **બાહુબલિ** અને **સુંદરી**ને સાથે જન્મ આપ્યો. એમ કાળ વ્યતીત થતાં સુમંગલાએ બીજાં ઓગણપચાશ પુત્રયુગલો જોડલાંને જન્મ આપ્યો, તે **ભરત** પ્રમુખ કુમારો શરીરથી વૃદ્ધિ પામતાં સમસ્ત કળાઓમાં કુશળ થયા.

એમ પોતે બતાવેલ સર્વ કળાઓ અને કુળ-વ્યવસ્થા વડે શુભ લોકવ્યવહારવાળા ત્ર્યાશી લાખપૂર્વ ગૃહસ્થ-

तेयासीपुव्वलक्खाइं जाव परिपालिऊण गिहत्थपज्जायं, अवलोइऊण परलोयमग्गाणु-रूवधम्मवावारविरहियं भवपंकनिमज्जमाणं (जणं)मणे अच्चंतकरुणारसालिद्धबुद्धी, तक्काल-चलियासणागयसारस्सयपमुहलोगंतियतियससमहियमुच्छाहियचित्तवित्ती विणिवित्तभोगपिवासो, भरहपमुहपुत्तसयसंविभत्तपरिचत्तवसुंधराभारो, आसंवच्छरकणयवारिधारावरिसाभिणंदिय-दीणमग्गणजणो **चेत्तस्स बहुलट्ठमी**ए उत्तरासाढनक्खत्ते पच्छिमपहरावसेसे दिवसे कच्छ-महाकच्छपमुहाणं नियनियपुण्ण(त्त)निहित्तरज्जवावडाणं चउहिं सहस्सेहिं मंडलेसराणं परिवुडो, देव-दाणवुक्खित्तविचित्तचित्तोवसोहियसुदंसणाभिहाणसिबिकाधिरूढो, परमविभूईए समग्गकाणणलच्छिलीलावणंमि उज्जाणे कयकट्ठुक्किट्ठतवकम्मो, परिचत्तसव्वंगसंगि-रयणाभरणो, सयमेव चाउमुट्ठियं लोयं काऊण, कयसिद्धनमोक्कारो, पडिवण्णसव्व-सावज्जजोगविरती, बत्तीससुरेसरेहिं चउव्विहदेवनिकायसहिएहिं सब्भावसाराहिं महत्थाहिं

---

यावत् परिपाल्य गृहस्थपर्यायम्, अवलोक्य परलोकमार्गाऽनुरूपधर्मव्यापारविरहितं भवपङ्कनिमज्जन्तं (जनं) मनसि अत्यन्तकरुणारसाऽऽलीढबुद्धिः, तत्कालचलिताऽऽसनाऽऽगतसारस्वतप्रमुखलोकान्तिकत्रि-दशसमधिकोत्साहितचित्तवृत्तिः, विनिवृत्तभोगपिपासः, भरतप्रमुखपुत्रशतसंविभक्तपरित्यक्तवसुंधराभारः, आसंवत्सरकनकवारिधारावर्षाऽभिनन्दितदीन-मार्गणजनः **चैत्रस्य बहुलाऽष्टम्यां** उत्तराऽषाढानक्षत्रे पश्चिमप्रहराऽवशेषे दिवसे कच्छ-महाकच्छप्रमुखाणां निजनिज-पुत्रनिहितराज्यव्यापाराणां चतुर्भिः सहस्रैः मण्डलेश्वराणां परिवृत्तः, देव-दानवोत्क्षिप्त-विचित्रचित्रोपशोभित**सुदर्शना**ऽभिधानशिबिकाऽधिरूढः, परमविभूत्या समग्रकाननलक्ष्मीलीलावने उद्याने कृतकष्टोत्कृष्टतपःकर्मा, परित्यक्तसर्वाङ्गसङ्गिरत्नाऽऽभरणः, स्वयमेवचतुर्मुष्टिकं लुञ्चनं कृत्वा, कृतसिद्धनमस्कारः, प्रतिपन्नसर्वसावद्ययोगविरतिः, द्वात्रिंशत्सुरेश्वरैः

---

પર્યાય અનુભવી, પરલોકના માર્ગને યોગ્ય એવા ધર્મવ્યવહારથી રહિત અને સંસારરૂપી કાદવમાં નિમગ્ન થતા લોકોને જોઇ, હૃદયમાં અત્યંત કરૂણારસની બુદ્ધિ વૃદ્ધિ પામતાં તત્કાલ સિંહાસન ચલાયમાન થવાથી **સારસ્વત** પ્રમુખ લોકાંતિક દેવતાઓના નિમિત્તે ઉત્સાહિત મનોવૃત્તિવાળા તરતજ ભોગપિપાસાથી નિવૃત્ત થઇ, ભરત પ્રમુખ પોતાના સો પુત્રોને રાજ્ય વહેચવા વડે પોતે પૃથ્વીના ભારનો ત્યાગ કરી, એક વરસ સુધી સુવર્ણનો વરસાદ વરસાવતાં દીન અને યાચકજનોને અત્યંત આનંદ પમાડી, **ચૈત્ર** માસની **કૃષ્ણ અષ્ટમી**ના દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં પાછલા પહોરે **કચ્છ** અને **મહાકચ્છ** પ્રમુખ કે જેમણે પોતાનું રાજ્ય પુત્રોને આપી દીધું છે એવા ચાર હજાર રાજાઓથી પરિવરેલા દેવ, દાનવોએ ઉપાડેલ, વિચિત્ર ચિત્રોથી શોભતી એવી **સુદર્શના** નામની **શિબિકા**-પાલખીપર બિરાજમાન, પરમ વિભૂતિસહિત, સમસ્ત ઉદ્યાનોની લક્ષ્મીના લીલાવન સમાન ઉદ્યાનમાં કષ્ટપૂર્વક ઉત્કૃષ્ટ તપ કરનાર, સર્વાંગે ધારણ કરેલા રત્નના અલંકારોને તજી, જાતે ચાર મુષ્ટિથી લોચ કરી, સિદ્ધ ભગવંતને નમસ્કાર કરી ભગવંતે સર્વ પાપકર્મની વિરતિ સ્વીકારી. આ વખતે ચાર નિકાયના દેવો સહિત બત્રીશે ઇંદ્રો

पसत्थाहिं गिराहिं थुव्वमाणो पंचिंदियदित्ततुरयदमणो समणो जाओत्ति ।।

सुररायनिसिट्ठविसिट्ठदूसमंसावलंबि वहमाणो।
कच्छ-महाकच्छपमोक्खभिक्खुलोएण परियरिओ ।।१९।।

परिचत्तसव्वसावज्जजोगसंगो तिगुत्तिगुत्तो य।
अप्पडिबद्धो गामाणुगाममह विहरिओ भयवं ।।२०।। जुम्मं।

धण-कणयसमिद्धसमुद्धुरा य मणुया मुणंति नो तइया।
का भिक्खा के तग्गाहिणोत्ति भिक्खं भमंतंमि ।।२१।।

परमेसरंमि ताहे नियपहुपणएण कणगकरितुरए।
इत्थी महत्थवत्थे पणया मणुया पणामेंति ।।२२।। जुम्मं।

---

चतुर्विधदेवनिकायसहितैः सद्भावसाराभिः महार्थाभिः प्रशस्ताभिः गिर्भिः स्तूयमानः पञ्चेन्द्रियदृप्ततुरगदमकः श्रमणः जातः।

सुरराजनिसृष्टविशिष्टदूष्यम् अंसावलम्बि वहन्।
कच्छ-महाकच्छप्रमुखभिक्षुलोकेन परिवृत्तः ।।१९।।

परित्यक्तसर्वसावद्ययोगसङ्गः त्रिगुप्तिगुप्तश्च।
अप्रतिबद्धः ग्रामानुग्रामम् अथ विहृतवान् भगवान् ।।२०।। युग्मम्।

धन-कनकसमृद्धिसमुद्धुराः च मनुजाः जानन्ति न तदा।
का भिक्षा? के तद्गृहीतारः? इति भिक्षायै भ्रमति (सति) ।।२१।।

परमेश्वरे तदा निजप्रभुप्रणयेन कनक-करि-तुरगान्।
स्त्रीः महाऽर्ध्यवस्त्राणि प्रणताः मनुजाः अर्पयन्ति ।।२२।। युग्मम्।

---

સદ્ભાવયુક્ત, મહા અર્થ સહિત અને પ્રશસ્ત વાણીથી જેમની સ્તુતિ કરી રહ્યા છે તથા પાંચ ઇંદ્રિયોરૂપ અભિમાની અશ્વોને દમન કરનાર એવા ભગવંત સંસાર તજી શ્રમણ થયા.

તે વખતે ઇંદ્રે ખભાપર સ્થાપન કરેલ વિશિષ્ટ દેવદૂષ્ય વસ્ત્રને વહન કરતા, કચ્છ, મહાકચ્છ પ્રમુખ મુનિઓથી પરિવરેલા, સર્વસાવદ્ય યોગના સંગને તજી ત્રણ ગુપ્તિયુક્ત, અપ્રતિબદ્ધ એવા ઋષભસ્વામી ત્યાંથી ગ્રામાનુગ્રામ વિહાર કરવા લાગ્યા. (૧૯/૨૦)

તે વખતે ધન, કંચનથી સમૃદ્ધ લોકો 'ભિક્ષા શું અને તેને ગ્રહણ કરનાર કોણ?' એમ જાણતા ન હતા; તેથી ભિક્ષાને માટે ભ્રમણ કરતા ભગવંતને પોતાના સ્વામી સમજીને બહુમાનથી પ્રણામ કરતા લોકો સોનુ, હાથી, અશ્વ, કન્યા, મહા કિંમતી વસ્ત્રો આપતા હતા. (૨૧/૨૨)

भिक्खं अपावमाणा कच्छमहाकच्छपभिइणो मुणिणो।
पइदियहमणसणेणं संजायसरीरसंतावा ।।२३।।

तेलोक्कनायगे मोणमस्सिए ते उवायमलभंता।
परिसडियपंडुपत्ताइभोइणो काणणंमि ठिया ।।२४।। जुम्मं

भयवंपि निप्पकंपो सुरसेलो इव विसिट्ठसंघयणो।
पइदिणमदीणचित्तो एगागी विहरइ महिंमि ।।२५।।

कच्छमहाकच्छसुया नमि-विनमी रायलच्छिमिच्छंता।
चिंतामणिव्व सव्वायरेण सेवंति भयवंतं ।।२६।।

---

भिक्षां अप्राप्नुवन्तः कच्छ-महाकच्छप्रभृतयः मुनयः।
प्रतिदिवसमनशनेन सञ्जातशरीरसन्तापाः ।।२३।।

त्रैलोक्यनायके मौनमाऽऽश्रिते ते उपायम् अलभमानाः।
परिशाटितपाण्डुरपत्रादिभोजिनः कानने स्थिताः ।।२४।। युग्मम्।

भगवान् अपि निष्प्रकम्पः सुरशैलः इव विशिष्टसङ्घयणः।
प्रतिदिनम् अदीनचित्तः एकाकी विहरति मह्याम् ।।२५।।

कच्छ-महाकच्छसूतौ नमि-विनमी राज्यलक्ष्मीमिच्छन्तौ।
चिन्तामणिः इव सर्वाऽऽदरेण सेवेते भगवन्तम् ।।२६।।

---

એટલે ભિક્ષા ન પામતા કચ્છ અને મહાકચ્છ પ્રમુખ મુનિઓ પ્રતિદિન અનશનને લીધે શરીરે ભારે સંતાપ પામવા લાગ્યા. અત્યારે ભગવંત તો મૌનવ્રતધારી હતા. જેથી અન્ય ઉપાય હાથ ન લાગવાથી જંગલમાં તેઓ વૃક્ષથી પડી ગયેલાં પાકાં પાંદડાં ખાઇને ત્યાં જ રહેવા લાગ્યા. (૨૩/૨૪)

ભગવાન્ પણ મેરુની જેમ નિષ્કંપ બની વિશિષ્ટ સંઘયણયુક્ત હોવાથી મનમાં જરા પણ ખેદ ન પામતાં પોતે એકલા પૃથ્વીપર પ્રતિદિન વિચરવા લાગ્યા. (૨૫)

એવામાં રાજ્ય-લક્ષ્મીને ઇચ્છતા, કચ્છ, મહાકચ્છના પુત્ર **નમિ, વિનમિ** ત્યાં આવીને ચિંતામણિની જેમ અત્યંત આદર સહિત ભગવંતની સેવા કરવા લાગ્યા. (૨૬)

तब्भत्तिरंजियमणेण नागराएण दिन्नवरविज्जा।
विज्जाहररायत्तं पाविय विगया जहाभिमयं ।।२७।।

भयवंपि गाम-नगरागरेसु भिक्खं अपावमाणोऽवि।
विहरंतो किसियतणू **कुरुदेसे गयपुरंमि** गओ ।।२८।।

जिणदंसणसुमरियपुव्वजम्मसंजायतिव्वसद्धेण।
**सेज्जंसकुमारे**णं सिरिबाहुबलिस्स पउत्तेणं ।।२९।।

तक्कालागयपुरिसोवणीयपंडुच्छुगंडयरसेणं।
संवच्छरपज्जंते भयवं पाराविओ तत्थ ।।३०।। जुम्मं।

---

तद्भक्तिरञ्जितमनसा नागराजेन दत्तवरविद्यौ।
विद्याधरराजत्वं प्राप्य विगतौ यथाऽभिमतम् ।।२७।।

भगवान् अपि ग्राम-नगराऽऽकरेषु भिक्षामप्राप्नुवानपि।
विहरन् कृशतनुः **कुरुदेशे गजपुरे** गतः ।।२८।।

जिनदर्शनस्मृतपूर्वजन्मसञ्जाततीव्रश्रद्धेन।
**श्रेयांसकुमारेण** श्रीबाहुबलेः पौत्रेण ।।२९।।

तत्कालाऽऽगतपुरुषोपनीतपाण्ड्विक्षुयष्टिरसेन।
संवत्सरपर्यन्ते भगवान् पारापितः तत्र ।।३०।। युग्मम्।

---

તેમની સેવા-ભક્તિથી ખુશ થયેલા નાગેંદ્રે આપેલી શ્રેષ્ઠ વિદ્યાઓ અને વિદ્યાધરોનું રાજ્ય મેળવીને તેઓ ઇચ્છિત સ્થાને ચાલ્યા ગયા. (૨૭)

ભિક્ષા ન પામવાથી શરીરે કૃશ બનેલા ભગવાન્ પણ ગામ, નગર અને ખાણ વિગેરે સ્થાનોમાં વિચરતાં **કુરૂદેશ**માં આવેલ **ગજપુર** નગરમાં ગયા. (૨૮)

તે વખતે **શ્રી બાહુબલિ**ના પૌત્ર **શ્રેયાંસકુમાર** કે જેને પ્રભુદર્શનથી પૂર્વજન્મનું સ્મરણ થતાં તીવ્ર શ્રદ્ધા થવાથી ત્યારે આવેલ પુરુષોએ લાવેલ શેરડીના તાજા રસથી તેણે એક વરસના પ્રાંતે ત્યાં ભગવંતને પારણું કરાવ્યું (૨૯/૩૦)

पडिया य कणयधारा तियसेहिं समाहयाइं तूराइं।
मिलिओ य पउरलोओ तेणवि कहिओ सवुत्तंतो ।।३१।।

भयवंपि पारणयं काऊण बहलीय-डंबइल्लसुवण्णभूमिपग्गहेसु देसेसु विहरमाणो, तव्वासिमणुयाणं मोणमल्लिणोऽवि समाहप्पेण भद्दगभावं जणंतो विविहतवचरणपरायणो असंकिलिट्ठयाए तक्कालियलोयस्स, अतहाविहवेयणीयकम्मओ य निरुवसग्गं संजममणुपालिंतो समइक्कंते एगंमि वाससहस्से, विणीयनयरीपच्चासण्णंमि **पुरिमतालं**मि नयरंमि संपत्तो। तस्स उत्तरपुरत्थिमे दिसीभाए **सगडमुहं** नाम उज्जाणं। तंमि नग्गोहपायवस्स हेट्ठा संठियस्स अट्ठमेणं भत्तेणं पुव्वण्हदेसकाले **फग्गुणबहुलेक्कारसीए** उत्तरासाढानक्खत्ते भगवओ तिहुयणेक्कबंधवस्स झाणंतरियाए वट्टमाणस्स दिव्वं अणंतं लोयालोयगयभावाभावसहाववत्थुसत्थपरमत्थनिब्भासणसमत्थं **केवलनाणं** समुप्पण्णं ।।

---

पतिता च कनकधारा, त्रिदशैः समाऽऽहतानि तूराणि।
मिलितश्च पौरलोकः तेनाऽपि कथितः स्ववृत्तान्तः ।।३१।।

भगवान् अपि पारणकं कृत्वा बहली-डम्बइल्ल सुवर्णभूमि प्रग्रहेषु (? प्रमुखेषु) देशेषु विहरमाणः, तद्वासिमनुजेषु मौनम् आलीनः अपि स्वमाहात्म्येन भद्रकभावं जनयन्, विविधतपोचरणपरायणः, असङ्क्लिष्टतया तत्कालिकलोकस्य, अतथाविधवेदनीयकर्मतः च निरूपसर्गं संयमम् अनुपालयन् समतिक्रान्ते एके वर्षसहस्रे, विनीतानगरीप्रत्यासन्ने **पुरिमताले** नगरे सम्प्राप्तः। तस्य उत्तर-पूर्वदिग्भागे **शकटमुखं** नाम उद्यानम्। तस्मिन् न्यग्रोधपादपस्य अधः संस्थितस्य अष्टमेन भक्तेन पूर्वाह्णदेशकाले **फाल्गुन-बहुल-एकादश्यां** उत्तराऽषाढानक्षत्रे भगवतः त्रिभुवनैकबान्धवस्य ध्यानान्तरिकायां वर्तमानस्य दिव्यमनन्तं लोकालोकगतभावाभाव-स्वभाव-वस्तुसार्थपरमार्थनिर्भाषणसमर्थं **केवलज्ञानं** समुत्पन्नम्।

---

એટલે તે જ વખતે સુવર્ણની વૃષ્ટિ થઈ અને દેવતાઓએ વાજીંત્રો વગાડ્યાં, જેથી નગરજનો એકઠા થયા અને કુમારે પોતાનો બધો વૃત્તાંત તેમને કહી સંભળાવ્યો. (૩૧)

ભગવાન્ પણ પારણું કરી **બહલી, ડંબઈલ્લ,** સુવર્ણભૂમિ વિગેરે દેશોમાં વિચરતાં પોતે મૌનધારી છતાં પોતાના માહાત્મ્યથી ત્યાં વસતા જનોને ભદ્રકભાવ પમાડતા, વિવિધ તપ-ચરણમાં પરાયણ, તે કાલના લોકોના નિર્દોષપણાથી અને તથાવિધ વેદનીયકર્મના અભાવે ઉપસર્ગ રહિત સંયમ પાળતા ભગવંતને એકહજાર વરસ વ્યતીત થતા. એકદા પ્રભુ વિનીતાનગરીની પાસે **પુરિમતાલ** નગરમાં આવ્યા. તેની ઇશાનખુણે **શકટમુખ** નામના ઉદ્યાનમાં **વડ** વૃક્ષ નીચે રહેતાં, અઠ્ઠમ તપ કરતાં, દિવસના પૂર્વભાગે ફાગણ માસની કૃષ્ણ અગિયારસના દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ત્રણ લોકના એક માત્ર બંધુ એવા ભગવાનને ધ્યાનાન્તરિકામાં હોતે છતે દિવ્ય, અનંત, લોકાલોકના ભાવાભાવ, સ્વભાવ, સમસ્ત વસ્તુઓના પરમાર્થને પ્રકાશવામાં સમર્થ એવું **કેવળજ્ઞાન** ઉત્પન્ન થયું.

अह जिणनाहनाणुप्पायमाहप्पपरिकंपियसीहासणप्पलोयणपउत्तावहिमुणिय-नाणवइयरा, पहयपडहप्पमुहगंभीरतूररवा, संखोभियसुरलोया, सरभसपणच्चिरसुरसुंदरीभुयलयालोलंत-रयणवलयरणज्झणारवनिब्भरभरियभुवणंतरा आगंतूणं बत्तीसं ससुरा सुरिंदा समवसरणं विरइंति। केरिसं चिय?-

अइसुरभिसिसिरमारुयपडिहयतणुरेणुतक्कणुक्केरं।
घुसिण-घणसारगंधाभिरामसलिलोवसंतरयं ।।३२।।

आजाणुमेत्तविक्खित्तकुसुमरेहंतरयणमहिवीढं।
डज्झंतधूवधूमंधयारघणसंकियसिहंडिं ।।३३।।

मणि-चामीयर-निद्धंतरुप्पपायारवलयतियकलियं।
सव्वत्तोमुहमणि-रयणरइयसिंहासणसणाहं ।।३४।।

---

अथ जिननाथज्ञानोत्पादमाहात्म्यपरिकम्पितसिंहासनप्रलोकनप्रयुक्ताऽवधिज्ञात-ज्ञानव्यतिकराः, प्रहतपटहप्रमुखगम्भीरतूररवाः, संक्षोभितसुरलोकाः, सरभसप्रनृत्यत्सुरसुन्दरी-भुजलतालोलद्रत्नवलयरणज्झणाऽऽरवनिर्भरभृतभुवनान्तराः आगत्य द्वात्रिंशत् ससुराः सुरेन्द्राः समवसरणं विरचयन्ति। कीदृशं चैव? -

अतिसुरभिशिशिरमारुत्प्रतिहततनुरेणुतर्कणोत्केरम्।
धुसृण-घनसारगन्धाऽभिरामसलिलोपशान्तरजः ।।३२।।

आजानुमात्रविक्षिप्तकुसुमराजमानरत्नमहीपीठम्।
दह्यमानधूपधूमाऽन्धकारघनशङ्कितशिखण्डिकम् ।।३३।।

मणि-चामीकर-निर्ध्मातरुप्यप्राकारवलयत्रिककलितम्।
सर्वतोमुखमणि-रत्नरचितसिंहासनसनाथम् ।।३४।।

---

તે વખતે ભગવંતને જ્ઞાન ઉત્પન્ન થવાના માહાત્મ્યથી સિંહાસન કંપાયમાન થતાં તેનું કારણ જોવા પ્રયુંજેલ અવધિજ્ઞાનથી કેવલજ્ઞાનનો પ્રસંગ જાણતાં દેવેંદ્રોએ પટહપ્રમુખ ગંભીર વાજીંત્રો વગાડ્યાં, જેથી દેવલોક ક્ષોભ પામ્યો. અત્યંત હર્ષપૂર્વક નૃત્ય કરતી દેવાંગનાઓની ભુજામાં લટકતા રત્ન-કંકણોના ધ્વનિથી ભુવનનો ખાલી ભાગ ભરાઇ જતાં બત્રીશ ઇંદ્રો દેવતાઓ સહિત ત્યાં આવીને સમવસરણ રચવા લાગ્યા. તે કેવું અદ્ભુત હતું?

અત્યંત સુગંધી અને શીતલ પવનથી બારીક રજકણનો સમૂહ પણ જ્યાં શાંત થઇ ગયો છે, કેસર અને કપૂરના ગંધથી સુગંધી જળથી જ્યાં રજ ઉપશાંત છે, (૩૨)

ઢીંચણ પર્યંત નાખેલાં પુષ્પોથી જ્યાં રત્નથી રચેલ પૃથ્વીપીઠ શોભી રહેલ છે, બળતા ધૂપધૂમના અંધકારથી જ્યાં મયૂરો મેઘની શંકા કરી રહ્યા છે. (૩૩)

મણિ, સુવર્ણ તથા અગ્નિ-સંસ્કારથી ઉત્કૃષ્ટ ઉજ્વળ બનેલ રૂપાના ત્રણ ગઢથી શોભાયમાન, ચોતરફ મણિરત્નના બનાવેલા સિંહાસનયુક્ત, (૩૪)

डिंडीरपिंडपंडुरछत्तत्तयरुद्धरविकराभोयं।
पवणुव्वेल्लियकंकेल्लिपल्लवुल्लिहियनहविवरं ।।३५।।

गयणट्ठियसुरकरपहयगहिरवज्जंतदुंदुहिसमूहं।
दिसिमुहपसरियनिम्मलभामंडलखंडियतमोहं ।।३६।।

सरयनिसायरकरनियरागारधुव्वंतचामरुप्पीलं।
इय एवंविहमुद्दामदोसहरणं समोसरणं ।।३७।। छहिं कुलयं।

तंमि य भुवणेक्कपहू पवरे सीहासणे तियसपणओ।
पुव्वामुहो निसीयइ तित्थस्स नमोत्ति भणिऊणं ।।३८।।

---

डिण्डीरपिण्डपाण्डुरछत्रत्रयरुद्धरविकराऽऽभोगम्।
पवनोद्वेलितकङ्केलिपल्वलोल्लिखितनभविवरम् ।।३५।।

गगनस्थितसुरकरप्रहतगम्भीरवाद्यमानदुन्दुभिसमूहम्।
दिग्मुखप्रसृतनिर्मलभामण्डलखण्डिततमौधम् ।।३६।।

शरद्निशाकरनिकराऽऽकारधूयमानचामरसमूहम्।
इति एवंविधमुद्दामदोषहरणं समवसरणम् ।।३७।। षड्भिः कुलकम्।

तस्मिंश्च भुवनैकप्रभुः प्रवरे सिंहासने त्रिदशप्रणतः।
पूर्वमुखः निषीदति 'तीर्थाय नमः' इति भणित्वा ।।३८।।

---

ફીણના પિંડ સમાન અત્યંત ઉજળા ત્રણ છત્રથી જ્યાં સૂર્યના કિરણો અટકી રહેલ છે, પવનથી ચાલતા અશોકવૃક્ષના પાંદડાઓથી જ્યાં નભોમંડળ ચિત્રિત બનેલ છે. (૩૫)

આકાશમાં રહેલા દેવતાઓના હાથવડે વગાડાતી ગંભીર અવાજવાળી દુંદુભિના સમૂહ જ્યાં છે, દિશાઓમાં પ્રસરતા ઉજ્જ્વળ ભામંડળથી જ્યાં અંધકારનો સમૂહ પરાસ્ત થયેલ છે, (૩૬)

તથા શરદઋતુના ચંદ્રમાના કિરણસમૂહ સમાન ધવલ ચામરો જ્યાં ઢળી રહ્યાં છે, એવું ઉત્કટ દોષને હરનાર સમવસરણ શોભવા લાગ્યું. (૩૭) ત્યાં દેવતાઓથી વંદાયેલા અને જગતના એક ગુરુ ભગવંત ઋષભસ્વામી પૂર્વાભિમુખ થઇ "नमो तित्थस्स" એમ કહીને શ્રેષ્ઠ સિંહાસનપર બિરાજમાન થયા. (૩૮)

हरिसभरनिब्भरुब्भिण्णपुलयपडलोवसोहियसरीरा।
सट्ठाणेसु निलीयंति तक्खणं चउविहा देवा ।।३९।।

पूरिज्जइ अंबरमिंतजंततियसाण पंचवण्णेहिं।
उद्धूयचिंधेहिं विमाणलक्खमालासहस्सेहिं ।।४०।।

एत्थंतरे जिणपउत्तिपरिन्नाणनिमित्तं पुव्वनिउत्ता केवलनाणुप्पत्तिनिवेयणत्थं तहा पहरणसालापाउब्भूयपभूयजक्खसमहिट्ठिय-निस्सामन्नफुरंतफारपहाभरनिक्कत्तियपयंड-तमकंडुड्डामरचक्करयणवइयरसंसणत्थं च भरहनरिंदस्स पुरओ जुगवं चिय समागया बद्धवेगा पुरिसा। तओ भरहो इहलोयतुच्छसुहमेत्तसंपायणपच्चलत्तं निच्छिऊण चक्करयणस्स

---

हर्षभरनिर्भरोद्भिन्नपुलकपटलोपशोभितशरीराः।
स्वस्थानेषु निलयन्ति तत्क्षणं चतुर्विधाः देवाः ।।३९।।

पूर्यते अम्बरम् आगच्छद्गच्छत्त्रिदशानां पञ्चवर्णैः।
उद्धूतचिह्नैः विमानलक्षमालासहस्रैः ।।४०।।

अत्रान्तरे जिनप्रवृत्तिपरिज्ञाननिमित्तं पूर्वनियुक्ताः केवलज्ञानोत्पत्तिनिवेदनार्थं तथा प्रहरणशालाप्रादुर्भूतप्रभूतयक्षसमधिष्ठित-निःसामान्यस्फुरन्स्फारप्रभाभरनिष्कृतितप्रचण्डतमःकाण्ड-विप्लवचक्ररत्नव्यतिकरशंसनाय च भरतनरेन्द्रस्य पुरतः युगपद् एव समागताः बद्धवेगाः पुरुषाः। ततः भरतः इहलोकतुच्छसुखमात्रसम्पादनसामर्थ्यं निश्चित्य चक्ररत्नस्य उभयलोकसुखजनकत्वं पुनः परमेश्वरस्य प्रवरकरेणुकास्कन्धाऽधिरोहितसुतविरहविधुरमरुदेवासमेतः निःशेषकुमारनिकरपरिवृत्तः समग्रबलवाहनः

---

એટલે અત્યંત હર્ષના સમૂહથી ઊભી થયેલ રોમરાજીના સમૂહથી શોભતા શરીરવાળા ચાર પ્રકારના દેવતાઓ પોતપોતાના સ્થાને બેઠા. (૩૯)

તે વખતે જતા આવતા દેવોની પાંચ વર્ણની ધ્વજાઓવાળી લાખો વિમાનોની હજારો માળા = પંક્તિઓથી આકાશ સંકીર્ણ થયું. (૪૦)

એવામાં જિનેશ્વરના આગમનને જણાવવા નિમિત્તે પૂર્વે નિયુક્ત કરેલા પુરુષો, ભગવંતના કેવળજ્ઞાનની ઉત્પત્તિને જણાવવા તથા આયુધશાળામાં પ્રગટ થયેલ, અનેક યક્ષોથી અધિષ્ઠિત, અસાધારણ ચળકતી પ્રભાના સમૂહથી ગાઢ અંધકારના તુચ્છ ઉપદ્રવને (અથવા અંધકારરૂપી બાણના ઉપદ્રવને) પરાસ્ત કરનાર એવા **ચક્રરત્ન**ના પ્રસંગને જણાવવા, એકદમ વેગથી તે લોકો **ભરત**રાજા પાસે સમકાળે આવી હાજર થયા. તેમના વૃત્તાંતથી ભરત રાજાએ વિચાર કર્યો કે-'ચક્રરત્નમાં તો માત્ર આ લોક સંબંધી તુચ્છ સુખ આપવાની શક્તિ છે અને ભગવંત તો ઉભય લોકના સુખને આપનારું છે.' એમ પોતાના મનમાં નિશ્ચય કરી, પુત્રવિરહના દુઃખથી વ્યાકુળ

उभयलोगसुहजणगत्तं पुण परमेसरस्स पवरकरेणुगाखंधाधिरोहियसुयविरहविहुरमरुदेवासमेओ, नीसेसकुमारनियरपरियरिओ, समग्गबलवाहणो, हरिसभरनिब्भरंगो भगवओ केवलमहिमं काउं संपत्थिओ। अंतरेण मरुदेवीए भगवओ छत्ताइछत्तपमुहं विभूइसमुदयं पेच्छंतीए तहाविहभवियव्व-यावसेण सुहज्झाणपरायणाए अंतगडकेवलित्तं जायं। 'भरहखेत्तं पढमसिद्धो'त्ति परिचिंतिऊण देवदाणवेहिं कया तीसे महिमा। खित्तं खीरोयसायरे से सरीरं। भरहो य परमपमोयमुव्वहंतो तित्थयरं तिपयाहिणीकाऊण बहुप्पयारं थोऊण सदेव-मणुयासुराए सभाए आसीणो। सामिणावि सजलजलहरारावगंभीराए, आजोयणप्पमाणखेत्तपडिप्फलणपच्चलाए, पइजणमेक्ककालं संसयसयवुच्छेयजणणीए वाणीए पारद्धा धम्मदेसणा ।। कहं?

भो भो महाणुभावा! दुलहं लहिंऊण माणुसं जम्मं।
उप्पत्ति-पलयकलियं वियाणिउं भवसरूवं च ।।४१।।

---

हर्षभरनिर्भराऽङ्गः भगवतः केवलमहिमानं कर्तुं सम्प्रस्थितः। अन्तरे मरुदेव्याः भगवतः छत्रातिछत्रप्रमुखं विभूतिसमुदायं प्रेक्षमाणायाः तथाविधभवितव्यतावशेन शुभध्यानपरायणायाः अन्तःकृतकेवलित्वं जातम्। 'भरतक्षेत्रे प्रथमसिद्धः' इति परिचिन्त्य देव-दानवैः कृतः तस्याः महिमा। क्षिप्तं क्षीरोदसागरे तस्याः शरीरम्। भरतश्च परमप्रमोदमुद्वहन् तीर्थकरं त्रिप्रदक्षिणीकृत्य बहुप्रकारं स्तुत्वा सदेव-मनुजाऽसुरायां सभायां आसितवान्। स्वामिनाऽपि सजलजलधराऽऽरावगम्भीरया, आयोजनप्रमाणक्षेत्रप्रतिफलनसमर्थया, प्रतिजनं एककालं संशयशतविच्छेदजनन्या वाण्या प्रारब्धा धर्मदेशना। कथम्? -

भोः भोः महानुभावाः! दुर्लभं लब्ध्वा मानुषं जन्म।
उत्पत्ति-प्रलयकलितं विज्ञाय भवस्वरूपं च ।।४१।।

---

થતા **મરૂ**દેવા માતાને શ્રેષ્ઠ હાથણીના ખભાપર બેસારી, સમસ્ત કુમારોના સમૂહવાળા અને ચતુરંગ સેનાસહિત હર્ષના સમૂહથી વ્યાપ્ત અંગોવાળા ભરત મહારાજા પ્રભુના કેવળજ્ઞાનનો મહિમા કરવા નીકળ્યા. આગળ ચાલતાં મરૂદેવા ભગવંતની ત્રણ છત્રાદિ વિભૂતિના સમુદાયને જોવા વડે, તથાપ્રકારની ભવિતવ્યતાના યોગે શુભ ધ્યાનમાં લીન થતાં અંતકૃત કેવલી થયા (=તરત જ સિદ્ધગતિને પામ્યા.) તે વખતે 'આ ભરતક્ષેત્રમાં મરૂદેવા માતા પ્રથમ સિદ્ધ થયા.' એમ ધારી દેવ, દાનવોએ તેમનો મહોત્સવ કર્યો, અને તેમનું શરીર ક્ષીરસાગરમાં નાંખ્યું. અહીં ભરત નરેંદ્ર પરમ પ્રમોદને ધારણ કરતાં, ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇ, અનેક પ્રકારે પ્રભુની સ્તુતિ કરી, તે દેવ, મનુષ્ય અને અસુરોની સભામાં બેઠા. એટલે ઋષભસ્વામીએ પણ સજળ મેઘના ધ્વનિ સમાન ગંભીર, એક યોજન પ્રમાણ ક્ષેત્રગામિની, એકી સમયે દરેક જનના સંશયને છેદનાર એવી વાણીથી ધર્મદેશના આપવા માંડી કે-

'હે ભવ્યાત્માઓ! દુર્લભ મનુષ્યજન્મ પામી અને ઉત્પત્તિ તથા વિનાશયુક્ત ભવસ્વરૂપ જાણીને ધર્મ સાધ્યા વિના પ્રયાસ (=મજૂરી) કરાવનાર સ્વજન, શરીરાદિકના મોહમાં મૂઢ બની નિરર્થક શા માટે પોતાના જીવિતને

कीसायासनिबंधणसयणसरीरेसु मोहवामूढा।
धम्मोवज्जणरहिया निरत्थयं गमह नियजीयं? ।।४२।। जुग्गं।।

सुमरह किं न, निरंतरमणंतसो तिक्खदुक्खसंतत्ता।
विवसाएसु ववसिया जं भे चउसुंपि विगईसुं ।।४३।।

तथाहि-नरए परमाहम्मियपहरणछिज्जंतअंगपच्चंगा।
तिरियत्ते वह-बंधण-दहणंकण-वाहणाभिहया ।।४४।।

देवत्तेऽवि य ईसा-विसाय-पेसत्ततावसंतत्ता।
मणुयत्ते पुण दोगच्चवाहिविहुरा चिरं वुत्था ।।४५।।

---

कथमायासनिबन्धनस्वजनशरीरेषु मोहव्यामूढाः।
धर्मोपार्जनरहिताः निरर्थकं गमयति निजजीवम् ।।४२।। युग्मम्।

स्मरत किं न, निरन्तरमनन्तशः तीक्ष्णदुःखसन्तप्ताः।
व्यवसायेषु व्यवसिताः यद् भवन्तः चतुर्षु विगतिषु ।।४३।।

तथाहि -

नरके परमाधार्मिकप्रहरणछिद्यमानाऽङ्गप्रत्यङ्गाः।
तिर्यक्त्वे वध-बन्धन-दहनाऽङ्कन-वाहनाऽभिहताः ।।४४।।

देवत्वेऽपि च ईर्षा-विषाद-प्रेषत्वतापसन्तप्ताः।
मनुजत्वे पुनः दौर्गत्य-व्याधिविधुराः चिरं उषितवन्तः ।।४५।।

---

ગુમાવો છો? (૪૧/૪૨)

વ્યવસાયોમાં વ્યાકુળ બની ચારેદુર્ગતિમાં અનંતીવાર સતત તીવ્ર દુઃખોથી તમે સંતપ્ત થયા, તે કેમ યાદ કરતા નથી? (૪૩) તે આ પ્રમાણે -

નરકમાં પરમાધામીઓએ શસ્ત્રથી તમારા અંગ-ઉપાંગોનું છેદન કર્યું. તિર્યંચપણામાં તમે વધ, બંધન, દાહ, ચિહ્ન કરવા, વાહન વિગેરેનાં દુઃખો સહ્યાં. દેવપણામાં ઇર્ષ્યા, વિષાદ, સેવકત્વના સંતાપથી તમે સંતપ્ત થયા અને મનુષ્યપણામાં દારિદ્રય, વ્યાધિ વિગેરેનાં સંકટોથી દુઃખી ચિરકાળ રહ્યા. (૪૪/૪૫)

એ પ્રમાણે ચારે ગતિનાં દુઃખોના સમૂહને સંભારી જો તમેં મોક્ષસુખને ઇચ્છતા હો તો નિર્દોષ પ્રવ્રજ્યા-દીક્ષા

इय चउगइदुहनिवहं अणुसुमरिय मोक्खसोक्खकंखिल्ला।
निरवज्जं पव्वज्जं पवज्जिउं उज्जमह धम्मे ।।४६।।

एवमाइ भगवओ धम्मदेसणं का(सो)ऊण **भरहो** सावगो जाओ, **बंभी** य पव्वइया। भरहपुत्तो पुव्वभवबद्धगणहरनामगोत्तो **उसभसेणो** नाम, सो य जायसंवेगो पव्वइओ, **सुंदरी** पुण साविगा जाया। एस चउव्विहो समणसंघो पढमसमोसरणे भगवओ पाउब्भूओत्ति। ते य कच्छमहाकच्छवज्जा तावसा सुणिऊण जिणनाहकेवलनाणमहिमं भवणवइवाणमंतर-वेमाणियजोइसियदेवगणपरिवुडं भगवंतं दट्ठूण पव्वइया। एत्थंतरे जायभववेरग्गा पडलग्गतणं व रायसुहं उज्झिऊण भरहस्स पंच पुत्ताणं सत्त नत्तुयाणं सयाइं समकालमेव तंमि चेव समोसरणे पव्वज्जं पवण्णाइं।

---

इति चतुर्गतिदुःखनिवहमनुस्मृत्य मोक्षसौख्यकाङ्क्षिणः।
निरवद्यां प्रव्रज्यां प्रव्रज्य उद्यतध्वं धर्मे ।।४६।।

एवमादि भगवतः धर्मदेशनां श्रुत्वा **भरतः** श्रावकः जातः, **ब्राह्मी** च प्रव्रजिता। भरतपुत्रः पूर्वभवबद्धगणधरनामगोत्रः **ऋषभसेनः** नाम्ना, सः च जातसंवेगः प्रव्रजितः, **सुन्दरी** पुनः श्राविका जाता। एषः चतुर्विधः श्रमणसङ्घः प्रथमसमवसरणे भगवतः प्रादुर्भूतः। ते च कच्छ-महाकच्छवर्जाः तापसाः श्रुत्वा जिननाथकेवलज्ञानमहिमानं भवनपति-वानव्यंतर-वैमानिक-ज्योतिष्कदेवगणपरिवृतं भगवन्तं दृष्ट्वा प्रव्रजिताः। अत्रान्तरे जातभववैराग्याः पटलग्नतृणमिव राज्यसुखमुज्झित्वा भरतस्य पञ्च पुत्राणां सप्त नप्तृणां शतानि समकालमेव तस्मिन् एव समवसरणे प्रवज्यां प्रप्रन्नानि।

---

આદરી ધર્મમાં ઉદ્યમ કરો.' (૪૬)

એ પ્રમાણે ભગવંતની ધર્મદેશના સાંભળીને **ભરત** રાજા શ્રાવક થયો. **બ્રાહ્મી** સાધ્વી થયાં. પૂર્વભવમાં ગણધર નામગોત્ર બાંધનાર એવા ભરતપુત્ર **ઋષભસેને** સંવેગ પામીને દીક્ષા અંગીકાર કરી અને **સુંદરી** શ્રાવિકા થઇ. એ રીતે પ્રથમ સમવસરણમાં ભગવંતે ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી. એવામાં પ્રભુનો કેવળ-મહિમા સાંભળી અને ભગવંતને ભવનપતિ, વાણવ્યંતર, વૈમાનિક અને જ્યોતિષી દેવોથી પરિવરેલા જોઇ કચ્છ અને મહાકચ્છ સિવાય જે પૂર્વે તાપસો થયા હતા, તેમણે પ્રભુ પાસે પુનઃ દીક્ષા અંગીકાર કરી. આ વખતે ભવવૈરાગ્ય ઉત્પન્ન થતાં વસ્ત્રમાં રહેલા તૃણની જેમ રાજવૈભવ તજી ભરતના પાંચસો પુત્રો અને સાતસો પૌત્રોએ એકીસાથે તેજ સમવસરણમાં પ્રવ્રજ્યા અંગીકાર કરી.

अह गामचिंतगजिओ सोहम्मे पालिऊण देवत्तं।
पलिओवमपज्जंते भरहनरिंदस्स भज्जाए ।।४७।।

वम्माए गब्भंमि पाउब्भूओ सुसुमिणकयसूओ।
पुव्वभवसाहुदंसणपावियधम्माणुभावेण ।।४८।। जुग्गं।।

अद्धट्ठमदिवसाहिय नव मासे वसिय गब्भवासंमि।
उववन्नो कयपुन्नो पवित्तनक्खत्तसुमुहुत्ते ।।४९।।

दसदिसिमुहेसु पसरंतमुत्तमं निहयतिमिरसंभारं।
जाओ सूरोव्व तओ मिरीयजालं विमुच्चंतो! ।।५०।।

परमब्भुयभूयं जम्मवइयरं चक्किणा निसुणिऊण।
तस्स जहत्थं ताहे मिरिइत्ति पइट्ठियं नामं ।।५१।।

---

संतो **मंदिरा**भिहाणसंनिवेसे **सोमिल**स्स बंभणस्स **सिवभद्दा**ए भारियाए पुत्तत्तेण उववन्नोत्ति। कयं च से **अग्गिभूइ**त्ति नामं। सो य पत्तो तारुन्नं। अन्नया य तत्थ संनिवेसे परिब्भममाणो समागओ **सूरसेणो** णाम परिव्वायगो। सो कुसलो सट्ठितंतसिद्धंते, वियक्खणो धम्मकहावक्खाणे, छेओ परचित्तपरिण्णाणे। तं चागयं सोऊण समागओ बहुजणो। आरद्धो य तेण नियदरिसणतत्तपरूवणापवंचो। आणंदियहियओ गओ य सट्ठाणं जणो। जाया पसिद्धी। बीयदिवसे अग्गिभूई अण्णो य लोओ आगओ तस्स सयासं। कया उचियपडिवत्ती। उवविट्ठो संनिहियपदेसे। कहिओ य तेण महया पगारेण नियदरिसणाभिप्पाओ। हरिसिया सव्वे।

एत्थंतरे एगेण मणुसेण पुच्छिओ सो परिव्वायगो, जहा 'भयवं! मयलंछणे इव जणनयणाणंदे, मुत्ताकलावेव्व सहरिसहरिणच्छिसिहिण(हण्डि)संवासोचिए, नंदणवणे इव विविहविलासजोग्गे,

---

मध्यमाऽऽयुः त्रिदशः भूत्वा चिरं कालं भोगान् भुक्त्वा आयुःक्षये च्युतः सन् **मन्दिरा**ऽभिधानसन्निवेशे **सोमिलस्य** ब्राह्मणस्य **शिवभद्रा**याः भार्यायाः पुत्रत्वेन उपपन्नः। कृतं च तस्य **अग्निभूतिः** नाम। सः च प्राप्तः तारुण्यम्। अन्यदा च तत्र सन्निवेशे परिभ्रमन् समागतः **सूरसेनः** नामकः परिव्राजकः। सः कुशलः षष्टितन्त्रसिद्धान्ते, विचक्षणः धर्मकथाव्याख्याने, छेकः परचित्तपरिज्ञाने। तं च आगतं श्रुत्वा समागतः बहुजनः। आरब्धश्च तेन निजदर्शन(=धर्म)तत्त्वप्ररूपणप्रपञ्चः। आनन्दितहृदयः गतश्च स्वस्थानं जनः। जाता प्रसिद्धिः। द्वितीयदिवसे अग्निभूतिः अन्यः च लोकः आगतः तस्य सकाशे। कृता उचितप्रतिपत्तिः। उपविष्टः सन्निहितप्रदेशे। कथितश्च तेन महता प्रकारेण निजदर्शना(= धर्मा)ऽभिप्रायः। हृष्टाः सर्वे।

अत्रान्तरे एकेन मनुष्येण पृष्टः सः परिव्राजकः, यथा 'भगवन्! मृगलाञ्छने इव जननयनाऽऽनन्दे,

---

આયુષ્ય વાળો દેવતા થયો. ત્યાં ચિરકાળ ભોગ ભોગવી, આયુ પૂર્ણ થતાં ત્યાંથી ચવીને **મંદિર** નામના ગામમાં **સોમિલ** વિપ્રની **શિવભદ્રા** ભાર્યાના પુત્રપણે તે ઉત્પન્ન થયો. તેનું **અગ્નિભૂતિ** નામ રાખવામાં આવ્યું અને અનુક્રમે તે તારૂણ્યાવસ્થા પામ્યો. એકદા **સૂરસેન** નામે પરિવ્રાજક ભમતો ભમતો તે ગામમાં આવી ચડ્યો. તે ષષ્ઠિ-તંત્રશાસ્ત્રોમાં કુશળ હતો, ધર્મકથાના વ્યાખ્યાનમાં તે વિચક્ષણ હતો, પરનું ચિત્ત પારખવામાં તે ચતુર હતો, તેને આવેલ સાંભળીને ઘણા લોકો તેની પાસે આવ્યા. એટલે તેણે પોતાના મતના તત્ત્વની પ્રરૂપણારૂપ પ્રપંચનો પ્રારંભ કર્યો. જે સાંભળતાં લોકો અંતરમાં આનંદ પામતા પોતાના સ્થાને ગયા. એથી તેની પ્રસિદ્ધિ થઇ. પછી બીજે દિવસે અગ્નિભૂતિ અને બીજા લોકો તેની પાસે આવ્યા. તેણે તેમનો યોગ્ય સત્કાર કર્યો. ત્યાં તેઓ ઉચિત પ્રદેશમાં બેઠા અને તેણે વિસ્તારથી પોતાના ધર્મના તત્ત્વો તેમને કહી સંભળાવ્યાં, જે સાંભળતાં બધા લોકો હર્ષ પામ્યા.

એવામાં એક માણસે તે પરિવ્રાજકને પૂછ્યું કે-'હે ભગવન્! ચંદ્રમાની જેમ લોકોના લોચનને આનંદ પમાડનાર, મોતીની માલાની જેમ હર્ષિત મોરલી જેવી સ્ત્રીઓ સાથે સંવાસ કરવાને યોગ્ય, નંદનવનની જેમ

जलहिंमि व लावण्णपुण्णे, रसायलेव्व भुयंगसंगसमुचिए, भग्गवम्महसोहग्गे किमेरिसंमि तारुण्णे अणुट्ठियं तुमए पव्वज्जागहणंति?, न खलु मुणालतंतुरज्जू परिखमइ मत्तसिंधुरखंधबंधणपरिक्खेवं, न यावि सहइ सहयारमंजरी जरढढेंकपरिक्खेवचरणभारं, न य पभवइ धाराकरालकरवालसिहुल्लेहलीलं कमलदलं, न सव्वहा तुह एरिसी सरीरसिरी काउमरिहइ निट्ठुरजणजोग्गं तवचरणंति। केवलं होयव्वमेत्थ पणइणीविरहेण वा, धणभंगेण वा, सयणविप्पियदंसणेण वा, अण्णेण वा केणइ कारणेणं। बाढं कोऊहलं मे। साहेह सव्वहा जइ न दूरमकहणिज्जंति।' परिव्वायगेण भणियं-भद्द! तुम्हारिसाणवि किं किंपि अकहणिज्जमत्थि?, सुणसु जइ अत्थि कोऊहलं। अहं किर पुव्वं कोसंबीए नयरीए असंखदविणभायणं अणेगाणं दीणाण दुत्थियाण विदेसियाण भयंताण य सत्ताणं ताण-

---

मुक्ताकलापेः इव सहर्षहरिणाक्षीशिखिसंवासोचिते, नन्दनवने इव विविधविलासयोग्ये, जलधौ इव लावण्यपूर्णे, रसातले इव भुजङ्गसङ्गसमुचिते, भग्नमन्मथसौभाग्ये किम् एतादृशे तारुण्ये अनुष्ठितम् त्वया प्रव्रज्याग्रहणं इति? न खलु मृणालतन्तुरज्जुः परिक्षमते मत्तसिंधुरस्कन्धबन्धनपरिक्षेपम्, न चापि सहते सहकारमञ्जरी दृढ-ढेंकपरिक्षेपचरणभारम्, न च प्रभवति धाराकरालकरवालशिखोल्लेखलीलां कमलदलम्, न सर्वथा तव ईदृशी शरीरश्रीः कर्तुम् अर्हा निष्ठुरजनयोग्यं तपःचरणम् इति। केवलं भवितव्यमत्र प्रणयिनीविरहेण वा, धनभङ्गेन वा, स्वजनविप्रियदर्शनेन वा, अन्येन वा केनचित् कारणेन। बाढ कुतूहलं मम। कथय सर्वथा यदि न दूरम् अकथनीयम्' इति। परिव्राजकेन भणितं 'भद्र! युष्मादृशाणां किं किमपि अकथनीयमस्ति? श्रुणु यदि अस्ति कुतूहलम्। अहं किल पूर्वं कौशम्ब्यां नगर्यां असङ्ख्यद्रव्यभाजनमनेकानां दीनानां, दुःस्थितानां, वैदेशिकानां, भयवतां च सत्वानां त्राण-दानपरायणः

---

વિવિધ વિલાસ કરવા લાયક, સાગરની જેમ લાવણ્યરસથી પૂર્ણ, પૃથ્વીના તળીયાની જેમ ભુજંગ-સંગને સમુચિત તથા મન્મથના સૌભાગ્યને ભાંગનાર એવા આ અદ્ભુત તારૂણ્યમાં તમે પ્રવ્રજ્યાવ્રતનું કષ્ટાનુષ્ઠાન કેમ આદર્યું? કારણકે કમળની નાળના તંતુથી બનાવેલ દોરડી કાંઇ મદોન્મત્ત હાથીના ખભાના બંધનના કાર્યને સહન કરી શકે નહિ, આમ્રની મંજરી કાંઇ મજબૂત ઢેંક (પક્ષિ વિશેષ) ના મૂકાયેલા ચરણનો ભાર સહી શકે નહિ તેમજ તીક્ષ્ણ ધારાથી વિકરાલ તરવારની અણીના સ્પર્શની પ્રવૃત્તિ કાંઇ કમળના પાંદડાથી સહન ન થાય, તેમ તમારી આ શરીરલક્ષ્મી, નિષ્ઠુર જનને યોગ્ય તપ-ચરણ કરવાને સર્વથા અયોગ્ય છે. તેથી એમાં પત્નીનો વિરહ કારણ હશે, અથવા ધનનો નાશ કારણ હશે, કે સ્વજનના વિયોગનું અથવા અન્ય કાંઇ કારણ હોવું જોઇએ. એ બાબતમાં મને મોટું કુતૂહલ થાય છે, માટે જો અત્યંત અકથનીય જેવું ન હોય, તો તે કહી સંભળાવો.' ત્યારે પરિવ્રાજક બોલ્યો- 'હે ભદ્ર! તમારા જેવાને અકથનીય શું હોય? માટે જો કુતૂહલ હોય તો સાંભળ.'

'હું પૂર્વે કૌશાંબી નગરીમાં અખંડ ધનવાળો હોઇ, અનેક દીન, દુઃસ્થિત, વિદેશી તથા ભયભીત જનોને દાન તથા તેમની રક્ષા કરવામાં તત્પર હતો. એકદા રાત્રે હું સૂતો હતો, તેવામાં એકદમ ભયંકર કોલાહલ થયો. એટલે

दाणपरायणो आसि। अण्णया य रयणीए मे पसुत्तस्स सहसा समुच्छलिओ तुमुलो रवो। तओ संभंतोऽहं समुट्ठिओ सयणीआओ जाव पेच्छामि आइड्ढियनिसियखग्गे, दढावबद्धपरियरे चाव-चक्क-कुंतपमुहाउहहत्थे 'हण हण' त्ति भणंते धरणियलगयंपि सयं निहित्तमिव अत्थसंचयं गिण्हमाणे, तहट्ठियाउ चेव तुरंगमंदुराओ अप्पायत्ताओ करेमाणे, संमुहट्ठियं परियणं विविहप्पयारेहिं विद्दवेमाणे, कंसं दोसं घरवक्खरं च अवहरेमाणे, जमसुहडे इव, कलिकालमित्ते इव, पावपियामहे इव भीसणे निक्किवे भिल्लपुरिसे। ते य दट्ठूण मरणभयविहुरेण सिग्घं अवक्कमिऊण मए वाहरिया आरक्खिया। त(ते?) य जाव मत्ता इव, मुच्छिया इव, गयचेयणा इव बहु बोल्लावियावि हुंक्कारमेत्तमवि न दिंति ताव नायं मए नूणमेए ओसोवणिमंतेण वा ओसहपओगेण वा एएहिं चोरेहिं निहयचेयणा कया भविस्संति, कहमण्णहा एवं निद्दा विद्दवेजा?, होउ वा ताव सजीवियं रक्खामित्ति परिभाविऊण

---

आसम्। अन्यदा च रजन्यां मम प्रसुप्तस्य सहसा समुच्छलितः तुमुलः रवः। ततः सम्भ्रान्तः अहं समुत्थितः शयनाद् यावत् प्रेक्षे आकृष्टनिशितखड्गान्, दृढाऽवबद्धपरिकरान्, चाप-चक्र-कुन्तप्रमुखाऽऽयुधहस्तान्, 'हन हन' इति भणतः, धरणीतलगतमपि स्वयं निहितमिव अर्थसञ्चयं गृह्णतः, तथास्थितान् एव तुरङ्गमन्दुरान् आत्मायत्तं कुर्वतः, संमुखस्थितं परिजनं विविधप्रकारैः विद्रावयमाणान्, कांस्य-दूष्य-गृहाऽवस्करं च अपहरतः, यमसुभटान् इव, कलिकालमित्राणि इव, पापपितामहान् इव भीषणान्, निष्कृपान् भील्लपुरुषान्। तान् च दृष्ट्वा मरणभयविधूरेण शीघ्रमवक्रम्य मया व्याहृताः आरक्षकाः। ते च यावद् मत्ताः इव, मूर्च्छिताः इव, गतचेतनाः इव बहु आकारिता अपि 'हुं'कारमात्रमपि न ददति तावद् ज्ञातं मया नूनम् एते अवस्वापिनीमन्त्रेण वा, औषधप्रयोगेण वा एतैः चौरैः निहतचेतनाः कृताः भविष्यन्ति, कथमन्यथा निद्रा विद्रवेत्?, 'भवतु वा, तावत् स्वजीवितं रक्षामि' इति परिभाव्य शनैः शनैः निलीनः एकत्र

---

હું ભય પામી શય્યા થકી ઉઠ્યો અને જેટલામાં જોઉં છું, તો બહાર કાઢેલા તીક્ષ્ણ ખડ્ગવાળા દૃઢપણે સજ્જ થયેલા, ધનુષ્ય, ચક્ર, ભાલા પ્રમુખ શસ્ત્રોને હાથમાં ધારણ કરતા, 'મારો મારો' એમ બોલતા, જાણે પોતે પૃથ્વીતલમાં રહેલું ધન દાટેલ હોય તેમ ગ્રહણ કરતા, તેમજ ત્યાં રહેલ અશ્વશાળાઓને સ્વાધીન કરતા, સામે આવેલ પરિજન-નોકરવર્ગને વિવિધ પ્રકારે પરાભવ પમાડતા, કાંસાના વાસણ, વસ્ત્ર તેમજ ઘરવખરીને ઉપાડતા, જાણે યમના સુભટ હોય અથવા જાણે કલિકાલના મિત્રો હોય કે પાપના પિતામહ હોય તેવા ભીષણ અને નિર્દય ભાસતા એવા ભીલ પુરુષો મારા જોવામાં આવ્યા. તેમને જોતાં મરણ-ભયથી વ્યાકુળ થતાં તરતજ બહાર નીકળીને મેં આરક્ષક પુરુષોને બોલાવ્યા, પરંતુ જાણે મદોન્મત્ત થયા હોય, મૂર્છિત બન્યા હોય, જાણે ચેતન રહિત થઇ ગયા હોય તેમ, અનેક રીતે બોલાવતાં છતાં પણ તેમણે હુંકારમાત્ર પણ ન આપ્યો, જેથી હું સમજી ગયો કે- 'અવશ્ય આ ચોર લોકોએ એમને અવસ્વાપિની-વિદ્યા અથવા ઔષધ-પ્રયોગથી અચેતન બનાવ્યા હશે; નહિ તો આવી નિદ્રામાં તેઓ ઘેરાય નહિ,' ગમે તેમ હો, પરંતુ હવે તો હું મારા જીવિતની રક્ષા કરું.' એમ ધારી હું હળવે હળવે આગળ ચાલીને

सणियं सणियं निल्लुक्को एगत्थ वणगहणे। भिल्लावि भवणसिला-थंभाइयं मोत्तूण सेसं वराडमेत्तंपि गहाय गया। कमेण पहाया रयणी। उट्ठिओ जणो। जाया पुरे वत्ता। आगओ लोओ अहं च। अवलोइयं गेहं जाव तत्थ एगदिणभोयणमेत्तंपि नत्थि। खीणविभवत्तणओ कलंतराइपउत्तंपि दविणजायं न पावेमि। जओ नत्थि कोऽवि निव्वाहो तओ चिंतियं मए-

नीसेसजणपहाणत्तणेण ठाऊण एत्थ नयरंमि।
संपइ कप्पडिओ इव कह निवसंतो न लज्जामि? ।।२०४।।

दीणाण दुत्थियाण य दाउं भोयणविहिं कुणंतस्स।
इण्हिं तु निओदरभरणमेत्तनिरयस्स का सोहा? ।।२०५।।

---

वनगहने। भील्लाः अपि भवनशिला-स्तम्भादीन् मुक्त्वा शेषं वराटिकामात्रमपि गृहीत्वा गताः। क्रमेण प्रभाता रजनी। उत्थितः जनः। जाता पुरे वार्ता। आगतः लोकः अहं च। अवलोकितं गृहं यावत्तत्र एकदिनभोजनमात्रमपि नास्ति। क्षीणविभवत्वेन कलान्तरादिप्रयुक्तं अपि द्रविणजातं न प्राप्नोमि। यतः नास्ति कोऽपि निर्वाहः ततः चिन्तितं मया -

निःशेषजनप्रधानत्वेन स्थित्वा अत्र नगरे।
सम्प्रति कार्पटिकः इव कथं निवसन् न लजे? ।।२०४।।

दीनान् दुःस्थितान् च दत्वा भोजनविधिं कुर्वतः।
इदानीं तु निजोदरभरणमात्रनिरतस्य का शोभा? ।।२०५।।

---

એક ગહન વનમાં છુપાઇ રહ્યો. પાછળથી ભીલ લોકો મારા ઘરના પત્થર અને થાંભલા સિવાય શેષ કોડીમાત્ર પણ લઇને ચાલ્યા ગયા. એવામાં પ્રભાત થતાં લોકો ઉઠ્યા. નગરમાં વાતો થવા લાગી. ત્યારે હું અને લોકો ત્યાં આવ્યા, અને મેં મારું ઘર જોયું, તો ત્યાં એક દિવસના ભોજન જેટલું પણ બાકી રહ્યું ન હતું. એમ બધું ધન ક્ષીણ થવાથી અન્ય કાંઇ કળા = વેપારમાં નાખેલું ધન પણ મળ્યું નહિ. એ પ્રમાણે જ્યારે નિર્વાહનો એકે માર્ગ ન રહ્યો, ત્યારે હું ચિંતવવા લાગ્યો કે -

‘આ નગરના સમસ્ત લોકોમાં અગ્રેસરપણે રહીને હવે એક ભિક્ષુકની જેમ રહેતાં હું લજ્જા કેમ ન પામું? (૨૦૪)

દીન અને દુઃસ્થિત જનોને દાન આપ્યા પછી ભોજન કરતો એવો હું અત્યારે પોતાના ઉદર-ભરણમાત્રમાં તત્પર રહેતાં શી શોભા પામી શકું? (૨૦૫)

कह वा तुरगारूढो पुव्विं भमिऊण पुरिसपरियरिओ।
वच्चिस्सं एगागी इण्हिं तु पयप्पयारेण? ।।२०६।।

कह वा सहपंसुकीलियबंधवलोयस्स वंछियत्थस्स।
अविपूरिंतो जीयं निरत्थयं उव्वहिस्सामि? ।।२०७।।

दुव्वहगव्वुद्धुरवइरिविसरदुव्विसहदुव्वयणजायं।
पब्भट्ठलट्ठविभवो पच्चक्खं कह सुणिस्सामि? ।।२०८।।

ता मोत्तूण इमं ठाणं देसंतरं वच्चामित्ति चिंतिऊण चलिओऽहमुत्तरावहाभिमुहं। कालंतरेण पत्तो एगंमि सन्निवेसे। भिक्खापरिब्भमणेण कया पाणवित्ती, वुत्थो तत्थेव किंचिकालं।

---

कथं वा तुरगाऽऽरूढः पूर्वं भ्रमित्वा पुरुषपरिवृत्तः।
व्रजिष्ये एकाकी इदानीं तु पदप्रचारेण? ।।२०६।।

कथं वा सहपांसुक्रीडितबान्धवलोकस्य वाञ्छितार्थस्य।
अविपूरयन् जीवनं निरर्थकमुद्वहिष्यामि? ।।२०७।।

दुर्वहगर्वोद्धूर-वैरिविसरदुर्विसहदुर्वचनजातम्।
प्रभ्रष्टलष्टविभवः प्रत्यक्षं कथं श्रोष्यामि? ।।२०८।।

तस्माद् मुक्त्वा इदं स्थानं देशान्तरं व्रजामि इति चिन्तयित्वा चलितः अहमुत्तरापथाऽभिमुखम्। कालान्तरेण प्राप्तः एकस्मिन् सन्निवेशे। भिक्षापरिभ्रमणेन कृता प्राणवृत्तिः। उषितः तत्रैव किञ्चित्कालम्।

---

અથવા પૂર્વે સેવકો સાથે અશ્વારૂઢ થઇને ફરનાર હું અત્યારે એકાકી પગે શી રીતે ચાલી શકીશ? (૨૦૬)

તેમજ સાથે સાથે ધૂલિક્રીડા કરેલ બાંધવોના વાંછિતાર્થ પૂર્યા વિના હું નિરર્થક જીવિતને કેમ ધારણ કરીશ? (૨૦૭)

અત્યારે સમસ્ત વિભવ નષ્ટ થવાથી ગર્વિષ્ઠ બનેલા અનેક શત્રુઓના સમૂહના સાક્ષાત્ દુઃસહ કુવચનો કેમ સાંભળી શકીશ? (૨૦૮)

માટે આ સ્થાન તજીને દેશાંતરમાં ચાલ્યો જાઉં. એમ ચિંતવીને હું ઉત્તરાપથ તરફ ચાલ્યો અને કેટલાક દિવસો પછી એક સ્થાનમાં પહોચ્યો. ભિક્ષા લાવીને જીવન ચલાવ્યું. કેટલોક સમય ત્યાંજ વીતાવ્યો.

अण्णदिवसे य दिट्ठो मए एगो तिदंडी, वंदिऊण सव्वायरेण उवविट्ठो से समीवे, पुच्छिओऽहं जहा मए तहा। तेणवि नियवइयरं निवेइओ य मए संखेवेण। तिदंडिणा भणियं-पुत्त! परिचयसु सोयसंतावं। अणुसरसु धीरत्तणं। सव्वसाहारणो हि एस वइयरो। किं च-

किं वयणिज्जं जं निंदिए जणे नो थिरत्तणं कुणइ?।
पुरिसुत्तमंपि लच्छी छड्डइ महिलव्व दुव्वीला ।।२०९।।

नो सुइकुलं न रूवं नो विण्णाणं न विक्कमं न बलं।
बालव्व गयविवेया अवेक्खए किंपि मुयमाणा ।।२१०।।

अहवा जलनिहिकल्लोलसंगसंलग्गचंचलत्ताए।
कोत्थुहमणिसहजम्मणवड्डियदढनिट्ठुरत्ताए ।।२११।।

---

अन्यदिवसे च दृष्टः मया एकः त्रिदण्डी। वन्दित्वा सर्वाऽऽदरेण उपविष्टः तस्य समीपे। पृष्टः अहं यथा मया तथा। तेनाऽपि निजव्यतिकरम् निवेदितश्च मां संक्षेपेण। त्रिदण्डिना भणितं - पुत्र! परित्यज शोकसन्तापम्। अनुसर धीरत्वम्। सर्वसाधारणः हि एषः व्यतिकरः। किञ्च -

किं वचनीयं यद् निन्दिते जने नो स्थिरत्वं करोति?।
पुरुषोत्तममपि लक्ष्मीः त्यजति महिला इव दुःशीला ।।२०९।।

नो शुचिकुलं न रूपं नो विज्ञानं न विक्रमं न बलम्।
बालः इव गतविवेका अपेक्षते किमपि मोदमाना ।।२१०।।

अथवा जलनिधिकल्लोलसङ्गसंलग्नचञ्चलतया।
कौस्तुभमणिसहजन्मवर्द्धितदृढनिष्ठुरतया ।।२११।।

---

એવામાં એક દિવસે કોઇ ત્રિદંડી મારા જોવામાં આવ્યો. તેને અત્યાદરથી વંદન કરીને હું તેની સમક્ષ બેઠો. પછી પરસ્પર અમે પોતપોતાની વીતક વાત પૂછી, તેમાં મેં સંક્ષેપથી મારો વૃત્તાંત કહ્યો, એટલે ત્રિદંડીએ કહ્યું કે-'હે વત્સ! શોક-સંતાપને તજીને, ધીરજને ધારણ કર. કારણકે એ પ્રસંગ સર્વ-સાધારણ છે. કહ્યું છે કે-

'નિંદિતજન પાસે લક્ષ્મી જે સ્થિરતા કરતી નથી, તેમાં તો કંઇ ખેદ કરવા જેવું જ નથી, પરંતુ એ કુલટા કામિનીની જેમ ઉત્તમ પુરુષનો પણ ત્યાગ કરી દે છે. (૨૦૯)

વળી બાળકની જેમ નિર્વિવેક અને પ્રમોદ પામતી એ લક્ષ્મી, પવિત્ર કુળ, રૂપ, બળ, વિજ્ઞાન કે પરાક્રમ, એમાનું કશું જોતી નથી. (૨૧૦)

અથવા તો મહાસાગરના તરંગ-સંગથી ચંચલતા પામેલ, કૌસ્તુભ મણિની સાથે ઉત્પન્ન થતાં અત્યંત નિષ્ઠુરતા વધી જતાં, (૨૧૧)

मयलंछणसमसी(सा)सियमइलाणुस्सरणबद्धसीलाए।
सुरगइतुरंगसंगइदूरुज्झियवरविवेयाए ।।२१२।।

दुस्सहविसमेत्तीवसदावियपज्जंतदुहविवेगाए।
कंबुसिणेहसमुच्छूढगाढकुडिलत्तबुद्धीए ।।२१३।।

तह पारियायपणयप्पभावजडजायपक्खवायाए।
निच्चं लवणोयहिवासमुक्कमधुरत्तभावाए ।।२१४।।

एयाए सच्चरियं कहं हवेज्जा महाणुभावाए?।
न हि विसरिससंसग्गी विसिट्ठगुणसाहणं कुणइ ।।२१५।।

---

मृगलाङ्छनसदृश(?)मलिनाऽनुसरणबद्धशीलायाम्।
सुरगतितुरङ्गसङ्गतिदूरोज्झितवरविवेक्या ।।२१२।।

दुःसहविषमैत्रीवशदर्शित पर्यन्तदुःखविवेकायाम् (= विपाकायाम्)।
कम्बुस्नेहसमुत्क्षिप्त-गाढकुटिलत्व-बुद्ध्याम् ।।२१३।।

तथा पारिजातप्रणयप्रभावजडजातपक्षपातिन्याम्।
नित्यं लवणोदधिवासमुक्तमधुरत्वभावायाम् ।।२१४।।

एतस्यां सच्चरित्रं कथं भवेद् महानुभावायाम्?।
न हि विसदृशसंसर्गी विशिष्टगुणसाधनं करोति ।।२१५।।

---

ચંદ્ર જેવો કલંકને અનુસરવાનો સ્વભાવ થઇ જવાથી, દિવ્યાશ્વની સંગતિથી વિવેકને વેગળો તજી દેવાથી, (૨૧૨)

દુ:સહ વિષની મૈત્રીના કારણે પ્રાંતે દુ:ખ અપાવનાર, શંખના સ્નેહને લીધે ગાઢ વક્ર બુદ્ધિ વધી જવાથી, (૨૧૩) તેમજ પારિજાત-કલ્પવૃક્ષ વિશેષના પ્રણય-પ્રભાવથી જડમાં પક્ષપાત ઉત્પન્ન થવાથી તથા સદા લવણ સમુદ્રમાં વસતાં મધુર ભાવને મૂકી દીધેલ હોવાથી (૨૧૪)

એ મહાપ્રભાવવાળી લક્ષ્મી થકી સચ્ચરિત્ર કેમ સંભવે? કારણકે દુષ્ટ સાથે સંગ કરનાર, વિશિષ્ટ ગુણને ન જ મેળવી શકે. (૨૧૫)

ता चयसु सोगमहुणा पोरुसमुव्वहसु कुणसु करणिज्जं।
न हि विण्णायसरूवे गुप्पंति कहिंपि सप्पुरिसा ।।२१६।।

किं भद्द! तुमं एगो इमीए मुक्को? जमेवमइगरुयं।
संतावं वहसि न पत्तकालमहुणा समायरसि ।।२१७।।

भणियं च मए भयवं! किं पुण एत्तोऽवि पत्तकालं मे?।
तेण कहियं! महायस! निच्छअओ सव्वहा धम्मो ।।२१८।।

एयविउत्ताण जओ विहडंति समुद्धुरावि रिद्धीओ।
एएण संपउत्ताण हुंति दूरं पलीणावि ।।२१९।।

---

तस्मात् त्यज शोकमधुना, पौरुषमुद्वह, कुरु करणीयम्।
न हि विज्ञातस्वरूपे गोपयन्ति कुत्राऽपि सत्पुरुषाः ।।२१६।।

किं भद्र! त्वमेकः अनया मुक्तः? यद् एवमतिगुरुकम्।
सन्तापं वहसि न प्राप्तकालमधुना समाचरसि ।।२१७।।

भणितं च मया भगवन्! किं पुनः एतस्मादपि प्राप्तकालं मम?।
तेन कथितं महायशः! निश्चयतः सर्वथा धर्मः ।।२१८।।

एतद्वियुक्तानां यतः विघटन्ते समुद्धुराः अपि ऋद्धयः।
एतेन सम्प्रयुक्तानां भवन्ति दूरं प्रलीनाः अपि ।।२१९।।

---

માટે હે ભદ્ર! હવે શોકને તજી પુરુષાર્થને ધારણ કર તથા કર્તવ્ય કર. કારણકે સત્પુરુષો સ્વરૂપ જાણ્યા પછી ક્યાંય પણ પુરુષાર્થને છોડતા નથી. (૨૧૬)

વળી હે ભદ્ર! શું તું એકલોજ એ લક્ષ્મીથી તજાયેલ છે કે જેથી આટલો બધો સંતાપ ધરે છે? અને વર્ત્તમાનકાળે કર્ત્તવ્યને આચરતો નથી.' (૨૧૭)

ત્યારે હું બોલ્યો 'હે ભગવન્! મારે હવે શું કરવાનું છે?' તેણે કહ્યું-'મહાયશ! તારે હવે અવશ્ય ધર્મ સર્વથા આદરવા યોગ્ય છે. (૨૧૮)

કારણ કે એ ધર્મથી જેઓ રહિત છે, તેમની ઉત્કટ ઋદ્ધિ પણ વિનાશ પામે છે અને જેઓ ધર્મસહિત છે, તેમને સમૃદ્ધિ અત્યંત નાશ પામવા છતાં પ્રાપ્ત થાય છે.' (૨૧૯)

एयं च मए आयन्निऊण संजायभवविरागेणं।
एसा तिदंडिदिक्खा पडिवन्ना दुक्खनिम्महणी ॥२२०॥

ता भद्द! तए वेरग्गकारणं जं पुरा अहं पुट्ठो।
तं एयं तुह सिट्ठं एत्तोच्चिय कुणसु धम्ममइं ॥२२१॥

एत्थंतरंमि एयं सोच्चा ओभिन्नबहलरोमंचो।
पुणरुत्तनिवेसियपारिवज्जदिक्खाभिमुहबुद्धी ॥२२२॥

सो **अग्गिभूइ**नामो **मिरीइजीवो** तिदंडिणं नमिउं।
भालयलनिमियपाणी पयंपिउं एवंमाढत्तो ॥२२३॥

भयवं! जाए वेरग्गकारणे तारिसंमि तुम्हेहिं।
जं दिक्खापडिवत्ती विहिया तं सम्ममायरियं ॥२२४॥

---

एतच्च मया आकर्ण्य सञ्जातभवविरागेण।
एषा त्रिदण्डिदीक्षा प्रतिपन्ना दुःखनिर्मथनी ॥२२०॥

तस्माद् भद्र! त्वया वैराग्यकारणं यत् पुरा अहं पृष्टः।
तद् एतत् तव शिष्टम् अतः एव कुरु धर्ममतिम् ॥२२१॥

अत्रान्तरे एतत् श्रुत्वा अवभिन्नबहुरोमाञ्चः।
पुनरुक्तनिवेशितपारिव्रज्यदीक्षाभिमुखबुद्धिः ॥२२२॥

सः **अग्निभूति**नामा **मरीचिजीवः** त्रिदण्डिनं नत्वा।
भालतलनिर्मितपाणिः प्रजल्पितुम् एवमाऽऽरब्धवान् ॥२२३॥

भगवन्! जाते वैराग्यकारणे तादृशे युष्माभिः।
यद् दीक्षाप्रतिपत्तिः विहिता तत् सम्यग् आचरितम् ॥२२४॥

---

એ પ્રમાણે સાંભળતાં ભવ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી મેં આ દુઃખવારક ત્રિદંડી દીક્ષાનો સ્વીકાર કર્યો. (૨૨૦)

માટે હે ભદ્ર! પૂર્વે તેં મને જે વૈરાગ્યનું કારણ પૂછ્યું, તે તને કહી સંભળાવ્યું. તો હવે તું ધર્મનો આદર કર.' (૨૨૧)

એ પ્રમાણે સાંભળતાં અત્યંત રોમાંચિત થઇ, વારંવાર કહેવાથી પરિવ્રાજકદીક્ષા લેવાની બુદ્ધિ ઉત્પન્ન થતાં મરીચિનો જીવ તે અગ્નિભૂતિ, ત્રિદંડીને નમન કરી, લલાટે અંજલિ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યો-(૨૨૨/૨૨૩)

'હે ભગવન્! તેવા પ્રકારના વૈરાગ્યના કારણમાં તમે જે દીક્ષા અંગીકાર કરી, તે સારૂં કર્યું. (૨૨૪)

एयस्स निसामणओ ममावि घरवाससवासणा विगया।
छिन्नो मायामोहो विवेयरयणंपि विप्फुरियं ।।२२५।।

ता नियदिक्खादाणेणऽणुग्गहं कुणसु संपयं मज्झ।
इय वुत्ते तेणं सो पव्वज्जं गाहिओ सहसा ।।२२६।।

काऊण तवं तो सो धरिउं छप्पण्ण पुव्वलक्खाइं।
सव्वाउयं तदंते सणंकुमारे सुरो जाओ ।।२२७।।

कालक्कमेण चविउं **सेयवियाए** पुरीए पवराए।
बंभणकुले पसूओ **भारद्दाओ**त्ति नामेण ।।२२८।।

---

एतस्य निःश्रवणतः ममाऽपि गृहवासवासना विगता।
छिन्नौ मायामोहौ विवेकरत्नमपि विस्फुरितम् ।।२२५।।

तस्मान्निजदीक्षादानेन अनुग्रहं कुरु साम्प्रतं मम।
इति उक्ते तेन सः प्रव्रज्यां ग्राहितः सहसा ।।२२६।।

कृत्वा तपः ततः सः धृत्वा षट्पञ्चाशत्पूर्वलक्षानि।
सर्वायुष्कं तदन्ते **सनत्कुमारे** सुरः जातः ।।२२७।।

कालक्रमेण च्युत्वा **श्वेतविकायां** पुर्यां प्रवरे।
ब्राह्मणकुले प्रसूतः **भारद्वाजः** इति नाम्ना ।।२२८।।

---

એ કથન સાંભળવાથી મારી પણ ગૃહવાસની વાસના નાશ પામી છે. માયા-મોહનો વિચ્છેદ થયો અને વિવેકરત્ન પ્રગટ થવા પામ્યું છે. (૨૨૫)

માટે મને આપની દીક્ષા આપીને હવે અનુગ્રહ કરો.' એમ તેના કહેવાથી પરિવ્રાજકે તરતજ તેને પ્રવ્રજ્યા આપી. (૨૨૬)

પછી તે તપ આચરી, છપ્પન્ન લાખ પૂર્વનું સર્વાયુ પાળી, પ્રાંતે મરણ પામીને તે **સનત્કુમાર** દેવલોકમાં દેવતા થયો. (૨૨૭)

કાળક્રમે ત્યાંથી ચ્યવી, પ્રવર **શ્વેતંબિકા** નગરીમાં **ભારદ્વાજ** નામે બ્રાહ્મણ થયો. (૨૨૮)

तत्थवि सकम्मजणिए सुहदुक्खे भुंजिऊण थेरत्ते।
पुव्वक्कमेण पुणरवि पारिव्वज्जं पवज्जेइ ।।२२९।।

काऊण य बालतवं कुदेसणापावधूलिपडलेणं।
अवगुंडिऊण बाढं रम्मन्ताणं व बहुकालं ।।२३०।।

सव्वाउयमणुपालिय चउयालीसं तु पुव्वलक्खाइं।
पंचत्तगओ संतो तियसो होऊण **माहिंदे** ।।२३१।।

निम्मलमणिरयणमउहजालउज्जोविए विमाणंमि।
नियपरियणपरियरिओ कीलइ सच्छंदलीलाए ।।२३२।।

---

तत्राऽपि स्वकर्मजनितानि सुख-दुःखानि भुक्त्वा स्थविरत्वे।
पूर्वक्रमेण पुनः अपि पारिव्रज्यं प्रव्रजति ।।२२९।।

कृत्वा च बालतपः कुदेशनापापधूलीपटलेन।
अवगुण्ड्य बाढं रममाणमिव बहुकालम् ।।२३०।।

सर्वाऽऽयुष्कमनुपाल्य चतुर्चत्वारिंशत् तु पूर्वलक्षाणि।
पञ्चत्वं गतः त्रिदशः भूत्वा **माहेन्द्रे** ।।२३१।।

निर्मलमणिरत्नमयूखजालोद्योतिते विमाने।
निजपरिजनपरिवृत्तः क्रीडति स्वच्छन्दलीलया ।।२३२।।

---

ત્યાં પણ સ્વકર્મજન્ય સુખ-દુઃખ ભોગવી, વૃદ્ધપણે પૂર્વપ્રમાણે પુનઃ તેણે પારિવ્રાજ્ય લીધું. (૨૨૯)

અને ધૂલિથી આચ્છાદિત થઇ રમતા બાળકોની જેમ કુદેશનાના પાપરૂપ ધૂલિના પડલથી આચ્છાદિત બની તીવ્ર બાળતપ કરી, ચુમ્માલીશ લાખ પૂર્વનું સર્વાયુ પાળી, પંચત્વ પામતાં **માહેંદ્ર** દેવલોકમાં દેવ થયો. (૨૩૦/૨૩૧)

ત્યાં ચમકતા મણિ-રત્નોના કિરણોના સમૂહથી ઉદ્યોતિત થયેલા વિમાનમાં પોતાના પરિજનો સાથે તે સ્વચ્છંદપણે ક્રીડા કરવા લાગ્યો. (૨૩૨)

आउक्खएण तत्तो चविउं सो मणुय-तिरियजोणीसु।
नरय-कुदेवेसुं पि य पुणरुत्तं परिभमेऊण ।।२३३।।

रायग्गिहंमि नयरे दियवरकविलस्स कंतिमइयाए।
गिहिणीए गब्भम्मी पुत्तत्तेणं समुप्पन्नो ।।२३४।।

जाओ समुचिअसमए नामंपि य **थावरो**त्ति से विहियं।
सत्तेण य गत्तेण य कुमारभावं च वोक्कंतो ।।२३५।।

अणवरयमरण-जर-जम्म-वाहिदुहनिवहपीडियं लोयं।
दट्ठूण काउकामोवि धम्ममइमोहमूढो सो ।।२३६।।

नो वच्चइ दुक्करतवविहाणनिरयाण जिणमुणिंदाणं।
पासंमि कयावि हु नेव अन्नतित्थियजणस्सावि ।।२३७।। जुम्मं।

---

आयुःक्षयेण ततः च्युत्वा सः मनुज-तिर्यक्योनिषु।
नरक-कुदेवेषु अपि च पुनः पुनः परिभ्रम्य ।।२३३।।

राजगृहे नगरे द्विजवरकपिलस्य कान्तिमत्याः।
गृहिण्याः गर्भे पुत्रत्वेन समुत्पन्न ।।२३४।।

जातः समुचितसमये नाम अपि च **स्थावरः** इति तस्य विहितम्।
सत्वेन च गात्रेण च कुमारभावं च व्युत्क्रान्तः ।।२३५।।

अनवरतमरण-जरा-जन्मव्याधिदुःखनिवहपीडितं लोकम्।
दृष्ट्वा कर्तुकामः अपि धर्ममतिमोहमूढः सः ।।२३६।।

न व्रजति दुष्करतपोविधाननिरतानां जिनमुनीन्द्राणाम्।
पार्श्वे कदापि खलु नैव अन्यतीर्थिकजनस्याऽपि ।।२३७।। युग्मम्।

---

પછી આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી, કુદેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકમાં વારંવાર પરિભ્રમણ કરી, **રાજગૃહ** નગરમાં **કપિલ** નામે બ્રાહ્મણની **કાંતિમતી** ગૃહિણીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. (૨૩૩/૨૩૪)

યોગ્ય અવસરે તેનું **થાવર** એવું નામ રાખવામાં આવ્યું અને બળ અને શરીરથી વૃદ્ધિ પામતાં તે તરુણાવસ્થાને પામ્યો. (૨૩૫)

ત્યાં નિરંતર જન્મ, જરા મરણ અને વ્યાધિના દુઃખ-સમૂહથી પીડાતા લોકને જોઈ ધર્મ સાધવાની ઈચ્છા છતાં અત્યંત મોહથી મૂઢ બની તે, દુષ્કર તપોવિધાન કરતા જૈનમુનિઓની પાસે તેમજ અન્ય મતના પરિવ્રાજકો

एवं अच्छंतो सो पेच्छइ एगं तिदंडिणं समणं।
चिविडियनासावंसं भग्गोट्ठउडं दलियदसणं ।।२३८।।

कुमुयं व चंददंसणवसेण कमलं व दिणयरुग्गमओ।
सालत्तयतरुणचरणताडणाओ असोगुव्व ।।२३९।।

तं पासिऊण वियसंतनयणनलिणो परं पमोयभरं।
अइदुल्लहवल्लहसंगमे व सो पाविओ झत्ति ।।२४०।।

पइजम्मपरिव्वायगदिक्खागहणुब्भवंतुनेहाओ।
तत्तपरिपुच्छणट्ठा तस्स सगासं समल्लीणो ।।२४१।।

---

एवं आसीनः सः प्रेक्षते एकं त्रिदण्डिनं श्रमणम्।
चिपिटितनासावंशं भग्नोष्टपुटं दलितदशनम् ।।२३८।।

कुमुदमिव चन्द्रदर्शनवशेन कमलमिव दिनकरोद्गमतः।
सालक्तकतरुणचरणताडनाद् अशोकः इव ।।२३९।।

तं दृष्ट्वा विकसन्नयननलीनः परं प्रमोदभरम्।
अतिदुर्लभवल्लभसङ्गमे इव सः प्राप्तः झटिति ।।२४०।।

प्रतिजन्मपरिव्राजकदीक्षाग्रहणोद्भवत्स्नेहात्।
तत्त्वपरिपृच्छनाय तस्य सकाशं समालीनः ।।२४१।।

---

પાસે પણ કોઇવાર જતો જ ન હતો. (૨૩૬/૨૩૭)

એમ રહેતાં તેણે એક ત્રિદંડી શ્રમણને જોયો કે જેની નાસિકા ચિપટી હતી, જેના ઓષ્ઠપુટ અને દાંત ભગ્ન હતા. (૨૩૮)

તેને જોતાં, ચંદ્રમાના દર્શનથી જેમ કુમુદ, સૂર્યના દર્શનથી જેમ કમળ, અળતાયુક્ત તરુણના ચરણ-તાડનથી જેમ અશોકવૃક્ષ વિકાસ પામે, તેમ લોચન-કમળને વિકસાવતો તે, અતિદુર્લભ પ્રિય જનના સમાગમની જેમ તરતજ પરમ પ્રમોદ પામ્યો. (૨૩૯/૨૪૦)

અને પ્રતિજન્મ પરિવ્રાજકવ્રત લેવાની અનુવૃત્તિથી પ્રગટ થતા સ્નેહને લઇને તત્ત્વ પૂછવા તે પરિવ્રાજકની પાસે આવ્યો. (૨૪૧)

नमिउं चरणे सव्वायरेण सो पुच्छिओ य धम्मविहिं।
जोगोत्ति कलिय तेणवि तिदंडिणा साहिओ तस्स ।।२४२।।

अन्नं च इमं सिट्ठं जहाऽहमिह दुक्खिओ ठिओ पुव्विं।
विसयपिवासाणडिओ कुसलेण तहा न ठायव्वं ।।२४३।।

अह थावरेण भणियं भयवं! कह तं ठिओ इह दुहत्तो?।
विसयपिवासानडिओ कहेहि कोऊहलं मज्झ ।।२४४।।

भणियं च तेण भद्दय! सुणसु पुरा विसयसलिलपडिहत्थं।
अन्नाणमीणभीमं विसोत्तियालोलकल्लोलं ।।२४५।।

---

नत्वा चरणे सर्वाऽऽदरेण सः पृष्टः च धर्मविधिः।
योग्यः इति कलयित्वा तेनाऽपि त्रिदण्डिना कथितः तस्य ।।२४२।।

अन्यच्च इदं शिष्टं यथा अहमत्र दुःखितः स्थितः पूर्वे।
विषयपिपासानाटितः कुशलेन तथा न स्थातव्यम् ।।२४३।।

अथ स्थावरेण भणितं भगवन्! कथं त्वं स्थितः अत्र दुःखार्तः?।
विषयपिपासानाटितः कथय कुतूहलं मम ।।२४४।।

भणितं च तेन भद्रक! श्रुणु, पुरा विषयसलिलव्याप्तम्
अज्ञानमीनभीमं विस्रोतसिकालोलकल्लोलम् ।।२४५।।

---

ત્યાં આદરપૂર્વક તેના ચરણે નમીને તેણે ધર્મવિધાન પૂછ્યું. એટલે 'આ યોગ્ય લાગે છે' એમ ધારીને તે ત્રિદંડીએ પણ તેને ધર્મ સંભળાવ્યો. (૨૪૨)

અને વળી બીજું એ પ્રમાણે કહ્યું કે-'હે ભદ્ર! પૂર્વે આ સંસારમાં હું જેમ દુઃખી થઇને રહ્યો અને વિષય પિપાસાથી નચાવાયો, તેમ કુશળ એવા તારે ન રહેવું.' ! (૨૪૩)

ત્યારે થાવરે પૂછ્યું કે-'હે ભગવન્! પૂર્વે તમે દુઃખાર્ત્ત કેમ રહ્યા અને વિષય-પિપાસાથી કેમ નચાવાયા ? તે બદલ મને કુતૂહલ છે, માટે કહી સંભળાવો.' (૨૪૪)

એટલે ત્રિદંડી બોલ્યો-'હે ભદ્ર! સાંભળ-પૂર્વે વિષયરૂપ જળથી પરિપૂર્ણ, અજ્ઞાન રૂપ મત્સ્યોથી ભીષણ, ચંચળ ઇંદ્રિયોના વિષયોરૂપ મોજાઓ યુક્ત, નિર્લજ્જતા રૂપ પાણીના તરંગોના વિલાસવાળા, દુઃસત્ત્વરૂપ આવર્તોથી દુસ્તર, પાપવિકલ્પરૂપ કાદવથી પૂર્ણ, અસંખ્ય પ્રપંચરૂપ શંખસમૂહથી વ્યાપ્ત, અભિમાનરૂપ ઘોર

निल्लज्जिमजलवेलाविलासमवसत्तदुत्तरावत्तं।
पावविकप्पणपंकं निस्संखपवंचसंखउलं ।।२४६।।

अभिमाणघोरघोसं पयंडकंदप्पवाडवग्गिसिहं।
दोसघणपडलकिन्नं तारुण्णमहन्नवं पत्तो ।।२४७।। तीहिं विसेसयं।

तव्वसेण य परिचत्तसगिहसंवासो, दूरुज्झियसयण-बंधवो परमतावसो इव विसट्टकंदोट्टनयणासु, पवरपओहरासु, महाभोगसालिणीसु, समुल्लसंतकल्लोलबाहुविलासासु हंसगाणुसरियपयकमलासु सालसकुलकलरवासु सरसीव सुंदरासु विलासिणीसु कयाभिरईसमाणो एगया अणंगसेणाभिहाणाए वेसाए समं वुत्थो बहुं कालं। तदणुरागवसेण य पवरभूसणदाणेण अणवरयमहामोल्लदोगुल्लसमप्पणेण तंबोलफुल्लविलेवणोवणयणेण

---

निर्लज्जत्वजलवेलाविलासम् अपसत्त्वदुःस्तराऽऽवर्तम्।
पापविकल्पनपङ्कम्, निःसङ्ख्यप्रपञ्चशङ्खाऽऽकुलम् ।।२४६।।

अभिमानघोरघोषं प्रचण्डकन्दर्पवाडवाग्निशिखम्।
दोषघनपटलक्लिन्नं तारुण्यमहार्णवं प्राप्तः ।।२४७।। त्रिभिः विशेषकम्।

तद्वशेन च परित्यक्तस्वगृहसंवासः, दूरोज्झितस्वजन-बान्धवः परमतापसः इव विकसितनीलकमलनयनासु, प्रवरपयोधरासु, महाभोगशालिनीषु, समुल्लसत्कल्लोलबाहुविलासासु, हंसाऽनुसारीपदकमलासु, सारसकुलकलरवासु, सरसी इव सुन्दरासु विलासिनीसु कृताभिरतिः सन् एकदा अनङ्गसेनाऽभिधानया वेश्यया समम् उषितवान् बहु कालम्। तदनुरागवशेन च प्रवरभूषणदानेन अनवरतमहामूल्यदुकुलसमर्पणेन ताम्बूल-पुष्प-विलेपनोपनयनेन च निष्ठापितं पिता-पितामहप्रमुखपुरुषाऽर्जितं द्रविणजातम्। जातः अहं

---

ગર્જનાયુક્ત, પ્રચંડ કામદેવરૂપ વડવાનળની શિખા સહિત અને દોષરૂપ ગાઢ પડલથી આર્દ્ર એવા તારુણ્યરૂપ મહાસાગરને હું પામ્યો. (૨૪૫-૬-૭)

તેના યોગે તાપસની જેમ સ્વગૃહના નિવાસનો અને સ્વજન બાંધવોનો અનાદરથી ત્યાગ કરી, વિકસિત નીલ કમળ સમાન લોચનવાળી, પ્રવર સ્તનથી શોભતી, મહા ભોગને યોગ્ય, ઉછળતા તરંગોરૂપ બાહુના વિલાસયુક્ત, હંસ સમાન ચરણ-કમળથી ચાલતી, મંદ મંદ કલરવ કરતી, પક્ષે સારસ પક્ષીના કલરવયુક્ત તથા તલાવડીની જેમ સુંદર એવી સ્ત્રીઓમાં આસક્ત થતાં એક વખતે **અનંગસેના** વેશ્યાની સાથે હું ઘણો કાલ રહ્યો. તેની સાથે અનુરાગમાં ફસાયેલ મેં પ્રવર અલંકારો આપતાં, નિરંતર મહાકિંમતી વસ્ત્રો, તંબોલ, પુષ્પ અને વિલેપનાદિ આપતાં, પિતા અને પિતામહે ઉપાર્જન કરેલ ઘણું ધન વેડફી નાંખ્યું. એટલે હું મહા દરિદ્રી જેવો બની ગયો, એમ વેશ્યાના જાણવામાં આવ્યું, જેથી રસ કાઢી લીધેલ અળતાની જેમ, પીવાઇ ગયેલ મદિરા પાત્રની જેમ,

य निट्ठवियं पियापियामहपमुहपुरिसज्जियं दविणजायं। जाओऽहं निद्धणचंगो। मुणिओ दाइगाए। तओ निप्पीलियालत्तयं व, पयत्तपीयवारुणीचसगं व, भुत्तावसेस भोयणं व तेहिं तेहिं अवमाणकारणेहिं परिचत्तो म्हि तीए। तयणंतरं निग्गओऽहं वेसाघराओ। गओ नियगेहे, दिट्ठं च तमणेगच्छिद्दसयसंकुलं पब्भट्ठपुव्वसोहं मसाणं व भयजणगंति। तओ महाविसायाभिभूओ पयट्टो देसियालिए। गच्छंतेण य पइदिणं एगत्थ सुन्नसन्निवेसे दिट्ठं भूमिनिवडियं रक्खावलयं। गहिउं मए विहाडियाओ निबिडजउजडियाओ रक्खागंठिओ, दिट्ठं च एगस्स मज्झनिहित्तं लिहियपवरक्खरं भुज्जखंडं, वाइयं च कोऊहलेण, परिभाविओ य तल्लिहियगामनाम-दिसाभाग-लंछणसमेओ रयणकोडिप्पमाणनिहाणवइयरो, हरिसियमणेण संगोवियं च तं सव्वपयारेण, पट्ठिओ तयणुसारेणं, पत्तो अकालखेवेण भुज्जलिहियंमि गामे, निरूविओ निहाणप्पएसो, अवलोइयाइं लिंगाइं, जाव सव्वाणिवि लिहियाणुसारेण

---

निर्धनश्रेष्ठः। ज्ञातः दायिकया। ततः निष्पीडिताऽलक्तकः इव, प्रयत्नपीतवारुणीचषकः इव, भुक्ताऽवशेषभोजनं इव तैः तैः अपमानकारणैः परित्यक्तः अहं तया। तदनन्तरं निर्गतः अहं वेश्यागृहात्। गतः निजगृहे, दृष्टं च तद् अनेकछिद्रशतसङ्कुलं प्रभ्रष्टपूर्वशोभं श्मशानमिव भयजनकमिति। ततः महाविषादाऽभिभूतः प्रवृत्तः देशिकाय। गच्छता च प्रतिदिनमेकत्र शून्यसन्निवेशे दृष्टं भूमिनिपतितं रक्षावलयम्। गृहीत्वा मया विघटिताः निबिडजतुजटिताः रक्षाग्रन्थयः, दृष्टं च एकस्याः मध्यनिहितं लिखितप्रवराऽक्षरं भुर्जखण्डम्, पठितं च कुतूहलेन, परिभावितः च तल्लिखितग्रामनाम-दिग्भाग-लाञ्छनसमेतः रत्नकोटिप्रमाणनिधान-व्यतिकरः, हृष्टमनसा सङ्गोपितं च तत् सर्वप्रकारेण, प्रस्थितः तदनुसारेण, प्राप्तः अकालक्षेपेण भुर्जलिखिते ग्रामे, निरूपितः निधानप्रदेशः, अवलोकितानि लिङ्गानि यावद् सर्वाणि अपि लिखिताऽनुसारेण मिलन्ति। ततः मयि प्रादुर्भूतः परमप्रमोदः। प्रशस्तनिशायां च दिग्बलिप्रक्षेपपुरस्सरं खनितुं आरब्धम् निधानप्रदेशम्।

---

જમતાં અવશેષ રહેલ ભોજનની જેમ, અનેક અપમાનના કારણોથી તેણે મને તજી દીધો. એટલે વેશ્યાના ઘરમાંથી નીકળીને હું પોતાના ઘરે ગયો. ત્યાં અનેક છિદ્રો સહિત, પૂર્વની શોભા જેની નષ્ટ થઇ છે અને સ્મશાનની જેમ ભયાનક એવું ઘર જોતાં હું મહા વિષાદ ધરતો દેશાંતર જવા નીકળ્યો અને પ્રતિદિન ચાલતાં એક શૂન્ય ગામમાં ગયો. ત્યાં જમીનપર પડેલ એક ભસ્મની પોટલી મારા જોવામાં આવી તે લઇને મે ખોલી, લાખથી મજબૂત જડેલ રાખની ગાંઠો મેં ખોલી જોઈ. તેમાંની એક ગાંઠમાં લખેલ સુંદર અક્ષરવાળું ભોજપત્ર જોયું, તેને કૌતુકથી વાંચતાં, તેમાં લખેલ ગામનું નામ, દિશાભાગ તથા અન્ય લક્ષણયુક્ત કોટી રત્નપ્રમાણ નિધાનનું રહસ્ય મારા જાણવામાં આવ્યું, જેથી મનમાં અતિ પ્રમોદ પામતાં સર્વ પ્રકારે તે પત્ર મેં સંતાડી રાખ્યું. પછી તેમાં લખેલ લક્ષણ-સ્થાન તરફ જતા અલ્પ વખતમાં હું તે ગામમાં પહોંચ્યો. ત્યાં નિધાનનું સ્થાન અને ચિન્હો અવલોક્યાં, જે બધાં પત્રના લેખ પ્રમાણે મળતાં આવ્યાં, તેથી મને પરમ પ્રમોદ થયો. પછી પ્રશસ્ત રાત્રે દિશાઓમાં બલિદાન આપીને હું તે નિધાન-સ્થાન ખોદવા લાગ્યો અને જેટલામાં એક હસ્તપ્રમાણ ન ખોદ્યું, તેવામાં તો ઉત્કટ ફણાના આટોપથી ભીષણ,

मिलंति। तओ मे पाउब्भूओ परमप्पमोओ। पसत्थनिसाए य दिसाबलिपक्खेवपुरस्सरं खणिउमाढत्तो णिहाणपएसं। जाव य हत्थप्पमाणमेत्तं तं न खणामि ताव समुट्ठिया उब्भडफडाडोवभीसणा, तडिसिहातरललंतजीहजुयला, मुहमारुयसंवलियजलणफुलिंगु-ग्गारदारुणा, पुच्छच्छटाताडियधरणिवट्ठा, दीवयसीहाफुरंतरत्तदित्तनेत्ता महाभुयंगा। तेहि य संदंसेहि व तडतडत्ति तोडियं मह सरीरं। निच्चिट्ठो महाविसावेगेण निवडिओऽहं भूमीए। विइक्कंता रयणी। ममाणुकंपाए व्व समुग्गओ भयवं दिणयरो। अवलोइओऽहं गामजणेण। विण्णायविसविगारेण य दयाए पडियारिओ। तहाविहोसह-मंतकिरियाए जायं च पगुणं सरीरं। पुट्ठोऽहं गामजणेण रयणिवइयरं, कहिओ य मए तस्स जहट्ठियनिहाणवुत्तंतो। तओ तत्थेव वीसमिऊण कइवयवासराइं पुणरवि पत्थिओ एगदिसाए। अण्णया य गच्छंतस्स मिलिओ एगो पुरिसो। समाणसीलयाए य जाया मज्झ तेण समं

---

यावद् च हस्तप्रमाणमात्रं तद् न खनामि तावत् समुत्थिताः उद्भटफटाऽऽटोपभीषणाः, तडित्शिखातरललद्जिह्वायुगलाः, मुखमारुतसंवलितज्वलनस्फुलिङ्गो-द्गारदारुणाः, पृच्छच्छटाताडितधरणिपृष्ठाः, दीपशिखास्फुरद्रक्तदीप्तनेत्राः महाभुजङ्गाः। तैः च संदंशैः तड्तड् इति त्रोटितं मम शरीरम्। निश्चेष्टः महाविषाऽऽवेगेन निपतितः अहं भूमौ। व्यतिक्रान्ता रजनी। मम अनुकम्पया इव समुद्गतः भगवान् दिनकरः। अवलोकितः अहं ग्रामजनेन, विज्ञातविषविकारेण च दयया प्रतिचारितः। तथाविधौषध-मन्त्रक्रियया जातं च प्रगुणं शरीरम्। पृष्टः अहं ग्रामजनेन रजनीव्यतिकरः, कथितश्च मया तस्य यथास्थितनिधानवृत्तान्तः। ततः तत्रैव विश्राम्य कतिपयवासराणि पुनरपि प्रस्थितः एकदिशि। अन्यदा च गच्छतः मिलितः एकः पुरुषः। समानशीलतया च जाता मम तेन समं मैत्री। प्रस्तावे च तेन एकान्ते सद्भावेन निवेदितः मम विवरप्रवेशयक्षिणीसाधनकल्पः, अभ्यर्थितश्च सर्वाऽऽदरेण यथा-यदि त्वं सहायीभवसि

---

વિદ્યુતની શિખા સમાન બંને ચંચલ જીભને બહાર કાઢતા મુખમાં લીધેલ પવનને પાછો વાળી અગ્નિના તણખા સમાન કાઢતા ઉદ્‌ગારોને લીધે ભયંકર, પુંછની છટાથી ધરણીપૃષ્ઠને તાડન કરતા અને દીપકની શિખા સમાન સ્ફુરાયમાન રક્ત લોચનને ફેરવતા એવા મોટા સાપો ત્યાં પ્રગટ થયા. તેમના દંશથી મારું શરીર તડતડ તોડી નંખાયું. એટલે તેમના મહાવિષના આવેગથી હું મૂર્છિત થઇને જમીનપર પડી ગયો. રાત્રિ પસાર થઇ, અને જાણે મારાપર અનુકંપા કરી હોય તેમ સૂર્ય ભગવાન ઉદય પામ્યા. ત્યાં ગામના લોકોએ મને તેવી સ્થિતિમાં જોયો, તેમણે વિષ-વિકાર જાણીને દયાબુદ્ધિથી મારો ઉપચાર કર્યો. તથાવિધ ઔષધ અને મંત્રક્રિયાના પ્રભાવથી મારું શરીર સારૂં થયું. પછી ગામના લોકોએ મને રાત્રિનો પ્રસંગ પૂછ્યો, જેથી યથાસ્થિત નિધાનનો વૃત્તાંત મેં તેમને કહી સંભળાવ્યો, ત્યારબાદ કેટલાક દિવસો ત્યાંજ રહીને ફરી હું એક દિશા તરફ ચાલ્યો. આગળ જતાં એક દિવસે મને એક પુરુષ મળ્યો. સમાન સ્વભાવને લીધે તેની સાથે મારે મિત્રાઇ થઇ, પછી કોઈ વાર પ્રસંગે તેણે મને સદ્‌ભાવથી એકાંતમાં, ગુફામાં જઇને યક્ષિણીને સાધવાનો કલ્પ બતાવ્યો અને બહુજ આદર પૂર્વક તેણે મને

मेत्ती। पत्थावेण य तेण एगंते सब्भावेण निवेइओ मम विवरप्पवेसजक्खिणीसाहणकप्पो, अब्भत्थिओ य सव्वायरेण जहा-'जइ तुमं सहाईभवसि ता विवरं पविसामो।' भोगगाढलोलुयाए पडिवण्णमेयं मए। तओ अखंडपयाणएहिं गया **वलयामुहं** नाम विवरं। विरइया से दुवारपूया। तप्पियाओ जोइणीओ। सुमुहुत्तनक्खत्तंसि गहाय बाढं पत्थयणं परिकलियहत्थपईवा पविट्ठा तत्थ, उच्चनीयठाणाणि वोलिंता सणियं सणियं गया दूरदेसं। दिट्ठा य झडत्ति एगत्थ विज्जुपुंजभासुरा पवरकणगसिंहासणनिविट्ठा एगा जक्खकन्नगा, अविय-

गंडयलललंतुज्जलकुंडलकिरणोलिविच्छुरियवयणा।
नाणामणि(मय)भूसणससिरियरेहंतदेहलया ।।२४८।।

आमलयथूलमोत्तियनवसरहारावरुद्धथणवट्टा।
पप्फुल्लमणहर(हरा)वम्महतरुतरुणसाहव्व ।।२४९।।

---

ततः विवरं प्रविशावः। भोगगाढलोलतया प्रतिपन्नं मया। ततः अखण्डप्रयाणकैः गतौ **वलयामुखं** नाम विवरम्। विरचिता तस्य द्वारपूजा। तर्पिताः योगिन्यः। सुमुहूर्तनक्षत्रे गृहीत्वा बाढं पथ्यदनं परिकलितहस्तप्रदीपौ प्रविष्टौ तत्र। उच्च-नीचस्थानानि व्यतिक्रम्य शनैः शनैः गतौ दूरदेशम्। दृष्टा च झटिति एकत्र विद्युत्पुञ्जभासुरा प्रवरकनकसिंहासननिविष्टा एका यक्षकन्या। अपि च -

गण्डतल-ललद्-उज्वलकुण्डलकिरणाऽऽलीव्याप्तवदना।
नानामणि(मय)भूषणसश्रीराजमानदेहलता ।।२४८।।

आमलकस्थूलमौक्तिकनवसरहाराऽवरुद्धस्तनपृष्ठा।
प्रफुल्लमनोहरमन्मथतरुतरुणशाखा इव ।।२४९।।

---

વિનવ્યો કે-'જો તમે મારા સહાયક થાઓ, તો આપણે ગુફામાં પ્રવેશ કરીએ,' એટલે ભોગ-વિલાસની ગાઢ આસક્તિને લીધે મેં તેનું વચન સ્વીકાર્યું. ત્યાંથી અખંડ પ્રયાણ કરતાં અમે **વલયામુખ** નામની ગુફા પાસે ગયા. ત્યાં તેના દ્વારની તથા તે દ્વારનું રક્ષણ કરનારી જોગણીઓની અમે પૂજા કરી. પછી સારા મુહૂર્તે અને શુભ નક્ષત્રમાં અમે પુષ્કળ ભાતું લઇ, હાથમાં દીપક ધારણ કરીને તે વિવરમાં પેઠા, તેમાં ઉંચાં નીચાં સ્થાનોને ઓળંગતાં હળવે હળવે અમે દૂર પ્રદેશમાં નીકળી ગયા, ત્યાં એક ઠેકાણે એક **યક્ષકન્યા** તરત અમારા જોવામાં આવી કે જે વીજળીના પુંજ સમાન દેદીપ્યમાન અને પ્રવર સોનાના સિંહાસન પર બિરાજમાન હતી, વળી-

ગાલપર લટકતા ઉજ્વળ કુંડળના પ્રભાસમૂહથી તેનું મુખ શોભાયુક્ત ભાસતું હતું, વિવિધ પ્રકારના મણિભૂષણોની લક્ષ્મીથી તેની દેહલતા-શરીર ભારે સુશોભિત લાગતી. (૨૪૮)

આમળા સમાન મોટા મોતીના નવસરા હારથી છાતી ઢંકાયેલી હતી, વિકસિત અને મનોહર કામદેવરૂપ વૃક્ષની કોમળ શાખા સમાન, (૨૪૯)

पायालसिरिव्व रइव्व देवरमणिव्व जणियमणमोहा।
ललियकरकलियलीलासरोरुहा सुंदरावयवा ।।२५०।।

भुवणच्छेरयभूयं रूवं दट्टुं अदिट्ठपुव्वं से।
मयरद्धपसरविहुरा अम्हे तप्पासमल्लीणा ।।२५१।।

सावि अम्हे आगच्छंते पेच्छिऊण सन्निहियपज्जलंतपयंडजालाकराले झडत्ति कुंडे पविट्ठा। अम्हे पुण महामोग्गराहया इव विद्दाणवयणा चिंतिउं पवत्ता-'किं पच्छाहुत्तं नियत्तामो उयाहु तत्थेव तदंगसंगसंलग्गलायन्नपुन्ने जलणकुंडे पयंगो इव अत्ताणं खिवामो?, केवलं दारुणो दहणो खणद्धेणवि दहइ देहं, संसइओ य तीए सद्धिं मीलगो, जीवंता पुणोऽवि भद्दाइं पेच्छिस्सामो', ताव सहसच्चिय एगनिकुंजाओ कुंजरोव्व गरुयंगभारो,

---

पातालश्रीः इव, रतिः इव, देवरमणी इव जनितमनोमोहा।
ललितकरकलितलीलासरोरुहा सुन्दराऽवयवा ।।२५०।।

भुवनाऽच्छेरभूतं रूपं दृष्ट्वा अदृष्टपूर्वं तस्याः।
मकरध्वजप्रसरविधुरौ आवां तत्पार्श्वे आलीनौ ।।२५१।।

साऽपि आवाम् आगच्छन्तौ प्रेक्ष्य सन्निहित-प्रज्वलद्प्रचण्डज्वालाकराले झटिति कुण्डे प्रविष्टा। आवां पुनः महामुद्गराऽऽहताः इव विद्राणवदनौ चिन्तयितुं प्रवृत्तौ 'किं पश्चान्मुखौ निवर्तावहे। तत्रैव तदङ्गसङ्गसंलग्नलावण्यपूर्णे ज्वलनकुण्डे पतङ्गः इव आत्मानं क्षिपावः? केवलं दारुणः दहनः क्षणार्द्धेनाऽपि धक्ष्यति देहम्, संशयितश्च तया सह मिलनम्, जीवन्तौ पुनः अपि भद्राणि प्रेक्षावहे।' तावत् सहसा एव एकनिकुञ्जात् कुञ्जरः इव गुरुका**ऽङ्गभारः**, **अङ्गभार**कम्पितधरणितलः, **धरणितल**ताडन-

---

પાતાલ-લક્ષ્મી, રતિ કે દેવાંગનાની જેમ મનને મોહ પમાડનાર, સુંદર હાથમાં ક્રીડાથી કમળને ધારણ કરનાર અને મનોહર ગાત્રયુક્ત એવા તે યક્ષકન્યાનું પૂર્વે ન જોયેલ તથા જગતમાં એક આશ્ચર્યરૂપ એવું સ્વરૂપ જોતાં મદનના મદથી વિધુર-વ્યાકુળ બનેલા એવા અમે તેની પાસે ગયા. (૨૫૦/૨૫૧)

એવામાં અમને આવતા જોઇને તે યક્ષકન્યા, પાસે બળતી પ્રચંડ જ્વાળાથી વિકરાળ એવા કુંડમાં તરતજ પેસી ગઇ. એટલે મહામુદ્ગરથી ઘાયલ થયેલાની જેમ શ્યામ મુખે અમે ચિંતવવા લાગ્યા કે-'હવે શું આપણે પાછા ચાલ્યા જઇએ? કે તેના અંગ-સંગથી સંલગ્ન એવા લાવણ્ય-પૂર્ણ અગ્નિકુંડમાં પતંગની જેમ આત્મા-દેહને હોમી દઇએ? આ દારૂણ અગ્નિ તો કેવળ એક ક્ષણવારમાં દેહને દગ્ધ કરી મૂકશે અને તેણીનો મેલાપ તો સંશયયુક્ત છે, માટે જીવતાં તો ફરીને પણ ભદ્ર-સુખ-સંપત્તિ પામી શકીશું.' એ પ્રમાણે અમો વિચાર કરતા હતા, તેવામાં તો તરતજ એક નિકુંજ-લતાગૃહમાંથી હાથીની જેમ શરીરે બહુજ ભારયુક્ત, પોતાના અંગભારથી ધરણીતલને કંપાવનાર, પૃથ્વીતલને તાડન કરતાં ઉછળતા હજારો પ્રતિશબ્દોના સમૂહથી દિશાઓને બહેરી બનાવનાર, દિશા-ભાગમાં

अंगभारधरहरियधरणितलो, धरणितलताडणसमुच्छलंतपडिसद्दयसहस्सबहिरियदिसाभोगो, दिसाभोगपसरंतकज्जलगवलगुलियालिवलयकालप्पभाजालो, करधरियमहंतनरसिरकवालो, कालरत्तिजणगो इव दुप्पेच्छो, वयणेण व धूमवत्तिं मुयमाणो, फारफुंफाररउद्दकसिण-भुयंगबद्धकेसभारो समायओ तं पएसं झडत्ति खेत्तवालो। तओ तेण अच्चंतरोसारुणच्छेण पेच्छिऊण भणिया अम्हे-'रे रे पुरिसाहमा! विणट्ठसीलसमायारा कायरडियमेत्तवित्तसियसरीरा किं नियचित्तावट्ठंभं न मुणह? जं एत्थ आगया, ता एण्हिमणुभवह दुव्विणयफलं'ति भणिऊण पवणपणुण्णछिण्णपण्णं व भएण कंपमाणा सहसच्चिय चरणे धरिऊण बालच्छगलगव्व अम्हे महया वेगेण उल्लालिया तओ पएसाओ, निवडिया य वलयामुहविवरदुवारमूले। तओ समागयमहानिद्दावेगा इव गमिऊण जामिणिं समुग्गयंमि दिणयरे उम्मीलियनयणकमला परिचिंतिउं पवत्ता-'अहो को एसप्पएसो? केणेहाणीया? कहं वा धरणीए पसुत्ता? कत्थ वा तं विवरं? कहिं वा सा कण्णगा?।'

---

समुच्छलत्प्रतिशब्दसहस्रबधिरितदिगाऽऽभोगः, दिग्भोगप्रसरत्कज्जलगवलगुलिकाऽऽलीवलयकृष्ण-प्रभाजालः, करधृतमहन्नरशिरःकपालः, कालरात्रिजनकः इव दुर्प्रेक्षः, वदनेन इव धूमवर्तिं मुञ्चमानः, स्फारफुत्काररौद्रकृष्णभुजङ्गबद्धकेशभारः समागतः तं प्रदेशं झटिति क्षेत्रपालः। ततः तेन अत्यन्तरोषाऽरुणाक्षेण प्रेक्ष्य भणितौ आवां 'रे रे पुरुषाऽधमौ! विनष्टशीलसमाऽऽचारौ, कायरटितमात्रवित्रस्तशरीराः किं निजचित्ताऽवष्टम्भं न जानीथः? यस्माद् अत्र आगतौ तस्माद् इदानीमनुभवतं दुर्विनयफलमिति भणित्वा पवनप्रणोदयच्छिन्नपर्णम् इव भयेन कम्पमाणौ सहसा एव चरणे धृत्वा बालछगलकः इव आवां महता वेगेन उन्नामितौ तस्मात् प्रदेशात्, निपतितौ च वलयामुखविवरद्वारमूले। ततः समागतमहानिद्रावेगाः इव गमयित्वा यामिनीं समुद्गते दिनकरे उन्मीलितनयनकमलौ परिचिन्तयितुं प्रवृत्तौ 'अहो! कः एषः प्रदेशः?, केन इह आनीतौ?, कथं वा धरण्यां प्रसुप्तौ?, कुत्र वा तद्विवरम्?, कुत्र वा सा कन्यका?'

---

પ્રસરતા અને કાજળ સમાન જંગલી મહિષના શૃંગથી બનાવેલ કંકણોની શ્યામ પ્રભાજાળથી ભયંકર, હાથમાં મનુષ્યના મસ્તકના મોટા કપાળને ધારણ કરતો, જાણે કાળરાત્રિને ઉત્પન્ન કરનાર હોય એવો દુર્પ્રેક્ષ, મુખવડે ધૂમશ્રેણિને મૂકનાર, અત્યંત ફૂંફાડા મારતા રૌદ્ર અને કાળા સાપવતી જેણે પોતાનો કેશ-કલાપ બાંધેલ છે એવો ક્ષેત્રપાલ તરત તે સ્થાને આવી પહોચ્યો, તેણે અત્યંત રોષથી લોચન રક્ત કરી, અમને જોઇને કહ્યું કે-'અરે! અધમપુરુષો! તમે તમારા શીલ સદાચારનો નાશ કરી, શરીરના અવાજ માત્રથી શરીરે ત્રાસ પામતા એવા તમને, તમારા મનને આશ્વાસન મળે એવો ક્યાંય આધાર ન મળ્યો? કે અહીં આવી ચડ્યા? માટે હવે એ દુર્વિનયનું ફળ ભોગવો.' એમ કહેતાંજ પવનથી પ્રેરાયેલા છિન્ન પત્ર-પર્ણની જેમ ભયથી કંપતા એવા અમને તરતજ બાળ બકરાની પેઠે પગે પકડીને ત્યાંથી મોટા વેગપૂર્વક ઉછાળ્યા એટલે અમે વલયા-મુખના દ્વાર આગળ પડ્યા. પછી અમે જાણે મોટી નિદ્રામાં પડ્યા હોઇએ તેમ રાત્રિ વીતાવી, સૂર્યોદય થતાં નયન-કમળ ઉઘડ્યાં, એટલે અમો ચિંતવવા લાગ્યા કે-'અહો! આ પ્રદેશ કયો છે? આપણને અહીં કોણ લાવેલ છે? આ ધરતી પર

सुमिणं माया वेयं विभीसिया व? मइविब्भमो वावि?।
एवं चिर संसइया होऊणं मुणियपरमत्था ।।२५२।।

ठाणाउ तओ चलिया पत्ता बेण्णायडंमि नयरंमि।
तत्थवि विज्जासिद्धो दिट्ठो **सिवसुंदरो** नाम ।।२५३।। जुम्मं।

तो बहुविहप्पयारं विणएणाराहियो पयत्तेणं।
तुट्ठेण तेण दिण्णो मज्झं **कच्चाइणी**मंतो ।।२५४।।

कहिओ य साहणविही तओ मए चंडिगाएँ गेहंमि।
गुरुणा जहोवइट्ठो पारद्धो जाव होमविही ।।२५५।। जुम्मं।

---

स्वप्नं माया वा इयं बिभीषिका वा? मतिविभ्रमः वाऽपि?
एवं चिरं संशयितौ भूत्वा ज्ञातपरमार्थौ ।।२५२।।

स्थानात् ततः चलितौ प्राप्तौ बेन्नातटे नगरे।
तत्रापि विद्यासिद्धः दृष्टः **शिवसुन्दरः** नामकः ।।२५३।। युग्मम्।

ततः बहुविधप्रकारं विनयेनाऽऽराधितः प्रयत्नेन।
तुष्टेन तेन दत्तः मां **कात्यायिनी**मन्त्रः ।।२५४।।

कथितश्च साधनविधिः ततः मया चण्डिकायाः गृहे।
गुरुणा यथोपदिष्टः प्रारब्धः यावद् होमविधिः ।।२५५।। युग्मम्।

---

આપણે કેમ સૂઇ ગયા? તે વિવર ક્યાં? અને તે યક્ષકન્યા ક્યાં? અહો! આ સ્વપ્ન કે માયા? અથવા બિભીષિકા છે કે મતિ વિભ્રમ?' એમ લાંબો વખત સંશયમાં પડ્યા પછી પરમાર્થ જાણવામાં આવતાં, તે સ્થાનથી અમો આગળ ચાલ્યા અને **બેનાતટ** નગરમાં પહોંચ્યા. ત્યાં પણ એક **શિવસુંદર** નામે વિદ્યાસિદ્ધ પુરુષ અમારા જોવામાં આવ્યો. (૨૫૨/૨૫૩)

એટલે અનેક પ્રકારે પ્રયત્ન કરી, વિનયાદિકથી તેને અમે સાધ્યો, જેથી તેણે પ્રસન્ન થઇને મને **કાત્યાયનીમંત્ર** આપ્યો અને સાધન-વિધિ બતાવ્યો. પછી ગુરુએ બતાવ્યા પ્રમાણે મેં ચંડિકાના મંદિરમાં હોમવિધિ આદર્યો. (૨૫૪/૨૫૫)

साहसरहियत्तणओ तणग्गकंपेवि भयविसिट्ठस्स।
धिट्ठत्तणओ च्चिय मंतसाहणं मम कुणंतस्स ।।२५६।।

उत्तालुत्तालकरालकालवेयालचंडपरियरिओ।
एगो महापिसाओ सहसच्चिय उट्ठिओ भीमो ।।२५७।। जुम्मं।

ताहे तारिसविगरालदंसणुप्पण्णमरणभयविहुरो।
विस्सुमरियमंतपओ पहाविओऽहं सगिहहुत्तं ।।२५८।।

तेणावि 'धिट्ठदुस्सिक्खिओ'त्ति भणिऊण विगयसंकेण।
अइलंबपाणिणा करिसिऊण नीओ सिवाए पुरो ।।२५९।।

---

साहसरहितत्वात् तृणाऽग्रकम्पेऽपि भयविशिष्टस्य।
धृष्टत्वाद् एव मन्त्रसाधनं मम कुर्वतः ।।२५६।।

उत्तालोत्तालकरालकालवेतालचण्डपरिवृत्तः।
एकः महापिशाचः सहसा एव उत्थितः भीमः ।।२५७।। युग्मम्।

तदा तादृशविकरालदर्शनोत्पन्नमरणभयविधुरः।
विस्मृतमन्त्रपदः प्रधावितः अहं स्वगृहाभिमुखम् ।।२५८।।

तेनाऽपि 'धृष्टदुःशिक्षितः' इति भणित्वा विगतशङ्केन।
अतिलम्बपाणिना कृष्ट्वा नीतः शिवायाः पुरतः ।।२५९।।

---

તેવામાં સાહસરહિતપણાથી તૃણ કંપતાં પણ ભય પામનાર, છતાં ધૃષ્ઠતાથી મંત્રસાધન કરતાં મારી સમક્ષ, ઉત્કટ અને ઉન્નત તથા વિકરાલ કાળવેતાલથી યુક્ત એક ભયંકર મહાપિશાચ તરતજ પ્રગટ થયો. (૨૫૬/૨૫૭)

એટલે તે વિકરાલના દર્શનથી ઉત્પન્ન થયેલ મરણ-ભયથી વ્યાકુળ થતાં મંત્રના પદ વિસ્મૃત થવાથી હું પોતાના સ્થાન તરફ દોડ્યો. (૨૫૮)

એવામાં 'કોઈ ધૃષ્ઠથી તું દુઃશિક્ષા પામ્યો છે' એમ કહેતાં શંકારહિત તેણે હાથ લંબાવી મને ખેંચીને ચંડિકા પાસે લાવી મૂક્યો. (૨૫૯)

ताहे मुट्ठीए हओ तहा जहा चिविडिया ममं नासा।
अन्नेऽवि अग्गदंता भग्गा निब्भग्गरूवेण ।।२६०।।

ता भो महायस! तए जं पुट्ठोऽहं सवइयरं पुव्वं।
सो एस जइ न पत्तिज्जसीह ता पेच्छ मज्झ मुहं ।।२६१।।

अह थावरेण भणियं भयवं! पच्चक्खदिस्समाणेऽवि।
भोगपिवासादोसे को मइमं नेव पत्तियइ? ।।२६२।।

जुत्तं तुम्हेहिं कयं अहंपि काउं इमं समीहामि।
ता अणुगिण्हह संपइ पारिव्वज्जप्पयाणेणं ।।२६३।।

---

तदा मुष्ट्या हतः तथा यथा चिपिटीभूता मम नासा।
अन्येऽपि अग्रदन्ताः भग्नाः निर्भग्नरूपेण ।।२६०।।

तस्माद् भोः महायशः! त्वया यद् पृष्टः अहं सव्यतिकरं पूर्वम्।
एषः यदि न प्रत्येष्यसि तदा पश्य मम मुखम् ।।२६१।।

अथ स्थावरेन भणितम् 'भगवन्! प्रत्यक्षदृश्यमाणमपि।
भोगपिपासादोषं कः मतिमान् नैव प्रत्येति ।।२६२।।

युक्तं युष्माभिः कृतम्, अहमपि कर्तुमिदं समीहे।
तस्माद् अनुगृहाण सम्प्रति पारिव्रज्यप्रदानेन ।।२६३।।

---

તેણે મુષ્ટિપ્રહારથી મને એવી રીતે માર્યો કે મારી નાસિકા ચિપટી થઇ ગઈ અને નિર્ભાગ્યને લીધે મારા બીજા આગળના દાંત પણ ભાંગી પડ્યા. (૨૬૦)

માટે હે મહાશય! તેં મને જે મારો પૂર્વ વૃત્તાંત પૂછ્યો, તે તને નિવેદન કરતાં જો ખાત્રી ન થતી હોય, તો મારું મુખ જોઇ લે.' (૨૬૧)

પછી થાવર કહેવા લાગ્યો કે-'હે ભગવન્! ભોગપિપાસાનો દોષ સાક્ષાત્ દેખાવા છતાં કયો સમજુ પુરુષ ન માને? (૨૬૨)

વળી તમે જે આ વ્રત લીધું, તે ઠીક કર્યું. હું પણ એ વ્રત ધારણ કરવા ઇચ્છું છું, માટે દીક્ષા આપવા વડે મારા પર આપ અનુગ્રહ કરો.' (૨૬૩)

दिण्णा य तेण दिक्खा जाओ सो धम्मकरणनिरयमणो।
दढतवियदुस्सहतवो मिच्छत्तविलुत्तबोहेणं ।।२६४।।

चोत्तीसपुव्वलक्खे सव्वाउं पालिऊण पज्जंते।
मरिऊण **बंभलोए** उववण्णो भासुरो तियसो ।।२६५।।

नियबुद्धिसिप्पिकप्पियतिदंडिदंसणपरूढनेहेणं।
पारिव्वज्जग्गहणं छब्भवग्गहणाइ संपत्तं ।।२६६।।

सकुलपसंसावइयरनिबद्धदढनीयगोयकम्मेणं।
माहणपमुहे नीए कुलंमि जम्मं च मिरियस्स ।।२६७।।

दत्ता च तेन दीक्षा, जातः सः धर्मकरणनिरतमनाः।
दृढतप्तदुःसहतपाः मिथ्यात्वविलुप्तबोधेन ।।२६४।।

चतुस्त्रिंशत्पूर्वलक्षं सर्वायुः पालयित्वा पर्यन्ते।
मृत्वा **ब्रह्मलोके** उपपन्नः भासुरः त्रिदशः ।।२६५।।

निजबुद्धिशिल्पिकल्पितत्रिदण्डिदर्शनप्ररूढस्नेहेन।
पारिव्रज्यग्रहणं षड्भवग्रहणादि सम्प्राप्तम् ।।२६६।।

स्वकुलप्रशंसाव्यतिकरनिबद्धदृढनीचगोत्रकर्मणा।
ब्राह्मणप्रमुखे नीचे कुले जन्म च मरीचेः ।।२६७।।

એટલે તેણે થાવરને દીક્ષા આપી અને તે ધર્મ-કરણમાં તત્પર મનવાળો થયો. વળી દુઃસહ તપ તપવામાં બહુજ દૃઢ હતો, છતાં મિથ્યાત્વને લીધે તેનું સત્ય જ્ઞાન વિલુપ્ત હતું. (૨૬૪)

એમ ચોત્રીશ લાખ પૂર્વનું સર્વ આયુષ્ય પાળી, પ્રાંતે મરણ પામીને તે **બ્રહ્મ** દેવલોકમાં દેદીપ્યમાન દેવતા થયો. (૨૬૫)

પોતાની બુદ્ધિરૂપ કળાથી કલ્પેલ ત્રિદંડીના દર્શનથી અનુરાગ પ્રગટ થતાં છ ભવસુધી તેને પારિવ્રાજ્ય પ્રાપ્ત થયું. (૨૬૬)

વળી પોતાના કુળની પ્રશંસા કરવાથી બાંધેલ નીચ ગોત્ર-કર્મને લીધે મરીચિને બ્રાહ્મણ પ્રમુખના નીચ કુળમાં જન્મ લેવો પડ્યો. (૨૬૭)

दट्ठूण जिणवरागमविवरीयपरूवणं कुलपसंसं।
दूरं परिवज्जह भो वियक्खणा! सव्वकालंपि ।।२६८।। जुम्मं।

इय वद्धमाणचरिए महल्लकल्लाणवल्लिपरियरिए।
मिच्छत्तपंसुमइलियजणमणमलखालणजलंमि ।।२६९।।

भरहसुयपढमपयडियतिदंडिपासंडसंसणागब्भो।
भव्वजणविम्हयकरो सम्मत्तो बीयपत्थावो ।।२७०।। जुम्मं।

**।। इति गुणचंदगणिरइए सिरिमहावीरचरिए बीयपत्थावो सम्मत्तो ।।**

---

दृष्ट्वा जिनवराऽऽगमविपरीतप्ररूपणां कुलप्रशंसाम्।
दूरं परिवर्जत भोः विचक्षणाः! सर्वकालम् ।।२६८।। युग्मम्।

इति वर्धमानचरित्रे महाकल्याणवल्लीपरिवृत्ते।
मिथ्यात्वपांसुमलिनजनमनोमलक्षालनजले ।।२६९।।

भरतसुतप्रथमप्रकटितत्रिदण्डिपाखण्डशंसनगर्भः।
भव्यजनविस्मयकरः समाप्तः द्वितीयप्रस्तावः ।।२७०।। युग्मम्।

**इति गुणचन्द्रगणिरचिते श्रीमहावीरचरित्रे द्वितीयप्रस्तावः समाप्तः।**

---

માટે જિનવચનથી વિપરીત પ્રરૂપણા અને કુળની પ્રશંસાનું પરિણામ જોઇને હે વિચક્ષણ ભવ્ય જનો! તમે સદાકાળ તેનો ત્યાગ કરો. (૨૬૮)

એ પ્રમાણે મહાકલ્યાણરૂપ લતાયુક્ત અને મિથ્યાત્વરૂપ ધૂલિથી મલિન બનેલા ભવ્યોના મનના મેલને ધોઇ નાંખવામાં જળ સમાન એવા શ્રી વર્ધમાન-ચરિત્રને વિષે ભરતપુત્ર મરીચિએ પ્રથમ પ્રગટ કરેલ ત્રિદંડી-પાખંડના વર્ણનગર્ભિત તથા ભવ્ય જનોને આશ્ચર્ય પમાડનાર એવો બીજો પ્રસ્તાવ સમાપ્ત થયો.

**આ પ્રમાણે શ્રી ગુણચન્દ્રગણીએ બનાવેલ શ્રી મહાવીર ચરિત્રનો બીજો પ્રસ્તાવ પૂર્ણ થયો.**

## अह तृतीयपत्थावो

तिदंडिभवसमेया भणिया वत्तव्वया य मिरिइस्स।
एत्तो य जहावित्तं साहिज्जइ विस्सभूइस्स ।।१।।

इहेव जंबुद्दीवे दीवे भारहवाससिरसेहरोवमे, पइदिणभवंतविविहमहूसवे, नीसेसनयर-विक्खाए **रायगिहे** नयरे पढमो सोंडीरचक्कस्स, वल्लहो गुणिवग्गस्स, सम्मओ पयइलोयस्स, पाणप्पिओ पणइजणस्स, भुयदंडलीलारोवियभूमिभारो, विसुद्धबुद्धिपगरिसवीमंसियधम्मवियारो **विस्सनंदी** नाम नराहिवो। **मयणलेहा** नाम से भारिया। **विसाहनंदी** कुमारो। तहा परूढगाढ-पेम्माणुबंधो सरीरमेत्तविभिण्णो **विसाहभूती** जुवराया। तस्स रूवाइगुणरयणरोहणधरिणी **धारिणी** नाम देवी।

---

## अथ तृतीयप्रस्तावः

त्रिदण्डिभवसमेता भणिता वक्तव्यता च मरीचेः।
इतश्च यथावृत्तं कथ्यते विश्वभूतेः ।।१।।

इहैव जम्बूद्वीपे द्वीपे भरतवर्षशिरोशेखरोपमे, प्रतिदिनभवद्विविधमहोत्सवे, निःशेषनगरविख्याते **राजगृहे** नगरे प्रथमः शौण्डीर्यचक्रस्य, वल्लभः गुणिवर्गस्य, सम्मतः प्रकृतिलोकस्य, प्राणप्रियः प्रणयिजनस्य, भुजादण्डलीलाऽऽरोपितभूमिभारः, विशुद्धबुद्धिप्रकर्षविमृष्टधर्मविचारः **विश्वनन्दी** नामकः नराधिपः। **मदनरेखा** नामिका तस्य भार्या। **विशाखानन्दी** कुमारः। तथा प्ररूढगाढप्रेमाऽनुबन्धः शरीरमात्रविभिन्नः **विशाखाभूतिः** युवराजः। तस्य रूपादिगुणरत्नरोहणधरणि **धारिणी** नामिका देवी।

---

## પ્રસ્તાવ ત્રીજો, ભવ સોળમો, વિશ્વભૂતિનું ચરિત્ર.

મરીચિની ત્રિદંડીના ભવની વાત જણાવી. અને હવે વિશ્વભૂતિનું ચરિત્ર જેવું હતું તેવું કહીએ છીએ. (૧)

આ જ જંબૂદ્વીપમાં આવેલ ભરતક્ષેત્રરૂપી મસ્તકના મુગટ સમાન, પ્રતિદિન થતા વિવિધ મહોત્સવોથી શોભાયમાન અને સમસ્ત નગરોમાં વિખ્યાત એવા રાજગૃહ નામના નગરમાં પરાક્રમી જનોમાં અગ્રેસર, ગુણવંતોને વલ્લભ, પ્રજાવર્ગને માનનીય, સ્નેહી-સંબંધી જનોને પ્રાણપ્રિય, પોતાના ભુજદંડ પર જેણે લીલાથી ભૂમિભાર આરોપણ કરેલ છે અને વિશુદ્ધ બુદ્ધિના પ્રકર્ષથી ધર્મતત્ત્વનો વિચાર કરનાર એવો **વિશ્વનંદી** નામે રાજા હતો, તેને **મદનલેખા** નામે રાણી હતી અને **વિશાખનંદી** નામે કુમાર હતો, તેમજ ગાઢ પ્રેમાનુબંધ ધરાવનાર અને શરીરમાત્રથી વિભિન્ન એવો **વિશાખભૂતિ** નામે યુવરાજ હતો. તે વિશાખભૂતિને રૂપાદિ ગુણ-રત્નને ધારણ કરવામાં રોહણાચલની ભૂમિ સમાન એવી **ધારિણી** નામે પ્રિયા હતી.

इओ य सो मिरिइजीवो बंभलोगाओ चुओ संतो चउग्गइयं संसारकंतारमणुपरियट्टिऊण अणंतरभवजणियतहाविहकुसलकम्माणुभावेण समुप्पण्णो तीसे गब्भंमि पुत्तत्ताएत्ति। अण्णया पसूओ विसिट्ठे वासरे। कयं **विस्सभूइ**त्ति से नामं। कमेण परिचत्तबालभावो गाहिओ सो पिउणा कलाकलावकोसल्लं। तारुणमणुप्पत्तो परिणाविओ बत्तीसं सुररमणीविब्भमाओ पवररायकुलसमुब्भवबालियाओ। ताहि य समं बहुप्पयारं कीलंतो कालं गमेइत्ति।

अण्णया य सयलतइलोयदरिसियवियारो, तरुवराणंपि विहियलावण्णो, मुणीणंपि कयचित्तचमक्कारो समागओ महुमासो, जत्थ य-

पोढपुरंधिथोरथणमंडलपडिहयगमणवेगओ।
पिययमविरहविहुरतरुणीयणदीहरसासतरलिओ ।।२।।

---

इतश्च सः मरीचिजीवः ब्रह्मलोकात् च्युतः सन् चतुर्गतिकं संसारकान्तारमनुपर्यट्य अनन्तरभवजनित-तथाविधकुशलकर्मानुभावेन समुत्पन्नः तस्याः गर्भे पुत्रतया। अन्यदा प्रसूतः विशिष्टे वासरे। कृतं **विश्वभूतिः** तस्य नाम। क्रमेण परित्यक्तबालभावः ग्राहीतः सः पित्रा कलाकलापकौशल्यम्। तारुण्यमनुप्राप्तः परिणायितः द्वात्रिंशद्भिः सुररमणीविभ्रमाः प्रवरराजकुलसमुद्भवबालिकाः। ताभिश्च समं बहुप्रकारं क्रीडमानः कालं गमयति।

अन्यदा च सकलत्रैलोक्यदर्शितविकारः, तरुवरान् अपि विहितलावण्यः, मुनीनामपि कृतचित्तचमत्कारः समागतः मधुमासः, यत्र च-

प्रौढपुरन्ध्रिवृत्तविस्तीर्णस्तनमण्डलप्रतिहतगमनवेगतः।
प्रियतमविरहविधूरतरुणीजनदीर्घश्वासतरलितः ।।२।।

---

હવે તે મરીચિનો જીવ બ્રહ્મલોકથકી ચ્યવી ચાર ગતિરૂપ સંસાર-જંગલમાં વારંવાર ભ્રમણ કરી, પાછળના ભવમાં કરેલ શુભ કર્મના પ્રભાવથી તે ધારિણીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. અનુક્રમે શુભ દિવસે તે જન્મ પામ્યો. તેનું **વિશ્વભૂતિ** એવું નામ રાખવામાં આવ્યું, વખત જતાં તે તરુણાવસ્થા પામ્યો, એટલે પિતાએ તેને કળાઓમાં કુશળ બનાવ્યો. પછી યૌવન પામતાં તેને પિતાએ, દેવાંગના સમાન વિલાસશાળી અને પ્રવર રાજવંશમાં ઉત્પન્ન થયેલ એવી બત્રીશ કન્યાઓ પરણાવી. તેમની સાથે અનેક પ્રકારે વિલાસ ભોગવતા તે કાલ પસાર કરવા લાગ્યો.

એકદા સમગ્ર ત્રૈલોક્યને વિકાર બતાવનાર, વૃક્ષોને પણ લાવણ્યયુક્ત કરનાર, અને મુનિઓના ચિત્તને પણ ચમત્કાર પમાડનાર એવી **વસંતઋતુ** આવી, કે જેમાં

પ્રૌઢ પ્રમદાઓના સ્થૂલ સ્તનમંડળને લીધે ગમનવેગ અટકવાથી પ્રિયતમના વિરહથી દુઃખી બનેલ તરુણીજનના દીર્ઘ શ્વાસ ચંચળ બન્યો છે. (૧)

चंदण-नीव-कुमुय-कमलायर-कुवलयगंधबंधुरो।
दाहिणपवणु दिसिहिं पवियंभइ नावइ गंधसिंधुरो ।।३।।

अण्णं च-चंचलचरणचलणपरिबोलिरमंजुलकणयनेउरं।
करयलरणझणंतमणिकंकणकलरवपसरमणहरं ।।४।।

कणिरनियंबबिंबकंचिगुणकिंकिणिधालयलालयं।
सहइ वरंगणाण चाउद्दिसिं चच्चरि चारुगीययं ।।५।।

एवंविहं महुसमयं दट्ठुं विस्सभूई कुमारो समग्गविभूईए चाडुकरनर-भड-चेडपरिकिन्नो, अंतेउरतरुणीजणपरियरिओ गओ **पुप्फकरंडयं** नाम उज्जाणं, जत्थ तरुवराभोगे गायंतिव्व अमंदमयरंदबिंदुपाणपरव्वसभमिरभमरगुंजिएहिं, पणच्चंतिव्व खरपवणुव्वेल्लिरमहल्लपल्लव-

चन्दन-नीप-कुमुद-कमलाकर-कुवलयगन्धबन्धुरः।
दक्षिणपवनः दिक्षु प्रविजृम्भते ज्ञातिमान्(?) गन्धसिन्धुरस्य ।।३।।

अन्यच्च-चञ्चलचरणचलनपरिकलकलमञ्जुलकनकनेपुरम्।
करतलध्वनन्मणिकण्कणकलरवप्रसरमनोहरम् ।।४।।

क्वणन्नितम्बबिम्बकाञ्चिगुणकिण्किणिधालयलालकम्।
राजते वाराङ्गनानां चतुर्दिशि चत्वरे चारुगीतम् ।।५।।

एवंविधं मधुसमयं दृष्ट्वा विश्वभूतिः कुमारः समग्रविभूत्या चारुकरनर-भट-चेटपरिकीर्णः, अन्तःपुरतरुणीजनपरिवृत्तः गतः **पुष्पकरण्डकं** नाम उद्यानम्, यत्र तरुवराऽऽभोगाः गायन्ति इव अमन्दमकरन्दबिन्दुपानपरवशभ्रमद्भ्रमरगुञ्जितैः, प्रनृत्यन्ति इव खरपवनोद्वेलितमहापल्लवभुजैः, हसन्ति

જાણે ગંધહસ્તીનો સંબંધી હોય તેવો ચંદન, નીપ, કુમુદ, કમળ અને કુવલયના ગંધથી મનોહર એવો દક્ષિણ-પવન ચારે દિશામાં વાઇ રહ્યો છે, (૩)

અને વળી ચંચળ ચરણે ચાલતા મનહર સોનાના ઝાંઝરનો જ્યાં ધ્વનિ થઇ રહેલ છે, હસ્તના મણિકંકણના ઝણકારથી જ્યાં મનોહર કલરવ પ્રસરી રહ્યો છે, (૪)

નિતંબસુધી લટકતી કાંચળીની ઘુઘરીઓના અવાજથી જ્યાં લય ચાલી રહેલ છે એવું વારાંગનાઓનું સુંદર ગીતયુક્ત નૃત્ય ચોતરફ શોભી રહેલ છે. (૫)

એવા પ્રકારની વસંતઋતુનો મહોત્સવ જોવાને **વિશ્વભૂતિ** કુમાર, સમસ્ત વિભૂતિપૂર્વક ખુશામતીયા નોકર, સુભટ તથા ચેટક જનોસહિત અને પોતાના અંતઃપુરની તરુણીઓના સમુદાય સાથે **પુષ્પકરંડક** નામના ઉદ્યાનમાં ગયો, કે જ્યાં વૃક્ષો, અમંદ મકરંદનું પાન કરવાને પરવશ બની ભ્રમણ કરતા ભમરાઓના ગુંજારવથી જાણે ગાયન

भुएहिं, हसंतिव्व डिंडीरपिंडपंडुरपरिप्फुडकेयइदीहरदलेहिं। जम्मि य-

जंबु-जंबीर-खज्जूरसाहिंजणा, सज्जनालियरि-फणिसप्पला अज्जुणा।
खइर-सिरिखंड-कप्पूर-पूगीतला, पीलु-निंबंबलि-बउय-वड-पिप्पला ॥६॥

कयलि-नोमालिया-माहवी-सालया-सल्लई-सग्ग-नवनीव-हिंतालया।
बउल-वंसालि-ताविच्छया-कच्छिया, सव्वकालंपि रेहंति जलसुत्थिया ॥७॥

जं च-कहिंचि सहयारतरुमंजरीमंडियं, कहिंचि वेइल्लफुल्लंतगंधड्ढयं।
कहिंचि कंकेल्लिनवपल्लवालंकियं, नाइतरुणीकमालत्तयालंकियं ॥८॥

कहिंचि नवपाडलापुप्फनियराउलं, कहिंचि विरुटंतभमरावलीसंकुलं।
कहिंचि वरमालईमउलमालच्चियं, नाईनियविहवदंसणेण रोमंचियं ॥९॥

---

इव डिण्डीरपिण्डपाण्डुरपरिस्फुटकेतकीदीर्घदलैः। यस्मिंश्च -

जाम्बु-जाम्बीर-खर्जूरशाखि-अञ्जनाः, सज्जनालिकेर-पनसफलाः अर्जुनाः।
खदिर-श्रीखण्ड-कर्पूर-पूगीतलाः, पीलु-निम्बाऽम्लवेतस-बकुल-वट-पिप्पलाः ॥६॥

कदली-नवमालिका-माधवी-साल-सल्लकी-सर्ज-नवनीप-हिन्तालकाः।
बकुल-वंशाली-तापिच्छ-कक्षकाः, सर्वकाले राजन्ते जलसुस्थिताः ॥७॥

यच्च-कुत्रचित् सहकारतरुमञ्जरीमण्डितम्, कुत्रचिद् लतास्फुरद्गन्धाढ्यम्।
कुत्रचित् कङ्केल्लिनवपल्लवाऽलङ्कृतम्, नातितरुणीक्रमाऽलक्तकाऽलङ्कृतम् ॥८॥

कुत्रचिद् नवपाटलपुष्पनिकराऽऽकुलम्, कुत्रचित् विरुवद्भ्रमरावलीसङ्कुलम्।
कुत्रचिद् वरमालतीमुकुलमालाऽर्चितम् इव निजविभवदर्शनेन रोमाञ्चितम् ॥९॥

---

કરતાં હોય, પ્રચંડ પવનથી ઉછળતા મોટા પલ્લવરૂપ ભુજાઓથી જાણે નૃત્ય કરતાં હોય અને ફીણના પિંડ સમાન શ્વેત અને બરાબર ખીલેલાં એવા કેતકીના દીર્ઘ પર્ણોથી જાણે હસતાં હોય એવા શોભી રહ્યાં હતાં. વળી જેમાં-

જાંબુ વૃક્ષ, જંબીર, ખજુરી, અંજન, ઉંચી નાળીયેરી, ફણસ, અર્જુન, ખદિર, શ્રીખંડ, કર્પૂર, સોપારી, પીલુ, લીંબડો, આમલી, બકુલ, વડ, પીંપળ, કેળ, નવમાલિકા, માધવી, સાલ, શલ્લકી, સાગ, નીપ, હિંતાલ, બકુલના વાસની વેલી, તમાલ, કચ્છ, ઇત્યાદિ જળથી સુરક્ષિત થયેલાં વૃક્ષો સદાકાળ શોભતાં હતાં. (૬/૭)

તેમજ જે ઉદ્યાન કોઇ સ્થાને આમ્રવૃક્ષની મંજરીથી શોભતું હતું, ક્યાંક ફેલાતી લતાઓની ગંધથી વ્યાપ્ત હતું, ક્યાંક અશોકના નવપલ્લવથી અલંકૃત અને ક્યાંક કાંતાઓના અળતાયુક્ત ચરણન્યાસથી સુશોભિત હતું, (૮)

ક્યાંક નવ પાટલાવૃક્ષના પુષ્પસમૂહથી ઓતપ્રોત હતું, ક્યાંક ગુંજારવ કરતા ભમરાઓની શ્રેણિથી વ્યાપ્ત હતું. ક્યાંક નવ માલતીના પુષ્પોની શ્રેણિથી વ્યાપ્ત હતું, તેથી જાણે સ્વજનોને પોતાનો વૈભવ બતાવતાં રોમાંચિત

अण्णं च-कारंड-हंस-बग-चक्कवाय-भारुंड-कीर-कुररोहिं।
जीवंजीव-कविंजल-जलवायस-खंडरीडेहिं ।।१०।।

हारीय-पंचवण्णयपारेवयपमुहविविहपक्खीहिं।
सुसिणिद्धबंधवेहि व सेविज्जइ जं सयाकालं ।।११।। जुम्मं।

जत्थ य वम्महदुस्सहसराभिघाएहिं जज्जरंगीओ।
बालमुणालुप्पलसत्थरेसु सिसिरेसु रमणीओ ।।१२।।

विणयंति विरहिणीओ दिणाइं करपिहियसवणजुयलाओ।
परहुयताररवारसियसवणमुच्छागमभएणं ।।१३।। जुम्मं।

---

अन्यच्च- कारण्ड-हंस-बक-चक्रवाक-भारण्ड-कीर-कुररैः।
जीवंजीव-कपिञ्जल-जलवायस-खण्डरीटैः ।।१०।।

हारीत-पञ्चवर्णकपारेपतप्रमुखविविधपक्षिभिः।
सुस्निग्धबान्धवैः इव सेव्यते यद् सदाकालम् ।।११।। युग्मम्।

यत्र च मन्मथदुःसहशराऽभिघातैः जर्जराङ्ग्यः।
बालमृणालोत्पलस्रस्तरेषु शिशिरेषु रमण्यः ।।१२।।

विनयन्ति विरहिण्यः दिनानि करपिहितश्रवणयुगलाः।
परभृततारखाऽऽरसितश्रवणमूर्च्छाऽऽगमभयेन ।।१३।। युग्मम्।

---

હોય તેવું ભાસતું હતું. (૯)

વળી કારંડ, હંસ, બગલા, ચક્રવાક, ભારંડ, પોપટ, કુરર, ચકોર, ચાતક, જળકાક, ખંજરીટ, હારીત, પંચ વર્ણના કબૂતર પ્રમુખ જાણે સ્નિગ્ધ બાંધવ હોય તેમ વિવિધ પક્ષીઓ જેને સદા સેવી રહ્યા હતાં. (૧૦/૧૧)

તેમજ જ્યાં કામદેવના દુઃસહ બાણ વાગવાથી અંગે જર્જરિત થયેલ, કોમળ મૃણાલ અને ઉત્પલ-કમળપત્રના શીતલ સંથારાપર પડી રહીને વિરહિણી રમણીઓ કોયલડીના પ્રગટ અને રસિક ધ્વનિ સાંભળતાં મૂર્છા આવવાના ભયથી પોતાના હાથે કર્ણયુગલને બંધ કરી દિવસો ગાળતી હતી. (૧૨/૧૩)

વળી જ્યાં નવકુસુમના સમૂહથી જાણે મુગટયુક્ત હોય તેવા ચંપકવૃક્ષો, મદનરૂપ અગ્નિ પ્રગટાવી, પથિકસમૂહને

रेहंति जत्थ चंपयतरुणो नवकुसुमनियरसेहरिया।
आरूढमयणजलणव्व पहियनिवहाण दहणत्थं ।।१४।।

खरपवणुद्धुयमयरंदपिंजरं पेच्छिऊण रविबिंबं।
मज्झण्हेऽवि हु संझं संकंति रहंगमिहुणाइं ।।१५।। जुम्मं।

जत्थऽक्खमयणदमणा तरुणो मुणिणो य सुमणसोवेया।
सुहलवलीलालसिया भुयगीओ विलासिणीओ य ।।१६।।

तत्थ एवंविहंमि उज्जाणे सो विस्सभूई कुमारो पवरतरुणीजणसमेओ अणिमिसाए दिट्ठीए पेच्छमाणो वणलच्छिं, कोऊहलाउलियपरियणदेसिज्जमाणमग्गो काणणंतरेसु परिब्भममाणो 'सायरं पसीयह कुमार! पेच्छह इओ मंजरिज्जइ सहयारावली, इओ

---

राजन्ते यत्र चम्पकतरवः नवकुसुमनिकरशेखरिताः।
आरूढमदनज्वलनः इव पथिकनिवहानां दहनार्थम् ।।१४।।

खरपवनोद्धूतमकरन्दपिञ्जरं प्रेक्ष्य रविबिम्बम्।
मध्याह्नेऽपि खलु सन्ध्यां शङ्कन्ते रथाङ्गमिथुनानि ।।१५।।

यत्र अक्षमदनदमनाः [अक्षमजनदमनाः इति वृक्षपक्षे] तरवः मुनयश्च सुमनसोपेताः।
शुभलवलीलालसिताः भुजङ्ग्यः विलासिन्यश्च ।।१६।।

तत्र एवंविधे उद्याने सः विश्वभूतिः कुमारः प्रवरतरुणीजनसमेतः अनिमेषया दृष्ट्या प्रेक्षमाणः वनलक्ष्मीं, कुतूहलाऽऽकुलितपरिजनदर्श्यमानमार्गः काननान्तरे परिभ्रममाणः सादरं 'प्रसीदत कुमार! प्रेक्षध्वमत्र

---

જાણે બાળવા તૈયાર થયા હોય તેવા ભાસતા હતા, તેમજ પ્રચંડ પવનથી ઉડેલ મકરંદવડે પીળા જણાતા સૂર્યબિંબને જોઇ મધ્યાહ્નકાળે પણ ચક્રવાક પક્ષીઓ સંધ્યાની શંકા કરતા હતા. (૧૪)

વળી જ્યાં પુષ્પસમેત વૃક્ષો, લોકોના દબાણને સહન કરી શકતા ન હતા, પણ પવિત્ર મુનિઓ ઇંદ્રિયો અને મદનને દમન કરતા હતા, તથા ભુજંગીઓ જ્યાં સારી લતાઓમાં પડી રહેવા અને વનિતાઓ કંઈક સુખની લીલામાં આસક્ત થયેલ ભાસતી હતી. (૧૫)

એવા પ્રકારના ઉદ્યાનમાં પ્રવર સ્ત્રીજનસહિત, અનિમેષ દૃષ્ટિથી વનલક્ષ્મી જોતાં, કૌતુક પામતા પરિજનો જેને માર્ગ બતાવી રહ્યા છે એવો વિશ્વભૂતિ કુમાર ઉદ્યાનના મધ્ય ભાગમાં ભમતો હતો, તેવામાં ઉદ્યાનપાલકે આવીને જણાવ્યું કે-'હે કુમાર! આદરપૂર્વક પ્રસન્ન થઇને તમે જુઓ, આ તરફ આંબાની શ્રેણીમાં માંજર આવવા લાગી છે, આ તરફ મલ્લિકાઓ પુષ્પિત થઇ રહી છે, આ તરફ કોમળ અશોકવૃક્ષોમાં પલ્લવો પ્રગટ થવા લાગ્યા

फुल्लंति मल्लियाओ, इओ पल्लविज्जंति बालकंकिल्लिणो, इओ कोरइज्जंति कुरुवयनिउरुंबा, इओ कुसुमिज्जंति कणियारनियरा, इओ मउरिज्जंति पुन्नागाइसाहिणोत्ति', एवं उज्जाणपालेण निदंसिज्जमाणतरुगणो वणकीलाए दिणाइं गमेइत्ति। अंतरा य सुणेइ राइनीईसत्थाइं, विमरिसेइ गूढत्थपयाइं, अभिणयावेइ विसिट्ठकविजणविरइयाइं नाडयाइं भरहविज्जा-वियक्खणेहिं हावभावहत्थयाइपत्थावणपडुएहिं नाडइज्जपुरिसेहिं, निसामेइ य वेणुवीणाणुगयं गायणजणाओ बहुघोलणप्पयारमणहरं पंचमगेयं, तहा एगंतदेसट्ठिओ निसुणेइ दूईणं सोवालंभवयणाइं। कहं?-

तीसे संकेयं संसिऊण पडिजुवइमणुसरंतेणं।
नाह! तए जाजीवं दिन्नो लहुयत्तणकलंको ।।१७।।

---

मञ्जरीभूता सहकाराऽऽवली, इतः फुल्लन्ति मल्लिकाः, इतः पल्लवीभूता बालकङ्केल्लयः, इतः कोरकीभवन्ति कुरुबकनिकुरम्बाः, इतः कुसुमीभवन्ति कणेरनिकराः, इतः मुकुलीभवन्ति पुन्नागादिशाखिनः,' एवं उद्यानपालेन निदर्श्यमाणतरुगणः वनक्रीडायां दिनानि गमयति। अन्तरे च शृणोति राजनीतिशास्त्राणि, विमृशति गूढार्थपदानि, अभिनाययति विशिष्टकविजनविरचितानि नाटकानि भरतविद्याविचक्षणैः हावभावहस्तादिप्रस्थापनपटुभिः नाटकीय पुरुषैः। निशृणोति च वेणु-वीणाऽनुगतं गायकजनेभ्यः बहुघोलन-प्रकारमनोहरं पञ्चमगेयम्। तथा एकान्तदेशस्थितः निशृणोति दूतीनां सोपालम्भवचनानि। कथं? -

तां सङ्केतं शंसित्वा प्रतियुवतीमनुसरता।
नाथ! त्वया यावज्जीवं दत्तः लघुत्वकलङ्कः ।।१७।।

---

છે, આ તરફ કુરબક વૃક્ષોમાં કળીઓ આવવા લાગી છે, આ તરફ કણેર વૃક્ષોમાં પુષ્પો આવતાં ભાસે છે, અને આ તરફ પુન્નાગ પ્રમુખ વૃક્ષોમાં નવા અંકુરો આવવા લાગ્યા છે.' એ પ્રમાણે તેણે વૃક્ષો બતાવતાં, કુમાર વનક્રીડામાં દિવસો વીતાવવા લાગ્યો. તે કોઇ કોઈ વાર રાજનીતિનાં શાસ્ત્રો સાંભળતો, કોઇ વાર ગૂઢાર્થ પદોનો વિચાર કરતો, કોઇવાર વિશિષ્ટ કવિઓનાં રચેલાં, ભરતમુનિ પ્રણીત નાટ્યશાસ્ત્રમાં વિચક્ષણ, હાવભાવમાં હસ્તાદિકની ચેષ્ટામાં ચતુર એવા નાટકીયા પુરુષો પાસે નાટક કરાવતો, કોઇવાર ગાયક જનો પાસે બહુ આલાપ અને તાનના પ્રકારથી મનોહર અને પંચમ સુરથી ગવાયેલ એવા વેણુ-વીણાનું સંગીત સાંભળતો હતો. તથા એકાંત પ્રદેશમાં રહેતાં, દૂતીનાં આવાં સોપાલંભ વચનો તેના સાંભળવામાં આવ્યાં.-

'હે નાથ! તે વખતે તેને સંકેત આપી, શોક્યનો સ્વીકાર કરતાં તેં યાવજ્જીવ લઘુતાનો કલંક આપ્યો. (૧૭)

सुहय! तुह विरहदुस्सहसिहिपसमत्थं ममाहरंतीए।
तीसे सरसीसुं निट्ठियाइं नवनलिणिनालाइं ।।१८।।

परिसरसहयारुग्गयनवमंजरिखंडणेण पइदियहं।
तीसे ताणनिमित्तं घट्टा मज्झंगुलीण णहा ।।१९।।

पच्चासण्णे कयविविहकलरवे नीलकंठकलयंठे।
परिसंता मज्झ भुया पइक्खणं उड्डवंतीए ।।२०।।

एइ पिउ एइ पिउ एसो सो हवसु तं खणं धीरा।
थक्का मेण्हिं जीहा पुणरुत्तं वाहरंतीए ।।२१।।

---

सुभग! तव विरहदुःसहशिखिप्रशमार्थं मया आहरता।
तस्मिन् सरसि निष्ठितानि नवनलिनीनालानि ।।१८।।

परिसरसहकारोद्गतनवमञ्जरिखण्डनेन प्रतिदिवसं।
तस्याः त्राणनिमित्तं घृष्टानि मम अङ्गुलीनां नखानि ।।१९।।

प्रत्यासन्ने कृतविविधकलरवे नीलकण्ठकलकण्ठे।
परिश्रान्ते मम भुजे प्रतिक्षणम् उड्डयत्या ।।२०।।

एति प्रियः एति प्रियः एषः सः भव त्वं क्षणं धीरा।
श्रान्ता मम इदानीं जीह्वा पुनरुक्तं व्याहरत्या ।।२१।।

---

હે સુભગ! તારા વિરહ રૂપ દુઃસહ અગ્નિને શાંત કરવા મારે તેના નિમિતે નવીન કમળ-નાલ લાવતાં તલાવડીઓમાં તે બધા ખલાસ થઇ ગયા. (૧૮)

ઉદ્યાનના આમ્રવૃક્ષોમાં ઉત્પન્ન થયેલ નવ-મંજરી માંજર છેદીને પ્રતિદિવસે તેની રક્ષા નિમિતે લાવતાં મારી આંગળીઓના નખો બધા ઘસાઇ ગયા. (૧૯)

નજીકમાં વિવિધ કલરવ કરનાર એવી મધુર કંઠવાળા મોર અને કોયલને પ્રતિક્ષણે ઉડાવતાં મારી ભુજા થાકી ગઇ. (૨૦)

'આ પ્રિયતમ આવે છે, આ પ્રિયતમ આવે છે, આ તેજ હશે, માટે તું ક્ષણવાર ધીરજ ધર' એમ વારંવાર બોલતાં, હવે તો મારી જીભ પણ થાકી ગઇ છે. (૨૧)

इय एरिसा अवत्था वट्टइ तुह पणयिणीए दुव्विसहा।
जइ जीवंतिं वंछसि कुमार! ता तं लहुं सरसुं ।।२२।।

तहा कयाइ गोत्तखलियपरिकुवियकामिणीपसायणप्पवणवयणप्पवंचविरयणेण, कयाइ सुयसारियासंलावविणोएण, कयाइ परोप्परसवत्तिकामिणीकयकलहकोलाहल-निसामणेण, कयाइ णाणाविहदूरदेसोवणीयापुव्वतरुसंदोहदोहलगदाणेण, कयाइ संमयवण-सिहंडितंडवावलोयणेण विविहं कीलइ। अण्णया य कुमारस्स कामिणीहिं समं दुरोदरेण रमंतस्स समागओ मज्झंदिणसमओ।

तओ अतंउरसमेओ चलिओ जलकीलानिमित्तं, पत्तो काणणसरसीए, तयणंतरं च-

सरसीतडविडविसरावमुक्कझंपुच्छलंतसलिलभरं।
झिल्लइ महल्लकल्लोलपेल्लणुव्वेल्लिरो कुमरो ।।२३।।

---

इति इदृशी अवस्था वर्तते तव प्रणयिन्याः दुर्विसहा।
यदि जीवन्तीं वाञ्छसि कुमार! ततः तां लघुः सर (=गच्छ) ।।२२।।

तथा कदाचिद् गोत्रस्खलितपरिकुपितकामिनीप्रसादनप्रवणवचनप्रपञ्चविरचनेन, कदाचित् शुक-सारिकासंलापविनोदेन, कदाचित् परस्परसपत्नी-कामिनीकृतकलहकोलाहलनिश्रवणेन, कदाचिद् नानाविधदूरदेशोपनीताऽपूर्वतरुसन्दोहदोहलकदानेन, कदाचित् सम्मदवनशिखण्डिताण्डवाऽवलोकनेन विविधं क्रीडति। अन्यदा च कुमारस्य कामिनीभिः समं दुरोदरेण रममाणस्य समागतः मध्यन्दिनसमयः। ततः अन्तःपुरसमेतः चलितः जलक्रीडानिमित्तम्, प्राप्तः काननसरसि। तदनन्तरं च -

सरस्तटविटपिविसराऽवमुक्तझम्पोच्छलत्सलिलभरे।
स्नाति महत्कल्लोलप्रेरणोद्वेलितः कुमारः ।।२३।।

---

અત્યારે તારી પ્રિયતમાની આવી દુઃસહ અવસ્થા વર્તે છે, માટે જો તેને જીવતી વાંછતો હોય, તો હે કુમાર! સત્વર તેની પાસે પહોંચી જા.' (૨૨)

તેમજ કોઇવાર ગોત્રની સ્ખલના થતાં કોપાયમાન થયેલ કામિનીઓને મનાવવા શાંત વચનના પ્રપંચ રચવા વડે, કોઇવાર પોપટ, સારિકા-મેનાને બોલાવવાના વિનોદ વડે, કોઇવાર શોક્ય કામિનીઓએ કરેલ પરસ્પર કલહનો કોલાહલ સાંભળવા વડે, કોઇ વાર અનેક પ્રકારના દૂર દેશોમાંથી આવેલ નવા વૃક્ષોને દોહદ=પોષકદ્રવ્ય આપવા વડે તથા કોઈવાર પ્રસન્નતાથી વનમયૂરોનું નૃત્ય જોવા વડે-એમ તે કુમાર વિવિધ ક્રીડા કરતો હતો. એકદા કામિનીઓ સાથે દ્યૂતક્રીડા કરતાં મધ્યાન્હ કાળ થયો, તેથી અંતઃપુર સહિત કુમાર જળક્રીડા નિમિત્તે ચાલ્યો અને ઉદ્યાન-સરોવર પર ગયો. પછી ત્યાં

વૃક્ષપરથી કલરવપૂર્વક દીધેલ કૂદકાથી ઉછળતા જળસમૂહવાળા સરોવરમાં મોટા તરંગોની પ્રેરણામાં તણાતાં કુમાર ઝીલવા લાગ્યો. (૨૩)

मड्डाए तरुणीओ रणंतमणिमेहलाकलावाओ।
खिप्पंति पराप्परपेल्लरीउ भयतरलियच्छीओ ।।२४।।

करकलियकणयसिंगयसलिलपहारेहिं पोढरमणीओ।
विद्दवइ कुमारो कोवभरियदरपाडलाट्टी(?च्छी)ओ ।।२५।।

पियकरफुंसुल्लासिरनियंबतडतुट्टमेहलगुणाहिं।
निवडंतकिंकिणीहिं पलाइयं झत्ति बालाहिं ।।२६।।

घोरघणघ(धा)मसमजलवट्टियपूराए झत्ति सरसीए।
कमलाइं वयणलायण्णनिज्जियाइं व बुड्डंति ।।२७।।

---

बलात्कारेण तरुण्यः रुवन्मणिमेखलाकलापाः।
क्षिपन्ति परस्परप्रेरणां भयतरलाक्षिवत्यः ।।२४।।

करकलितकनकशृङ्गसलिलप्रहारैः प्रौढरमणीः।
विद्रवति कुमारः कोपभृतेषत्पाटलाक्षिणीः ।।२५।।

प्रियकरस्पर्शोल्लसितनितम्बतटत्रुटन्मेखलागुणाभिः।
निपतत्किङ्किणीभिः पलायितं झटिति बालाभिः ।।२६।।

घोरघनधामसमजलवर्तितपूरे झटिति सरसि।
कमलानि वदनलावण्यनिर्जितानि इव बुडन्ति ।।२७।।

---

અવાજ કરતી મણિ-મેખલાના સમૂહ યુક્ત, ભયથી ચંચલ લોચનવાળી અને પરસ્પર પ્રેરાયેલ સ્ત્રીઓ બલાત્કારથી એક બીજાને ધક્કા દઇને જળમાં નાખવા લાગી. (૨૪)

કોપથી કંઈક લાલ આંખવાળી પ્રૌઢ રમણીઓને, હાથમાં રહેલી સોનાની પીચકારીમાં પાણી ભરીને કુમાર, તેના પ્રહારથી સતાવવા લાગ્યો. (૨૫)

પ્રિયતમના સ્પર્શથી વિકાસ પામતા નિતંબ ભાગમાં મેખલાના દોરા તૂટી પડવાથી પડી જતી ઘુઘરીઓને લીધે બાળાઓ તરત પલાયન કરી જતી. (૨૬)

ઘોર ઘનાઘન-મેઘના આગમનની જેમ પાણીના પ્રવાહ-પૂર ઉછળતાં જાણે મુખ-લાવણ્યથી નિર્જિત થયાં હોય તેમ સરસીનાં કમળો બધાં બુડવા લાગ્યાં. (૨૭)

इय विविहसलिलकीलाहिं कीलिउं जुवइसत्थपरियरिओ।
ओयरिओ सरसीओ गओ कुमारो नियावासं ।।२८।।

एत्थंतरे अत्थमिओ गयणचूडामणी दिणनाहो। मउलिया कमलसंडा समं माणिणीमन्नुणा। विप्पउत्ताइं चक्कवायमिहुणाइं सह मिहुणदिणविरहेण, पवट्टियाणंदा इओ तओ परिब्भमिउं पवित्ता कोसिया समं पंसुलिविलयाहिं, निलीणाइं नियट्ठाणेसु सउणिकुलाइं समं मुणिजणेण। तहा निसायरसेण्णं व भीसणं पसरियमंधयारं। मयरद्धओव्व विप्फुरिओ सव्वओ पढमप्पओसपईवनिवहो। एवं पयट्टे संझासमए कुमारो काऊण पओसकिच्चं तेहिं कोऊहल-नम्मालाव-वंकभणिय-गीयाइविणोएहिं विगमिऊण खणंतरं पसुत्तो सुहसेज्जाए। कमेण य पभाया रयणी, समुग्गओ सहस्संसुमाली। उट्ठिओ कुमारो सयणीयाओ। कयपाभाइय-कायव्वो पुव्वविहीए दोगुंदुगुव्व विलासिणीमज्झगओ विलसइत्ति। एवं च तत्थ सायंदिणमभि-

---

इति विविधसलीलक्रीडाभिः क्रीडित्वा युवतीसार्थपरिवृत्तः।
अवतीर्णः सरसः गतः कुमारः निजाऽऽवासम् ।।२८।।

अत्रान्तरे अस्तमितः गगनचूडामणिः दिननाथः। मुकुलिताः कमलखण्डाः समं मानीनीमन्युना। विप्रयुक्तानि चक्रवाकमिथुनानि सह मिथुनदिन(= मिथुनकारकदिनस्य)विरहेण। प्रवर्तिताऽऽनन्दाः इतस्ततः परिभ्रमितुं प्रवृत्ताः कौशिकाः समं पांसुलीविलयाभिः। निलीनानि निजस्थानेषु शकुनिकुलानि समं मुनिजनेन। तथा निशाचरसैन्यम् इव भीषणं प्रसृतमन्धकारम्। मकरध्वजः इव विस्फुरितः सर्वतः प्रथमप्रदोषप्रदीपनिवहः। एवं प्रवृत्ते सन्ध्यासमये कुमारः कृत्वा प्रदोषकृत्यं तैः कौतूहल-नर्माऽऽलाप-व्यङ्गभणित-गीतादिविनोदैः विगम्य क्षणान्तरं प्रसुप्तः सुखशय्यायाम्। क्रमेण च प्रभाता रजनी। समुद्गतः सहस्रांशुमाली। उत्थितः कुमारः शय्यातः। कृतप्राभातिककर्तव्यः पूर्वविधिना दौगुन्दकः इव विलासिनीमध्यगतः विलसति। एवं च

---

એ પ્રમાણે વિવિધ જળક્રીડાની રમતો કરી, યુવતીઓના પરિવાર સહિત કુમાર સરસી થકી બહાર નીકળ્યો અને પોતાના આવાસમાં ગયો. (૨૮)

એવામાં ગગનરૂપી મુગટમાં મણિ સમાન સૂર્ય અસ્ત થયો. એટલે સ્ત્રીઓના કોપ સાથે કમળો સંકુચિત થયાં, ચક્રવાકને જોડનાર દિનના વિરહની સાથે (= સૂર્યાસ્ત થવાથી) ચક્રવાક-યુગલો જુદા થયાં, કુટિલ સ્ત્રીઓની સાથે આનંદ પામતા ઘુવડ પક્ષીઓ આમ તેમ ભમવા લાગ્યા, મુનિજનોની જેમ પક્ષીઓ પોતપોતાના સ્થાનોમાં બેસી ગયાં, તેમજ રાક્ષસસૈન્યની જેમ ભીષણ અંધકાર પ્રસરી રહ્યો, કામદેવની જેમ સર્વત્ર સંધ્યાકાળના દીવાઓ પ્રગટ થયા. એ પ્રમાણે સંધ્યા-સમય પ્રવૃત્ત થતાં પ્રદોષ-સંધ્યાકૃત્ય કરી કુમાર, તેવા પ્રકારના કુતૂહલ અને મશ્કરીયુક્ત આલાપ અને વ્યંગ વચનયુક્ત ગીતાદિ વિનોદમાં અલ્પ વખત ગાળીને તે સુખ-શય્યામાં સૂતો. અનુક્રમે રાત્રિ વ્યતીત થતાં સૂર્યોદય થયો, એટલે કુમાર શય્યા થકી ઉઠ્યો અને પૂર્વ વિધિથી પ્રભાત કૃત્ય કરી, દોગુંદક દેવની

रममाणस्स सरंति वासरा।

अन्नया व विस्सनंदिणो महारायस्स अग्गमहिसीए दासचेडीओ पुप्फफलगहणत्थ-मागयाओ पुप्फकरंडगुज्जाणं। दिट्ठो ताहिं विस्सभूइकुमारो अंतेउरसमेओ बहुप्पयारं तहा विलसंतो। तं च दट्ठूण समुप्पण्णगाढामरिसाहिं ईसीसल्लभिज्जमाणमाणसाहिं सिग्घमेव पडिनियत्तिऊण कहिओ रायग्गमहिसीए कुमारस्स काणणकीलावइयारो। खणंतरे य दीहं नीससिऊण पुणो भणियं ताहिं-'देवि! किं तुज्झ जीविएणं?, किं वा रज्जवित्थरेणं?, किं वा विभवेणं? जइ तुम्ह पुत्तो विसाहनंदी पुप्फकरंडगुज्जाणे न कीलेज्जा।' एवं च आयन्निऊण अवियाररमणीयत्तणओ इत्थीसहावस्स, अदूरदंसित्तणओ मइपसरस्स, अभीरुत्तणओ नियकुलकलंकुग्गमस्स पकओ महापरिकोवो देवीए, परिचत्तं भोयणं, उज्झिओ

तत्र सायं-दिनम् अभिरममाणस्य सरन्ति वासराणि।

अन्यदा च विश्वनन्दिनः महाराज्ञः अग्रमहिष्याः दासचेट्यः पुष्प-फलग्रहणार्थं आगताः पुष्पकरण्डकोद्यानम्। दृष्टः ताभिः विश्वभूतिकुमारः अन्तःपुरसमेतः बहुप्रकारं तथा विलसन्। तं च दृष्ट्वा समुत्पन्नगाढाऽऽमर्षाभिः ईर्षाशल्यभिद्यमानमानसाभिः शीघ्रमेव प्रतिनिवर्त्य कथितः राजाऽग्रमहिष्यै कुमारस्य काननक्रीडाव्यतिकरः। क्षणान्तरे च दीर्घं निःश्वस्य पुनः भणितं ताभिः 'देवि! किं तव जीवितेन?, किं वा राज्यविस्तरेण?, किं वा वैभवेन? यदि तव पुत्रः विशाखानन्दी पुष्पकरण्डकोद्याने न क्रीडेत्।' एवं च आकर्ण्य अविचाररमणीयत्वात् स्त्रीस्वभावस्य, अदूरदर्शित्वात् मतिप्रसरस्य, अभीरुत्वात् निजकुलकलङ्को-द्गमस्य प्रकृतः महापरिकोपः देव्या, परित्यक्तं भोजनम्, उज्झितः शरीरसत्कारः, प्रेषितः निजनिजस्थानेषु सखीवर्गः, कतिपयदासचेटीपरिवृत्ता

જેમ વિલાસિની કાંતાઓની સાથે વિલાસ કરતો રહ્યો. એમ નિરંતર વિલાસ કરતાં તેના દિવસો પ્રસાર થવા લાગ્યા.

એક દિવસે વિશ્વનંદી મહારાજાની પટરાણીની દાસીઓ પુષ્પ, ફળાદિ લેવા માટે પુષ્પકરંડક ઉદ્યાનમાં આવી. ત્યાં અંતેઉર સહિત તેવા પ્રકારના વિલાસ કરતો વિશ્વભૂતિ કુમાર તેમના જોવામાં આવ્યો. એટલે તેને જોઇને અત્યંત ગાઢ કોપ ઉત્પન્ન થતાં અને ઇર્ષ્યારૂપ શલ્યથી મન ભેદાઇ જતાં તેઓ તરત પાછી વળી અને કુમારનો ઉદ્યાનક્રીડાનો પ્રસંગ તેમણે પટરાણીને કહી સંભળાવ્યો. પછી ક્ષણવાર દીર્ઘ નિસાસા નાખીને પુનઃ તેઓ કહેવા લાગી કે-'હે દેવી! તારા જીવિતથી કે રાજ્ય-વિસ્તારથી પણ શું? અને વૈભવથી પણ શું? જો તારો વિશાખનંદી પુત્ર પુષ્પકરંડક ઉદ્યાનમાં વિલાસ ન કરે તો તારું એ બધું વૃથા છે!' એ પ્રમાણે સાંભળતાં સ્ત્રી સ્વભાવથી વિચારોની તુચ્છતાના કારણે દૂરદર્શીપણાના અભાવે ટૂંકી મતિના કારણે તથા પોતાના કુળને કલંક લાગવાના અભીરૂપણાથી પટરાણીને મહાકોપ ઉત્પન્ન થયો. જેથી તેણે ભોજનનો ત્યાગ કર્યો અને શરીર સત્કાર પણ તજી દીધો. પોતાના સખીવર્ગને તેણે પોતપોતાના સ્થાને વિસર્જન કર્યો અને કેટલીક દાસીઓને સાથે લઇને તેણે

सरीरसक्कारो, पेसियो नियनियठाणेसु सहीवग्गो, कइवयदासचेडीपरिवुडा य पविट्ठा कोवघरंमि। रयणिसमए य समागयेण विस्सनंदिनरिंदेण देविं अपेच्छमाणेण पुट्ठो कंचुगिप्पमुहो परियणो। कहियं च एगेण 'देव! अमुगंमि गेहे मिलाणवयणकमला केणवि कारणेण देवी गय'त्ति। तओ राया तमायन्निऊण ससंभमं तत्थेव गओ, दिट्ठा य कोवेण मिसमिसंती उड्ढसासरोगाउरव्व दीहं नीससंती देवी। दिन्नासणे आसीणो नराहिवो भणिउमाढत्तो य- 'देवि! किमेरिसी अवत्था? किमत्थ कारणं?, साहेसु परमत्थं। न ताव सुमरेमि थोवंपि नियदुच्चरियं। न यावि ममाणुवित्तिपरायणो परियणोऽवि मणागंपि अवरज्झइ तुज्झ। नेव य विविहरयणाभरणसंभारेहिं खूणमत्थि। ता किं निरत्थओ एस कोवाडंबरो'त्ति?। देवीए भणियं-'महाराय! सच्चं चिय नत्थि केणावि पगारेण खूणं, केवलं किमेएण निरत्थएण सयलजणसामण्णेण?'। रायणा भणियं-'किं पुण अनिरत्थयं सयलजणासामण्णं च?',

---

च प्रविष्टा कोपगृहे। रजनीसमये च समाऽऽगतेन विश्वनन्दिनरेन्द्रेण देवीं अप्रेक्षमाणेन पृष्टः कञ्चुकीप्रमुखः परिजनः। कथितं च एकेन 'देव! अमुके गृहे म्लानवदनकमला केनाऽपि कारणेन देवी गता' इति ततः राजा तद् आकर्ण्य ससम्भ्रमं तत्रैव गतः दृष्टा च कोपेन ज्वलन्ती, ऊर्ध्वश्वासरोगाऽऽतुरा इव दीर्घं निःश्वसन्ती देवी। दत्ताऽऽसने आसीनः नराधिपः भणितुमारब्धवान् च 'देवि! किमेतादृशी अवस्था? किमत्र कारणम्? कथय परमार्थम्। न तावत् स्मरामि स्तोकं अपि निजदुश्चरितम्। न चापि मम अनुवृत्तिपरायणः परिजनः अपि मनागपि अपराध्यति तव। नैव च विविधरत्नाऽऽभरणसम्भारैः क्षुण्णम् अस्ति। ततः किं निरर्थकः एषः कोपाऽऽडम्बरः?।' देव्या भणितम् - 'महाराज! सत्यमेव नास्ति केनाऽपि प्रकारेण क्षुण्णम्, केवलं किम् एतेन निरर्थकेन सकलजनसामान्येन?' राज्ञा भणितं-'किं पुनः अनिरर्थकं सकलजनाऽसामान्यं

---

કોપગૃહમાં પ્રવેશ કર્યો. એવામાં રાત્રે વિશ્વનંદી રાજા આવતાં રાણીને ન જોવાથી કંચુકી પ્રમુખ પરિજનોને પૂછ્યું. એટલે એક સેવકે નિવેદન કર્યું કે-'હે દેવ! મ્લાનવદન-કમળયુક્ત રાણી કંઇક કારણને લીધે અમુક-કોપગૃહમાં ગઇ છે.' એ સાંભળતાં રાજા તરતજ ત્યાં ગયો અને ઉર્ધ્વશ્વાસ લેવાથી જાણે રોગાતુર હોય તેમ દીર્ઘ નિસાસા નાખતી અને કોપથી બળતી રાણી તેના જોવામાં આવી. પછી આપવામાં આવેલ આસન પર બેસતાં રાજા કહેવા લાગ્યો કે-'હે દેવી! તારી આવી અવસ્થા કેમ? અહીં કારણ શું છે? હકીકત કહી દે. મેં કાંઇ તારા પ્રત્યે લેશ પણ અન્યાય કર્યો હોય, તો તે સ્મરણમાં નથી. તેમ મને અનુકૂળ વર્તનાર કોઇ પરિજન તારું જરા પણ અપમાન કરી શકે તેમ નથી. વળી વિવિધ રત્નાલંકારોની કાંઇ ખામી નથી તો આ નિરર્થક કોપાડંબર કેવો?'

ત્યારે મહારાણી બોલી-'હે મહારાજ! એ બધું સત્ય છે. અહીં કોઈ પણ પ્રકારની ન્યૂનતા નથી. પરંતુ કેવળ નિરર્થક આ સકલજનમાં સાધારણપણાથી શું?' રાજા બોલ્યો-'ત્યારે અનિરર્થક અને સકલજનમાં અસાધારણપણું

देवीए भणियं-'महाराय! पुप्फकरंडगुज्जाणे परिभोगो', राइणा जंपियं-'किं तेण तुज्झ?', देवीए वुत्तं-'तेण मे पओयणं विसाहनंदिकुमारस्स रमणत्थं'ति, राइणा भणियं-'देवि! मा कुप्पसु, मुंचसु असदज्झवसायं, परिहरसु इत्थीजणसुलभं चावलं, समिक्खेसु नियकुलक्कमं, किं तुमए दिट्ठो कोऽवि अम्हाणं कुले सुओ वा एगंमि पुप्फकरंडगुज्जाणट्ठिए पुव्विंपि पविसमाणो?, ता कहं पुव्वपुरिसागयं ववत्थं चूरेमि, सव्वहा अण्णं किंपि पत्थेसु', देवीए भणियं-'महाराय! गच्छ नियमंदिरं। उज्जाणलाभाभावे केत्तियमेत्ता अण्णपयत्थपत्थणा?'।

रज्जेणं रट्ठेणं धणेण सयणेण बंधवजणेणं।
ससरीरपालणेणवि न कज्जं किंपि मह एत्तो ।।२९।।

---

च?' देव्या भणितं 'महाराज! पुष्पकरण्डकोद्याने परिभोगः।' राज्ञा जल्पिनं 'किं तेन तव?' देव्या उक्तं 'तेन मे प्रयोजनं विशाखनन्दिकुमारस्य रमणाय' इति। राज्ञा भणितं 'देवि! मा कुप्य, मुञ्च असद् अध्यवसायम्, परिहर स्त्रीजनसुलभं चापल्यम्, समीक्षस्व निजकुलक्रमम्, किं त्वया दृष्टः कोऽपि अस्माकं कुले (अन्यः) सुतः वा एकस्मिन् पुष्पकरण्डकोद्यानस्थिते पूर्वमपि (=अतीते) प्रविश्यमाणः? ततः कथं पूर्वपुरुषाऽऽगतां व्यवस्थां चूरयामि? सर्वथा अन्यद् किमपि प्रार्थय।' देव्या भणितं 'महाराज! गच्छ निजमन्दिरम्। उद्यानलाभाऽभावे कियन्मात्रा अन्यपदार्थप्रार्थना?

राज्येन, राष्ट्रेण, धनेन, स्वजनेन, बान्धवजनेन।
स्वशरीरपालनेनाऽपि न कार्यं किमपि मम अत्र ।।२९।।

---

શું છે?' રાણીએ કહ્યું-'મહારાજ! પુષ્પકરંડક ઉદ્યાનનો પરિભોગ' રાજા બોલ્યો-'તારે તેનું શું પ્રયોજન છે?' રાણીએ જણાવ્યું-'વિશાખનંદી કુમારના વિલાસ માટે મારે તેનું પ્રયોજન છે.' રાજાએ કહ્યું-'હે દેવી! તમે કોપ ન કરો, આ અશુભ અધ્યવસાયને તજી દો, સ્ત્રીજનોને સુલભ એવી ચપલતાનો ત્યાગ કર, પોતાના કુલ-ક્રમને વિચાર, શું આપણા કુળમાં પુષ્પકરંડક ઉદ્યાનમાં એકની હાજરીમાં પૂર્વે અન્ય કોઇ કુમારને પ્રવેશ કરતો તેં જોયો છે? તો પૂર્વપુરુષોની ચાલી આવતી વ્યવસ્થાનો હું કેમ ભંગ કરું? માટે ગમે તે રીતે બીજું કાંઇ માગી લે.' ત્યારે રાણી કહેવા લાગી કે-'હે મહાશય! તમે પોતાના સ્થાને પધારો, ઉદ્યાનના લાભ વિના અન્ય પદાર્થની પ્રાર્થના શું માત્ર છે?

મારે રાજ્ય, રાષ્ટ્ર, ધન, સ્વજન, બાંધવ કે શરીર-પોષણથી પણ મારે વર્તમાનમાં કાંઇ પ્રયોજન નથી. (૨૯)

जीवंतीविहु नरनाह! नाहमेयं तुहप्पसाएणं।
जइ पुत्तं कीलंतं पेच्छामि तदाऽफलं जीयं ।।३०।।

नरनाह! तुह समक्खंपि नेस पुज्जइ मणोरहो जइ मे।
पच्छा दूरे सेसं भोयणमेत्तेऽवि संदेहो ।।३१।।

वज्जघडिओऽसि मन्ने जमेगपुत्तंपि परिभवदुहत्तं।
दट्ठूण सुहं चिट्ठसि अहह महानिरणुतावोऽसि ।।३२।।

इय सलिलेहि व बहुविहवयणेहिं णरिंदमाणसं तीए।
तडमिव महानईए दुहाकयं नेहनिविडंपि ।।३३।।

---

जीवन्ती अपि खलु नरनाथ! न अहमेनं तवप्रसादेन।
यदि पुत्रं क्रीडन्तं प्रेक्षे तदा अफलं जीवनम् ।।३०।।

नरनाथ! तव समक्षमपि न एषः पूज्यते मनोरथः यदि मम।
पश्चाद् दूरं शेषं भोजनमात्रेऽपि सन्देहः ।।३१।।

वज्रघटितः असि मन्ये यद् एकपुत्रमपि परिभवदुःखार्तम्।
दृष्ट्वा सुखं तिष्ठसि अहह! महन्निरनुतापः असि ।।३२।।

एवं सलिलैः इव बहुविधवचनैः नरेन्द्रमानसं तया।
तटमिव महानद्याः द्विधाकृतं स्नेहनिबिडमपि ।।३३।।

---

હે નરનાથ! હું જીવતી છતાં તમારા પ્રસાદથી જો પુત્રને ત્યાં ક્રીડા કરતો ન જોઉં તો મારું જીવિત નિષ્ફળ છે. (૩૦)

હે નાથ! તમારી સમક્ષ પણ આ મારો મનોરથ જો પૂર્ણ ન થાય, તો પછી અન્ય બીજું તો દૂર રહો, પરંતુ મારા ભોજન માત્રમાં પણ સંદેહ સમજવો. (૩૧)

વળી હે દેવ! હું ધારૂં છું કે-તમે વજ્રથી ઘડાયેલા છો કે જેથી એક પુત્રને પણ પરિભવથી દુઃખાર્ત જોયા છતાં સુખે બેસી રહ્યા છો. અહો! તમે અત્યંત નિર્દય છો.' (૩૨)

ઇત્યાદિ જળથી મહાનદીના કાંઠાંની જેમ તેનાં વિવિધ વચનોથી સ્નેહથી નિબિડ છતાં રાજાનું મન દુઃખાતુર થઇ ગયું. (૩૩)

रन्ना भणियं सुंदरि! मा संतप्पसु करेसु करणिज्जं।
अच्छउ सेसं दूरे जीयंपिह तुज्झ आयत्तं ।।३४।।

एवं बहुं संठविऊण गओ निरंदो अत्थाणमंडवंमि। आहूया मंतिणो। साहिओ तेसिं रहंमि समग्गो देवीकोववइयरो सकुलक्कमववत्था य। मंतीहिं भणियं-'देव! वीसत्था होह, अम्हे गंतूण देविं परूवेमो।' अणुन्नाया य राइणा गया देवीए सगासं, भणिया य अणेगप्पगारेहिं, न य कहंपि संबुज्झइ। तओ विलक्खवयणा समागया राइणो सगासे, भणिउं पवत्ता य-'देव! निच्छयं देवी गाढजणियकोवा मरणंपि अब्भुवगमेज्जा, ता सव्वहा जहा तहा अणुणयणजोग्गा', रन्ना भणियं-'भो किमेवं वाहरह?, किं तुब्भे न जाणह अम्ह कुलक्कमं?-जमेगंमि रममाणे उज्जाणे अन्नो न पविसइ, वसंतमासपविट्ठो य मासग्गसो

---

राज्ञा भणितं 'सुन्दरि! मा सन्तप, कुरु करणीयम्।
अस्तु शेषं दूरे जीवं अपि खलु तव आयत्तम् ।।३४।।

एवं बहु संस्थाप्य गतः नरेन्द्रः आस्थानमण्डपे। आहूताः मन्त्रिणः। कथितः तेषां रहसि समग्रः देवीकोपव्यतिकरः स्वकुलक्रमव्यवस्था च। मन्त्रिभिः भणितं 'देव! विश्वस्थः भव, वयं गत्वा देवीं प्ररूपयामः। अनुज्ञाताः च राज्ञा गताः देव्याः सकाशं भणिता च अनेकप्रकारैः, न च कथमपि सम्बुध्यते। ततः विलक्षवदनाः समागताः राज्ञः सकाशं, भणितुं प्रवृत्ताः च देव! निश्चयं देवी गाढजनितकोपा मरणमपि अभ्युपगच्छेत्, तस्मात् सर्वथा यथा तथा अनुनयनयोग्या।' राज्ञा भणितं 'भोः, किमेवं व्याहरत?, किं यूयं न जानीथ अस्माकं कुलक्रमम्-यदेकस्मिन् रममाणे उद्याने अन्यः न प्रविशति, वसंतमासप्रविष्टः

---

પછી રાજાએ કહ્યું કે-'હે સુંદરી! તું સંતાપ ન પામ અને કર્ત્તવ્યને સંભાર. બીજું તો દૂર રહો, પરંતુ આ મારું જીવિત પણ તારે આધીન છે.' (૩૪)

એમ અનેક રીતે સમજાવીને રાજા રાજસભામાં ગયો. ત્યાં મંત્રીઓને બોલાવીને તેણે એકાંતમાં રાણીના કોપનો બધો પ્રસંગ અને પોતાના કુળની વ્યવસ્થા તેમને કહી સંભળાવી. ત્યારે મંત્રીઓ બોલ્યા કે- 'હે દેવ! તમે શાંત થાઓ. અમે પોતે જઇને રાણીને સમજાવીએ.' એટલે રાજાએ આજ્ઞા આપતાં તેઓ રાણી પાસે ગયા અને અનેક પ્રકારે તેમણે રાણીને સમજાવી, છતાં તે કોઇ રીતે સમજી નહિ. ત્યારે વિલક્ષણ મુખ કરીને તેઓ રાજા પાસે પાછા આવ્યા અને કહેવા લાગ્યા કે-'હે દેવ! ખરેખર રાણીનો કોપ બહુજ ગાઢ છે, જેથી તે વખતસર મરણના શરણને પણ સ્વીકારી લે. માટે ગમે તે રીતે તે મનાવવા યોગ્ય છે.' રાજા બોલ્યો-'અરે! તમે આ શું બોલો છો? શું તમે અમારા કુળની મર્યાદા જાણતા નથી? કે ઉદ્યાનમાં એક ક્રીડા કરતો હોય ત્યારે અન્ય પ્રવેશ ન કરી શકે. અત્યારે વસંતઋતુ આવતાં જ પ્રવેશેલો વિશ્વભૂતિ ત્યાં એક મહિના સુધી વિલાસ માટે રહ્યો છે.' ત્યારે મંત્રીઓ

चिट्ठइ' त्ति, मंतीहिं भणियं-'देव! जाणेमो, केवलं दुन्निग्गहो इत्थीमहागहो', राइणा सविसायं भणियं-

एगत्तो मज्जाया पल्हत्थिज्जइ कुलक्कमपरूढा।
अन्नत्तो मरइ पिया आवडियं संकडमियाणिं ॥३५॥

संपज्जइ धुवमेण्हिं अपत्तकालेऽविय विहिवसेणं।
दढनेहबंधबंधुरबंधवजणचित्तविच्छेओ ॥३६॥

महिलायत्तो राया जुत्ताजुत्तं न पेच्छए किंपि।
इय अवजसो दिसासुं अखलियपसरो चिरं भमिही ॥३७॥

---

च मासाग्रशः तिष्ठति' इति। मन्त्रिभिः भणितं 'देव! जानीमः, केवलं दुर्निग्रहः स्त्रीमहाग्रहः।' राज्ञा सविषादं भणितं -

एकत्र मर्यादा पर्यस्यते कुलक्रमप्ररूढा।
अन्यतः मरति प्रिया आपतितं सङ्कटमिदानीम् ॥३५॥

सम्पद्यते ध्रुवमिदानीमप्राप्तकालेऽपि च विधिवशेन।
दृढस्नेहबन्धबन्धुरबान्धवजनचित्तविच्छेदः ॥३६॥

महिलाऽऽयत्तः राजा युक्तायुक्तं न प्रेक्षते किमपि।
इति अपयशः दिक्षु अस्खलितप्रसरः चिरं भ्रमिष्यति ॥३७॥

---

બોલ્યા-'હે દેવ! તે અમો જાણીએ છીએ, છતાં સ્ત્રીજાતિનો દુરાગ્રહ દુઃખે નિગ્રહ કરવા યોગ્ય છે.' એટલે રાજાએ ખેદ સાથે જણાવ્યું કે-

'એક બાજુ કુલક્રમાગત મર્યાદાનો લોપ થાય છે અને બીજી બાજુ પ્રિયતમા મરણ પામે છે. અહો! અત્યારે તો મહાસંકટ આવી પડ્યું છે. (૩૫)

આ આપત્તિકાળે વિધિના યોગે દૃઢ સ્નેહધારી સ્વજન, સંબંધીઓના મન અવશ્ય તૂટી જશે. (૩૬)

વળી 'સ્ત્રીને આધીન થયેલ રાજા યોગ્યાયોગ્યનો કાંઇ વિચાર કરતો નથી,' એ પ્રમાણે અપયશ અસ્ખલિત રીતે દિશાઓમાં પ્રચાર પામીને ચિરકાળ ભમશે; (૩૭)

ता मंतिणो! उवायं तमियाणिं कुणह कंपि परिसुद्धं।
जह सा जीवइ देवी सकुलववत्था य निव्वहइ ।।३८।।

एवमायन्निऊण 'जं देवो आणवेइ'त्ति भणिऊण ठिया एगंते मंतिणो। सुनिउणबुद्धीए य सम्मं निच्छिऊण कज्जतत्तं साहियं नरिंदस्स, जहा-देव! एयं पत्तकालं किल पच्चंतराया देसमुस्सिंखलो विद्दवेइ य, एतदत्थसंबद्धा लेहारिया कीरंति। ते य तुम्हाण लेहे समप्पेंति। तत्थावधारणाणंतरं पयाणयं च दवाविज्जइ, तहा कए खुब्भइ सामंतवग्गो। कुमारोऽवि विन्नायवइयरो फुप्फकरंडगुज्जाणं मोत्तूण एइत्ति। एयं च उभयमवि सुपडिविहियं भवइ।' एवमायन्निऊण अब्भुवगयं राइणा। उट्ठिया मंतिणो। साहिओ देवीए एगंतट्ठियाए एस वइयरो। सहरिसाए कयं तीए भोयणं। पमुक्को कोवाडंबरो।

---

तस्माद् मन्त्रिणः! उपायं तद् इदानीं कुरु किमपि परिशुद्धम्।
यथा सा जीवति देवी स्वकुलव्यवस्था च निर्वहति ।।३८।।

एवमाकर्ण्य 'यद् देवः आज्ञापयति' इति भणित्वा स्थिताः एकान्ते मन्त्रिणः। सुनिपुणबुद्ध्या च सम्यग् निश्चित्य कार्यतत्त्वं कथितं नरेन्द्रस्य, यथा-'देव! एतत् प्राप्तकालम्। किल प्रत्यन्तराजा देशं उच्छृङ्खलः विद्रवति च, एतदर्थसम्बद्धा लेखहारकाः क्रियन्ते। ते च युष्मभ्यं लेखान् समर्पयिष्यन्ति। तत्र अवधारणाऽनन्तरं प्रयाणकं च देयं(?)। तथा कृते क्षोभिष्यति सामन्तवर्गः। कुमारः अपि विज्ञातव्यतिकरः पुष्पकरण्डकोद्यानं मुक्त्वा आगमिष्यति। एवञ्चोभयमपि सुप्रतिविहितं भविष्यति।' एतच्च आकर्ण्य अभ्युपगतं राज्ञा। उत्थिताः मन्त्रिणः। कथितः देवीं एकान्तस्थिताम् एषः व्यतिकरः। सहर्षया कृतं तया भोजनम्। प्रमुक्तः कोपाऽऽडम्बरः।

---

માટે હે મંત્રીઓ! તમે હવે કોઇ વિશુદ્ધ ઉપાય શોધો કે જેથી રાણી જીવતી રહે અને સ્વકુળની વ્યવસ્થા સચવાય.' (૩૮)

એ પ્રમાણે સાંભળતાં 'જેવી દેવની આજ્ઞા' એમ કહીને મંત્રીઓ એકાંતમાં બેસી પોતાની નિપુણ બુદ્ધિથી કાર્યતત્ત્વનો બરાબર નિશ્ચય કરી, તેમણે રાજાને નિવેદન કર્યું કે-'હે દેવ! અત્યારે સમયોચિત કરવા યોગ્ય એજ છે કે 'નજીકનો રાજા ઉચ્છૃંખલ થઇને દેશને ઉપદ્રવ પમાડે છે' એવા અર્થવાળા લેખો લેખહારક પુરુષો લાવે અને તે તમને અર્પણ કરે. તે લેખો વાંચ્યા-વિચાર્યા પછી તમે પ્રયાણ કરવાની આજ્ઞા આપો. તેમ કરવાથી સામંતવર્ગ ક્ષોભ પામશે અને એ પ્રસંગ જાણવામાં આવતાં કુમાર વિશ્વભૂતિ પણ પુષ્પકરંડક ઉદ્યાન મૂકીને આવતો રહેશે. એ બન્ને રીતે અનુકૂળ થઇ પડશે.' એમ સાંભળતાં રાજાએ એ વાત સ્વીકારી એટલે મંત્રીઓ ઉઠ્યા અને એકાંતમાં બેઠેલ રાણીને એ વાત તેમણે કહી. જેથી હર્ષ પામતા તેણે ભોજન કર્યું અને કોપાડંબર મૂકી દીધો.

बीयदिवसे य लिहियकवडलेहहत्था, उद्धूलियजंघा, गाढपरिस्समकिलंता उवट्ठाविया मंतीहिं अपुव्वपुरिसा, नीया य रायसमीवे। खित्ता तेहिं लेहा। वाइया सयमेव राइणा। विन्नाओ तदत्थो। कवडकोवप्फडाडोवपुव्वं च भणिया नियपुरिसा-'रे रे पुरिसा! ताडेह सन्नाहभेरिं। नयरदूरे पइट्ठह गुड्डरं। आयट्टह दिव्वाउहाइं। समप्पह जयहत्थिं जेण करेमि पत्थाणं'ति वुत्ते तहत्ति निव्वत्तियं पुरिसेहिं। इओ य भेरीसद्दसवणओ संखुद्धं सामंतमंडलं। पगुणीकया मयगलंतगंडत्थला कुंजरघडा। संवूढा सुहडसत्था। चउद्दिसिंपि पयट्टाइं तुरयघट्टाइं। मिलिया सेणाहिवइणो। किं बहुणा?-हलहलियं सयलं भूमंडलं। ठिओ पत्थाणंमि णरिंदो। एत्थंतरे अविन्नायपरमत्थो पत्थाणट्ठियमुवलब्भ नराहिवं निग्गओ पुप्फकरंडगुज्जाणाओ विस्सभूई कुमारो, समागओ रायसमीवे, निवडिओ चलणेसु। पुट्ठो वइयरं। साहिउमारद्धो य नरिंदेण, जहा-'वच्छ! अत्थि पच्चंतसीमालो पुरिससीहो नाम

---

द्वितीयदिवसे च लिखितकपटलेखहस्ताः उद्धूलितजङ्घाः, गाढपरिश्रमक्लान्ताः उपस्थापिताः मन्त्रिभिः अपूर्वपुरुषाः, नीताः च राजसमीपे। क्षिप्ताः तैः लेखाः। वाचिताः स्वयमेव राज्ञा। विज्ञातः तदर्थः। कपटकोपफटाटोपपूर्वं च भणिताः निजपुरुषाः - 'रे रे पुरुषाः! ताडयत सन्नाहभेरीम्। नगरदूरे प्रतिस्थापयत हस्तिगणम्। आकर्षत दिव्याऽऽयुधानि। समर्पय जयहस्तिनं येन करोमि प्रस्थानमिति उक्ते तथेति निवर्तितं पुरुषैः। इतश्च भेरीशब्दश्रवणतः संक्षुब्धं सामन्तमण्डलम्। प्रगुणीकृताः मदगलद्गण्डस्थलाः कुञ्जरघटाः। संव्यूढाः सुभटसार्थाः। चतुर्दिक्षु अपि प्रवृत्तानि तुरगघट्टानि। मिलिताः सेनाधिपतयः। किं बहुना? कम्पितं सकलं भूमण्डलम्। स्थितः प्रस्थाने नरेन्द्रः। अत्रान्तरे अविज्ञातपरमार्थः प्रस्थानस्थितम् उपलभ्य नराधिपं निर्गतः पुष्पकरण्डकोधानतः विश्वभूतिः कुमारः, समागतः राजसमीपे, निपतितः चरणेषु। पृष्टः व्यतिकरः। कथितुमारब्धश्च नरेन्द्रेण, यथा 'वत्स अस्ति प्रत्यन्तसीमावर्ती पुरुषसिंहः नामा मण्डलाधिपः। सः च पूव

---

પછી બીજે દિવસે લખેલા કપટલેખ હાથમાં લઇ, પોતાની જંઘાઓ ધૂલિયુક્ત કરી અને ગાઢ પરિશ્રમથી થાકેલા નવા પુરુષો, મંત્રીઓએ તૈયાર કર્યા અને તેમને રાજા પાસે લઈ ગયા. એટલે તેમણે લેખો રાજા આગળ મૂક્યા, જે રાજાએ પોતે વાંચી જોયા અને તેનો અર્થ સમજી લીધો. ત્યારબાદ કપટકોપના આડંબરપૂર્વક તેણે પોતાના પુરુષોને જણાવ્યું કે-'અરે! સેવકજનો! સંગ્રામમાં સજ્જ થવાની ભેરી વગાડો, હાથીઓને સજ્જ કરીને નગરની દૂર મોકલો, દિવ્ય આયુધો ધારણ કરો, જયહસ્તી મને સુપ્રત કરો કે જેથી હું પ્રયાણ કરું.' એમ રાજાએ આજ્ઞા કરતાં સેવક પુરુષોએ બધું તે પ્રમાણે કર્યું. એવામાં ભેરીનો શબ્દ સાંભળતાં સામંતો બધા ક્ષોભ પામ્યા, મદઝરતા અનેક હાથીઓ સજ્જ કરવામાં આવ્યા, સુભટો બધા તૈયાર થઇ ગયા, અશ્વો ચોતરફ દોડાદોડી કરી રહ્યા, અને સેનાપતિઓ બધા એકઠા થયા. વધારે શું કહેવું? બધું ભૂમંડળ આકુળવ્યાકુળ થવા લાગ્યું એટલે રાજાએ પ્રયાણ કર્યું. એવામાં રાજાને પ્રયાણ કરતો જાણીને પરમાર્થ સમજ્યા વિના વિશ્વભૂતિકુમાર પુષ્પકરંડક ઉદ્યાનમાંથી બહાર નીકળ્યો; અને રાજા પાસે આવી, તેના પગે પડીને તેણે હકીકત પૂછી. ત્યારે રાજા કહેવા લાગ્યો કે-'હે વત્સ! પાસેના સીમાડાપર પુરુષસિંહ નામે માંડલિક રાજા છે, તે પૂર્વે સ્નેહભાવ તથા આજ્ઞા પ્રમાણે રહેવાનું કબૂલ

मंडलाहिवो। सो य पुव्वं पणयभावं आणावत्तित्तणं पडिवज्जिऊण य संपइ दरिसियतिव्ववियारो निहयसीमागामजणो अम्ह मंडलमइक्कमइ। ता पुत्त! महंतो एस मे परिभवो। अविय-

सपियपियामहपमुहज्जियं महिं पेच्छिऊण हीरंतिं।
कह सकलंकं जीयं निरत्थयं संपइ वहामो? ।।३९।।

अज्जवि केऽवि सपुरिसा पयंडभुयदंडदलियपडिवक्खा।
गिण्हंति परस्स महिं अम्हे न नियंपि रक्खामो ।।४०।।

भग्गुच्छाहं रिउवग्गनंदणं मुक्कचित्तवट्ठंभं।
निवडियसहं च सीमंतिणीओ जणयंति किं पुत्तं? ।।४१।।

---

प्रणयभावं आज्ञावर्तित्वं प्रतिपद्य च सम्प्रति दर्शिततीव्रविकारः, निहतसीमाग्रामजनः अस्माकं मण्डलम् अतिक्रामति। तस्मात् पुत्र! महान् एषः मम परिभवः। अपि च -

स्वपिता-पितामहप्रमुखाऽर्जितां महीं प्रेक्ष्य ह्रियमाणाम्।
कथं सकलङ्कं जीवितं निरर्थकं सम्प्रति वहामः? ।।३९।।

अद्यपि केऽपि सुपुरुषाः प्रचण्डभुजदण्डदलितप्रतिपक्षाः।
गृह्णन्ति परस्य महीं वयं न निजामपि रक्षामः ।।४०।।

भग्नोत्साहं रिपुवर्गनन्दनं मुक्तचित्ताऽवष्टम्भं।
निपतितसखिं च सीमन्तिण्यः जनयन्ति किं पुत्रम्? ।।४१।।

---

કરીને, અત્યારે તીવ્ર વિરોધ બતાવી, સીમાડાના ગ્રામ્યજનોને સતાવે છે અને આપણા દેશનું અતિક્રમણ કરે છે; જેથી હે પુત્ર! એ મારે એક મોટો પરિભવ છે અને વળી

પોતાના તાત કે પિતામહ પ્રમુખ પૂર્વજોએ ઉપાર્જિત કરેલ પૃથ્વીને પરાધીન થતી જોઇને અત્યારે નિરર્થક કલંકિત જીવિતને કેમ ધારણ કરીએ? (૩૯)

આજે કેટલાક સ્વવંશીય પુરુષો પ્રચંડ ભુજદંડથી શત્રુઓને પરાજિત કરી પરની પૃથ્વી છીનવી લે છે, અને અમે પોતાની ભૂમિનું પણ રક્ષણ કરી શકતા નથી. (૪૦)

ભગ્નોત્સાહ, શત્રુવર્ગને આનંદ પમાડનાર, મનોબળ વિનાના તથા મિત્રવર્ગ રહિત એવા પુત્રને સ્ત્રીઓ શા માટે જન્મ આપતી હશે? (૪૧)

ता पुत्त! पत्तकालं अवजसपंकप्पसमणगजलकप्पं।
जरविहुरंगरसायणमहुणा सरणं रणे मज्झ ।।४२।।

एवं च रण्णा सिट्ठे कोवदट्ठोट्ठपुडो उट्ठिऊण निवडिओ चरणेसु कुमारो, विन्नविउमाढत्तो य-'ताय! मुंचह कोवसंरंभं। केत्तियमेत्तो सो दुरायारो?। न हि लीलादलियमत्तमायंगकुंभत्थलो केसरी समोत्थरइ गोमाउयं, नियकुलसिलोच्चयसमुच्च-सिहरदलणदुल्ललियं निवडइ एरंडकंडे सहस्सनयणकुलिसं। नेव य पडिपुण्ण-मंडलहरिणंकदिणयरकवलणलालसो गिलइ तारयजालं गहकल्लोलो। ता पसीयह, विरमह तुम्हे, देह ममाएसं, अवणेमि तुम्ह पसाएण तस्स धट्ठसोंडीरिमस्स भुयदंडकंडुं। न य अम्हारिसेसु विज्जमाणेसु जुत्तमेयं तायस्स। तुम्ह पयावोच्चिय साहेइ कज्जाइं। तहाहि-

---

तस्मात् पुत्र! प्राप्तकालम् अपयशोपङ्कप्रशमनकजलकल्पम्।
जराविधूराङ्गरसायणम् अधुना शरणं रणं मम ।।४२।।

एवं च राज्ञा शिष्टे कोपदष्टौष्टपुटः उत्थाय निपतितः चरणयोः कुमारः, विज्ञप्तुम् आरब्धवान् च 'तात! मुञ्च कोपसंरम्भम्। कियन्मात्रः सः दुराचारः?। न खलु लीलादलितमत्तमातङ्गकुम्भस्थलः केसरी समवस्तरति गोमायुम्, (न च) निजकुलशिलोच्चयसमुच्चशिखरदलनदुर्ललितं निपतति एरण्डकाण्डे सहस्रनयनकुलिशम्। नैव च प्रतिपूर्णमण्डलहरिणाङ्क-दिनकरकवलनलालसः गलति तारकजालं राहुः। तस्मात् प्रसीद, विरम त्वम्, देहि मम आदेशम्, अपनयामि तव प्रसादेन तस्य धृष्टशौण्डीरस्य भुजादण्डकण्डुम्। न च अस्मादृशेषु विद्यमानेषु युक्तमेतत् तातस्य। तव प्रतापः एव साधयिष्यति कार्याणि। तथाहि-

---

માટે હે પુત્ર! અત્યારે મારે હવે અપયશરૂપ કાદવને ધોવામાં જળ સમાન, અને જરાથી દુઃખી લોકોને રસાયનરૂપ એવું રણાંગણનું શરણ લેવું ઉચિત છે.' (૪૨)

એ પ્રમાણે રાજાએ કહેતાં કોપથી ઓષ્ઠપુટને દબાવીને કુમાર ઉઠ્યો અને રાજાના પગે પડીને વિનંતિ કરવા લાગ્યો કે-'હે તાત! આ કોપનો આવેગ તજી દ્યો. તે દુરાચારી શું માત્ર છે? પોતાની લીલામાત્રથી મત્તહાથીના કુંભસ્થળોને દળી નાખનાર એવો સિંહ કાંઇ શિયાળ સામે ન જ જાય. પોતાના કુળપર્વતોના ઉંચા શિખરોને દળવામાં સમર્થ એવું ઇંદ્રનું વજ્ર કાંઇ એરંડાપર પડે? પૂર્ણચંદ્ર તથા સૂર્યને ગળી જવામાં અભિલાષી એવા ગ્રહો કાંઇ તારાસમૂહને ગળવાને ઇચ્છે? માટે હે તાત! તમે પ્રસન્ન થઇને એ સાહસથી વિરામ પામો અને મને આદેશ આપો કે જેથી આપના પ્રસાદથી, ખોટી રીતે બળ બતાવનાર એવા તેના ભુજદંડની ખરજ-ખુજલીને દૂર કરું. વળી અમારા જેવા વિદ્યમાન છતાં તાતને આવા સાહસમાં ઉતરવું યોગ્ય નથી. ખરીરીતે તો તમારો પ્રતાપ જ કાર્યોને સાધે છે. કારણકે

पुव्वमहासेलुच्छंगसंगिणो उग्गमे व सूरस्स।
दूरदिसिपसरियंपि हु तिमिरं किरणच्चिय हणंति ॥४३॥

गंभीरगहिरघोसा विवरंमुहवाहिउग्गवइनिवहा।
आगयगयाइं रयणायरस्स वेलच्चिय करेइ ॥४४॥

उब्भडदंडुड्डामरविलसिरवरपत्तकोसगब्भाइं।
हिमगिरिणो कमलाइं हणंति पवणुद्धुयतुसारा ॥४५॥

इय भणिए गाढोवरोहेण दिण्णो आएसो राइणा कुमारस्स। पणामपुव्वयं पडिच्छिऊण दवावियं तेण पयाणयं। चलियं चाउरंगं सेन्नं, कहं चिय?-

---

पूर्वमहाशैलोत्सङ्गसङ्गिनः उद्गमे इव सूर्यस्य।
दूरदिक्प्रसृतमपि खलु तिमिरं किरणमेव हन्ति ॥४३॥

गम्भीराऽस्ताघघोषाः विवरमुख(प्र)वाहोग्रवृत्तिनिवहाः।
आगतगतानि रत्नाकरस्य वेलाः एव कुर्वन्ति ॥४४॥

उद्भटदण्डोड्डामरविलसद्वरपत्रकोशगर्भाणि।
हिमगिरेः कमलानि ध्नन्ति पवनोद्धूततुषाराः ॥४५॥

इति भणिते गाढोपरोधेन दत्तः आदेशः राज्ञा कुमारस्य। प्रणामपूर्वकं प्रतीच्छ्य दापितं तेन प्रयाणकम्। चलितं चतुरङ्गं सैन्यम्, कथमेव?

---

પૂર્વાચલના શિખરના ખોળામાં રહેલ સૂર્યનો ઉદય થતાં સર્વત્ર પ્રસરેલ અંધકારને કિરણો પણ પરાસ્ત કરી મૂકે છે. (૪૩)

ગંભીર અને ઉંડા ઘોષયુક્ત સમુદ્રના મોજા જ પાતાલ-કળશાના મુખ આગળ મહા પ્રવાહરૂપે ગમનાગમન કરે છે. (૪૪)

ઉત્કટ દંડ-નાલપર અત્યંત વિલાસ કરતા શ્રેષ્ઠ પત્ર, કોશ અને કેસરાયુક્ત હિમાલયના કમળોને પવનથી ઉછળેલ હિમકણો હણી નાખે છે.'

એ પ્રમાણે કુમારે ગાઢ આગ્રહપૂર્વક કહેતાં, રાજાએ તેને આજ્ઞા આપી. એટલે પ્રણામપૂર્વક તે સ્વીકારીને કુમારે પ્રયાણ કરવાનો હુકમ કર્યો અને ચતુરંગ સેના ચાલતી થઇ, કે જેમાં-

गंडत्थलपगलंतुग्गदाणधारंधयारियदियंता।
चलकन्नातालवाडियमयगंधायड्ढियदुरेहा ।।४६।।

अइघोरघोसगलगज्जिविहियखीरोयमहणसंकासा।
उज्जलताराभरणा गयणाभोगव्व भासंता ।।४७।।

कयलीवणकयसोहा गेरुयरसलित्तवियडकुंभयडा।
जंगमया कुलसेलव्व पत्थिया हत्थिणो सिग्घं ।।४८।। तिहिं विसेसियं।

चलिया य पवणवेगा खरखुरसिहखणियखोणिणो तुरया।
फेणुग्गिरणमिसेणं जसं व कुमरस्स वियरंता ।।४९।।

---

गण्डस्थलप्रगलदुग्रदानधाराऽन्धकारितदिगन्ताः।
चलत्कर्णतालपातितमदगन्धाऽऽकृष्टद्विरेफाः ।।४६।।

अतिघोरघोषगलगर्जिविहितक्षीरोदमथनसङ्काशाः।
उज्वलतारकाऽऽभरणाः गगनाभोगः इव भासमाणाः ।।४७।।

कदलीवनकृतशोभाः गैरिकरसलिप्तविकटकुम्भतटाः।
जङ्गमाः कुलशैलः इव प्रस्थिताः हस्तिनः शीघ्रम् ।।४८।। त्रिभिः विशेषितम्।

चलिताः च पवनवेगाः खरखुरशिखाखनितक्षोणयः तुरगाः।
फेनोद्गिरणमिषेण यशः इव कुमारस्य वितरन्तः ।।४९।।

---

ગંડસ્થળપરથી ઝરતા, ઉગ્રમદજળથી દિશાઓને અંધકારયુક્ત બનાવતા, ચંચળ કર્ણતાલથી પડતા મદગંધથી ભમરાઓને ખેંચતા (૪૬)

અતિઘોર ઘોષની ગર્જનાથી ક્ષીરસાગરના મંથનની શંકા પમાડનાર તથા ઉજ્જ્વળ તારારૂપ અથવા તારા સમાન આભરણયુક્ત ગગનાંગણ સમાન ભાસતા, (૪૭)

કદલીના વન જેવી શોભા આપતા, ગેરૂના રંગથી જેમના વિકટ કુંભસ્થળો લિપ્ત છે અને જંગમ કુલપર્વતો સમાન ઉંચા એવા હાથીઓએ સત્વર પ્રયાણ કર્યું. (૪૮)

તેમજ પવન સમાન વેગવાળા, કઠણ ખુરના અગ્રભાગથી જમીનને ખોદતા અને ફીણ કાઢવાના બહાને જાણે કુમારના યશને વિસ્તારતા હોય એવા અશ્વો ચાલવા લાગ્યા. (૪૯)

करकलियकुंत-कोदंड-सेल्ल-भल्लय-सुतिक्खकरवाला।
सन्नद्धबद्धकवया पयंडभुयदंडबलकलिया ।।५०।।

नियसोंडीरिमवसओ रिउसेन्नं जरतणं व विगणिंता।
सपहुप्पसायपरवसहियया जीएऽवि निरवेक्खा ।।५१।।

पइखणविमुक्कहक्कार-पुक्कारुक्करिसतुट्टसन्नाहा।
गेहनियत्तियदइया चलिया दप्पुब्भडा सुहडा ।।५२।।

बहुविहपहरणभरिया रहनिवहा घणघणारवरउद्दा।
सव्वपहेसु पयट्टा पवणुद्धुयधयवडाडोवा ।।५३।।

---

करकलितकुन्त-कोदण्ड-शर-भल्ल-सुतीक्ष्णकरवालाः।
सन्नद्ध बद्धकवचाः प्रचण्डभुजदण्डबलकलिताः ।।५०।।

निजशौण्डीर्यवशेन रिपुसैन्यं जीर्णतृणमिव विगणयन्तः।
स्वप्रभुप्रसादपरवशहृदयाः जीवनस्यापि निरपेक्षाः ।।५१।।

प्रतिक्षणविमुक्तहक्कार-पूत्कारोत्कर्षत्रुटितसन्नाहाः।
गृहनिवर्तितदयिताः चलिताः दर्पोद्भटाः सुभटाः ।।५२।।

बहुविधप्रहरणभृताः रथनिवहाः घणघणाऽऽरवरौद्राः।
सर्वपथेषु प्रवृत्ताः पवनोद्धूतध्वजपटाऽऽटोपाः ।।५३।।

---

તથા હાથમાં કુંત, ધનુષ્ય, ભાલા, બરછી તથા તરવારને ધારણ કરતા, બખ્તર બાંધીને સજ્જ થયેલા, પ્રચંડ ભુજદંડના બલયુક્ત, (૫૦)

પોતાના શૌર્યના વેગથી રિપુસૈન્યને જીર્ણતૃણ સમાન ગણતા, પોતાના સ્વામીના પ્રસાદથી પરાધીન હૃદયવાળા અને જીવિતની પણ દરકાર ન કરનારા, (૫૧)

પ્રતિક્ષણે હક્કારનો પોકાર મૂકવાથી ખેંચાણને લીધે જેમના કવચ તૂટી પડ્યા છે, પોતાની પત્નીને ઘર ભણી પાછી વાળતા અને દર્પથી ઉદ્ભટ એવા સુભટો પણ ચાલ્યા. (૫૨)

વળી અનેક પ્રકારના શસ્ત્રોથી ભરેલા, ઘણઘણાટના અવાજથી રૌદ્ર તથા પવનથી ઉડતા ધ્વજ-પટના આડંબરયુક્ત એવા અનેક રથો ચોતરફ ચાલવા લાગ્યા. (૫૩)

इय चातुरंगसेन्नं नरवइवयणेण वड्डियाणंदं।
मुणिदाणजायपुन्नं व कुमरपासं समल्लीणं ।।५४।।

तओ भंजंतो गिरिसिहरावबद्धमहल्लभिल्लपल्लीओ, निब्भच्छंतो जणवयविद्दवण-बद्धलक्खं चरडपक्खं, अवलोयंतो नग-नगर-गामारामरमणीयं महीमंडलं, पडिच्छंतो मग्गे सामंतसमप्पियं विविहालंकार-करि-तुरयपमुहं पाहुडं पत्तो विज्झगिरिसमीवं। एगत्थ निवेसिओ खंधावारो। तओ य पहाणवियक्खणपरियणाणुगओ चलिओ कोउहल्लेण विज्झगिरिमवलोइउं। अंतरे य-

उत्तुंगमत्तकुंजरकुलाइं पेच्छइ जहिच्छचाराइं।
रेवातडरूढमहल्लसल्लईकवलणपराइं ।।५५।।

---

इति चतुरङ्गसैन्यं नरपतिवचनेन वृद्धाऽऽनन्दम्।
मुनिदानजातपुण्यमिव कुमारपार्श्वे समाऽऽलीनम् ।।५४।।

ततः भञ्जन् गिरिशिखराऽवबद्धमहाभील्लपल्लीन्, निर्भर्त्सयन् जनपदविद्रवणबद्धलक्षं चरटपक्षम्, अवलोकयन् नग-नगर-ग्रामाऽऽरामरमणीयं महीमण्डलम्, प्रतीच्छन् मार्गे सामन्तसमर्पितं विविधाऽलङ्कार-करि-तुरगप्रमुखं प्राभृतं प्राप्तः विन्ध्यगिरिसमीपम्। एकत्र निवेषितः स्कन्धावारः। ततश्च प्रधानविचक्षणपरिजनाऽनुगतः चलितः कौतूहलेन विन्ध्यगिरिम् अवलोकयितुम्। अन्तरे च -

उत्तुङ्गमत्तकुञ्जरकुलान् प्रेक्षते यथेच्छचरान्।
रेवातटरूढमहत्शल्यकीकवलनपरान् ।।५५।।

---

એ પ્રમાણે રાજાના વચનથી વધતા આનંદસહિત ચતુરંગ સૈન્ય, મુનિદાનથી ઉત્પન્ન થયેલા પુણ્યની જેમ કુમારની પાસે ઉપસ્થિત થયું. (૫૪)

પછી પર્વતોના શિખરોપર બાંધેલ ભીલોની મોટી પલ્લીઓને ભાંગતો, લોકોને સતાવવામાં તત્પર એવા લુંટારાઓની નિર્ભર્ત્સના કરતો, નગર, ગામ, પર્વત, બગીચાથી રમણીય એવા મહીમંડળનું અવલોકન કરતો, માર્ગમાં સામંતોએ આપેલ વિવિધ અલંકાર, હાથી, અશ્વ પ્રમુખને સ્વીકારતો એવો વિશ્વભૂતિકુમાર વિંધ્યાચલની સમીપે પહોંચ્યો. ત્યાં સેનાને એક ઠેકાણે સ્થાપન કરી અને પોતે વિચક્ષણ પ્રધાનપુરુષોને લઇને કૌતુકથી વિંધ્યગિરિ જોવાને ચાલ્યો. જતાં જતાં માર્ગમાં યથેચ્છ ચરતા અને રેવાનદીના કાંઠે ઉગેલી મોટી દ્રાક્ષ-લતાઓનું ભક્ષણ કરતા એવા ઉન્નત-મત્ત-હાથીઓ તેના જોવામાં આવ્યા. (૫૫)

निसुणइ पेम्मभरालसजुवईपरिकिन्नकिन्नराबद्धं।
करकलियतालकलरवसंचलियं पंचमुग्गारं ।।५६।।

निज्झरझंकाररवायण्णणघणघोससंकियमणाणं।
तंडवमस्सिक्खियपंडियाण पेक्खइ सिहंडीणं ।।५७।।

तयणंतरं च पुरओ पयट्टो समाणो गायंतं व पवणगुंजियसरेणं, हसंतं व विप्फुरियफार-फुलिंगुग्गारेहिं, पणच्चंतं व समीरपसरियमहल्लजालाकलावेहिं, विलुलियकेसपासं व गयणंगणलंबमाणधूमपडलेण नियइ दारुणं दावानलं। तं च अइलंघिऊण कमेण पहाणपुरिसं व तुंगायारं सुवंसपडिबद्धं च, नरेसरं व वररयणकोसं जणाणुगयपायच्छायं च, काऊरिसं

निशृणोति प्रेमभराऽलसयुवतीपरिकीर्णकिन्नराऽऽबद्धम्।
करकलिततालकलरवसञ्चलितं पञ्चमोद्गारम् ।।५६।।

निर्झरझङ्काररवाऽऽकर्णनघनघोषशङ्कितमनसाम्।
ताण्डवं अशिक्षितपण्डितानां प्रेक्षते शिखण्डिनाम् ।।५७।।

तदनन्तरं च पुरतः प्रवृत्तः सन् गायन्तमिव पवनगुञ्जितस्वरेण, हसन्तमिव विस्फुरितस्फार-स्फुलिङ्गोद्गारैः, प्रनृत्यन्तमिव समीरप्रसृतमहाज्वालाकलापैः, विलुलितकेशपाशमिव गगनाङ्गणलम्ब-मानधूमपटलेन पश्यति दारुणं दावानलम्। तं च अतिलङ्घ्य क्रमेण प्रधानपुरुषमिव तुङ्गाऽऽकारं सुवंशप्रतिबद्धं च, नरेश्वरमिव वररत्नकोशं जनाऽनुगतपादच्छायं च, कापुरुषमिव दुष्टसत्त्वाऽधिष्ठितं

વળી પ્રેમપૂર્ણ યુવતીઓ સહિત કિન્નરોએ ઉચ્ચારેલ અને હસ્ત-તાલના કલરવયુક્ત પંચમ સ્વરના ઉદ્ગારને સાંભળતો, (૫૬)

ઝરણાના ઝંકારનો અવાજ સાંભળતાં મેઘના ઘોષની મનમાં શંકા લાવી, શીખ્યા વિના પંડિત બનેલા એવા મયૂરોના તાંડવ-નૃત્યને અવલોકતો, (૫૭)

અને આગળ ચાલતાં, પવનના ગુંજારવથી જાણે ગાયન કરી રહેલ હોય, અત્યંત ઉછળતા તણખારૂપ ઉદ્ગારોથી જાણે હસતો હોય, પવનથી વિસ્તાર પામેલ મોટી જ્વાળાઓથી જાણે નૃત્ય કરતો હોય, અને ગગનાંગણ સુધી પહોંચેલ ધૂમના પડલથી જાણે કેશપાશને છૂટો કર્યો હોય એવો દારૂણ દાવાનળ તેણે જોયો. અને તેને ઓળંગીને ક્રમે કરીને કુમાર વિન્ધ્યપર્વત ઉપર ચડ્યા. (તે વિન્ધ્ય પર્વત કેવો છે તે જણાવે છે-) જેમ મહાપુરુષો વિશાળ શરીરવાળા તથા સારા વંશવાળા હોય તેમ આ પર્વત ઉંચો અને ઉત્તમ વાંસના વૃક્ષથી યુક્ત હતો. જેમ રાજા પાસે રત્નના ભંડાર હોય તથા લોકો રાજાના પગલાને અનુસરતા હોય તેમ આ પર્વતમાં અનેક રત્નો રહેલા હતા અને અનેક લોકો આ પર્વતની તળેટીના છાયડામાં રહેતા હતા. જેમ દુર્જન ખોટા પરાક્રમ વાળો

व दुट्ठसत्ताहिट्ठियं निट्ठुरसरूवं च, महिया(?ला)हिययं व दुल्लंघणिज्जं पओहरोवसोहियं च, आरूढो विंझगिरिं। तओ चिरं काणणेसु, निज्झरेसु, विवरेसु, दुरारोहसिहरेसु, कयलीलीलाहरेसु, देवोवभोगुब्भडगंधेसु, सिलावट्टएसु, विविहमणोहरप्पएसेसु विहरिऊण परिस्संतो उवविट्ठो एगंमि माहवीलयाहरे। एत्थंतरे पढियमेगेण चारणेण-

विंझो साराणुगओ निच्चं चिय नम्मयाए परियरिओ।
सारंगजणियसोहो गयकुलकलहो दयावासो ।।१।।

उच्छूढखमाभारो विबुहपिओ मयणसुंदरसरीरो।
एवंविहो तुमं पिव कुमार! किं अब्भहियमेत्थ? ।।२।।

---

निष्ठुरस्वरूपं च, महिलाहृदयम् इव दुर्लङ्घनीयं पयोधरोपशोभितं च आरूढः विन्ध्यगिरिम्। ततः चिरं काननेषु, निर्झरेषु, विवरेषु, दुरारोहशिखरेषु, कदलीलीलागृहेषु, देवोपभोगोद्भटगन्धेषु, शिलापट्टकेषु, विविधमनोहरप्रदेशेषु विहृत्य परिश्रान्तः उपविष्टः एकस्मिन् माधवीलतागृहे। अत्रान्तरे पठितं एकेन चारणेन -

विन्ध्यः साराऽनुगतः नित्यमेव नर्मदया परिवृत्तः। सारङ्ग(साराऽङ्गः इति कुमारपक्षे)जनितशोभः गजकुलकलभः (गतकुलकलहः इति कुमारपक्षे) दयाऽऽवासः ।।१।।

उत्क्षिप्तक्षमाभारः विबुधप्रियः मदनसुन्दरशरीरः।
एवंविधः त्वमपि कुमार! किं अभ्यधिकमत्र? ।।२।।

---

અને નિષ્ઠુર આકારવાળો હોય તેમ આ પર્વત જંગલી પ્રાણીઓથી યુક્ત અને નિષ્ઠુર આકારવાળો હતો. જેમ સ્ત્રીનું હૃદય ઓળંગી=પારખી ન શકાય તથા તે પયોધરથી શોભતી હોય તેમ આ પર્વત દુર્લંઘ્ય અને સરોવરોથી શોભતો હતો. પછી લાંબો વખત જંગલ, ઝરણા, ગુફાઓ, દુરારોહ શિખરો, કેળના લીલાગૃહો, દેવોને ઉપભોગથી ઉત્કટ ગંધયુક્ત શિલાઓ તથા વિવિધ પ્રકારના મનોહર પ્રદેશોમાં વિચરતાં પરિશ્રાંત થયેલ કુમાર એક માધવી-લતાગૃહમાં બેઠો. એવામાં એક ચારણ બોલ્યો કે-

હે કુમાર! તમે પણ વિંધ્યગિરિ સમાન છો, કારણ કે વિંધ્યપર્વત સાર-કાઠિન્યયુક્ત છે અને તમે સદા બળયુક્ત છો, પર્વત નર્મદાનદીયુક્ત છે અને તમે નર્મભાષી સેવકો સહિત છો, પર્વત સારંગ-હરણોયુક્ત છે અને તમે બાણસહિત છો, પર્વત હસ્તી અને કલભ-નાના હાથીઓના ઉદયવાળો છે, અને તમે કુલના કલહરહિત તથા દયાયુક્ત છો, (૧)

પર્વત ક્ષમા-પૃથ્વીના ભારને ધારણ કરનાર છે અને તમે ક્ષમાયુક્ત છો, પર્વત દેવતાઓને પ્રિય છે, અને તમે પંડિતોને પ્રિય છો, પર્વત મદન-એક જાતના વૃક્ષોથી શોભે છે અને તમે મદન-મન્મથ જેવા રૂપવાન છો, એમ તમે પણ વિંધ્યાચલથી ઉતરતા નથી. હે કુમાર! કહો, એમાં શું કહી બતાવ્યું?' (૨)

एयमायन्निऊण परितुट्ठो कुमारो, भणियं च-'अहो साहु सिलेससारं पढियमेएण, ता देह एयस्स दीणारलक्खगं।' 'जं देवो आणवेइ'त्ति भणिऊण पडिवन्नं भंडागारिएण। खणंतरेण गओ नियआवासं। कयं पयाणयं, कमेण य पत्तो पच्चंतदेसं। तहिं च पेच्छइ पमुइयपक्कीलियं गो-महिसि-पसु-करह-रासहपउरं धणधण्णसमिद्धं सुद्धगामागर-नगरं नियजणजाणवयं। विम्हियजणेण य आहूया विसयमहत्तरा सिट्ठिणो य, तंबोल-दाणाइबहुमाणपुरस्सरं पुच्छिया य लोयसुत्थासुत्थवत्तं। तेहिं भणियं-देव! तुम्ह भुयपंजरंतरनिलीणाणं अम्हाणं को सयन्नो मणसावि असुत्थयं काउं समीहेज्जा?, न हि जीवियसावेक्खो पंचाणणगंधकेसरकुरलिं तोडेज्जा भुयगरायफणफलगमणिं वा गिण्हेज्जत्ति, केवलं एत्तियमेव असुत्थं-

---

एवमाकर्ण्य परितुष्टः कुमारः, भणितं च 'अहो! साधु श्लेषसारं पठितमेतेन, तस्माद् देहि एतस्य दीनारलक्षम्।' 'यद् देवः आज्ञापयति' इति भणित्वा प्रतिपन्नं भाण्डागारिकेण। क्षणान्तरेण गतः निजाऽऽवासम्। कृतं प्रयाणकम् क्रमेण च प्राप्तं प्रत्यन्तदेशम्। तत्र च प्रेक्षते प्रमुदितप्रकीडितं गो-महिष-पशु-करभ-रासभ-प्रचुरं धनधान्यसमृद्धं शुद्धग्रामाऽऽकर-नगरं निजजनजानपदम्। विस्मितजनेन च आहूताः विषयमहत्तराः श्रेष्ठिनः च, ताम्बूलदानादिबहुमानपुरस्सरं पृष्टाः च लोकसुस्थाऽसुस्थवृत्तम्। तैः भणितं 'देव! तवभुजपञ्जरान्तरनिलीनानाम् अस्माकं कः सकर्णः मनसा अपि असुस्थं कर्तुं समीहेत? न हि जीवितसापेक्षः पञ्चाननगन्धकेसरकुरलीं त्रोटयेत्, भुजङ्गराजफणाफलकमणिं वा गृह्णीयात्। केवलमेतावन्मात्रमेव असुस्थम्-

---

એ પ્રમાણે સાંભળતા કુમાર ઘણો સંતુષ્ટ થયો અને બોલ્યો કે-'અહો! એ સારીરીતે [1]શ્લેષ અલંકાર બોલ્યો, માટે એને એક લાખ સોનામહોરો આપો.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ કહીને ભંડારીએ તે પ્રમાણે હુકમ બજાવ્યો. ક્ષણાંતર પછી કુમાર પોતાના આવાસમાં આવ્યો અને પ્રયાણ કરતાં અનુક્રમે તે પાસેના દેશમાં પહોંચ્યો. ત્યાં અવલોકન કરતાં પોતાના દેશના લોકોને પ્રમોદપૂર્વક વિલાસ કરતાં, ગાયો, ભેંશો, ઊંટો, ગધેડા પ્રમુખ પશુઓ તથા ધન, ધાન્યથી સમૃદ્ધ તેમજ ગામ, નગર વિગેરે સુખી જોયા. જેથી મનમાં વિસ્મય પામી તેણે દેશના પ્રધાન પુરુષો અને શ્રેષ્ઠીઓને બોલાવ્યા અને તંબોલ આપી બહુમાન સાથે તેમને લોક-પ્રજાજનોના સુખ-દુઃખની વાત પૂછી. એટલે તેમણે નિવેદન કર્યું- 'હે દેવ! તમારા ભુજરૂપ પાંજરામાં રહેતાં અમને કયો સમજુ પુરુષ મનથી પણ અસ્વસ્થ-દુઃખી કરવાની ઇચ્છા કરે? કારણ કે પોતાના જીવિતની દરકાર કરનાર કયો સુજ્ઞ, સિંહના કેસરાના વાળને તોડવાને ઇચ્છે? અથવા નાગરાજની ફણાપર રહેલ મણિને ગ્રહણ કરવા કોણ પોતાનો હાથ લંબાવે? છતાં કેવળ એટલું માત્ર દુઃખ છે કે-

---

૧. શ્લેષ અલંકારમાં એકજ વિશેષણ પર્વતને અને કુમારને લાગુ પડતા હોય છે.

जमेत्थ दावियसुद्धायारेहिं पणतरुणीगणेहिं, नयणचावपमुक्ककडक्खियमग्गणेहिं।
दिसिदिसिनिद्दयपहणिवि पइदिणु पंथियहुं, हीरइ हियउं हयासहि पहि पेक्खंतियहिं ।।१।।

विसयदोसदुहसंचयकहणपरायणहं, धम्ममग्गु देसंतह पइदिणु मुणिजणहं।
भोगुवभोगु जहिच्छइ गिहिं निवसंतएहिं, अम्हेहिं करणु न लब्भहिं भवभयसंकियहिं ।।२।।

इय निसुणिऊण कुमरेण दरवियसियकवोलं हसिऊण सुचिरं पसंसिऊण य तव्वयणविन्नासं दवावियतंबोला विसज्जिया सिट्ठिणो विसयप्पहाणा य। तयणंतरं दूयवयणेण भणाविओ पुरिससिंघो, जहा-'कुमारो तुह दंसणुस्सुओ वट्टइ'त्ति। एयमायन्निऊण य पुरिससिंघनरवइणा कुमारस्स आणयणनिमित्तं पेसिया नियपहाणपुरिसा। तदणुरोहेण समागओ कुमारो,

---

यदत्र दापितशुद्धादरैः पणतरुणीगणैः नयनचापप्रमुक्तकटाक्षमार्गणैः।
दिशि दिशि निर्दयघातैः प्रतिदिनं पथिनां ह्रियते हृदयं हताऽऽशैः पथि प्रेक्षमाणैः ।।१।।

विषयदोषदुःखसञ्चयकथनपरायणं धर्ममार्गं दिशन्तं प्रतिदिनं मुनिजनम्।
भोगोपभोगं यथेष्यते गृहे निवसद्भिः अस्माभिः करणं न लभ्यते भवभयशङ्कितैः ।।२।।

इति निश्रुत्य कुमारेण इषद्विकसितकपोलं हसित्वा सुचिरं प्रशंस्य च तद्वचनविन्यासं दापितताम्बूलाः विसर्जिताः श्रेष्ठिनः विषयप्रधानाः च। तदनन्तरं दूतवचनेन भाणितः पुरुषसिंहः यथा 'कुमारः तव दर्शनोत्सुकः वर्तते।' एवमाकर्ण्य च पुरुषसिंहनरपतिना कुमारस्य आनयननिमित्तं प्रेषिताः निजप्रधानपुरुषाः। तदनुरोधेन समागतः कुमारः प्रवेशितः नगरे परमविभूत्या पुरुषसिंहेन, कारितः भोजनम्, समर्पिताः करि-

---

અહીં શુદ્ધ આદર આપતી અને નેત્રરૂપ ધનુષ્યથી છોડેલા કટાક્ષરૂપ બાણોથી, પણાંગનાઓ હતાશ બની માર્ગમાં અવલોકન કરતી તે ચારે દિશામાં પ્રયાણ કરતા પથિકોના હૃદયને પ્રતિદિન હરી લે છે-ઘાયલ કરે છે. (૧) વળી વિષય-દોષરૂપ દુઃખના સંચયનો ઉપદેશ આપવામાં પરાયણ અને પ્રતિદિન ધર્મમાર્ગ બતાવતા એવા મુનિજનો વિદ્યમાન છતાં ભવ-ભયની શંકા કરતા અમે ગૃહસ્થો ભોગોપભોગની જે વાંછા કરીએ છીએ, તેથી કર્ત્તવ્યને પામી શકતા નથી.' (૨)

એ પ્રમાણે સાંભળતાં સ્હેજ કપોલને વિકસાવતાં, જરા હસીને તેમના વાક્છટાની પ્રશંસા કરતાં, તાંબૂલ અપાવીને કુમારે તે શ્રેષ્ઠીઓ તથા દેશના પ્રધાન પુરુષોને વિસર્જન કર્યા. પછી દૂતના વચનથી પુરુષસિંહને કહેવરાવ્યું કે-'કુમાર! તારા દર્શનનિમિત્તે ઉત્સુક થઇને બેઠો છે.' એમ સાંભળતાં પુરુષસિંહે કુમારને બોલાવવા માટે પોતાના પ્રધાનપુરુષો મોકલ્યા, એટલે તેના આગ્રહથી કુમાર આવ્યો. પુરુષસિંહે તેને પરમવિભૂતિપૂર્વક

पवेसिओ नगरंमि परमविभूईए पुरिससीहेण, काराविओ भोयणं, समप्पिया करि-तुरय-संदणा, उवणीयमण्णंपि पभूयं दविणजायं। विन्नत्तो य भालतलघडियकरसंपुडेण तेण-'कुमार! गाढमणुग्गहिओ म्हि तुमए जं नियचरणकमलेहिं पवित्तीकयं मह भवणं। ता कइवयदिणाइं पडिवालेह एत्थेव, पुणोऽवि दुलहं तुम्हेहिं सह दंसणं'ति भणिए वुत्तो कुमारेण-भो नरिंद! अपुव्वो तुह पेम्मपवंचसारो, पियालावो अणण्णविणयववहारो, अच्छेरयभूया पडिवत्ती, मणसावि अचिंतणिज्जं सज्जणत्तणं। ता एरिस तुह गुणगणेण गाढमागरिसियं मम खणद्धेणवि चित्तं। जइ पुण कइवय वासराणि तुमए सद्धिं वसामि नूणं न पहू परवसस्स नियचित्तस्स हवामि, सच्चं च इमं पढिज्जइ-

'अत एव हि नेच्छन्ति, साधवः सत्समागमम्।
यद्वियोगासिलूनस्य, मनसो नास्ति भै(भे?)षजम् ।।१।।'

---

तुरग-स्यन्दनाः, उपनीतमन्यद् अपि प्रभूतं द्रव्यजातम्। विज्ञप्तश्च भालतलघटितकरसम्पुटेन तेन 'कुमार! गाढमनुगृहीतः अहं त्वया यद् निजचरण-कमलाभ्यां पवित्रीकृतं मम भवनम्। तस्मात् कतिपयदिनानि प्रतिपालय अत्रैव, पुनरपि दुर्लभं युष्माभिः सह दर्शनम्' इति भणिते उक्तः कुमारेण 'भोः नरेन्द्रः, अपूर्वः तव प्रेमप्रपञ्चसारः, प्रियाऽऽलापः अनन्यविनयव्यवहारः, आश्चर्यभूताः प्रतिपत्तिः, मनसा अपि अचिन्तनीयं सज्जनत्वम्। तस्माद् एतादृशेन तव गुणगणेन गाढमाकृष्टं मम क्षणार्धेनाऽपि चित्तम्। यदि पुनः कतिपयवासराणि त्वया सह वसामि नूनं न प्रभुः परवशस्य निजचित्तस्य भवामि। सत्यं च इदं पठ्यते -

अत एव हि नेच्छन्ति साधवः सत्समागमम्। यद्वियोगासिलूनस्य, मनसो नास्ति भेषजम् ।।१।।

---

નગરમાં પ્રવેશ કરાવ્યો અને આદરપૂર્વક ભોજન કરાવ્યું. પછી તેણે હાથી, ઘોડા અને રથો તેમજ બીજું પણ ઘણું ધન ભેટ આપ્યું, અને લલાટપર અંજલિ જોડીને વિનંતી કરી કે-'હે કુમાર! તમે પોતાના ચરણ-કમળોથી મારું ભવન જે પવિત્ર કર્યું, તેથી મારા પર મોટી કૃપા કરી. માટે હવે થોડા દિવસો અહીં જ ગુજારો. કારણ કે ફરી તમારું દર્શન દુર્લભ છે.' એમ તેણે કહેતાં કુમાર બોલ્યો કે-'હે નરેંદ્ર! તમારો પ્રેમાનુબંધ અપૂર્વ છે, તમારો પ્રિયાલાપ અસાધારણ વિનયસહિત છે, આદર-સત્કાર તો એક આશ્ચર્યરૂપ જ છે, અને તમારી સજ્જનતા મનથી પણ અચિંતનીય છે, તો આવા તમારા ગુણગણથી એક ક્ષણમાં મારું મન તમે અત્યંત આકર્ષી લીધું છે. હવે જો હું થોડા દિવસ પણ તમારી સાથે રહું, તો મારા મનની પરાધીનતાને પહોંચી ન શકું. વળી આ પણ સત્ય કહ્યું છે કે-

સાધુઓ એટલા માટે જ સત્સમાગમને ઇચ્છતા નથી, કારણ કે તેના વિયોગરૂપ તરવારથી ઘાયલ થયેલ મનનું ઔષધ નથી. (૧)

ताऽणुजाणेसि मं गमणाएत्ति वुत्ते दुस्सहतव्विओगसोगदूमियमणोऽसुधरं हय-गय-रहसमग्गसामग्गीए अणुगच्छिऊण कुमारं वलिओ पुरिससीहो। कुमारोऽवि अक्खंडपयाणगेहिं चलिओ रायगिहनगराभिमुहं। इओ य विस्सनंदिणा नरिंदेण सो नियपुत्तो विसाहनंदी भणिओ-

वच्छ! जहिच्छं वणलच्छिपेच्छणं कुण मयच्छिमज्झगओ।
परिसंकं सक्करस्सवि अवहंतो एत्थ उज्जाणे ।।१।।

एवमायन्निऊण विसाहनंदी कुमारो वड्ढियाणंदसंदोहो पमुक्कनीसेसवावारंतरो अंतेउरसमेओ विचित्तकीलाहिं उज्जाणे संठिओ कीलइत्ति। सो य विस्सभूई अणवरयमागच्छंतो संपत्तो रायगिहे। नियनियठाणे पेसियसामंतसेणावइपमुहपरियरो गाढाणुरागेण य चिरदंसणुक्कंठिआ

---

तस्माद् अनुजानीहि मां गमनाय' इति उक्ते दुःसहतद्वियोगशोकदूनमनाः अश्रुधरः हय-गज-रथसमग्रसामग्र्या अनुगम्य कुमारं वलितः पुरुषसिंहः। कुमारः अपि अखण्डप्रयाणैः चलितः राजगृहनगराऽभिमुखम्। इतश्च विश्वनन्दिना नरेन्द्रेण सः निजपुत्रः विशाखानन्दी भणितः-

वत्स! यथेच्छं वनलक्ष्मीप्रेक्षणं कुरु मृगाक्षीमध्यगतः।
परिशङ्कां शक्रस्यापि अवहन् अत्र उद्याने ।।१।।

एवमाकर्ण्य विशाखानन्दी कुमारः वृद्धानन्दसन्दोहः प्रमुक्तनिःशेषव्यापारान्तरः अन्तःपुरसमेतः विचित्रक्रीडाभिः उद्याने संस्थितः क्रीडति। सः च विश्वभूतिः अनवरतमागच्छन् सम्प्राप्तः राजगृहे। निजनिजस्थाने प्रेषितसामन्त-

---

માટે મને જવાની અનુજ્ઞા આપો.' એમ કહેતાં તેના દુઃસહવિયોગના શોકથી દુઃખી મનવાળા અશ્રુને ધારણ કરતા, કુમારની પાછળ, હાથી ઘોડા અને રથની સામગ્રીથી ચાલતાં, પુરુષસિંહ લાંબા માર્ગથી પાછો વળ્યો. કુમાર પણ અખંડ પ્રયાણથી રાજગૃહ નગર તરફ ચાલવા લાગ્યો.

અહીં વિશ્વનંદી રાજાએ પોતાના વિશાખનંદી કુમારને કહ્યું કે-'હે વત્સ! ઇંદ્રની પણ શંકા લાવ્યા વિના આ ઉદ્યાનમાં રમણીઓના મધ્યમાં રહીને વનલક્ષ્મીનું અવલોકન કર.' એમ સાંભળતાં સમસ્ત અન્યપ્રવૃત્તિને મૂકી, વધતા આનંદ સાથે રમણીઓસહિત વિશાખનંદીકુમાર ઉદ્યાનમાં રહીને વિચિત્ર ક્રીડાઓથી વિલાસ કરવા લાગ્યો.

એવામાં નિરંતર પ્રયાણ કરતાં તે વિશ્વભૂતિકુમાર રાજગૃહ નગરમાં આવી પહોંચ્યો. તેણે સામંત, સેનાપતિપ્રમુખને પોતપોતાના સ્થાને મોકલી દીધા અને ગાઢ અનુરાગને લીધે લાંબા વખતથી જોવાને ઉત્કંઠિત થયેલ કુમાર પ્રથમની

पुव्वप्पवाहेण पुप्फकरंडगुज्जाणे पविसिउमाढत्तो। भणिओ य दुवारदेसट्ठिएण पडिहारेण-'कुमार! न जुत्तं तुम्ह एत्थ पविसिउं, जेण विसाहनंदी अंतेउरसहिओ इह पविट्ठो कीलइ', विस्सभूइकुमारेण भणियं-'भद्द! कइया पविट्ठो?', तेण भणियं-'तुम्ह गमणाणंतरमेव।' एवमायन्निऊण समुप्पन्नतिव्वकोवभरारुणनयणो णिडालतडघडियभिउडिभासुरियवयणो तक्कालुच्छलियसेयबिंदुजलजडिलियसरीरो कुमारो एवं चिंतिउमारद्धो-

पच्चंतकुद्धनरवइवइयरववएसओ धुवं पुव्विं।
उज्जाणओ इमाओ नियबुद्धीए नीणिओ रन्ना ।।१।।

जेण सयं चिय दिट्ठो सो देसो सुत्थगाम-पुर-गोट्ठो।
परचक्क-चोर-अभिमरभयरहिओ धण-कणसमिद्धो ।।२।।

---

सेनापतिप्रमुखपरिजनः गाढाऽनुरागेण च चिरदर्शनोत्कण्ठितः पूर्वप्रवाहेण पुष्पकरण्डकोद्याने प्रवेष्टुमारब्धवान्। भणितश्च द्वारदेशस्थितेन प्रतिहारेण-कुमार! न युक्तं तव अत्र प्रवेष्टुम्, येन विशाखानन्दी अन्तःपुरसहितः अत्र प्रविष्टः क्रीडति। विश्वभूतिकुमारेण भणितं 'भद्र! कदा प्रविष्टः?' तेन भणितं 'तव गमनाऽनन्तरमेव।' एवम् आकर्ण्य समुत्पन्नतीव्रकोपभरारुणनयनः ललाटतट-घटितभृकुटिभासुरितवदनः तत्कालोच्छलितस्वेदबिन्दुजल-जटिलितशरीरः कुमारः एवं चिन्तयितुं आरब्धवान् -

प्रत्यन्तक्रुद्धनरपतिव्यतिकरव्यपदेशतः ध्रुवं पूर्वे।
उद्यानादस्माद् निजबुद्ध्या निर्णीतः राज्ञा ।।१।।

यस्मात् स्वयमेव दृष्टः सः देशः सुस्थग्राम-पुर-गोष्ठः।
परचक्र-चौराऽभिमरभयरहितः धन-कणसमृद्धः ।।२।।

---

રીતે પુષ્પકરંડક ઉદ્યાનમાં પ્રવેશ કરવા લાગ્યો. તેવામાં દ્વારપર રહેલ પ્રતિહારે કહ્યું કે-'હે કુમાર! તમારે અહીં પ્રવેશ કરવો ઉચિત નથી. કારણ કે વિશાખનંદી અહીં અંતેઉર સહિત આવીને વિલાસ કરે છે.' ત્યારે વિશ્વભૂતિકુમાર બોલ્યો કે-'હે ભદ્ર! તે ક્યારે આવીને પેઠો છે?' તેણે કહ્યું કે-'તમે ગયા પછી તરતજ તે આવેલ છે.' એમ સાંભળતાં ભારે કોપથી લોચન રક્ત કરી, લલાટ તટપર ભ્રકુટી ચડાવતાં, ભયંકર મુખવાળો અને તત્કાલ ઉત્પન્ન થતા પસીનાના બિંદુથી વ્યાપ્ત એવો કુમાર આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે-

'પાસેના કોપાયમાન રાજાના વૈરના બહાને રાજાએ પૂર્વે પોતાની બુદ્ધિથી ખરેખર! મને આ ઉદ્યાનમાંથી કાઢ્યો. (૧)

કારણ કે તે દેશ તો ગામ, નગર અને ગોષ્ઠ-પશુસ્થાનથી સ્વસ્થ, ધન, ધાન્યથી સમૃદ્ધ અને શત્રુ, ચોર અને બીજા ઉપદ્રવના ભયરહિત છે, એમ હું સાક્ષાત્ જોઈ આવ્યો. (૨)

ता नूणं नियपुत्तस्स कीलणट्ठं इमंमि उज्जाणे।
अवजसपरिहरणत्थं कवडमिमं विरइयं सव्वं ।।३।।

बाढं अजुत्तमेयं आयरियं निच्छियं नरिंदेण।
न हि विस्सासपरव्वसहिययंमि जणे घडइ माया ।।४।।

एवं खणं निग्गमिऊण तेण समुप्पन्नसमहिगकोवाइरेगेण तज्जिया विसाहनंदिपुरिसा- 'रे रे दुरायारा! मए अपरिचत्तेऽवि उज्जाणे केण तुम्हे पवेसिया?, को वा तुम्ह पुरिसायारो?, कहं वा अविण्णायपरक्कमा एत्थ सच्छंदमभिरमह? मए निहयाणं कत्तो वा तुम्ह परित्ताणं'ति भणिऊण दुव्विसहाभिमाणपरव्वसयाए नियबलदंसणत्थं पहओ निट्ठुरमुट्ठिपहारेण फलभरपणयसाहो पकिट्ठो कविट्ठपायवो। तदभिघाएण य कुलसेलताडियं व थरहरियं

---

तस्माद् नूनं निजपुत्रस्य क्रीडनार्थमस्मिन् उद्याने।
अपयशःपरिहरणार्थं कपटमिदं विरचितं सर्वम् ।।३।।

बाढमयुक्तमेतद् आचरितं निश्चितं नरेन्द्रेण।
न हि विश्वासपरवशहृदये जने घटते माया ।।४।।

एवं क्षणं निर्गम्य तेन समुत्पन्नसमधिककोपाऽतिरेकेण तर्जिताः विशाखानन्दिपुरुषाः 'रे रे दुराचाराः! मया अपरित्यक्तेऽपि उद्याने केन यूयं प्रवेशिताः?, कः वा युष्माकं पुरुषाचारः?, कथं वा अविज्ञातपराक्रमाः अत्र स्वच्छन्दम् अभिरमध्वम्? मया निहतानां कुत्र वा युष्माकं परित्राणम्', इति भणित्वा दुर्विसहाऽभिमानपरवशतया निजबलदर्शनार्थं प्रहतः निष्ठुरमुष्टिप्रहारेण फलभरप्रणतशाखः प्रकृष्टः कपित्थपादपः। तदभिघातेन च कुलशैलताडितम् इव कम्पितं मेदिनीपृष्ठम्, त्रुटितनिबिडबन्धनानि निपतितानि सकलफलानि

---

તેથી પોતાના પુત્રને આ ઉદ્યાનમાં વિલાસ કરવા નિમિત્તે, અપયશના પરિહાર માટે, આ બધી ખરેખર કપટ-રચના જ કરવામાં આવી છે. (૩)

રાજાએ નિશ્ચય આ બહુ અયુક્ત કર્યું. કારણ કે વિશ્વાસુ જનપ્રત્યે માયા કરવી યોગ્ય નથી.' (૪)

એમ ક્ષણવાર વીતાવી ભારે કોપનો વેગ ઉત્પન્ન થતાં તેણે વિશાખનંદીના પુરુષોની તર્જના કરતાં જણાવ્યું કે-'અરે! દુરાચારીઓ! મેં ત્યાગ ન કર્યા છતાં તમે ઉદ્યાનમાં શા માટે પેઠા? તમારી તાકાત શી છે? મારા પરાક્રમને ન જાણતા એવા તમે અહીં સ્વચ્છંદતાથી કેમ રમો છો ? મારા હાથે પરાભવ પામતાં તમારું રક્ષણ કોણ કરશે?' એમ બોલતાં દુઃસહ અભિમાનની પરવશતાથી પોતાનું બળ દેખાડવા નિમિત્તે મજબૂત મુષ્ટિપ્રહારથી, ફળોના ભારે લચી રહેલા શાખાવાળા અને મોટો એક કોઠાના વૃક્ષને મુઠ્ઠી મારી. તે પ્રહારથી જાણે કુલપર્વતથી મરાયુ હોય તેમ મહીપૃષ્ઠ કાંપી રહ્યું અને નિબિડબંધનો તૂટતાં તેનાં બધાં ફળો નીચે પડી ગયાં. તે વિશાખનંદીના પુરુષોને

मेइणीवट्ठं तुट्टनिबिडबंधणाइं निवडियाइं सयलफलाइं दंसियाणि य विसाहनंदिपुरिसाणं। सगव्वं भणिया य-'रे रे पुरिसाहमा! जह एयाणि पाडियाणि तहा पाडेमि तुम्ह मुंडाणि, अवणेमि दुव्विणयसीलयं, विहाडेमि उज्जाणरमणकोऊहलं, केवलं लज्जेमि तायस्स, बीहेमि नियकुलकलंकस्स, विचिकिच्छेमि लोयाववायस्स'त्ति भणिऊण उवसंततिव्वकोहावेगो संवेगमग्गमुवगओ एवं चिंतिउमाढत्तो-

विसयपरव्वसहियया हीलं किं किं जणा न पेच्छंति।
कत्थ व न दुक्करंमिवि ववसाए संपयट्टंति? ।।१।।

को वा न आवयावत्तवट्टिया तिक्खदुक्खरिंछोली।
दंभोलिनिव्विसेसा अतक्किया निवडइ सिरंमि ।।२।।

---

दर्शितानि च विशाखानन्दिपुरुषाणाम्। सगर्वं भणिताः च 'रे रे पुरुषाधमाः! यथा एतानि पातितानि तथा पातयामि युष्माकं मुण्डानि, अपनयामि दुर्विनयशीलम्, विघटयामि उद्यानरमणकौतूहलम्, केवलं लजे तातेन, बिभेमि निजकुलकलङ्केन, शङ्के लोकाऽपवादम्' इति भणित्वा उपशान्ततीव्रक्रोधावेगः संवेगमार्गम् उपगतः एवं चिन्तयितुमारब्धवान् -

विषयपरवशहृदयाः हीलां किं किं जनाः न प्रेक्षन्ते।
कुत्र वा न दुष्करेऽपि व्यवसाये सम्प्रवर्तन्ते? ।।१।।

काः वा न आपदाऽऽवर्तवर्तिताः तीक्ष्णदुःखपङ्क्तयः।
दम्भोलीनिर्विशेषाः अतर्किताः निपतन्ति शिरसि ।।२।।

---

ગર્વસહિત બતાવતાં કુમારે કહ્યું કે-'અરે! પુરુષાધમો! જેમ આ ફળો પાડ્યાં, તેમ તમારાં શિર પાડી નાખું અને તમારા દુર્વિનયને દૂર કરું, તેમજ ઉદ્યાનમાં રમવાના તમારા કુતૂહલનો નાશ કરું, પરંતુ એક તાતની લજ્જા નડે છે, પોતાના કુળના કલંકથી ભય લાગે છે તથા લોકનિંદા થાય તેવું છે.' એમ કહી તીવ્ર કોપનો વેગ શાંત થતાં, સંવેગનો રંગ પામતાં, વિશ્વભૂતિ વિચારવા લાગ્યો કે-

'વિષયને પરવશ થયેલા લોકો શું શું પરાભવ પામતા નથી? અથવા કયા દુષ્કર વ્યવસાયમાં પણ પ્રવર્ત્તતા નથી? (૧)

તેમ ઇંદ્રના વજ્ર સમાન, આપદાઓના આવર્તથી વ્યાપ્ત એવાં તીક્ષ્ણ દુઃખોની શ્રેણીઓ અણધારી કોના શિરે પડતાં નથી? (૨)

तुच्छोवि विबुहजणनिंदिओऽवि को वा विमुक्कमज्जाओ।
न करेज्जा दुव्विणयं विसयपसत्ताण सत्ताणं ।।३।।

विसयाणं पुण निव्विग्घकारणं निच्छयं मयच्छीओ।
विहिणा पावेण विणिम्मियाउ नणु केण कज्जेणं? ।।४।।

नूणं न दुग्गदुग्गइपडणदुहाइं कयावि सुमिणेऽवि।
पेच्छेज्जा मणुयजणो जइ जुवइपरंमुहो होज्जा ।।५।।

पासव्व करिवराणं हरिणाण व वागुराविसमबंधो।
पंजरमिव विहगाणं पईवकलियव्व सलभाणं ।।६।।

---

तुच्छः अपि विबुधजननिन्दितः अपि कः वा विमुक्तमर्यादः।
न कुर्याद् दुर्विनयं विषयप्रसक्तानां सत्त्वानाम् ।।३।।

विषयाणां पुनः निर्विघ्नकारणं निश्चयं मृगाक्ष्यः।
विधिना पापेन विनिर्मिताः ननु केन कार्येण? ।।४।।

नूनं न दुर्गदुर्गतिपतनदुःखानि कदाऽपि स्वप्नेऽपि।
प्रेक्षेत मनुजजनः यदि युवतीपराङ्मुखः भवेत् ।।५।।

पाशः इव करिवराणां हरिणाणाम् इव वागुराविषमबन्धः।
पञ्जरम् इव विहगानां प्रदीपकलिका इव शलभानाम् ।।६।।

---

પંડિતોમાં નિંદિત છતાં અને મર્યાદારહિત છતાં એવો કયો તુચ્છ માણસ પણ વિષયાસક્ત જનોનો દુર્વિનય ન કરે? અર્થાત્ તેવો હલકટ જન પણ તેમનો અનાદર કર્યા વિના ન રહે. (૩)

વળી મૃગાક્ષી-કામિનીઓ, એ વિષયોના નિશ્ચય નિર્વિઘ્ન કારણરૂપ છે. પાપી વિધાતાએ એ અંગનાઓને શા માટે ઉત્પન્ન કરી હશે? (૪)

મનુષ્ય જો યુવતીજનથી વિમુખ હોય, તો દુષ્પ્રાપ્ય દુર્ગતિનાં દુઃખો તે સ્વપ્નમાં પણ ક્યારેય જોઇ ન શકે. (૫)

હસ્તીઓના પાશ સમાન, હરિણોને વિષમબંધનરૂપ જાળ સમાન, પક્ષીઓને પાંજરાતુલ્ય, પતંગોને દીપકની શિખાતુલ્ય તથા મત્સ્યોને જાળ સમાન એવું આ મહિલારૂપ મોટું યંત્ર, સ્વેચ્છાએ સુખ ભોગવતા લોકો માટે અહા!

मीणाणं जालंपिव जणाण सेच्छापयारसुहियाणं।
अहह विसमं महंतं महिलाजंतं कयं विहिणा ।।७।। जुम्मं।

अविय-नवमालइपरिमलमंसलोवि नवसुरहिकुसुमवरगंधो।
किं कुणइ तेसि जेसिं मणंमि नो वसइ हरिणच्छी ।।८।।

अइरेगुद्दीवियवम्महोऽवि निम्महियसयललोओऽवि।
जुवईविरत्तचित्तं नो चालइ मलयपवणोऽवि ।।९।।

सरयनिसायरकिरणुज्जलावि नो कोमुई मणागंपि।
दावेज्ज वियारं पंचवाणबलदलणधीराणं ।।१०।।

---

मीनानां जालमिव जनानां स्वेच्छाप्रचारसुखिनाम्।
अहह! विषमं महद् महिलायन्त्रं कृतं विधिना ।।७।। युग्मम्।

अपि च - नवमालतीपरिमलमांसलः अपि नवसुरभिकुसुमवरगन्धः।
किं करोति तेषां येषां मनसि नो वसति हरिणाक्षिः ।।८।।

अतिरेकोद्दीपितमन्मथः अपि निर्मथितसकललोकः अपि।
युवतीविरक्तचित्तं नो चालयति मलयपवनः अपि ।।९।।

शरदनिशाकरकिरणोज्ज्वलाऽपि नो कौमुदी मनाग् अपि।
दापयेद् विकारं पञ्चबाणबलदलनधीराणाम् ।।१०।।

---

વિધાતાએ બનાવેલ છે (૬/૭)

અને વળી જેમના મનમાં હરિણાક્ષીનો વાસ નથી, તેમને નવમાલતીના પરિમલથી પુષ્ટ, તાજા ફૂલની સુગંધ પણ શું કરી શકે તેમ છે? (૮)

સકલ લોકોને સતાવનાર તથા મન્મથને અત્યંત જગાડનાર એવો મલયાચલનો પવન પણ યુવતી-વિરક્તજનને કદી ચલાયમાન ન જ કરી શકે. (૯)

તેમજ શરદ ઋતુના ચંદ્રકિરણોથી ઉજ્જ્વળ એવી ચાંદની કામના બળને દળવામાં ધીર એવા પુરુષોને લેશ પણ વિકાર ઉપજાવી શકે નહિ. (૧૦)

जोव्वणतिमिरच्छाइयविवेयनयणो पुरा गिहे वसिओ।
अहह! कहं दुट्ठमई निरत्थयं एत्तियं कालं? ।।११।।

अहवा किमइक्कंतत्थसोयणेणं निरत्थएणं मे।
अज्जवि किंपि न नट्ठं करेमि सद्धम्मकम्ममहं ।।१२।।

एवं च गरुयसंवेगावन्नमाणसो सव्वहा पवड्ढमाणविसयविरागो निच्छियसंसारासारत्तो गओ **संभूइसूरि**स्स पासे, जो य केरिसो?-

अइपसत्थगुणरयणसायरो, तेयरासिना व दिवायरो।
सोमयाए संपुन्नचंदओ, जो विसुद्धसुहवेल्लिकंदओ ।।१।।

---

यौवनतिमिराऽऽच्छादितविवेकनयनः पुरा गृहे उषितवान्।
अहह! कथं दुष्टमतिः निरर्थकम् एतावत् कालम्? ।।११।।

अथवा किमतिक्रान्ताऽर्थशोचनेन निरर्थकेन मम?।
अद्यापि किमपि न नष्टं करोमि सद्धर्मकर्म अहम् ।।१२।।

एवं च गुरुसंवेगमापन्नमानसः सर्वथा प्रवर्धमानविषयविरागः निश्चितसंसारासारत्वः गतः **सम्भूतिसूरेः** पार्श्वे, यश्च कीदृशः? -

अतिप्रशस्तगुणरत्नसागरः तेजोराशिना इव दिवाकरः।
सौम्यतया सम्पूर्णचन्द्रः, यः विशुद्धसुखवल्लीकन्दः ।।१।।

---

યૌવનરૂપ અંધકારથી વિવેક-લોચન આચ્છાદિત થતાં અહા! હું દુષ્ટમતિ આટલો કાલ પૂર્વે, નિરર્થક ગૃહાવાસમાં શું કરવા રહ્યો? (૧૧)

અથવા તો ગઇ વસ્તુનો મારે નિરર્થક શોક શો કરવો? હજી પણ કાંઈ બગડ્યું નથી, માટે હું ધર્મ-કર્મમાં તત્પર થાઉં.' (૧૨)

એ પ્રમાણે અંતરમાં મહાસંવેગ પ્રગટ થતાં, સર્વથા વિષયવિરાગ વધતાં અને સંસારની અસારતાનો નિશ્ચય થતાં તે વિશ્વભૂતિકુમાર **સંભૂતિસૂરિ**ની પાસે ગયો, કે જે

અતિપ્રશસ્ત ગુણ-રત્નોના સાગર, તેજસમૂહથી સૂર્યતુલ્ય, સૌમ્ય-ગુણથી સંપૂર્ણ ચંદ્રમા સમાન, વિશુદ્ધ-સુખની વેલડીના મૂળતુલ્ય, (૧)

मेरुसेलसिहरव्व निच्चलो, संघकज्जभरवहणपच्चलो।
सुरनरिंदपणिवयसासणो, दुट्ठकामतमपडलणासणो ।।२।।

तवऽग्गिदड्ढपावओ विसुद्धभावभावओ, सया तिगुत्तिगुत्तओ पसत्थलेसजुत्तओ।
पयंडदंडवज्जिओ जिणिंदमग्गरंजिओ, पणट्ठमाण-कोहओ विणीयमाय-मोहओ ।।३।।

जणाण बोहकारओ कुतित्थिदप्पदारओ, अपुव्वकप्परुक्खओ पणट्ठसत्तुपक्खओ।
मुणिंदविंदवंदिओ असेसलोयनंदिओ, अणेगछिन्नसंसओ पणट्ठसव्वदोसओ ।।४।।

तस्स एवंविहस्स गुरुणो पलोयणेण समत्थतित्थदंसणपुयपावं पिवऽप्पाणं मण्णमाणो सव्वायरेण पणमिऊण चरणकमलं उवविट्ठो सन्निहियभूमिभागे गुरुणाऽवि पारद्धा महुमहणापूरियपंचयण्णरवाणुकारिणा सरेण धम्मदेसणा। जहा-

---

मेरुशैलशिखरः इव निश्चलः, सङ्घकार्यभारवहनप्रत्यलः।
सुरनरेन्द्रप्रणिपातशासनः दुष्टकामतमोपटलनाशकः ।।२।।

तपोऽग्निदग्धपापः विशुद्धभावभावकः सदा त्रिगुप्तिगुप्तः प्रशस्तलेश्यासंयुतः।
प्रचण्डदण्डवर्जितः जिनेन्द्रमार्गरञ्जितः प्रणष्टमान-क्रोधः विनीतमाया-मोहः ।।३।।

जनानां बोधकारकः कुतीर्थिदर्पदारकः, अपूर्वकल्पवृक्षः प्रणष्टशत्रुपक्षः।
मुनीन्द्रवृन्दवन्दितः अशेषलोकनन्दितः, अनेकछिन्नसंशयः प्रणष्टसर्वदोषः ।।४।।

तस्य एवंविधस्य गुरोः प्रलोकनेन समस्त तीर्थदर्शनपूतपापमिव आत्मानं मन्यमानः सर्वाऽऽदरेण प्रणम्य चरणकमलमुपविष्टः सन्निहितभूमिभागे। गुरुणा अपि प्रारब्धा मधुमथनाऽऽपूरितपाञ्चजन्यरवाऽनुकारिणा स्वरेण धर्मदेशना। यथा -

---

મેરૂપર્વતના શિખર સમાન નિશ્ચલ, સંઘના કાર્યો કરવાને સમર્થ, દેવો અને નરેંદ્રો જેની આજ્ઞાને નમે છે, દુષ્ટ કામરૂપ તમ-પડલનો નાશ કરનાર, (૨)

તપરૂપ અગ્નિથી પાપને બાળનાર, વિશુદ્ધ ભાવનાયુક્ત, સદા ત્રિગુપ્તિએ ગુપ્ત, શુભ લેશ્યાસહિત, પ્રચંડ ત્રિદંડથી વર્જિત, જિનેંદ્રના માર્ગમાં ઉત્કંઠિત, ક્રોધ, માન, માયા અને મોહને પરાસ્ત કરનાર, (૩)

ભવ્યજનોને બોધ આપનાર, કુતીર્થીઓના દર્પને છેદનાર, અપૂર્વ કલ્પવૃક્ષ સમાન, શત્રુપક્ષ જેમનો નષ્ટ થયો છે અનેક મુનિવરોથી વંદિત, સમસ્ત લોકોને આનંદ પમાડનાર, અનેક સંશયોને છેદનાર અને સર્વ દોષથી મુક્ત (૪)

એવા ગુરુ મહારાજને જોતાં, જાણે સમસ્ત તીર્થોના દર્શનથી પવિત્ર થયેલ હોય તેવા પોતાના આત્માને માનતો કુમાર સર્વ આદરપૂર્વક ચરણ-કમળને વંદન કરીને તે પાસેના ભૂમિભાગ પર બેઠો. એટલે ગુરુએ પણ કૃષ્ણે વગાડેલ શંખના ધ્વનિસમાન ગંભીર ઘોષથી ધર્મદેશના આ પ્રમાણે શરૂ કરી.-

संसाररुंदरंगे सइलूसेहिं व चित्तरूवेहिं।
सो नत्थि किर पएसो जीवेहिं न नच्चियं जत्थ ।।१।।

चउगइजलपडलाउलभवण्णवेऽणेगसो करेंतेहिं।
दुहिएहिं मज्जणुम्मज्जणाइं कुम्मेहि व कहिंपि ।।२।।

आरियखेत्तुप्पत्ती नो पाविज्जइ पभूयकालेऽवि।
तीएवि हु पत्ताए कहिंचि कम्मक्खओवसमा ।।३।।

धम्मत्थकामसाहणकारणमेगंतियं न मणुयत्तं।
पावंति पावविहया भममाणा विविहजोणीसु ।।४।।

---

संसारविस्तीर्णरङ्गे शैलूषैः इव चित्ररूपैः।
सः नास्ति किल प्रदेशः जीवैः न नर्तितं यत्र ।।१।।

चतुर्गतिजलपटलाऽऽकुलभवार्णवे अनेकशः कुर्वद्भिः।
दुःखितैः मज्जनोन्मज्जनानि कूर्मैः इव कथमपि ।।२।।

आर्यक्षेत्रोत्पत्तिः न प्राप्यते प्रभूतकालेऽपि।
तस्यामपि प्राप्तायां कथमपि कर्मक्षयोपशमतः ।।३।।

धर्माऽर्थ-कामसाधनकारणमेकान्तिकं न मनुजत्वम्।
प्राप्नुवन्ति पापविहताः भ्रममाणाः विविधयोनिषु ।।४।।

---

'સંસારરૂપ વિશાળ રંગભૂમિમાં એવો કોઇ પ્રદેશ નથી, કે જ્યાં જીવો નર્તકની જેમ વિવિધરૂપે નાચ્યા ન હોય. (૧)

ચાર ગતિરૂપ જળ-પડલથી વ્યાપ્ત એવા ભવસાગરમાં ક્યાં પણ દુઃખાકુલ થઇને મજ્જન-ઉન્મજ્જન કરતાં કાચબાઓની જેમ લાંબો વખત નીકળી જતાં પણ પ્રાણીઓ આર્યક્ષેત્રની ઉત્પત્તિને પામતા નથી; તે પણ કદાચ કર્મના ક્ષયોપશમથી પામ્યા છતાં વિવિધ યોનિઓમાં ભ્રમણ કરતાં અને પાપથી પ્રતિઘાત પામેલા જીવો, ધર્મ, અર્થ અને કામ સાધવામાં એકાંતિક કારણરૂપ એવા મનુષ્યત્વને પામી શકતા નથી. (૨/૩/૪)

लद्धेऽवि तत्थ जर-कास-सास-कंडूपमोक्खदुक्खेहिं।
निहयाण धम्मकम्मुज्जमोऽवि दूरेण वच्चेज्जा ।।५।।

नीरोगत्ते पत्तेऽवि रुद्ददारिद्दविद्दुयसरीरा।
उदरभरणत्थवाउलचित्ता वोलिंति नियजीवं ।।६।।

इस्सरिएऽविहु बहुदविणवद्धणारद्धविविहवावारा।
लोभेण भोयणंपिहु काउं न तरंति वेलाए ।।७।।

संतोसेणवि मिच्छत्तपंकपसरेण मइलमइविभवा।
सव्वण्णुमयं सम्मं सुयंति नेवावबुज्झंति ।।८।।

---

लब्धेऽपि तत्र ज्वर-काश-श्वास-कन्डूप्रमुखदुःखैः।
निहतानां धर्म-कर्मोद्यमः अपि दूरेण व्रजति ।।५।।

निरोगत्वे प्राप्तेऽपि रौद्रदारिद्र्यविद्रुतशरीराः।
उदरभरणाऽर्थव्याकुलचित्ताः अतिक्रमन्ते निजजीवम् ।।६।।

ऐश्वर्येऽपि खलु बहुद्रविणवर्धनाऽऽरब्धविविधव्यापाराः।
लोभेन भोजनमपि खलु कर्तुं न शक्नुवन्ति वेलायाम् ।।७।।

सन्तोषेण अपि मिथ्यात्वपङ्कप्रसरेण मलिनमतिविभवाः।
सर्वज्ञमतं सम्यक् श्रुण्वन्ति नैवाऽवबुध्यन्ति ।।८।।

---

તે પામ્યા છતાં જરા (કે તાવ), શ્વાસ, કાસ-ખાંસી, કંડૂ-ખસ પ્રમુખ દુઃખોથી પરાભવ પામતાં તેઓ ધર્મ-કર્મનો ઉદ્યમ પણ કરી શકતા નથી. (૫)

કદાચ આરોગ્ય પ્રાપ્ત થતાં પણ અત્યંત દારિદ્રયથી દુઃખિત થતાં પોતાનું કેવળ પેટ ભરવામાં વ્યાકુળ થઇને તેઓ પોતાના જીવિતને વીતાવે છે. (૬)

તેમ છતાં કદાચ ઐશ્વર્ય પામતાં પણ બહુ ધન વધારવાને વિવિધ વ્યાપારો વધારી, લોભને લીધે તેઓ અવસરે ભોજન કરવાને પણ અસમર્થ બને છે. (૭)

કદાચ સંતોષવૃત્તિ પ્રાપ્ત થતાં પણ મિથ્યાત્વ-પંકના પ્રસરવાથી મતિ મલિન બનતાં સર્વજ્ઞ-મતને સાંભળે છે, પરંતુ તેઓ પ્રતિબોધ પામતા નથી. (૮)

सव्वण्णुधम्मबोहे जाएऽवि हु कम्मपरिणइवसेणं।
नीसेसगुणावासो गुरूवि न कहिंपि संपडइ ।।९।।

लद्धेऽवि गुरुंमि समत्थवत्थुवित्थारपयडणपईवे।
सिद्धिपुरपरमपयवी न पयट्टइ तहवि विरइमई ।।१०।।

तीएवि तिक्खबहुदुक्खलक्खनिरवेक्खकारणं पावो।
पसरंतो न पमाओ खलिउं तीरेइ वणकरिव्व ।।११।।

इय उत्तरोत्तरमहप्पबंधहेउप्पसाहणिज्जंमि।
मोक्खसुहे धण्णाणं केसिंपि मणो समुल्लसइ ।।१२।।

---

सर्वज्ञधर्मबोधे जातेऽपि खलु कर्मपरिणतिवशेन।
निःशेषगुणाऽऽवासः गुरुः अपि न कथमपि सम्प्राप्नोति ।।९।।

लब्धेऽपि गुरौ समस्तवस्तुविस्तारप्रकटनप्रदीपे।
सिद्धिपुरपरमपदवी न प्रवर्तते तथापि विरतिमतिः ।।१०।।

तयाऽपि तीक्ष्णबहुदुःखलक्षनिरपेक्षकारणं पापः।
प्रसरन् न प्रमादः स्खलितुं शक्यते वनकरिः इव ।।११।।

इति उत्तरोत्तरमहाप्रबन्धहेतुप्रसाधनीये।
मोक्षसुखे धन्यानां केषां अपि मनः समुल्लसति ।।१२।।

---

વળી સર્વજ્ઞધર્મનો બોધ થવા છતા કર્મપરિણતિના કારણે સમસ્ત ગુણોના આવાસરૂપ એવા ગુરુ કદાપિ સાંપડતા નથી. (૯)

કદાચ સમસ્ત વસ્તુ-વિસ્તારને પ્રગટ રીતે જણાવવામાં દીપક સમાન એવા ગુરુ પ્રાપ્ત થયા છતાં મોક્ષ-નગરને માટે એક પરમપદવી સમાન એવી વિરતિની મતિ જાગ્રત થતી નથી. (૧૦)

કદાચ વિરતિના પરિણામ વડે પણ ઘણાં જ તીવ્ર દુઃખોના એક અસાધારણ કારણરૂપ ફેલાતો પાપી પ્રમાદ વનહસ્તીની જેમ પ્રમાદ તજવો મુશ્કેલ થઇ પડે છે. (૧૧)

એમ ઉત્તરોત્તર અનેક નિમિત્તો વડે મેળવી શકાય એવા મોક્ષસુખમાં તો કોઇ ધન્ય પુરુષોનું મન જ વિકસિત થાય છે. (૧૨)

अन्नेसिं एवंविहसमग्गसामग्गिसंभवेऽवि मई।
उप्पज्जइ संसारियसुहेसु विरसावसाणेसु ।।१३।।

को वाऽविहु सलहेज्जा को वा नामंपि तेसिं गिण्हेज्जा।
जे भोगामिसगिद्धा रमंति इह सारमेयव्व ।।१४।।

अविय-जोव्वणपडलच्छाइयविवेयनयणा मुणंति तरुणीण।
केसेसुं कुडिलत्तं न उणो तासिं चिय मणंमि ।।१५।।

बहुहारावुद्दामं उब्भडनासं सुदीहरच्छं च।
पवियंभियसत्तिलयं नियंति वयणं न उण नरयं ।।१६।।

---

अन्येषामेवंविधसमग्रसामग्रीसम्भवेऽपि मतिः।
उत्पद्यते संसारीसुखेषु विरसाऽवसानेषु ।।१३।।

कः वा अपि खलु श्लाघेत कः वा नाम अपि तेषां गृह्णीयात्।
ये भोगाऽऽमिषगृद्धाः रमन्ते अत्र सारमेयः इव ।।१४।।

अपि च - यौवनपटलाऽऽच्छादितविवेकनयनाः जानन्तिः तरुणीनाम्।
केशेषु कुटिलत्वं न पुनः तासां एव मनसि ।।१५।।

बहुधा आरावोद्दाममुद्भटनासं सुदीर्घाऽक्षं च।
पविजृम्भितसतिलकं पश्यन्ति वदनं न पुनः नरकम् ।।१६।।

---

બીજાઓને તો એવા પ્રકારની સમગ્ર સામગ્રી પ્રાપ્ત થયા છતાં પ્રાંતે વિરસ એવાં સાંસારિક સુખોમાં મતિ મુંઝાઇ રહે છે. (૧૩)

વિષયરૂપ માંસમાં આસક્ત થયેલા જેઓ કૂતરાની જેમ સંસારમાં રત છે, તેવા લોકોની પ્રશંસા પણ કોણ કરે? અને તેનું નામ પણ કોણ લે? (૧૪)

અને વળી યૌવનના પડલથી જેમના લોચન આચ્છાદિત થયાં છે એવા પુરુષો, તરુણીઓના કેશોમાં રહેલ કુટિલતાને જાણે છે, પરંતુ તેમના મનની વક્રતાને જાણતા નથી. (૧૫)

તેમજ કેટલાક જનો, બહુધા વચનવડે ઉદ્દામ, નાસિકાવડે ઉત્કટ, દીર્ઘલોચનયુક્ત અને આસક્તિમાં ઉત્કંઠિત એવા તરુણી-ગણના મુખને જુવે છે, પરંતુ ભાવિ નરકને જોઇ શકતા નથી. (૧૬)

परिणाहसालिवित्तंसि थणेसुं न धम्मबुद्धिसु नियंति।
पेहंति तणुयमुयरं साणंदा न उण नियआउं ।।१७।।

सुरमणुयगईपरिहंपि सुंदरं भुयजुयं पसंसंति।
जंघोरुजुयं अइअसुइयंपि उवमिंति रंभाए ।।१८।।

इय भो देवाणुप्पिय! विप्पियहेउंपि जुवइजणदेहं।
मणमोहणवम्महचुण्णपुण्णचित्ता अभिलसंति ।।१९।।

तेच्चिय पमाणमवलंबिऊण भोगेसु को पयट्टेज्जा?।
कुपहपवण्णो किं होज्ज कोइ कुसलाणुसरणिज्जो? ।।२०।।

---

विस्तारशालीवृत्तौ स्तनौ न धर्मबुद्धिषु पश्यन्ति।
प्रेक्षन्ते तनुकमुदरं सानन्दा न पुनः निजायुः ।।१७।।

सुरमनुजगतिपरिघमपि सुन्दरं भुजयुगं प्रशंसन्ति।
जङ्घोरुयुगमत्यशुचिकमपि उपमिन्वन्ति रम्भया ।।१८।।

इति भोः देवानुप्रिय! विप्रियहेतुमपि युवतीजनदेहम्।
मनमोहनमन्मथचूर्णपूर्णचित्ताः अभिलषन्ति ।।१९।।

तद् (देहं) एव प्रमाणमवलम्ब्य भोगेषु कः प्रवर्तेत?।
कुपथप्रपन्नः किं भवेत् कः अपि कुशलाऽनुसरणीयः? ।।२०।।

---

વળી કેટલાક પુરુષો વિસ્તીર્ણ અને ગોળ એવા તેમના સ્તનને જોઇ રાજી થાય છે, પણ ધર્મ-બુદ્ધિમાં દૃષ્ટિ કરતા નથી, તેમના કૃશ ઉદરને આનંદપૂર્વક નીહાળે છે, પરંતુ પોતાના આયુષ્યની અલ્પતાને જોતા નથી. (૧૭)

દેવ અને મનુષ્યગતિ અટકાવવામાં પરિઘા-ભુંગળ સમાન તેમના સુંદર બે હાથને ઘણા વખાણે છે. તેમ જંઘા અને બે સાથળ અતિઅશુચિ છતાં કદલીના સ્તંભ સાથે તેને સરખાવે છે. (૧૮)

હે દેવાનુપ્રિય! એ પ્રમાણે યુવતીજનોનો દેહ, અપ્રિય-દુઃખના હેતુરૂપ છતાં મનને મોહ પમાડનાર કામદેવથી જેમના હૃદય એકદમ ઘાયલ થઇ ગયાં છે એવા પુરુષો તેની અભિલાષા કરે છે. (૧૯)

તેવા તે શરીરને પ્રમાણરૂપ = સુખકારી માનીને ભોગોમાં કોણ પ્રવર્ત્તે? કારણ કે કુશળ જનને અનુસરનાર શું ક્યારેય કુપથગામી થાય? (૨૦)

नवजोव्वणोऽवि निप्पडिसरूवकलिओऽवि लच्छिनिलओऽवि।
पवरविलासीवि तुमं भद्द! धुवं धम्मजोग्गोऽसि ।।२१।।

तेणेवंविहपवरोवएसरयणाइं तुज्झ दिज्जंति।
न कयावि पुण्णरहिया चिंतामणिलाभमरिहंति ।।२२।।

इय भणियंमि गुरूहिं समहिगसंजायधम्मपरिणामो।
भत्तिभरनिब्भरंगो कुमरो भणिउं समाढत्तो ।।२३।।

भयवं! सव्वमसेसं कहियं तुम्हेहि सिवसुहकएणं।
ता सम्मं पव्वज्जं निरवज्जं देहमह इण्हिं ।।२४।।

---

नवयौवनः अपि निष्प्रतिस्वरूपकलितः अपि लक्ष्मीनिलयः अपि।
प्रवरविलासी अपि त्वं भद्र! ध्रुवं धर्मयोग्यः असि ।।२१।।

तेन एवंविधप्रवरोपदेशरत्नानि तुभ्यं दीयन्ते।
न कदापि पुण्यरहिताः चिन्तामणिलाभमर्हन्ति ।।२२।।

इति भणिते गुरुभिः समधिकसञ्जातधर्मपरिणामः।
भक्तिभरनिर्भराङ्गः कुमारः भणितुं समारब्धवान् ।।२३।।

भगवन्! सर्वमशेषं कथितं युष्माभिः शिवसुखकृते।
तस्मात् सम्यक् प्रव्रज्यां निरवद्यां देहि अथ इदानीम् ।।२४।।

---

માટે હે ભદ્ર! તું નવયૌવન છતાં, અપ્રતિમ રૂપશાળી છતાં, લક્ષ્મીનું સ્થાન છતાં અને અત્યંત વિલાસી છતાં અવશ્ય ધર્મને યોગ્ય છે. (૨૧)

તેથી તને આવા પ્રકારના ઉપદેશરૂપ રત્નો આપવામાં આવે છે; કારણ કે પુણ્યરહિત જનો ચિંતામણિ રત્નને યોગ્ય કદી પણ ન હોઇ શકે.' (૨૨)

એ પ્રમાણે ગુરુએ ઉપદેશ સંભળાવતાં ધર્મપરિણામ અધિકાધિક વૃદ્ધિ પામવાથી ભક્તિના સમૂહથી ભરાયેલ શરીરવાળો કુમાર કહેવા લાગ્યો કે-'હે ભગવન્! તમે જે કહ્યું, તે બધું મોક્ષસુખના કારણરૂપજ છે, માટે હવે મને અત્યારે જ નિરવદ્ય દીક્ષા આપો.' (૨૩/૨૪)

एवं च भणिए सो गुरुणा समुज्झियरयणाभरणो अंगीकयगुरुचरणसरणो सिद्धंतभणियविहाणेण गाहिओ जिणिंददिक्खं सिक्खविओ पइदिणं कायव्वकलावं, जाणाविओ सिवसुहनिबंधणं संजमधणं, पाढिओ सामाइयपमुहं सुत्तंति।

इओ य कुमारपव्वज्जासवणवज्जासणिताडणुप्पण्णपरमसोगो अंतेउरसमेओ समं जुवराएण समागओ विस्सनंदी। सविणयं सूरिं वंदिऊण पणमिओ अणेण विस्सभूई साहू। भणिओ य सोपालंभं सप्पणयं च एसो-'पुत्त! किं जुत्तमेयं पवरकुलुप्पन्नाणं तुम्हारिसाणं? अनिवेइऊण नियवुत्तंतं जमेवंविहं दुक्करं साहुकिरियं पडिवण्णोऽसि। ता वच्छ! साहेसु को तुज्झ चित्तनिव्वेयहेऊ? किं वा अम्ह दूसणं पडिवण्णो? केण वा तुम्ह वयणं पडिकूलियं? किमेवं एक्कपएच्चिय अदक्खिणत्तणमब्भुवगओऽसि? हवउ वा सेसजंपणेण, तुमं विणा कस्सेयाणिं अम्हे सकज्जं साहिमो? विसमावयानिवडियाणं को वा आलंबणं?, ता

---

एवं च भणिते सः गुरुणा समुज्झितरत्नाऽऽभरणः अङ्गीकृतगुरुचरणशरणः सिद्धान्तभणितविधानेन ग्राहीतः जिनेन्द्रदीक्षाम्, शिक्षापितः प्रतिदिनं कर्तव्यकलापम्, ज्ञापितः शिवसुखनिबन्धनं संयमधनम्, पाठितः सामायिकप्रमुखं सूत्रम् इति।

अत्र च कुमारप्रव्रज्याश्रवणवज्राऽशनिताडनोत्पन्नपरमशोकः अन्तःपुरसमेतः समं युवराजेन समागतः विश्वनन्दी। सविनयं सूरिं वन्दित्वा प्रणतः अनेन विश्वभूतिः साधुः। भणितश्च सोपालम्भं सप्रणयं च एषः 'पुत्र! किं युक्तम् एतत् प्रवरकुलोत्पन्नानां युष्मादृशाणाम्? अनिवेद्य निजवृत्तान्तं यद् एवंविधां दुष्करां साधुक्रियां प्रतिपन्नः असि? तस्माद् वत्स! कथय कः तव चित्तनिर्वेदहेतुः? किं वा अस्माकं दूषणं प्रतिपन्नवान् (असि)? केन वा तव वचनं प्रतिकूलितम्? किमेवं एकपदे एव अदाक्षिण्यत्वमभ्युपगतः असि? भवतु वा शेषजल्पनेन। त्वया विना कस्य इदानीं वयं स्वकार्यं कथयामः?।

---

એમ બોલતાં રત્નાભરણનો ત્યાગ કરી, ગુરુના ચરણ-શરણ જેણે અંગીકાર કરેલ છે એવા કુમારને ગુરુ મહારાજે સિદ્ધાંતમાં બતાવેલ વિધિ પ્રમાણે જિનદીક્ષા આપી અને પ્રતિદિન ક્રિયાનો સમૂહ તેને શીખવ્યો. વળી શિવસુખના કારણરૂપ સંયમ-ધનનું સ્વરૂપ સમજાવ્યું અને સામાયિક પ્રમુખ સૂત્રનો તેને અભ્યાસ કરાવ્યો.

હવે અહીં કુમારની પ્રવ્રજ્યા સાંભળવાથી જાણે વજ્રઘાત કે વીજળી પામેલ હોય તેમ ભારે શોક ઉત્પન્ન થવાથી અતઃપુર અને યુવરાજ સાથે વિશ્વનંદી રાજા ત્યાં આવ્યો અને આચાર્યને વિનયપૂર્વક વંદન કરીને તેણે વિશ્વભૂતિ સાધુને પ્રણામ કર્યા પછી ઠપકા અને પ્રણયસહિત જણાવ્યું કે-'હે પુત્ર! પ્રવરકુળમાં ઉત્પન્ન થયેલા તમારા જેવાને શું આ યોગ્ય છે? કે પોતાનો વૃત્તાંત જણાવ્યા વિના આવા પ્રકારનું દુષ્કર સાધુવ્રત સ્વીકારી લીધું. માટે હે વત્સ! તારા ચિત્તને ખેદ-નિર્વેદ પમાડનાર કોણ? તે કહે. અથવા તો અમારો શો દોષ જોયો? તારા વચનનું કોણે અપમાન કર્યું? કે આમ એકાએક અદાક્ષિણ્ય સ્વીકારી લીધું? અથવા તો વધારે બોલવાથી શું? તારા વિના કોને હવે અમે

सव्वहा अज्जवि परिच्चयसु पव्वज्जं, पडिवज्जसु रज्जं, कीलेसु जहिच्छं पुप्फकरंडगुज्जाणे। मा पूरेसु सत्तुमणोरहे। मा अणाहीकरेसु बालकमलिणीवणं व सस्सिरीयं वहुजणं। मा उवेक्खेसु पुव्वपुरिसरक्खियं नियजणवयं। मा पडिवज्जसु गाढगंठिनिट्ठुरहियत्तणं'ति।

तो विस्सभूइमुणिणा पसमपहाणं पयंपियं एयं।
भो मुंचह संतावं कुणह जहावंछियं कज्जं ।।१।।

नो किंचिवि वयणिज्जं इहऽत्थि सव्वेऽवि नियकज्जेसु।
उज्जमह सेसचागेण जेण लोगेऽवि पयडमिमं ।।२।।

सयणाइसिणेहविमोहिएहिं कीरंति जाइं पावाइं।
दुग्गइगयाण ताइं कडुयविवागं फलं देंति ।।३।।

---

विषमाऽऽपन्निपतितान् कः वा आलम्बनम्? तस्मात् सर्वथा अद्यपि परित्यज प्रव्रज्याम्, प्रतिपद्य राज्यम्, क्रीड यथेच्छं पुष्पकरण्डकोद्याने। मा पूरय शत्रुमनोरथान्। मा अनाथीकुरु बालकमलिनीवनमिव सश्रीकं वधूजनम्। मा उपेक्षस्व पूर्वपुरुषरक्षितं निजजनपदम्। मा प्रतिपद्यस्व गाढगन्थिनिष्ठुरहृदयत्वम्' इति

ततः विश्वभूतिमुनिना प्रशमप्रधानं प्रजल्पितमेतत्।
भोः मुञ्च सन्तापं कुरु यथावाञ्छितं कार्यम् ।।१।।

नो किञ्चिदपि वचनीयमिह अस्ति सर्वेऽपि निजकार्येषु।
उद्यतध्वं शेषत्यागेन येन लोकेऽपि प्रकटमिदम् ।।२।।

स्वजनादिस्नेहविमोहितैः क्रियन्ते यानि पापानि।
दुर्गतिगतानां तानि कटुविपाकं फलं ददति ।।३।।

---

સ્વકાર્યો જણાવીશું? અથવા વિષમ આપદા આવી પડતાં અમારો આધાર કોણ? માટે અત્યારે ગમે તે રીતે પ્રવ્રજ્યા છોડીને, રાજ્યને સ્વીકારી, સ્વેચ્છાએ પુષ્કરંડક ઉદ્યાનમાં વિલાસ કર. શત્રુઓના મનોરથ ન પૂર, કોમળ કમલિનીના વન સમાન રમણીય વધૂજનોને અનાથ ન બનાવ, પૂર્વ પુરુષોએ સુરક્ષિત કરેલ પોતાના દેશની ઉપેક્ષા ન કર અને ગાઢ ગાંઠની જેમ હૃદયને નિષ્ઠુર ન બનાવ.'

એ પ્રમાણે સાંભળતાં વિશ્વભૂતિ મુનિ પ્રશમપૂર્વક બોલ્યા કે-'હે રાજન્! તમે સંતાપ તજીને તમારા ઇષ્ટકાર્યને સાધો. (૧)

અહીં કંઇ પણ નિંદનીય નથી. તમે બધા પોતપોતાના કામમાં પ્રવર્ત્તો, કારણ કે શેષ-અન્યનો ત્યાગ કરવા વડે લોકમાં પણ આ વાત પ્રગટ છે કે-સ્વજનાદિકના સ્નેહમાં મોહિત થઇને પ્રાણીઓ જે પાપ કરે છે, દુર્ગતિમાં જતાં તેમને તે કટુ વિપાકરૂપ ફળ આપે છે. (૨/૩)

न य बहुमुवयरिओऽविह विहुरे थेवंपि कुणइ साहारं।
सयणजणो मोत्तूणं एक्कं जिणदेसियं धम्मं ।।४।।

इय भणिए नियदुच्चरियपेहणुप्पण्णगाढसंतावो।
काऊण पायपडणं जहाऽऽगयं पडिगओ राया ।।५।।

विस्सभूई सम्ममहिगयसाहुधम्मो, गुरुचरणसुस्सूसापरो, दूरुज्झियसुहिसयणसंथवो, जीवियमरणनिरवेक्खो, पंचिंदियदित्तसत्तुविजयपरो बहुं कालं गुरुकुलं पज्जुवासेइ। अण्णया य सम्मं समहिगयसुत्तत्थो विसेसेण विहियमणपरिकम्मो जोगोत्ति कलिऊण गुरुणाऽणुण्णाओ समाणो एगल्लविहारित्तणं पडिवज्जिऊण छट्ठट्ठमाइ निट्ठुरं तवोकम्मं कुणमाणो,सम्मं परीसहचमूं अहियासेज्जमाणो, वीयरागोव्व गाम-नगरागराइसु अममाएंतो, पइक्खणं

---

न च बहु उपचरितः अपि विधुरे स्तोकमपि करोति साधारम्।
स्वजनजनः मुक्त्वा एकं जिनदेशितं धर्मम् ।।४।।

इति भणिते निजदुश्चरितप्रेक्षणोत्पन्नगाढसन्तापः।
कृत्वा पादपतनं यथाऽऽगतं प्रतिगतः राजा ।।५।।

विश्वभूतिः सम्यगधिगतसाधुधर्मः, गुरुचरणशुश्रूषापरः, दूरोज्झितसुहृत्-स्वजनसंस्तवः, जीवितमरणनिरपेक्षः, पञ्चेन्द्रियदृप्तशत्रुविजयपरः बहु कालं गुरुकुलं पर्युपासते। अन्यदा च सम्यक् समधिगतसूत्रार्थः विशेषेण विहितमनोपरिकर्मा योग्यः इति कलयित्वा गुरुणा अनुज्ञातः सन् एकाकिविहारितां प्रतिपद्य षष्टाऽष्टमादि निष्ठुरं तपोकर्म कुर्वाणः, सम्यक् परीषहचमूम् अधिसहमानः, वीतरागः इव ग्राम-नगराऽऽकरादिषु अममायमाणः,

---

એક જિનધર્મ વિના અનેક પ્રકારે સત્કારતાં પણ સંકટ વખતે સ્વજનો લેશ પણ આધારભૂત થતા નથી.' (૪)

એમ વિશ્વભૂતિ મુનિએ જણાવતાં પોતાના દુશ્ચરિત્રને જોવાથી ગાઢ સંતાપ પામેલ રાજા મુનિના પગે પડીને જેમ આવ્યો હતો તેમ સ્વસ્થાને ચાલ્યો ગયો. (૫)

પછી વિશ્વભૂતિ સમ્યક્ પ્રકારે સાધુધર્મ સ્વીકારતાં, ગુરુચરણની શુશ્રૂષામાં તત્પર રહી, મિત્ર અને સ્વજનોના સંપર્કને દૂરથી જ છોડનારા, જીવિત-મરણની દરકાર ન કરનાર અને પંચેદ્રિયરૂપ અભિમાની શત્રુનો વિજય કરનાર એવા તે લાંબો વખત ગુરુકુળની ઉપાસના કરવા લાગ્યા. એકદા સારી રીતે સૂત્રાર્થને ધારણ કરનાર તથા વિશેષ પ્રકારે મનને સંસ્કારિત બનાવનાર એવા તેમને યોગ્ય સમજીને ગુરુએ આજ્ઞા આપી. એટલે પોતે એકલવિહારીપણું સ્વીકારી, છઠ્ઠ, અઠ્ઠમાદિ દુષ્કર તપ કરતાં, પરીષહ-સૈન્યને સમ્યક્ પ્રકારે સહન કરતાં, વીતરાગની જેમ ગામ, નગરાદિકમાં મમતા વિના વિચરતાં, પ્રતિક્ષણે વીરાસન, કુર્કુટાસનાદિ કરતાં, પ્રતિદિન

वीरासणुक्कुडयासणाइं कुणमाणो, पइदिणं सूराभिमुहं आयाविंतो, नियजीवियब्भहियं पाणिगणं रक्खिंतो, बायालीसदोसविसुद्धविरसाहारगहणेण संजमसरीरमणुपालेंतो, गामाणुगामं विहरेंतो समागओ सुरिंदपुरिविब्भमाए **महुरा**ए नयरीए। ठिओ थि-पसु-पंडगविवज्जिए उक्किट्ठतवनिरयमुणिजणसंगए एगंतदेसे। तहिं च निवसंतो एगया परमसंवेगगयमाणसो नियजीवियनियमणत्थं चिंतिउमारद्धो। जहा -

एसोऽभिकंखइ सुहाइं जिओ दुहाइं, दूरेण मोत्तुमभिवंछइ तुच्छबुद्धी।
एवं न जाणइ जहा न कहिंपि धम्मसंबंधसिद्धिविरहेण भवंति ताइं ॥१॥

भोगे समीहइ करेइ रइं कहासु, देसि-त्थि-पत्थिव-सुभोयणसंगयासु।
सी-उण्ह-दंस-मसगाइ परीसहे य, सम्मं तितिक्खइ न मूढमई पमाया ॥२॥

---

प्रतिक्षणं वीरासनोत्कुटकाऽऽसनादीन् कुर्वन्, प्रतिदिनं सूर्याऽभिमुखम् आतापयन्, निजजीवाऽभ्यधिकं प्राणिगणं रक्षन्, द्विचत्वारिंशद्दोषविशुद्धविरसाऽऽहारग्रहणेन संयमशरीरम् अनुपालयन्, ग्रामानुग्रामं विहरन् समागतः सुरेन्द्रपुरीविभ्रमायां **मथुरा**यां नगर्याम्। स्थितः स्त्री-पशु-पण्डकविवर्जिते उत्कृष्टतपोनिरतमुनिजनसङ्गते एकान्तदेशे। तत्र च निवसन् एकदा परमसंवेगगतमानसः निजजीवितनियमनार्थं चिन्तयितुं आरब्धवान्। यथा-

एषः अभिकाङ्क्षति सुखानि जीवः, दुःखानि दूरेण मोक्तुमभिवाञ्छति तुच्छबुद्धिः।
एवं न जानाति यथा न कुत्राऽपि धर्मसम्बन्धसिद्धिविरहेण भवन्ति तानि ॥१॥

भोगान् समीहते करोति रतिं कथासु, देश-स्त्री-पार्थिव-सुभोजनसङ्गतासु।
शीतोष्ण-दंश-मशकादीन् परीषहान् च, सम्यक् तितीक्षते न मूढमतिः प्रमादात् ॥२॥

---

સૂર્ય સન્મુખ આતાપના લેતાં, પ્રાણીઓને પોતાના જીવિત કરતાં પણ અધિક સમજીને તેમની રક્ષા કરતાં, બેંતાલીશ દોષરહિત વિશુદ્ધ અને વિરસ આહાર લઇ પોતાના સંયમ-શરીરનું પાલન કરતાં અને ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તે વિશ્વભૂતિ મુનિ, અમરાવતી સમાન વિલાસયુક્ત એવી **મથુરા** નગરીમાં ગયા. ત્યાં સ્ત્રી, પશુ અને ષંઢ-નપુંસકરહિત અને ઉત્કૃષ્ટ તપમાં તત્પર એવા મુનિજનોયુક્ત એકાંત પ્રદેશમાં વસતાં એક વખતે પરમ સંવેગ લાવી પોતાના જીવિતના નિયમ નિમિત્તે તે ચિંતવવા લાગ્યા કે-

'આ તુચ્છબુદ્ધિ જીવ સુખોને વાંછે છે અને દુઃખોને દૂરથી તજી દેવા ઈચ્છે છે; પરંતુ એમ જાણતો નથી કે ધર્મ સંબંધની સિદ્ધિ વિના તે ક્યારેય પ્રાપ્ત થતાં નથી. (૧)

જીવ ભોગોને વાંછે છે અને દેશ, સ્ત્રી, રાજા અને સુભોજન સંબંધી કથાઓમાં પ્રીતિ લાવે છે, વળી તે મૂઢમતિ પ્રમાદને લીધે શીત, ઉષ્ણ, ડાંસ અને મચ્છર પ્રમુખના પરિષહોને બરાબર સહન કરતો નથી. (૨)

सत्तू वरं निसियधारकरालकालकंतिच्छडालकरवालकरो सुकुद्धो।
घायत्थमुज्जुयमई वरमुग्गभोगभोगीसरो डसिउमुड्डमरो रुणच्छो ।।३।।

उद्दंडमारुयपईवियदीहजालामालाउलो य जलणो वर संगलग्गो।
नीसेसदोसनिलओ न खणंपि नूणं, जुत्तो गंतुमहमो हि इमो पमाओ ।।४।। जुम्मम्।

एए हि सत्तुपमुहा मणुयाण दिंति, तिव्वावि एगभवगोयरमेव मच्चुं।
एसो पईभवसुदुस्सहतिक्खदुक्खलक्खक्खणी तदहिगं परिवज्जणिज्जो ।।५।।

वज्जमेयस्स पुणो आहारच्चागओ घडइ सम्मं।
ता सव्वहेव जुत्तं मम काउं उग्गतवचरणं ।।६।।

---

शत्रुः वरं निशितधारकरालकालकान्तिच्छटाकरवालकरः सुक्रुद्धः।
घातार्थं उद्युतमतिः वरम् उग्रभोगभोगीश्वरः दशितुं उद्‌भटः अरुणाक्षः ।।३।।

उद्दण्डमारुतप्रदीपितदीर्घज्वालामालाऽऽकुलः च ज्वलनः वरः सङ्गलग्नः।
निःशेषदोषनिलयः न क्षणमपि नूनं, युक्तः गन्तुं अधमः खलु अयं प्रमादः ।।४।।

एते हि शत्रुप्रमुखाः मनुजान् ददति, तीव्रा अपि एकभवगोचरम् एव मृत्युम्।
एषः प्रतिभवसुदुस्सहतीक्ष्णदुःखलक्षखनिः तदधिकं परिवर्जनीयः ।।५।।

वर्जनं एतस्य पुनः आहारत्यागतः घटते सम्यक्।
तस्मात् सर्वथा एव युक्तं मम कर्तुम् उग्रतपश्चरणम् ।।६।।

---

તીક્ષ્ણ ધારથી વિકરાલ કાલની કાંતિની છટા સમાન તરવારને ધારણ કરનાર, અત્યંત કોપાયમાન, એવો શત્રુ ઘાત કરવાને તત્પર થાય તે સારો, પ્રચંડ શરીરને ધરનાર તથા રક્ત લોચનયુક્ત એવો ભયંકર સર્પ કરડવાને તૈયાર થાય તે પણ સારો, ઉત્કટ પવનથી વૃદ્ધિ પામનાર લાંબી જ્વાળાયુક્ત એવો અગ્નિ અંગેસંલગ્ન થાય તે સારો; પરંતુ સમસ્ત દોષોના સ્થાનરૂપ એ અધમ પ્રમાદ ખરેખર એક ક્ષણવાર પણ સેવવો યુક્ત નથી. (૩/૪)

એ શત્રુ પ્રમુખ તીવ્ર છતાં મનુષ્યોને એકભવ પૂરતું મરણ આપે છે અને આ પ્રમાદ તો પ્રતિભવ દુઃસહ અને તીવ્ર એવાં સંખ્યાબંધ દુઃખો નીપજાવે છે, માટે એ વિશેષતાથી વર્જનીય છે. (૫)

વળી એનું વર્જન આહાર ત્યાગથી સમ્યક્ પ્રકારે થઇ શકે છે, માટે મારે સર્વથા ઉગ્રતપનું આચરણજ યુક્ત છે.' (૬)

इइ संपहारिऊण य समारद्धं तेण मासखमणं, कओ विसेसेसुज्जमो, समाढत्तो पइदिणं झाणप्पबंधो, निरुद्धो मणप्पसरो। एवं च कमेण पडिपुण्णे मासक्खमणे पडिलेहियभंडोवगरणो अतुरियं अचवलं जुगमेत्तनिहित्तचक्खुपसरो सुत्तत्थपोरिसिपज्जंतकाले चलिओ भिक्खानिमित्तं उच्चावयगिहेसु गोयरचरियाए। परिभममाणो उग्गम-उप्पायणादोसे सम्मं निरूवेमाणो, लाभालाभेसु वि अरत्तदुट्ठो पगिट्ठतवाणुट्ठाणकरिसियसरीरत्तणेण य तणंपिव पवणेणावि पकंपमाणो, परिसोसियमंससोणियत्तणेण य पयडसिराजालावणद्धऽट्ठिपंजरो, धवलपाडिवयमयलंछणो इव कलावसेसो तं रायमग्गमोगाढो जत्थ सो विसाहनंदीकुमारो पिउच्छाए रण्णो अग्गमहिसीए धूयापरिणयणत्थं पुव्वमावासिओ चिट्ठइत्ति। अह तं मुणिं दट्ठूण जायपच्चभिण्णाणेहिं पुरिसेहिं भणिओ विसाहनंदी कुमारो, जहा-

---

इति सम्प्रधार्य च समारब्धं तेन मासक्षपणम्, कृतः विशेषेषु ऊद्यमः, समारब्धः प्रतिदिनं ध्यानप्रबन्धः, निरुद्धः मनःप्रसरः। एवं च क्रमेण प्रतिपूर्णे मासक्षपणे प्रतिलेखितभाण्डोपकरणः अत्वरितमचपलं युगमात्रनिहितचक्षुप्रसरः सूत्रार्थपौरुषीपर्यन्तकाले चलितः भिक्षानिमित्तम् उच्चावचगृहेषु गोचरचर्यया। परिभ्रममाणः, उद्गमोत्पादनदोषान् सम्यग् निरूप्यमाणः, लाभालाभेषु अपि अरक्तदुष्टः प्रकृष्टतपोऽनुष्ठानकृशितशरीरत्वेन च तृणमिव पवनेनाऽपि प्रकम्पमानः, परिशोषितमांस-शोणितत्वेन च प्रकटशिराजालाऽवनद्धाऽस्थिपञ्जरः, धवलप्रातिपदमृगलञ्छनः इव कलाऽवशेषः तं राजमार्गमवगाढः यत्र सः विशाखानन्दिकुमारः पितृश्वसुः राज्ञः अग्रमहिष्याः दुहितृपरिणयनार्थं पूर्वमावासितः तिष्ठति इति। अथ तं मुनिं दृष्ट्वा जातप्रत्यभिज्ञानैः पुरुषैः भणितः विशाखानन्दिकुमारः, यथा -

---

એ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને વિશ્વભૂતિ મુનિએ માસખમણનો પ્રારંભ કર્યો. તેઓ પ્રથમ કરતાં વિશેષ ક્રિયાદિકમાં ઉદ્યમ કરવા લાગ્યા. પ્રતિદિન ધ્યાનની ધારા ચલાવી, મનની નિરંકુશતાને એકદમ અટકાવી દીધી. એમ અનુક્રમે માસક્ષમણ પરિપૂર્ણ થતાં પાત્રાદિ ઉપકરણ પડિલેહી, ઉતાવળ અને ચપળતા વિના યુગ-ધોંસરી પ્રમાણ આગળ દૃષ્ટિ નાખતાં, સૂત્રાર્થના નિમય પ્રમાણે પોરસીના પ્રાંતે તેઓ ઉંચા નીચા ગૃહોમાં ભિક્ષાનિમિત્તે ગોચરીએ ભમતાં પોતાના નિમિત્તે ઉપજાવેલ અથવા લાવેલ ઇત્યાદિ દોષોને સમ્યક્ રીતે અવલોકતાં, લાભાલાભમાં પણ આસક્તિ કે ખેદ પામ્યા વિના, પ્રકૃષ્ઠ તપના આચરણથી શરીરે બહુ કૃશ થઇ જવાથી તૃણની જેમ પવનડે પણ કંપ પામતા, માંસ અને શોણિત-રક્ત શોષાઇ જવાથી માત્ર નસોથી પ્રગટ રીતે જેમનું હાડ-પિંજર જડેલ છે, અને કલાવશેષ પ્રતિપ્રદાના (= સુદ એકમના) ચંદ્રમા સમાન ધવલ એવા તે મુનિ, તે જ રાજમાર્ગે ઉતર્યા કે જ્યાં વિશાખનંદીકુમારને પિતાની બ્હેન એવી રાજાની પટરાણીની પુત્રી પરણાવવા નિમિત્તે રાણીએ પૂર્વે રાખેલ હતો. હવે તે મુનિને જોતાં તેને ઓળખી લઇને સેવકપુરુષો વિશાખનંદી કુમારને કહેવા લાગ્યા-

'सामी! मुणह तुम्हे एवं(यं?) पव्वइयगं?', सो भणइ-'सम्मं न जाणामि।' तेहिं भणियं-'कुमार! एसो सो विस्सभूई कुमारो जो पुव्विं पव्वइओ।' तं लक्खिऊण जाओ तस्स पुव्वामरिसेण कोवोत्ति। एत्थंतरे सो तवस्सी तंमि पएसे वच्चमाणो इरियासमिई-वक्खित्तचित्तत्तणेण अतक्कियमेव पणोल्लिओ अहिणवपसूयाए गावीए। पडिओ य निसट्ठो धरणीए। ताहे तेसिं विसाहनंदिपमुहपुरिसेहिं दट्ठूण तं तहानिवडियं संजायगाढहरिसेहिं कओ सिंहनाओ, अप्फोडिया तिवई, दिन्नाओ तालाओ, पारद्धो कलयलो, भणियं च महया सद्देण-भो भो कत्थ गयं तमियाणिं कविट्ठफलपाडणबलं जेण गोमेत्तेण विनिवाडिओऽसि?, इमं च निसामिऊण वलियकंधरो विस्सभूई जाव विप्फारियलोयणो अमरिसेण पलोएइ ताव दिट्ठा विसाहनंदिपमुहा पच्चभिण्णाया य। तयणंतरं च पलीणो से उवसमपरिणामो, ववगओ विवेओ, समुच्छलिओ महाकोवो, समुल्लसियं वीरियं। धाविऊण

'स्वामिन्, जानासि त्वम् एनं प्रव्रजितम्?' सः भणति 'सम्यग् न जानामि।' तैः भणितं 'कुमार! एषः सः विश्वभूतिः कुमारः यः पूर्वं प्रव्रजितः।' तं लक्षयित्वा जातः तस्य पूर्वाऽऽमर्षेण कोपः। अत्रान्तरे सः तपस्वी तस्मिन् प्रदेशे व्रजन् इर्यासमितिव्याक्षिप्तचित्तत्वेन अतर्कितः एव प्रणोदितः अभिनवप्रसूतया गवा। पतितश्च निषण्णः धरण्याम्। तदा तैः विशाखानन्दिप्रमुखपुरुषैः दृष्ट्वा तं तथानिपतितं सञ्जातगाढहर्षैः कृतः सिंहनादः, आस्फोटिता त्रिपदी, दत्ताः तालयः, प्रारब्धः कलकलः, भणितं च महता शब्देन 'भोः भोः कुत्र गतं तदिदानीं कपित्थफलपातनबलं येन गोमात्रेण विनिपातितः असि? इदं च निशम्य वलितकन्धरः विश्वभूतिः यावद् विस्फारितलोचनः आमर्षेण प्रलोकते तावद् दृष्टाः विशाखानन्दिप्रमुखाः प्रत्यभिज्ञाताः च। तदनन्तरं च प्रलीनः तस्य उपशमपरिणामः, व्यपगतः विवेकः, समुच्छलितः महाकोपः, समुल्लसितं

'હે સ્વામિન્! તમે આ મુનિને ઓળખો છો ?' તે બોલ્યો-'હું બરાબર ઓળખી શકતો નથી' તેમણે કહ્યું-'હે કુમાર! આ તે જ વિશ્વભૂતિકુમાર છે કે જેણે પૂર્વે દીક્ષા લીધી.' એટલે તે મુનિને બરાબર ઓળખીને તેને પૂર્વના દ્વેષથી ભારે કોપ થયો. એવામાં તે માર્ગે જતાં ઇર્યાસમિતિમાં ચિત્ત વ્યાક્ષિપ્ત હોવાથી અચાનક નવપ્રસૂતા ગાયે તેમને ધક્કો માર્યો. તે પૃથ્વીપર પડ્યા. એટલે વિશાખનંદી પ્રમુખના પુરુષોએ તેને એવી સ્થિતિમાં પડેલ જોઇને અત્યંત હર્ષ પામતાં સિંહનાદ કર્યો, ત્રણવાર જમીનપર પગ પછાડ્યા, તાળીઓ પાડી અને પરસ્પર કોલાહલ કરતાં મોટા અવાજથી કહ્યું કે-'અરે! તે કોઠાના ફળ પાડવાનું બળ અત્યારે ક્યાં ગયું કે એક સામાન્ય ગાય-માત્રે તને પાડી નાખ્યો?' એમ સાંભળતાં ગ્રીવા-ડોક ફેરવી, લોચન વિકાસિત કરીને વિશ્વભૂતિ મુનિ રોષથી જેવામાં જુવે છે, તેવામાં વિશાખનંદી પ્રમુખ દીઠા અને તેમને ઓળખી પણ લીધા. ત્યારથી તેમનો ઉપશમભાવ નષ્ટ થયો, વિવેક ચાલ્યો ગયો, મહાકોપ ઉછાળા મારવા લાગ્યો, વીર્યબળ વિકાસ પામ્યું, એટલે દોડીને તે ગાયને શૃંગ-શીગડામાં પકડી, તેમણે ધજાની જેમ શિરપર ભમાડીને પછી પૃથ્વીપર નાખી દીધી, અને તેમને ઉદ્દેશીને કહ્યું કે-

य सा गहिया सिंगेसु गावी पडाइयव्व भमाडिया सीसोवरिं पक्खित्ता य धरणीए। भणिया य ते, जहा-रे रे दुरायारा! दुरुम्मुक्कपरक्कमा, हीणा, सव्वसो य विरहिया मं उवहसह, न मुणह जहा दुब्बलस्सऽवि पंचाणणस्स सिगालसहस्सेहिवि न लंघिज्जइ परक्कमो, सुलहुयस्सवि विहंगरायस्स न तीरइ सोढुं भुयंगमेहिं चडुलचंचुप्पहारो। तहा-

जइविहु निट्ठुरतवकम्मकिसियकाओ वियाणिओऽहमिह।
तहवि न रे! तुम्हाणं लक्खेणवि अत्थि मम गणणा ।।१।।

रे पिसियपोसिया! विउसदूसिया! किं परेण भणिएण?।
अच्छिपडियावि तुम्हे न कुणह मे किंपि परियावं ।।२।।

---

वीर्यम्। धावित्वा च सा गृहीता शृङ्गाभ्यां गौः, पताकाः इव भ्रामिता शीर्षोपरि, प्रक्षिप्ता च धरण्याम्। भणिताश्च ते, यथा-रे रे दुराचाराः! दुराचाराः!, दूरोन्मुक्तपराक्रमाः, हीनाः, सर्वतश्च विरहिताः, माम् उपहसत, न जानीत यथा दुर्बलस्याऽपि पञ्चाननस्य शृगालसहस्रैः अपि न लङ्घ्यते पराक्रमः, सुलघोः अपि विहङ्गराजस्य न शक्यते सोढुं भुजङ्गैः चटुलचञ्चुप्रहारः। तथा -

यद्यपि खलु निष्ठुरतपःकर्मकृशकायः विज्ञातः अहमत्र।
तथापि न रे! युष्माकं लक्षेणाऽपि अस्ति मम गणना ।।१।।

रे पिशितपोषिता! विद्वद्दूषिताः! किं परेण भणितेन?।
अक्षिपतिता अपि यूयं न कुरुत मम किमपि परितापम् ।।२।।

---

'અરે! દુરાચારીઓ! પરાક્રમ વિનાના, હીન અને સર્વરીતે નાલાયક! તમે મારી મશ્કરી કરો છો, પરંતુ તમે જાણતા નથી કે દુર્બળ પણ સિંહના પરાક્રમને હજારો શિયાળીયા પણ ઓળંગી શકતા નથી, બાળ ગરુડના કોમળ ચંચુપ્રહારને પણ સર્પો સહન કરી શકતા નથી,

દુષ્કર તપોવિધાનથી જો કે તમે મને અત્યારે દુર્બળ સમજો છો, તથાપિ તમારા જેવા લાખો પુરુષો પણ મારી તુલનામાં ન આવી શકે. (૧)

અરે! માત્ર માંસ = શરીર વડે પોષાયેલા (= તગડા) અને વિદ્વાનો વડે નિંદાયેલા તમને વધારે કહેવાથી શું? નજરે ચડ્યા છતાં તમે મને જરાપણ સંતાપ પમાડી શકો તેમ નથી' (૨)

निब्भच्छिऊण एवं साहिक्खेवं सुतिक्खवयणेहिं।
गंतूण य नियठाणं साहू चिंतेउमाढत्तो ।।३।।

अज्जवि न मणागंपिवि पुव्वाणुसयं चयंति मइ एए।
पव्वज्जोवगयंमिवि निक्कारणवइरिणो पावा ।।४।।

अहवा एयाणं बालिसाणं किं एत्थ दूसणं? जेण।
पुव्वायरियाण सुहासुहाण एसो दसावागो ।।५।।

ता तह करेमि संपइ परभवपत्तो जहा य सुमिणेवि।
एवंविहअवमाणट्ठाणं नो कहिंपि पेच्छामि ।।६।।

इय कयसंकप्पो सो अविभावियसमयसत्थपरमत्थो।
अविचिंतिउत्तरोत्तरसंसारावडणदुहनिवहो ।।७।।

---

निर्भर्त्स्य एवं साभिक्षेपं सुतीक्ष्णवचनैः।
गत्वा च निजस्थानं साधुः चिन्तयितुमारब्धवान् ।।३।।

अद्याऽपि न मनागपि पूर्वानुशयं त्यजन्ति मयि एते।
प्रव्रज्योपगतमपि निष्कारणवैरिणः पापाः ।।४।।

अथवा एतेषां बालिशानां किमत्र दूषणम्? येन।
पूर्वाऽऽचरितानां शुभाऽशुभानामेषः दशापाकः ।।५।।

तस्मात् तथा करोमि सम्प्रति परभवप्राप्तः यथा च स्वप्नेऽपि।
एवंविधाऽपमानस्थानं न कुत्राऽपि प्रेक्षे ।।६।।

इति कृतसङ्कल्पः सः अविभावितसमयसार्थपरमार्थः।
अविचिन्तितोत्तरोत्तरसंसाराऽऽपतनदुःखनिवहः ।।७।।

---

એમ તેમને આક્ષેપસહિત તીક્ષ્ણ વચનોથી નિર્ભ્રંછી, પોતાના સ્થાને જઇને તે મુનિ ચિંતવવા લાગ્યા કે- (૩)

'હજુ પણ એ લોકો મારાપરનો પૂર્વનો ક્રોધ લેશ પણ તજતા નથી. દીક્ષા લેવા છતાં એ પાપીઓ મારા નિષ્કારણ વૈરી બન્યા છે. (૪)

અથવા એ અજ્ઞોનું તેમાં શું દૂષણ છે? કારણ કે પૂર્વે આચરેલા શુભાશુભનો એ દશ ગણો થયેલો વિપાક છે. (૫) માટે હવે એમ કરું કે જેથી પરભવે સ્વપ્નમાં પણ આવા પ્રકારના અપમાનનું સ્થાન ક્યાંય પણ ન થાઉં.' (૬)

એ પ્રમાણે અનેક શાસ્ત્રનો પરમાર્થ વિચાર્યા વિના અને ઉત્તરોત્તર આવી પડતા સંસારના દુઃખસમૂહને

भत्तं पच्चक्खाउं नियाणबंधं च काउमुज्जुत्तो।
पच्चासण्णमुणीणवि समक्खमेवं पजंपेइ ।।८।। जुम्मं।

जइ ताव ममं दुक्करतवस्स छट्ठट्ठमाइरूवस्स।
सज्झाय-झाणसहियस्सिमस्स सव्वायरकयस्स ।।९।।

बायालीसेसणदोसरहियसुद्धुंछभोयणस्सऽविय।
सुत्तत्थतत्तचिंतण(पर)गुरुजणविणयाणुचरणस्स ।।१०।।

पंचमहव्वयधरणस्स वावि फलमउलमत्थि नणु किंपि।
अतुलियबलकलिओऽहं ता होज्जा अण्णजम्मंमि ।।११।। तिहिं विसेसियं।

---

भक्तं प्रत्याख्याय निदानबन्धं च कर्तुमुद्यतमानः।
प्रत्यासन्नमुनीनामपि समक्षमेवं प्रजल्पति ।।८।। युग्मम्।

यदि तावद् मम दुष्करतपसः षष्टाऽष्टमादिरूपस्य।
स्वाध्यायध्यानसहितस्याऽस्य सर्वाऽऽदरकृतस्य ।।९।।

द्विचत्वारिंशदेषणदोषरहितसुष्ठूञ्छभोजनस्याऽपि च।
सूत्रार्थतत्त्वचिन्तन(पर)गुरुजनविनयानुचरणस्य ।।१०।।

पञ्चमहाव्रतधारकस्य वाऽपि फलमतुलमस्ति ननु किमपि।
अतुलबलकलितः अहं ततः भवामि अन्यजन्मनि ।।११।। त्रिभिः विशेषितम्।

---

ચિંતવ્યા વિના કરેલો છે સંકલ્પ એવા તે આહારના પચ્ચખ્ખાણ તથા નિયાણા-બંધ કરવા તૈયાર થયા; અને તે વખતે પાસે રહેલા મુનિઓને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા-(૭/૮)

'જો છઠ્ઠ, અઠ્ઠમાદિ દુષ્કર તપ કે જે સર્વપ્રકારે આદરપૂર્વક સ્વાધ્યાય-ધ્યાન સાથે મેં કરેલ છે તેનું, બેંતાલીશ એષણાદોષથી રહિત એવો શુદ્ધ આહાર જો મેં ગ્રહણ કરેલ છે તેનું, સૂત્રાર્થના તત્ત્વચિંતનમાં અને ગુરુજનનો વિનય કરવામાં જો મેં સમય વ્યતીત કરેલ છે તેનું અને પંચમહાવ્રતને ધારણ કર્યા છે એ બધાનું જે કાંઇ અતુલ ફળ હોય, તો આવતા જન્મમાં હું અતુલ બળશાળી થાઉં' (૯/૧૦/૧૧)

एवं च नियमिऊणं ठिओ सुद्धसिलायले। निसामियनियाणबंधा य समागया इयरसमीववत्तिणो तवस्सिणो, भणिओ य सबहुमाणं तेहिं-'भो महाणुभाव! सयंचिय मुणियजुत्ताजुत्तस्स नत्थि जइवि तुह किंपि कहणिज्जं तहावि एयं निवेइज्जइ-जेण न लोहकीलियानिमित्तेण कोऽवि कुणइ देवउलपलीवणं, न वा कोडिप्पमाणरयणरासिणा किणिज्जइ कागिणी, नेव य गोसीसचंदणागरुपमुहसारदारूणि दहिऊण कीरंति इंगाला, न य एवंविहनिक्कलंकसुचिरचरियविविहतवेहिं किंपागफलं पिव पज्जंतदारुणो काउं जुज्जइ नियाणबंधो। अण्णं च -

किं पवणगुंजिएहिं कंपिज्जइ मंदरो रउद्देहिं।
दुज्जणवयणेहिं मणो किं वा पक्खुहइ साहूणं? ।।१।।

एवं च नियम्य स्थितः शुद्धशिलातले। निश्रुतनिदानबन्धाश्च समागताः इतरसमीपवर्तिनः तपस्विनः भणितश्च सबहुमानं तैः 'भोः महानुभाव! स्वयं एव ज्ञातयुक्ताऽयुक्तस्य नास्ति यद्यपि तव किमपि कथनीयम् तथाऽपि एतद् निवेद्यते - येन न लोहकीलिकानिमित्तेन कोऽपि करोति देवकुलप्रदीपनम्, न वा कोटीप्रमाणरत्नराशिना क्रीयेत काकिणी, नैव च गोशीर्षचन्दनाऽगुरुप्रमुखसारदारूणि दग्ध्वा क्रियन्ते अङ्गाराः, न च एवंविधनिष्कलङ्कसुचिरचरितविविधतपोभिः किम्पाकफलमिव पर्यन्तदारुणः कर्तुं युज्यते निदानबन्धः। अन्यत् च -

किं पवनगुञ्जितैः कम्प्यते मन्दरः रौद्रैः।
दुर्जनवचनैः मनः किं वा प्रक्षुभ्यति साधूनाम्? ।।१।।

એમ નિયાણુ કરીને તેઓ શુદ્ધ શિલાતલપર બેસી રહ્યા. એવામાં તેમના નિયાણાને સાંભળી, અન્ય મુનિઓ, પાસે રહેતા તપસ્વીઓ આવ્યા અને બહુમાનપૂર્વક કહેવા લાગ્યા કે-'હે મહાનુભાવ! તમે પોતે યુક્તાયુક્તને જાણો છો, તેથી જો કે તમને કંઈપણ કહેવા જેવું નથી, છતાં કંઇક નિવેદન કરીએ છીએ કે-એક લોહની ખીલી નિમિત્તે કોઇ મંદિરને બાળે નહિ. અથવા તો એક કોડીને બદલે કોઇ કોટીપ્રમાણ રત્નો ન આપે, વળી અંગાર કરવાને કોઇ ગોશીર્ષ-ચંદન, અગરુપ્રમુખ શ્રેષ્ઠ કાષ્ટોને ન બાળે, તેમ આવા પ્રકારના નિષ્કલંક અને લાંબા કાળ સુધી આચરેલ વિવિધ તપને બદલે પ્રાંતે કિંપાકના ફળની જેમ દારુણ નિયાણુ કરવું તમને કોઈરીતે યુક્ત નથી; અને વળી -

રૌદ્ર પવનના ગુંજારવથી શું મેરુ કંપે ખરો? દુર્જનનાં વચનોથી શું સાધુઓનું મન કદી ક્ષોભ પામે? (૧)

चिरकालुव्वूढं किं मज्जायमइक्कमंति जलनिहिणो।
हरिणंक-दिणयरा किं तिमिरप्पसरेहिं रुज्झंति ।।२।।

निम्मलगुणरयणमहानिहाण! तुम्हारिसावि सप्पुरिसा।
ववसंति एरिसं जइ धम्मसिरी ता कमल्लियउ? ।।३।।

कत्थ व वच्चउ विणओ? वोढुं को वा खमो खममियाणिं?।
भग्गनिवासो गच्छउ कत्थ वराओ विवेओऽवि? ।।४।।

एमाइविविहवयणेहिं भासिओ जा न देइ पडिवयणं।
नियनियठाणेसु गया ताव मुणिंदा निराणंदा ।।५।।

विस्सभूइवि अविचलियणियाणबंधज्झवसाओ अणालोइयपडिक्कंतो कालमासे कालं

---

चिरकालोद्व्यूढां किं मर्यादां अतिक्रमन्ते जलनिधयः?।
हरिणाङ्क-दिनकरौ किं तिमिरप्रसरैः रुध्येते? ।।२।।

निर्मलगुणरत्नमहानिधान! युष्मादृशाः अपि सत्पुरुषाः।
व्यवस्यन्ति एतादृशं यदि धर्मश्रीः ततः कमुपसर्पति? ।।३।।

कुत्र वा व्रजतु विनयः? वोढुं वा कः क्षमः क्षमामिदानीम्?।
भग्ननिवासः गच्छतु कुत्र वराकः विवेकः अपि? ।।४।।

एवमादिविविधवचनैः भाषितः यावन्न दत्ते प्रतिवचनम्।
निजनिजस्थानेषु गताः तावद् मुनीन्द्राः निरानन्दाः ।।५।।

विश्वभूतिः अपि अविचलितनिदानबन्धाऽध्यवसायः अनाऽऽलोचित-प्रतिक्रान्तः कालमासे कालं कृत्वा

---

સમુદ્રો શું પોતાની લાંબા વખતની મર્યાદાનું ઉલ્લંઘન કરે? સૂર્ય અને ચંદ્ર શું તિમિરના પ્રસારથી નિરોધ પામે? (૨)

માટે હે નિર્મળ ગુણ-રત્નોના ભંડાર! તમારા જેવા સત્પુરુષો જો આવી પ્રવૃત્તિ કરે, તો ધર્મલક્ષ્મી પણ ક્યાં જઇને વસશે? વિનય ક્યાં જશે? અત્યારે ક્ષમાને ધારણ કરવા કોણ સમર્થ છે? અને ભાંગેલ નિવાસવાળો વિવેક પણ બિચારો ક્યાં વાસ કરશે?' (૩/૪)

ઇત્યાદિ વિવિધ વચનો સંભળાવ્યા છતાં વિશ્વભૂતિ મુનિએ જ્યારે કાંઇ પણ જવાબ ન આપ્યો, ત્યારે તે મુનિઓ નિરાનંદ થઈને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. (૫)

અહીં વિશ્વભૂતિ મુનિ પણ નિદાનબંધના અધ્યવસાયથી નિવૃત્ત ન થતાં અને મરણસમયે પણ તેની આલોચના ન કરતાં મૃત્યુ પામીને મહાશુક્ર નામે દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો તે દેવતા થયો. ત્યાંથી ચ્યવીને

किच्चा उक्कोसट्ठितीओ महासुक्के देवलोगे देवो समुप्पण्णो। तत्तो उव्वट्टित्ता जहा वासुदेवो होही, जहा य से पिया पयावइत्ति भविही तहा एत्तो कहिज्जइ।

इहेव जंबुद्दीवे दीवे भारहे वासे **पोयणपुरं**मि नयरे जहत्थाभिहाणो **रिउपडिसत्तू** नाम राया। तस्स य सयलअंतेउरपहाणा **भद्दा** नाम अग्गमहिसी। तीसे चउमहासुमिणपिसुणियावयारो **अयलो** नाम पुत्तो, अच्चंतमहाबलो विस्सुओ य। एगया य तीसे देवीए पाउब्भूओ गब्भो। जाया य कालेण सव्वलक्खणपडिपुण्णसरीरा कण्णगा। कयं च उचियसमए **मिगावइ**त्ति से नामं, कमेण य निरुवमारूढजोव्वणगुणा एवं सोहिउं पवत्ता-

कसिण-सुसिणिद्ध-कुंचिरचिहुरचओ तीए उत्तमंगंमि।
वयणेंदुविब्भमागयविडप्पसोहं समुव्वहइ ।।१।।

---

उत्कृष्टस्थितिकः महाशुक्रे देवलोके देवः समुत्पन्नः। ततः उद्वर्त्य यथा वासुदेवः भविष्यति, यथा च तस्य पिता प्रजापतिः भविष्यति तथा इतः कथ्यते।

## त्रिपृष्ठवासुदेवचरित्रम्

अत्रैव जम्बूद्वीपे द्वीपे भरते वासे **पोतनपुरे** नगरे यथार्थाऽभिधानः **रिपुप्रतिशत्रुः** नामा राजा। तस्य च सकलाऽन्तःपुरप्रधाना **भद्रा** नाम्नी अग्रमहिषी। तस्याः चतुःमहास्वप्नपिशुनितावतारः **अचलः** नामकः पुत्रः अत्यन्तमहाबलः विश्रुतश्च। एकदा च तां देवीं प्रादुर्भूतः गर्भः। जाता च कालेन सर्वलक्षणप्रतिपूर्णशरीरा कन्या। कृतं च उचितसमये **मृगावती** इति तस्याः नाम। क्रमेण च निरूपमाऽऽरूढयौवनगुणा एवं शोभितुं प्रवृत्ता -

कृष्ण-सुस्निग्ध-कुञ्चितचिकुरचयः तस्याः उत्तमाङ्गे।
वदनेन्दुविभ्रमाऽऽगतराहुशोभां समुद्वहति ।।१।।

---

જે પ્રમાણે તે વાસુદેવ થશે અને તેનો પિતા જેમ પ્રજાપતિ થશે, તે પ્રમાણે હવે ચરિત્ર કહેવામાં આવે છે-

## ત્રિપૃષ્ઠ વાસુદેવનું ચરિત્ર.

આ જ **જંબૂદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **પોતનપુર** નામના નગરમાં યથાર્થ નામધારી **રિપુપ્રતિશત્રુ** નામે રાજા હતો. તેને બધા અંતઃપુરમાં પ્રધાન એવી **ભદ્રા** નામે પટ્ટરાણી હતી, તેમને ચાર મહાસ્વપ્નથી સૂચિત **અચલ** નામે પુત્ર કે જે અત્યંત મહાબલી અને વિખ્યાત થયો. પછી એકદા તે રાણીને પુનઃ ગર્ભ રહ્યો અને અનુક્રમે સર્વ લક્ષણોથી વિભૂષિત એવી કન્યા ઉત્પન્ન થઇ. યોગ્ય સમયે તેનું **મૃગાવતી** એવું નામ રાખવામાં આવ્યું. તે અનુક્રમે યૌવનારૂઢ થતાં આ પ્રમાણે શોભવા લાગી-

તેના મસ્તકપર કૃષ્ણ, સ્નિગ્ધ અને વક્ર એવા કેશનો સમૂહ, મુખ-ચંદ્રમાના વિભ્રમથી આવેલ રાહુની શોભાને ધારણ કરતો હતો. (૧)

भालतलेऽवि लुलंती अतिकुडिला चिहुरवल्लरी तीसे।
रेहइ वम्महरण्णो विजयपसत्थिव्व आलिहिया ।।२।।

सरलेहिं लोयणेहिं तीए कवोलेहिं चंदकंतेहिं।
अहरेण पउमरागेण रयणट्ठाणं व सहइ मुहं ।।३।।

संखो इव रेहावलयलंछियं कंठकंदलं विमलं।
संठियविचित्तमणिलट्ठगंठियं सोहए तीए ।।४।।

कंदप्पनरिंदनिवासविब्भमे तीए थोरथणवट्टे।
हारो पडिहारतुलं आलंबइ लंबमाणो सो ।।५।।

---

भालतलेऽपि लोलन्ती अतिकुटिला चिकुरवल्ली तस्याः।
राजते मन्मथराज्ञः विजयप्रशस्तिः इव आलिखिता ।।२।।

सरलाभ्यां लोचनाभ्यां तस्याः कपोलाभ्यां चन्द्रकान्तिभ्यां।
अधरेण पद्मरागेण रत्नस्थानं इव राजते मुखम् ।।३।।

शङ्खः इव रेखावलयलाञ्छितं कण्ठकन्दं विमलम्।
संस्थितविचित्रमणिलष्टग्रथितं शोभते तस्याः ।।४।।

कन्दर्पनरेन्द्रनिवासविभ्रमे तस्याः विस्तीर्णस्तनपृष्ठे।
हारः प्रतिहारतुलामालम्बते लम्बमानः सः ।।५।।

---

तेना कपाळपर प्रसरेल अतिवक्र केशलता जाणे कामराजानी आलेखेल विजयप्रशस्ति होय तेवी शोभती हती. (२)

तेना सरल लोचन अने चंद्रसमान मनोहर कपोलवडे तथा पद्मराग समान होठथी तेनुं मुख रत्न-स्थान समान शोभतुं हतुं. (३)

वळी रेखा-वलयथी लांछित तथा विचित्र मणिना आभूषणथी युक्त तेनो निर्मळ कंठ शंखना जेवो भासतो हतो. (४)

कंदर्पराजाना निवासतुल्य तेना मोटा स्तनपृष्ठपर लटकतो हार प्रतिहार समान हतो. (५)

रंभाभिरामपीवरमूरुजुयं कणयकमलकंतिल्लं।
थंभजुयलं व छज्जइ विसयमहासोक्खभवणस्स ।।६।।

बहलालत्तयरसपिंजरं व मणिकुट्टिमंमि संकंतं।
कमलोवहारसोहं चलणजुयं दावए तीसे ।।७।।

एवंविहा य वरजोगत्तिकाऊण सा सव्वालंकारविभूसियसरीरा भद्दाए पेसिया पिउणो पायवंदणत्थं। गया चेडीचक्कवालपरिवुडा, निवडिया नरिंदचलणेसु। पेच्छिया संभमभरियच्छिणा सव्वायरं रण्णा, पणयालावपुरस्सरं च आरोविऊण तमुच्छंगे रूवेण जोव्वणगुणेण य बाढमक्खित्तचित्तो विचिंतिउमाढत्तो-'अहो सुरसुंदरीरूवाइसयपराभवकरं रूवं, अहो सव्वावयवसुंदरं लायण्णं, अहो सरयचंदचंदिमानिम्मलं कंतिपडलं, अहो वेणु-

---

रम्भाऽभिरामपीवरम् उरुयुगं कनककमलकान्तिमत्।
स्तम्भयुगलं इव राजते विषयमहासौख्यभवनस्य ।।६।।

बह्वलक्तकरसपिञ्जरमिव मणिकुट्टिमे सङ्क्रान्तम्।
कमलोपहारशोभं चरणयुगं दृश्यते तस्याः ।।७।।

एवंविधा च वरयोग्या इति कृत्वा सा सर्वाऽलङ्कारविभूषितशरीरा भद्रया प्रेषिता पितुः पादवन्दनार्थम्। गता चेटीचक्रवालपरिवृत्ता, निपतिता नरेन्द्रचरणयोः। प्रेक्षिता सम्भ्रमभृताऽक्षिभ्यां सर्वाऽऽदरं राज्ञा, प्रणयाऽऽलापपुरस्सरं च आरोप्य तामुत्सङ्गे रूपेण यौवनगुणेन च बाढमाक्षिप्तचित्तः विचिन्तयितुम् आरब्धवान् 'अहो! सुरसुन्दरीरूपाऽतिशयपराभवकरं रूपम्, अहो! सर्वाऽवयवसुन्दरं लावण्यम्, अहो! शरदचन्द्रचन्द्रिकानिर्मलं कान्तिपटलम्, अहो! वेणु-वीणाविजयी वाणी। सर्वथा भुवनाऽच्छेरभूतमस्याः

---

કનક-કમળ સમાન મનોહર અને કદલી જેવા પુષ્ટ તેના સાથળ યુગલ, તે વિષયના મહાસૌખ્યરૂપ ભવનના જાણે બે સ્તંભ હોય તેવા લાગતા હતા. (૬)

અધિક અળતાના રસથીવ્યાપ્ત અને મણિજડિત ભૂમિમાં સંક્રાંત થયેલ એવા તેના ચરણ યુગલ જાણે લક્ષ્મીની ભેટ હોય તેવી શોભા આપતા હતા. (૭)

એવા પ્રકારની તેને વરયોગ્ય સમજી, શરીરે સર્વાલંકાર પહેરાવીને, ભદ્રાએ પિતા-રાજાને પગે પડવા મોકલી. એટલે દાસીઓના પરિવાર સાથે તે રાજા પાસે ગઇ અને તેના પગે પડી. રાજાએ અત્યંત આદરપૂર્વક સંભ્રાંત લોચનથી તેને જોઇ અને સ્નેહાલાપપૂર્વક પોતાના ઉત્સંગ-ખોળામાં બેસારી. રૂપ અને યૌવનગુણથી મનમાં ભારે આક્ષેપ પામતાં તે ચિંતવવા લાગ્યો કે-'અહો! દેવાંગનાઓના રૂપને પરાભવ પમાડનાર આનું રૂપ! અહો! સર્વાંગસુંદર એનું લાવણ્ય! અહો! શરદૃઋતુના ચંદ્રમાની ચાંદનીસમાન એનો કાંતિસમૂહ! અહો! વેણુ અને વીણા

वीणाविजइणी वाणी। सव्वहा भुयणच्छेरयभूयमिमीए किंपि विलसियं। नूणं पुव्वं एरिसं न निम्मियं खत्तियकुले कन्नगारयणं परमेसरेण विहिणा। तेणं चिय मयरद्धएण परिग्गहिया रई, तिसूलपाणिणाऽवि परिणीया पव्वयसुया, महुमहेणवि मंदरुम्महियखीर-जलहिसमुद्धिया जलमाणुसी पणइणी कया, पुरंदरेणावि पुलोममुणिकन्नगा उव्वूढत्ति। अहो अहं नमो मज्झं जस्स अंतेउरे रयणायरेव्व एरिसं कण्णगारयणं समुप्पण्णंति।

अह कोमलुच्छुचावोऽवि वम्महो पंचकुसुम विसिहोऽवि।
बज्झधणुलोहनिट्ठुरसहस्सबाणो व विप्फुरिओ ।।१।।

जत्तो जत्तो सा धवलपम्हले लोयणे परिक्खिवइ।
तत्तो तत्तो सोऽविहु निसियं सरधोरणिं मुयइ ।।२।।

---

किमपि विलसितम्। नूनं पूर्वमेतादृशं न निर्मितं क्षत्रियकुले कन्यारत्नं परमेश्वरेण विधिना। तेनैव मकरध्वजेन परिगृहीता रतिः, त्रिशूलपाणिना अपि परिणीता पर्वतसुता, मधुमथेनाऽपि मन्दरोन्मथितक्षीरजलधिसमुद्धृता जलमानुषी प्रणयिनी कृता, पुरन्दरेणाऽपि पुलोममुनिकन्या उद्वूढा। अहो अहं नमः मह्यं यस्य अन्तःपुरे रत्नाकरे इव इदृशं कन्यारत्नं समुत्पन्नम् इति।

अथ कोमलेक्षुचापः अपि मन्मथः पञ्चकुसुमविशिखः अपि।
बाह्यधनुष्कलोभनिष्ठुरसहस्त्रबाणः इव विस्फुरितः ।।१।।

यत्र यत्र सा धवलपक्ष्मनी लोचने परिक्षिपति।
तत्र तत्र सः अपि खलु निशितां शरधोरणिं मुञ्चति ।।२।।

---

કરતાં વધારે આકર્ષણ કરનાર એની વાણી! વળી એની કંઇપણ ચેષ્ટા સર્વથા જગતને એક આશ્ચર્યરૂપ જ છે. ખરેખર! વિધાતાએ પૂર્વે ક્ષત્રિયકુળમાં આવું કન્યારત્ન ઉત્પન્ન નહિ કર્યું હોય, કે જેથી કામદેવે રતિનો સ્વીકાર કર્યો, મહાદેવે પાર્વતીનો પરિગ્રહ કર્યો, કૃષ્ણે મંદરાચલથી મંથન પામતા ક્ષીરસાગરમાંથી પ્રગટ થયેલ જળમાનુષી-લક્ષ્મીને પોતાની પ્રાણપ્રિયા બનાવી અને ઇંદ્ર પણ પુલોમમુનિની કન્યા પરણ્યો. અહો! હું મને પોતાને પુણ્યવાન માનું છું કે રત્નાકરની જેમ મારા અંતઃપુરમાં આવું કન્યારત્ન ઉત્પન્ન થયું.'

હવે મન્મથ કે જેનું કોમલાક્ષી-કોમળ ઇક્ષુરૂપ ધનુષ્ય છતાં અને જેના પંચ કુસુમરૂપ બાણો છતાં, બાહ્ય ધનુષ્યના લોભે તે જાણે હજારો તીક્ષ્ણ બાણોવાળો બન્યો હોય તેમ સજ્જ થઇ ગયો. (૧)

એટલે તે બાળા જ્યાં જ્યાં પોતાના સુંદર લોચન નાખતી, ત્યાં ત્યાં તે મન્મથ પણ પોતાની તીક્ષ્ણ બાણાવલિ છોડવા લાગ્યો. (૨)

अत्थाणजणोऽविहु वम्महेण संताविओ हु पासेण।
रिउपडिसत्तू राया तदेगचित्तो विसेसेण ।।३।।

एवं च मयणसरप्पहारविहुरियमाणसो सो नरिंदो परिभाविउं पवत्तो-'अहो एसा इयाणिं वरजोग्गा वट्टइ ता किं कायव्वं?, किमेरिसरूवाइसया कण्णगा परस्स दाऊण सगिहाओ निस्सारिज्जइ?, सव्वहा न जुत्तमेयं। जइविहु जणो अविसेसेण कण्णगाणं अण्णप्पयाणेण पउत्तो तहावि गड्डुरिकापवाहो एसो नालंबणट्ठाणं सुबुद्धीणं'ति कयनिच्छओ अणवेक्खिउं गरुयमाचंदकालियं लोयाववायं, अविमंसिऊण चिरप्परूढं नायमग्गमनिग्गहिऊण मयणवेयणं, अप्पणा चेव तं परिणेउकामो कहकहवि आगारसंवरं काऊण धूयमंतेउरं विसज्जेइ। बीयदियहे वाहराविऊण सेट्ठि-सत्थवाहपमुहं नयरमहाजणं सामंत-सेणावइवग्गं च सुहासणत्थं सबहुमाणं भणइ-'भो भो पहाणलोया! तुम्हे कुलव्ववत्थाणं जुत्ताजुत्ताणं नयाणं संसयत्थाण

---

आस्थानजनः अपि खलु मन्मथेन सन्तापितः खलु पाशेन।
रिपुप्रतिशत्रुः राजा तदेकचित्तः विशेषेण ।।३।।

एवं च मदनशरप्रहारविधूरितमानसः सः नरेन्द्रः परिभावयितुं प्रवृत्तः 'अहो! एषा इदानीं वरयोग्या वर्तते, ततः किं कर्तव्यम्?, किमेतादृशरूपाऽतिशया कन्या परस्य दत्वा स्वगृहाद् निस्रियते? सर्वथा न युक्तम् एतत्। यद्यपि खलु जनः अविशेषेण कन्यामन्यप्रदानेन प्रवृत्तः तथापि लोकप्रवाहः एषः नाऽऽलम्बनस्थानं सुबुद्धीनाम् इति कृतनिश्चयः अनपेक्ष्य गुरुकमाचन्द्रकालिकं लोकाऽपवादम्, अविमृश्य चिरप्ररूढं न्यायमार्गम्, अनिगृह्य मदनवेदनाम्, आत्मना एव तां परिणेतुकामः कथंकथमपि आकारसंवरं कृत्वा दुहितामन्तःपुरं विसृजति। द्वितीयदिवसे व्याहृत्य श्रेष्ठि-सार्थवाहप्रमुखं नगरमहाजनं सामन्त-सेनापतिवर्गं च सुखासनस्थं सबहुमानं भणति 'भोः भोः प्रधानलोकाः! यूयं कुलव्यवस्थानां युक्ताऽयुक्तानाम्, न्यायानां संशयार्थानाम्,

---

ते वखते सभाजनो पण काम-पाशथी संतप्त थइ गया अने रिपुप्रतिशत्रु राजा तो विशेषथी ते कन्यामां लुब्ध बन्यो. (३)

એ રીતે મદનના બાણ-પ્રહારથી વ્યાકુળ બનેલ રાજા વિચારવા લાગ્યો કે-'અહો! આ કન્યા અત્યારે વરયોગ્ય થઇ છે. માટે શું કરવું? શું આવી રૂપવતી કન્યા બીજાને આપી, પોતાના ઘરથકી કાઢી મૂકવી? એ તો કોઇરીતે યુક્ત-ઉચિત નથી. જો કે લોકો બધા કન્યાઓને આપવામાં પ્રયુક્ત છે, તોપણ એ ગાડરીયો પ્રવાહ સુબુદ્ધિશાળી લોકોને આલંબન કરવા લાયક નથી.' એમ નિશ્ચય કરી, લાંબાકાળના મોટા લોકાપવાદની દરકાર કર્યા વિના, ચિરકાળના ન્યાયમાર્ગનો વિચાર કર્યા વિના, મદનની વેદનાનો નિગ્રહ ન કરતાં, પોતે જ તેને પરણવાને ઇચ્છતા, રાજાએ આકાર-વિકાર મહામુશ્કેલીથી ગોપવી, કન્યાને અંતઃપુરમાં મોકલી. પછી બીજે દિવસે શ્રેષ્ઠી, સાર્થવાહપ્રમુખ નગરના મહાજનને બોલાવી તથા સામંત, સેનાપતિવર્ગને સારા આસને બેસારીને રાજા બહુમાન પૂર્વક કહેવા લાગ્યો કે-'હે પ્રધાન જનો! તમે યુક્તાયુક્ત કુળવ્યવસ્થા, સંશયયુક્ત ન્યાયમાર્ગ તથા લોકના વ્યવહારના પ્રરૂપક

लोयधामववहाराणं परूवगा निच्छयकारगा य। अम्हाणंपि सव्वत्थेसु पुराvि पुच्छणिज्जा। ता संपयं साहेह जमेत्थ विसए रयणमुप्पज्जइ तस्स को सामी?', अविण्णायपरमत्थेहिं तेहिं भणियं-'देव! किमेत्थ पुच्छणिज्जं?, तुम्हेच्चिय सामिणो'त्तिवुत्ते तिक्खुत्ते एयमेव वयणं भणाविऊण नरवइणा उवट्ठाविया साऽवि य कन्नगा। भणिया य ते-'अहो धूया एसा मम अंतेउरे रयणभूया पाउब्भूया। अओ तुम्हाणुण्णाओ अहमेयं सयं परिणेउं वंछामि। अणइक्कमणिज्जं खु तुम्ह वयणं अम्हाणं'ति। एवं भणिए लज्जावसवलंतकंधरा, अवरोप्परमुहमवलोयमाणा, ओहयमणसंकप्पा, अपरिभावियवयणविसट्टमाणचित्तपीडा गया नियनियठाणेसु पुरजणपमुक्खा। सा कण्णया अवरवासरे वारिज्जमाणेणऽवि भद्दाए देवीए, पडिखलिज्जमाणेणऽवि कुलमहत्तरएहिं, उवहसिज्जमाणेणवि नम्मसचिवेहिं, सोवालंभं वज्जिज्जमाणेणवि मंतीहिं, दुहविवागमणुसासिज्जमाणेणवि धम्मगुरूहिं अणुसरियविंझेण

---

लोकधामव्यवहाराणां प्ररूपकाः निश्चयकारकाश्च। अस्माकमपि सर्वार्थेषु पुराऽपि प्रष्टव्याः। तस्मात् साम्प्रतं कथयत यदत्र विषये रत्नमुत्पद्यते तस्य कः स्वामी?'। अविज्ञातपरमार्थैः तैः भणितं 'देव! किमत्र प्रष्टव्यम्? त्वमेव स्वामी।' इति उक्ते त्रिधा एतदेव वचनं भणयित्वा नरपतिना उपस्थापिता साऽपि च कन्या। भणिताः च ते 'अहो! दुहिता एषा मम अन्तःपुरे रत्नभूता प्रादुर्भूता अतः युष्मदनुज्ञातः अहं एतां स्वयं परिणेतुं वाञ्छामि। अनतिक्रमणीयं खलु युष्माकं वचनमस्माकम्।' एवं भणिते लज्जावशवलत्कन्धराः अपराऽपरमुखमवलोकमानाः, अपहतमनःसङ्कल्पाः अपरिभावितवचनविकास्यमानचित्तपीडाः गताः निजनिजस्थानेषु पुरजनप्रमुखाः। सा कन्या अपरवासरे वार्यमाणेनाऽपि भद्रया देव्या, प्रतिस्खल्यमानेनाऽपि कुलमहत्तराभिः, उपहस्यमानेनाऽपि नर्मसचिवैः, सोपालम्भं वर्ज्यमानेनाऽपि मन्त्रिभिः, दुःखविपाकम्

---

તથા નિશ્ચય કરનારા છો, તેમજ સર્વ બાબતમાં અમારે પણ પ્રથમથી જ પૂછવા યોગ્ય છો, માટે તમે હવે કહો કે આ દેશમાં જે રત્ન ઉત્પન્ન થાય, તેનો સ્વામી કોણ?' એટલે પરમાર્થને ન જાણતાં તેમણે જણાવી દીધું કે-'હે દેવ! એમાં પૂછવાનું શું છે? તે રત્નના તમે જ સ્વામી.' એમ ત્રણવાર એ જ વચન તેમના મુખે કહેવરાવીને રાજાએ તે કન્યાને પણ બોલાવી લીધી અને તે પ્રજાજનોને કહ્યું કે-'અહો! આ કન્યા મારા અંતઃપુરમાં રત્નરૂપે પ્રગટ થઇ છે, માટે તમારી સલાહ પ્રમાણે એને હું પોતે જ પરણવા ઇચ્છું છું, કારણ કે તમારું વચન અમારે કોઇ રીતે ઉલ્લંઘનીય ન થઇ શકે.' એમ રાજાએ જણાવતાં, લજ્જાને લીધે ગ્રીવાને વાંકી વાળતા, પરસ્પર એકબીજાના મુખને જોતાં, પોતાના મનઃસંકલ્પમાં પરાસ્ત થયેલા, અવિચારીવચનથી ફેલાતી ચિત્ત-પીડાવાળા તે પૌરજનો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. પછી બીજે દિવસે ભદ્રા રાણીએ વાર્યા છતાં, કુળવૃદ્ધાઓએ અટકાવ્યા છતાં, નર્મ-સચિવોએ મશ્કરી કર્યા છતાં, મંત્રીઓએ ઉપાલંભપૂર્વક નિષેધ કર્યા છતાં, ધર્મગુરુઓએ દુઃખવિપાકનો બોધ

करेणुवइ(ण)व्व अणिवारियपसरेण गंधव्वविवाहेण परिणीया सा नरिंदेण, ठविया अग्गमहिसीपए, तीसे सद्धिं विसयसुहमणुभुंजइत्ति।

सा य भद्दा देवी दट्ठूण तारिसं जणनिंदणिज्जं, उभयलोयविरुद्धं, तिय-चउक्क-चच्चरेसु जणहसणिज्जं रण्णो वइयरं संजायगाढचित्तसंतावा अयलेण पुत्तेण समं महया रिद्धिवित्थरेणं पहाणजणसमेया गया दक्खिणावहं। तत्थ य पसत्थभूमिभागे निवेसिया नयरी, निम्मियाइं धवलहराइं, ठवियाइं सुरागाराइं, कारावियाइं पायारगोउराइंति। सा य पुरी महंतीए ईसरीए कारियत्ति **माहेसरि**त्ति गुणनिप्फण्णनामेण देसंतरेसु पसिद्धिं गया। तत्थ य अयलो कुमारो भद्दादेविं मोत्तूण पिउपासमागओ। एवं च काले वच्चंतंमि लोगेणं तस्स राइणो सधूयाकामित्तणेण **पयावइ**त्ति नामं कयं।

---

अनुशिष्यमाणेनाऽपि धर्मगुरुभिः अनुसृतविन्ध्येन करेणुपतिना इव अनिवारितप्रसरेण गान्धर्वविवाहेन परिणीता सा नरेन्द्रेण, स्थापिता अग्रमहिषीपदे, तया सह विषयसुखमनुभुनक्ति।

सा च भद्रा देवी दृष्ट्वा तादृशं जननिन्दनीयम्, उभयलोकविरुद्धम्, त्रिक-चतुष्क-चत्वरेषु जनहसनीयम् राज्ञः व्यतिकरं सञ्जातगाढचित्तसन्तापा **अचलेन** पुत्रेण समं महता ऋद्धिविस्तरेण प्रधानजनसमेता गता दक्षिणापथम्। तत्र च प्रशस्तभूमिभागे निवेषिता नगरी, निर्मितानि धवलगृहाणि, स्थापितानि सुराऽगाराणि, कारापितानि प्राकार-गोपुरादीनि। सा च पुरी महता ऐश्वर्येण कारिता इति **'माहेश्वरी'** इति गुणनिष्पन्ननाम्ना देशान्तरेषु प्रसिद्धिं गता। तत्र च अचलः कुमारः महादेवीं मुक्त्वा पितृपार्श्वे आगतः। एवं च काले व्रजति लोकेन तस्य राज्ञः स्वदुहितृकामित्वेन **प्रजापतिः** इति नाम कृतम्।

---

આપ્યા છતાં, વિંધ્યવાસી હાથીની જેમ પોતાના માનસિક વેગને ન અટકાવતાં રાજાએ ગંધર્વવિવાહથી તે કન્યા પરણી લીધી અને તેને પટ્ટરાણી કરીને સ્થાપી. પછી તેની સાથે તે વિષયસુખ ભોગવવા લાગ્યો.

હવે તે ભદ્રા રાણી, લોકોને નિંદનીય અને ઉભય લોકથી વિરુદ્ધ તથા ત્રિમાર્ગ, ચૌટા તથા ચોરા વિગેરે સ્થળોમાં લોકોને હાંસી કરવા લાયક, રાજાનું તેવું આચરણ જોઇ, મનમાં ભારે સંતાપ પામી, પોતાના અચલ પુત્રની સાથે મોટી સમૃદ્ધિ અને પ્રધાનજનો સહિત દક્ષિણ દેશમાં ગઇ, ત્યાં પ્રશસ્ત ભૂમિભાગમાં એક નગરી વસાવી, તેમાં ધવલગૃહો, દેવાલયો અને કિલ્લો તથા મુખ્યદ્વાર વિગેરે કરાવ્યાં. તે નગરી મોટા ઐશ્વર્યથી કરાવેલ હોવાથી **માહેશ્વરી** એવા ગુણનિષ્પન્ન નામથી દેશાંતરમાં પ્રસિદ્ધિ પામી. ત્યાં ભદ્રાદેવીને મૂકીને અચલકુમાર પિતાની પાસે આવ્યો. એ પ્રમાણે વખત જતાં પોતાની પુત્રીનો કામી બનવાથી લોકોએ તે રાજાનું **પ્રજાપતિ** (પ્રજા-પુત્રીનો પતિ) એવું નામ રાખ્યું.

अण्णया य सो विस्सभूई महासुक्कदेवलोयाओ चविऊण उववण्णो मिगावइए देवीए गब्भंमि पुत्तत्ताए। तओ सा रयणिंमि सुहपसुत्ता सत्त महासुमिणे पासित्ता णं पडिबुद्धा, पहिट्ठहियया य गया रण्णो सगासे। निवेइओ सुविणवुत्तंतो। रन्ना भणियं-'देवि! निच्छियं भुवणविक्खायजसो सयलसामंतमउलिमंडलमसिणियकमकमलो, पयावपडिहय-पडिवक्खो कुलकेऊ तुह पुत्तो भविस्सइ। जेण-

एवंविहसुमिणाइं देवि! पुण्णेहिं कहवि दीसंति।
हरिसभरनिब्भरंगी अभिनंदसु ता तुममिमाइं ।।१।।

इइ जंपिऊण रण्णा वाहरिया सुमिणपाढगा कुसला।
ते य नरिंदाएसं तहत्ति पडिवज्जिउं सहसा ।।२।।

---

अन्यदा च सः विश्वभूतिः महाशुक्रदेवलोकात् च्युत्वा उपपन्नः मृगावत्याः देव्याः गर्भे पुत्रतया। ततः सा रजन्यां सुखप्रसुप्ता सप्त महास्वप्नानि दृष्ट्वा प्रतिबुद्धा। प्रहृष्टहृदया च गता राज्ञः सकाशे। निवेदितः स्वप्नवृत्तान्तः। राज्ञा भणितं 'देवि! निश्चितं भुवनविख्यातयशः सकलसामन्तमौलीमण्डलम-सृणितक्रमकमलः, प्रतापप्रतिहतप्रतिपक्षः, कुलकेतुः तव पुत्रः भविष्यति। येन-

एवंविधस्वप्नानि देवि! पुण्यैः कथमपि दृश्यन्ते।
हर्षभरनिर्भराङ्गीनि अभिनन्द तस्मात् त्वमिमानि ।।१।।

इति जल्पयित्वा राज्ञा व्याहृताः स्वप्नपाठकाः कुशलाः।
ते च नरेन्द्राऽऽदेशं तथेति प्रतिपद्य सहसा ।।२।।

---

એકદા તે વિશ્વભૂતિનો જીવ, મહાશુક્ર દેવલોકથકી ચ્યવીને તે મૃગાવતી દેવીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તે રાત્રે સુખે સૂતેલી મૃગાવતી સાત મહાસ્વપ્નો જોઇને જાગ્રત થઇ અને હૃદયમાં પ્રહર્ષ પામતી તે રાજા પાસે ગઇ. ત્યાં સ્વપ્નનો વૃત્તાંત તેણે રાજાને કહી સંભળાવ્યો. એટલે રાજા બોલ્યો કે-'હે દેવી! તને અવશ્ય ભુવનમાં યશથી વિખ્યાત, સમસ્ત સામંતોના મુગટથી ચરણ-કમળ જેના ઉત્તેજિત થયાં છે, પ્રતાપથી રિપુઓને પ્રતિઘાત પમાડનાર અને કુળમાં ધ્વજાસમાન એવો પુત્ર થશે. કારણ કે

હે ભદ્રે! આવા પ્રકારનાં સ્વપ્નો મહાપુણ્યથી જ જોવામાં આવે છે. માટે અત્યંત આનંદી તું એ સ્વપ્નોનો આદર કર.' (૧)

એમ કહીને રાજાએ કુશળ સ્વપ્ન-પાઠકોને બોલાવ્યા. એટલે તરત રાજાનો આદેશ માન્ય કરી, સ્નાનપૂર્વક બલિકર્મ આચરી, વિશુદ્ધ અને સુંદર વસ્ત્રો પહેરી, શિરપર અક્ષત અને કુસુમ ધારણ કરી, લલાટે ચંદનના તિલક

ण्हाया कयबलिकम्मा परिहियसुविसुद्धसुंदरदुगुल्ला।
सिरनिहियक्खयकुसुमा निडालकयरोयणातिलया ।।३।।

करकलियनिमित्तागमपोत्थयसत्था समत्थनयनिउणा।
पज्जायागयविज्जा समागया झत्ति निवभवणं ।।४।। तिहिं विसेसियं।

सीहासणेसु सव्वायरेण उववेसिया नरिंदेणं।
फलफुल्लदाणपुव्वं सुमिणत्थं पुच्छिया ताहे ।।५।।

तेहि य निमित्तसत्थाइं वित्थरेणं सबुद्धिविहवेणं।
परिचिंतिऊण तह निच्छयं च काऊण अण्णोऽण्णं ।।६।।

भणिओ पयावइनिवो जहेरिसाणं विसिट्ठसुमिणाणं।
अणुभावेणं नूणं पयडो नीसेसभुवणंमि ।।७।।

---

स्नाताः कृतबलिकर्माः परिहितसुविशुद्धसुन्दरदुकुलाः।
शिरनिहिताऽक्षतकुसुमाः ललाटकृतरोचनतिलकाः ।।३।।

करकलितनिमित्ताऽऽगमपुस्तकसार्थाः समस्तनयनिपुणाः।
पर्यायाऽऽगतविद्याः समागताः झटिति नृपभवनम् ।।४।। त्रिभिः विशेषितम्।

सिंहासनेषु सर्वाऽऽदरेण उपवेशिताः नरेन्द्रेण।
फल-पुष्पदानपूर्वं स्वप्नार्थं पृष्टाः तदा ।।५।।

तैश्च निमित्तशास्त्राणि विस्तरेण सुबुद्धिविभवेन।
परिचिन्त्य तथा निश्चयं च कृत्वा अन्योऽन्यम् ।।६।।

भणितः प्रजापतिनृपः यथा एतादृशाणां विशिष्टस्वप्नानाम्।
अनुभावेन नूनं प्रकटः निःशेषभुवने ।।७।।

---

દઇ, નિમિત્ત-શાસ્ત્રની અનેક પોથી લઇ, સમસ્ત નીતિ-શાસ્ત્રમાં નિપુણ અને કુલ-પરંપરાથી આવેલ વિદ્યાના અનુભવી, એવા તે સ્વપ્ન-પાઠકો સત્વર રાજભવનમાં આવ્યા. (૨/૩/૪)

એટલે રાજાએ ફલ, પુષ્પના દાનપૂર્વક ભારે આદર આપીને તેમને સિંહાસનો પર બેસાર્યા અને સ્વપ્નોના અર્થ પૂછ્યા. (૫)

જેથી તેમણે નિમિત્ત-શાસ્ત્રોને વિસ્તારથી પોતાના બુદ્ધિબળે વિચારી, અન્યોન્ય નિશ્ચય કરીને પ્રજાપતિ રાજાને જણાવ્યું કે-'હે રાજન્! આ પ્રકારના વિશિષ્ઠ સ્વપ્નોના પ્રભાવથી અવશ્ય સમસ્ત ભુવનમાં વિખ્યાત, ત્રણ

तिक्खंडभरहसामी अप्पडिहयसासणो य तुह पुत्तो।
होही अप्पडिमबलो इह पढमो वासुदेवोत्ति ।।८।। तिहिं विसेसियं।

आयन्निऊण एवं पहिट्ठचित्तेण ते नरिंदेण।
दाऊण धणं विविहं विसज्जिया नियनियगिहेसु ।।९।।

सा य मिगावई देवी पुणोऽवि नरिंदेण कहिए सुमिणपाढगसिट्ठे सुमिणट्ठे पहिट्ठहियया सुहंसुहेणं गब्भमुव्वहइ। अण्णया य पडिपुण्णंमि समए, पसत्थंमि वासरे सुकुमारपाडलपाणिपल्लवं, तमालदलसामलसरीरं सयलपुरिसप्पवरलक्खणविराइयं तिपिट्ठकरंडगाडंबराभिरामं दारयं पसूया। विण्णायसुयजम्मो पहिट्ठो पयावई। कराविओ सुरमंदिरेसु महूसवो, तथा-

---

त्रिखण्डभरतस्वामी अप्रतिहतशासनश्च तव पुत्रः।
भविष्यति अप्रतिमबलः इह प्रथमः वासुदेवः इति ।।८।। त्रिभिः विशेषितम्।

आकर्ण्य एवं प्रहृष्टचित्तेन तेभ्यः नरेन्द्रेण।
दत्वा धनं विविधं विसर्जिता निजनिजगृहेषु ।।९।।

सा च मृगावती देवी पुनः अपि नरेन्द्रेण कथिते (सति) स्वप्नपाठकशिष्टे स्वप्नार्थे प्रहृष्टहृदया सुखंसुखेन गर्भम् उद्वहति। अन्यदा च प्रतिपूर्णे समये, प्रशस्ते वासरे सुकुमारपाटलपाणिपल्लवम्, तमालदलश्यामलशरीरम्, सकलपुरुषप्रवरलक्षणविराजितम्, त्रिपृष्ठकरण्डकाऽऽडम्बराऽभिरामं दारकं प्रसूता। विज्ञातसूतजन्मा प्रहृष्टः प्रजापतिः। कारापितः सुरमन्दिरेषु महोत्सवः। तथा -

---

ખંડ ભરતનો સ્વામી, અખંડ શાસનવાળો અને અપ્રતિમ બળશાળી એવો તમારો પુત્ર અહીં પ્રથમ વાસુદેવ થશે.' (૬/૭/૮)

એ પ્રમાણે સાંભળતાં અંતરમાં અત્યંત આનંદ પામતા રાજાએ તે સ્વપ્ન-પાઠકોને વિવિધ ધન આપી પોતપોતાના સ્થાને વિસર્જન કર્યા. (૯)

હવે રાજાએ મૃગાવતી રાણીને સ્વપ્ન પાઠકોએ કહેલ અર્થ ફરીને સંભળાવતાં અત્યંત હર્ષ પામીને તે સુખે ગર્ભ ધારણ કરવા લાગી. એમ અનુક્રમે સમય પૂર્ણ થતાં શુભ દિવસે પાટલાવૃક્ષના પલ્લવ સમાન સુકુમાર જેના હાથ, તમાલપત્રના જેવું જેનું શરીર શ્યામ છે, પુરુષો સંબંધી સમસ્ત પ્રવણ લક્ષણોથી વિરાજિત અને ત્રિપૃષ્ઠ કરંડકના (= પીઠમાં ત્રણ અસ્થિબંધના) આડંબરવાળા પુત્રને તેણે જન્મ આપ્યો. એટલે પુત્રજન્મનો વૃત્તાંત જાણીને પ્રજાપતિ ભારે હર્ષ પામ્યો અને દેવમંદિરોમાં તેણે મહોત્સવ કરાવ્યો. વળી

दिज्जंतऽनिवारियकणयदाणनंदिज्जमाणमग्गणयं।
पम्मुक्कपुप्फपुंजोवयाररेहंतरायपहं ।।१।।

मंगलकलयलमुहलुम्मिलंतमहिलाजणाभिरमणिज्जं।
पारद्धसंतिकम्मं जायं नयरं च तं सहसा ।।२।।

अवरवासरे य तस्स दारयस्स परमविभूईए तिपिट्ठकरंडगदंसणनिच्छियाभिहाणबीएण पइट्ठियं **तिविट्ठु**त्ति नामं कुलथेरीजणेणं। अह सो तिविट्ठू पंचधाईपरिक्खित्तो महारयणं व हत्थाओ हत्थं संचरंतो अणेगचेडचाडुकरपरिगओ कुमारभावमणुप्पत्तो।

ताहे पिउणा जोगोत्ति जाणिउं सोहणे तिहिमुहुत्ते।
उवणीओ सो विहिणा लेहायरियस्स पढणत्थं ।।१।।

---

दीयमानाऽनिवारितकनकदाननन्द्यमानमार्गणकम्।
प्रमुक्तपुष्पपुञ्जोपचारराजमानराजपथम् ।।१।।

मङ्गलकलकलोन्मिलन्महिलाजनाऽभिरमणीयम्।
प्रारब्धशान्तिकर्म जातं नगरं च तत् सहसा ।।२।।

अपरवासरे च तस्य दारकस्य परमविभूत्या त्रिपृष्ठकरण्डकदर्शननिश्चिताऽभिधानबीजेन प्रतिष्ठितं **त्रिपृष्ठः** इति नाम कुलस्थविराजनेन। अथ सः त्रिपृष्ठः पञ्चधात्रीपरिक्षिप्तः, महद्रत्नमिव हस्ततः हस्तं सञ्चरन्, अनेकचेटचाटुकरपरिगतः कुमारभावमनुप्राप्तः।

तदा पित्रा योग्यः इति विज्ञाय शोभने तिथि-मुहूर्ते।
उपनीतः सः विधिना लेखाचार्यं पठनार्थम् ।।१।।

---

જેમાં સતત અપાતા સુવર્ણના દાનથી યાચક લોકો આનંદ પામી રહ્યા છે, પુષ્પ-પુંજની વૃષ્ટિથી જ્યાં રાજમાર્ગ શોભી રહેલા છે, (૧)

મંગલના કલકલ કરતી એકત્ર થએલ રમણીઓથી રમણીય એને જ્યાં શાંતિકર્મનો પ્રારંભ કરવામાં આવેલ છે એવો મહોત્સવ સમસ્ત નગરમાં પ્રવર્ત્તી રહ્યો. (૨)

બીજે દિવસે તે બાળકના પૃષ્ઠપર ત્રણ કરંડક-અસ્થિબંધન જોતાં તે નિમિત્તે નામનો નિશ્ચય કરીને કુળવૃદ્ધાઓએ પરમ વિભૂતિપૂર્વક તેનું **ત્રિપૃષ્ઠ** એવું નામ પાડ્યું. પછી પંચ ધાવમાતાઓથી રક્ષણ કરાતો, મહારત્નની જેમ એક હાથથી બીજે હાથે સંચરતો અને અનેક દાસ તથા ચાટુકર-રમાડનાર નોકરથી યુક્ત તે ત્રિપૃષ્ઠ કુમારપણાને પામ્યો. એટલે

તેને યોગ્ય જાણીને સારા મુહૂર્તે અને શુભ દિવસે વિધિપૂર્વક તેને ભણાવવા માટે રાજા કલાચાર્ય પાસે લઇ ગયો. (૧)

सयलो कलाकलावो अकालखेवेण गुरुसयासाओ।
नियबुद्धिपगरिसेणं सविसेसो तेण गहिओत्ति ।।२।।

अह मुणियसव्वनायव्ववित्थरो गुरुपए पणमिऊण।
तदणुण्णाओ कुमरो गओ सगेहंमि परितुट्ठो ।।३।।

अयलेण भाउणा सह खणमविय विओगमसहमाणो सो।
पवरुज्जाणाईसुं निस्संको कीलइ जहिच्छं ।।४।।

कोमलकायस्सवि तस्स भुयबलं पेक्खिऊण जायभया।
पमिलाणवयणकमला सहस्समल्लावि कंपंति ।।५।।

---

सकलः कलाकलापः अकालक्षेपेण गुरुसकाशात्।
निजबुद्धिप्रकर्षेण सविशेषः तेन गृहीतः ।।२।।

अथ ज्ञातसर्वज्ञातव्यविस्तारः गुरुपदयोः प्रणम्य।
तदनुज्ञातः कुमारः गतः स्वगृहे परितुष्टः ।।३।।

अचलेन भ्रात्रा सह क्षणमपि च वियोगमसहमानः सः।
प्रवरोद्यानादिषु निःशङ्कः क्रीडति यथेच्छम् ।।४।।

कोमलकायस्याऽपि तस्य भुजबलं प्रेक्ष्य जातभयाः।
प्रम्लानवदनकमलाः सहस्रमल्लाः अपि कम्पन्ते ।।५।।

---

એટલે પોતાની બુદ્ધિના પ્રકર્ષથી સમસ્ત વિશેષ કલા-કલાપ તે ગુરુ પાસે અલ્પ કાળમાં શીખી રહ્યો. (૨)

એમ સર્વ શાસ્ત્રનો વિસ્તાર જાણી લેતાં, ગુરુના ચરણે નમસ્કાર કરી, તેની અનુજ્ઞાથી સંતુષ્ટ થયેલ કુમાર પોતાના આવાસે આવ્યો. (૩)

ત્યારપછી પોતાના ભાઇ અચલ સાથે એક ક્ષણવારનો વિયોગ પણ સહન ન કરતો ત્રિપૃષ્ઠ કુમાર યથેચ્છાએ નિઃશંકપણે પ્રવર ઉદ્યાનાદિકમાં ક્રીડા કરવા લાગ્યો. (૪)

પોતે શરીરે કોમળ છતાં તેના ભુજબળને જોઇ, ભય પામતાં મ્લાન મુખ કરીને સહસ્રમલ્લો પણ કાંપવા લાગ્યા. (૫)

लीलाएविहु पयपंकयाइं सो जत्थ जत्थ मेल्लेइ।
वज्जाहयव्व धरणी तहिं तहिं थरहरइ बाढं ।।६।।

परिहासेणवि जे तेण पाडिया कहवि मुट्ठिघाएणं।
ते नूणं जइ परगेहिणीए पुत्तेहिं जीवंति ।।७।।

खिवइ य जत्तो दिट्ठिं तत्तो च्चिय सायरं विणयपणया।
अहमहमिगाए धावंति किंकरा मुक्कवावारा ।।८।।

जस्साएसं वियरइ थेवंपि अणायरेणऽवि कुमारो।
सो लद्धनिहाणो इव मन्नइ कयकिच्चमप्पाणं ।।९।।

---

लीलया अपि खलु पदपङ्कजे सः यत्र यत्र मुञ्चति।
वज्राऽऽहता इव धरणी तत्र तत्र कम्पते बाढम् ।।६।।

परिहासेनाऽपि ये तेन पातिताः कथमपि मुष्टिघातेन।
ते नूनं यदि परगृहिण्याः पुत्रैः जीवन्ति ।।७।।

क्षिपति च यत्र दृष्टिं तत्र एव सादरं विनयप्रणताः।
अहमहमिकया धावन्ति किङ्कराः मुक्तव्यापाराः ।।८।।

यस्याऽऽदेशं वितरति स्तोकमपि अनादरेणाऽपि कुमारः।
सः लब्धनिधानः इव मन्यते कृतकृत्यमात्मानम् ।।९।।

---

તે પોતાના ચરણકમળ લીલાથી પણ જ્યાં જ્યાં સ્થાપન કરતો, ત્યાં ત્યાં જાણે વજ્રથી હણાયેલ હોય તેમ પૃથ્વી અત્યંત થરથરતી હતી. (૬)

તેણે હસતાં હસતાં પણ કોઇ રીતે મુષ્ટિઘાતથી પાડેલા જનો નોકરોની સારવારથી જ જીવતા રહી શકતા. (૭)

વળી જ્યાં તે દૃષ્ટિ નાખતો, ત્યાં સાદર વિનયથી તરત જ નમી પડેલા નોકરો અન્ય કામ તજીને ઉતાવળથી તેની પાછળ દોડી જતા. (૮)

તે કુમાર અનાદરપૂર્વક જેને અલ્પ આદેશ કરતો, તે જાણે નિધાન પ્રાપ્ત થયેલ હોય તેમ પોતાના આત્માને કૃતકૃત્ય માનતો. (૯)

सो भणइ जत्थ ठाणे तत्थ समप्पंति सेसवावारा।
तस्सेव परक्कमवण्णणेण लोयस्स पुणरुत्तं ।।१०।।

इय पुव्वभवज्जियसुकयकम्मवसवट्टमाणसोक्खस्स।
अयलसमेयस्स सरंति वासरा अह तिविट्ठुस्स ।।११।।

इओ य-रायगिहे नयरे भारहद्धवसुंधराहिवमणिमउडकोडिलीढपायवीढो, पलय-कालमायंडमंडलुड्डामरपयावक्कंतदिसिचक्को, निव्विसंकभुयदंडमंडवनिलीणराय-लच्छिविलाससुंदरो, समरसीमनिहयमत्तमायंगकुंभत्थलगलियमुत्ताहलविरइयचउक्को, महागोपुरपरिहसन्निहबाहुबद्धवीरवलओ, निसियधारुक्कडचक्कनिक्कंतियवइरिग्गीवो **आसग्गीवो** नाम राया **पडिवासुदेवो** पवरं पंचप्पयाररमणिज्जं विसयसिरिमणुहवइ। एवं च वोलंतंमि काले सो विसाहनंदी कुमारो चिरं रज्जमणुपालिऊण मओ समाणो नरयतिरिएसु

सः भणति यत्र स्थाने तत्र समाप्यन्ते शेषव्यापाराः।
तस्यैव पराक्रमवर्णनेन लोकस्य पुनरुक्तम् ।।१०।।

इति पूर्वभवाऽर्जितसुकृतकर्मवशवर्तमानसौख्यस्य।
अचलसमेतस्य सरन्ति वासराणि अथ त्रिपृष्ठस्य ।।११।।

इतश्च राजगृहे नगरे भरतार्धवसुन्धराऽधिपमणिमुकुटकोटिलीढपादपीठः, प्रलयकालमार्तण्ड-मण्डलप्रबलप्रतापाऽऽक्रान्तदिक्चक्रः, निर्विशङ्कभुजदण्डमण्डपनिलीनराजलक्ष्मीविलाससुन्दरः, समरसीमानिहतमत्तमातङ्गकुम्भस्थलगलितमुक्ताफलविरचितचतुष्कः, महागोपुरपरिखासन्निभबाहुबद्धवीरवलयः, निशितधारोत्कटचक्रनिष्कर्तितवैरिग्रीवः **अश्वग्रीवः** नामा राजा प्रतिवासुदेवः प्रवरं पञ्चप्रकाररमणीयं विषयश्रियमनुभवति। एवं च अतिक्रान्ते काले सः विशाखानन्दी कुमारः चिरं राज्यमनुपाल्य मृतः सन्

તે જે સ્થાને બોલતો, ત્યાં શેષ વ્યાપારો સમાપ્ત કરવામાં આવતા અને તેનાજ પરાક્રમના વર્ણનમાં લોકોની પુનરુક્તિ વધી ગઇ હતી. (૧૦)

એ રીતે પૂર્વોપાર્જિત સુકૃતથી વધતા સુખયુક્ત અચલ ભ્રાતા સાથે ત્રિપૃષ્ઠના દિવસો પસાર થવા લાગ્યા. (૧૧)

હવે અહીં રાજગૃહ નગરમાં, ભરતાર્ધમાંના રાજાઓએ પોતાના મણિમુગટથી જેની પાદપીઠનો સ્પર્શ કરેલ છે. પ્રલયકાળના સૂર્યમંડળ સમાન ઉગ્ર પ્રતાપથી દિશાઓને ઓળંગનાર, નિઃશંક ભુજદંડરૂપ મંડપમાં વિરાજમાન રાજલક્ષ્મીના વિલાસવડે શોભાયમાન, રણાંગણમાં હણેલા મત્તમાતંગોના કુંભસ્થળમાંથી નીકળેલા મોતીઓવડે તે ભૂમિને શોભાવનાર, નગરદ્વારની પરિઘા-ભુંગળ સમાન ભુજામાં વીર-વલયને ધારણ કરનાર તથા તીક્ષ્ણ ધારવાળા ઉત્કટ ચક્રથી શત્રુઓની ગ્રીવાને છેદી નાખનાર એવો **અશ્વગ્રીવ** નામે પ્રતિવાસુદેવ રાજા, પંચ પ્રકારે શ્રેષ્ઠ

भमिऊण उववण्णो एगंमि गिरिकंदरे सिंहत्तणेणं। पमुक्कबालभावो य इओ तओ हिंडंतो उवद्दवेइ तस्स रण्णो पहाणसालिछेत्तनिवासिकरिसगजणे। ते य तेण उवद्दविज्जमाणा आगया आसग्गीवनरिंदस्स सगासे। साहिओ सीहवइयरो, इमं च वागरियं जहा-'देव! इमाओ कयंतविब्भमाओ सिंहाओ न रक्खह अम्हे ता करिसावेह नियछेत्ताई, अम्हे अन्नत्थ वच्चिस्सामो।' राइणा भणियं-'भो भो किमेवं कायरा होह?, तहा करेमि जहा न मणागंपि पीडइ एस दुट्ठसत्तो।' तओ निरूविया जहक्कमं सोलसवि सहस्सा नरिंदाणं सीहपसरपडिक्खलणत्थं। गया य पहिट्ठा करिसगा सट्ठाणंमि।

अण्णया य आसग्गीवो सुरसुंदरीविब्भमंमि अंतेउरीजणे, वेसमणधणाइरेगे कोसविभवे, अणण्णसरिसे करि-तुरगाइरज्जंगे, सुरवइसमंमि आणाइस्सरिए अच्चंतं मुच्छिओ गिद्धिओ चिंतिउमारद्धो-किं मण्णे एरिससमग्गसामग्गीपरिवुडस्स, परेण मणेणवि अणभिभवणिज्जस्स,

---

नरक-तिर्यक्षु भ्रमित्वा उपपन्नः एकस्मिन् कन्दरे सिंहत्वेन। प्रमुक्तबालभावः च इतस्ततः हिण्डमानः उपद्रवति तस्य राज्ञः प्रधानशालीक्षेत्रनिवासिकर्षकजनान्। ते च तेन उपद्रूयमाणाः आगताः अश्वग्रीवनरेन्द्रस्य सकाशम्। कथितः सिंहव्यतिकरः, इदं च कथितं यथा-'देव! अस्मात् कृतान्तविभ्रमात् सिंहात् न रक्षयसि अस्मान् ततः कर्षय निजक्षेत्राणि, वयं अन्यत्र व्रजामः।' राज्ञा भणितं 'भोः भोः किमेवं कायराः भवन्ति? तथा करोमि यथा न मनाग् अपि पीडयति एषः दुष्टसत्त्वः।' ततः निरूपिताः यथाक्रमं षोडश अपि सहस्राणि नरेन्द्राणां सिंहप्रसरप्रतिस्खलनार्थम्। गताः च प्रहृष्टाः कर्षकाः स्वस्थाने।

अन्यदा च अश्वग्रीवः सुरसुन्दरीविभ्रमे अन्तःपुरजने, वैश्रमणधनाऽतिरेके कोशविभवे, अनन्यसदृशे करि-तुरगादिराज्याङ्गे, सुरपतिसमेषु आज्ञैश्वर्येषु अत्यन्तं मूर्च्छितः गृद्धः चिन्तयितुम् आरब्धवान् 'किं मन्ये, एतादृशसमग्रसामग्रीपरिवृतस्य परेण मनसाऽपि अनभिभवनीयस्य नित्यमपि अप्रमत्तचित्ताऽङ्गरक्ष(क)-

---

વિષય-લક્ષ્મીને ભોગવતો હતો. એમ કેટલોક કાળ વ્યતીત થતાં તે **વિશાખનંદી** કુમાર ચિરકાળ રાજ્ય પાળી મરણ પામતાં નરક, તિર્યંચમાં ભમીને એક ગિરિગુફામાં સિંહ થયો. તે તરૂણ થતાં આમતેમ ભમતો અને તે રાજાના શ્રેષ્ઠ ચોખાના ખેતરોમાં રહેતા ખેડૂતોને સતાવતો હતો. તેનાથી પરાભવ પામેલા ખેડૂતો **અશ્વગ્રીવ** રાજા પાસે આવ્યા અને સિંહ વિશે કહેવા લાગ્યા કે-'હે દેવ! કૃતાંત-યમ સમાન આ સિંહથી જો તમે અમારું રક્ષણ ન કરી શકો, તો તમારા ખેતરો બીજા પાસે ખેડાવો, અમે અન્ય સ્થાને ચાલ્યા જઇશું.' રાજાએ કહ્યું-'અરે! તમે આટલા બધા કાયર કેમ થઇ જાઓ છો? હું હવે એવી ગોઠવણ કરીશ કે એ દુષ્ટ પ્રાણી તમને જરા પણ સતાવી શકશે નહિ.' પછી તેણે સિંહને અટકાવવા માટે સોળ હજાર રાજાઓને અનુક્રમે આદેશ કર્યો. એટલે ખેડૂતો હર્ષ પામતા પોતાને સ્થાને ગયા.

(૧૧૮) એકદા અશ્વગ્રીવ રાજા, દેવાંગના સમાન અંતઃપુર, કુબેર કરતાં અધિક ધનભંડાર, અસાધારણ હાથી, અશ્વોપ્રમુખ રાજ્યાંગ અને દેવેંદ્રસમાન આજ્ઞા-ઐશ્વર્ય-ઇત્યાદિકમાં મૂર્છિત અને લુબ્ધ થતાં તે ચિંતવવા લાગ્યો-'શું સમજવું? આવા પ્રકારની સમસ્ત સામગ્રીયુક્ત, મનવડે પણ શત્રુને અનભિભવનીય, સદા અપ્રમત્ત

निच्चंपि अप्पमत्तचित्तअंगरक्खपरिक्खेवस्स, अणुसुमरणमेत्तकरतलपाउब्भवंत-अप्पडिहयगइचक्काउहस्स ममावि संभवेज्ज कोइ विणासकरणपच्चलोत्ति?, जइ ताव तं जाणेमि कहवि ता करेमि पडिविहाणं, रक्खेमि सव्वप्पयारेण अप्पाणंति संपहारिऊण आहुओ नेमित्तिओ। दावियमेगंते आसणं। निसन्नो सो तत्थ। सक्कारपुव्वं पुट्ठो य सव्वायरेण, जहा 'भद्द! नेमित्तिय! सम्मं चिंतिऊण साहेसु, कोऽवि अत्थि किं ममावि मच्चुकारी न वत्ति?', तेणवि य निमित्तबलेण अवलोइऊण भणियं-'देव! पडिहयममंगलं, कहमणिट्ठं साहिज्जइ?', रन्ना वुत्तं-'भद्द! मा संखुब्भ, साहेसु जहापुच्छियं।' नेमित्तिएणं जंपियं-'जइ एवं ता अत्थि तुब्भंपि मच्चुकारी।' रन्ना कहियं-'कहं सो नेओ?', तेण वुत्तं-'देव! जो सालिच्छेत्तसीहं वावाइस्सइ तुहसंतियं च नीसेसमंडलाहिवसम्माणट्ठाणं चंडवेगदूयं धरिसेही सो निच्छियं मच्चुकारी जाणियव्वो, सव्वप्पयारेहिं रक्खणिज्जो य।' एयमायन्निऊण रन्ना

---

परिक्षेपस्य अनुस्मरणमात्रकरतलप्रादुर्भवदप्रतिहतगतिचक्राऽऽयुधस्य ममाऽपि सम्भवेत् कोऽपि विनाशकरण प्रत्यल?। यदि तावत् तं जानामि कथमपि तदा करोमि प्रतिविधानम्, रक्षामि सर्वप्रकारेण आत्मानम्' इति सम्प्रधार्य आहुतः नैमित्तिकः। दापितम् एकान्ते आसनम्। निषण्णः सः तत्र। सत्कारपूर्वं पृष्टश्च सर्वाऽऽदरेण, यथा 'भद्र! नैमित्तिक! सम्यक् चिन्तयित्वा कथय कोऽपि अस्ति किं ममाऽपि मृत्युकारी न वा?' इति। तेनाऽपि च निमित्तबलेन अवलोक्य भणितं 'देव! प्रतिहतममङ्गलम्, कथममङ्गलं कथ्यते?' राज्ञा उक्तं 'भद्र! मा संक्षुभ्य, कथय यथापृष्टम्' नैमित्तिकेन जल्पितं 'यदि एवं तदा अस्ति तव अपि मृत्युकारी।' राज्ञा कथितं 'कथं सः ज्ञेयः?' तेन उक्तं 'देव! यः शालीक्षेत्रसिंहं व्यापादयिष्यति तव सत्कं च निःशेषमण्डलाधिपसन्मानस्थानं चण्डवेगदूतं धर्षिष्यति सः निश्चितं मृत्युकारी ज्ञेयः, सर्वप्रकारैः रक्षणीयश्च। एतद् आकर्ण्य राज्ञा विसर्जितः नैमित्तिकः।

---

चित्ते अंगरक्षकोथी सुरक्षित अने स्मरण करतां ज अस्खलित गतिथी करतलमां प्राप्त थनार चक्रायुधने धारण करनार, એવા મારો પણ વિનાશ કરવા કોઈ સમર્થ હશે ખરો? જો તે કોઇ રીતે જાણવામાં આવે તો તેનો પ્રતિકાર કરું અને સર્વ પ્રકારે પોતાનું રક્ષણ કરું.' એમ ધારીને તેણે નિમિત્તીયાને બોલાવ્યો અને એકાંતે આસનપર બેસારી, સત્કારપૂર્વક આદર આપતાં તેને પૂછ્યું-'હે ભદ્ર! નૈમિત્તિક! બરાબર વિચાર કરીને તું કહે કે મને પણ મૃત્યુ પમાડનાર કોઇ છે કે નહિ?' એટલે તેણે પણ નિમિત્તના બળથી જણાવ્યું-'હે દેવ! અમંગલ નષ્ટ થયું! અનિષ્ટ કેવી રીતે બોલાય?' રાજાએ કહ્યું - 'હે ભદ્ર! ક્ષોભ ન પામ, મેં પૂછેલ પ્રશ્નનો બરાબર જવાબ આપ.' એટલે નૈમિત્તિક બોલ્યો-'હે રાજન્! જો એમ હોય તો તમને મરણ પમાડનાર પણ છે,' રાજાએ કહ્યું-'તે કેવી રીતે જાણી શકાય?' તે બોલ્યો-'હે દેવ! જે ચોખાના ખેતર સંબંધીના સિંહને મારશે અને જે સમસ્ત રાજાઓને માનનીય એવા તમારા **ચંડવેગ** દૂતનું અપમાન કરશે, તે અવશ્ય તમારો મૃત્યુકારી જાણવો અને તે સર્વ પ્રકારે રક્ષણીય સમજવો.' એ પ્રમાણે સાંભળી રાજાએ નૈમિત્તિકને વિસર્જન કર્યો અને પોતે રાજસભામાં આવીને અમાત્યાદિકને પૂછ્યું કે-

विसज्जिओ नेमित्तिओ। सयंपि उवविट्ठो अत्थाणमंडवे, पुच्छिया य अमच्चाइणो-'अहो को संपयं नरवई दंडाहिवो कुमरो वा अतुलबलपरक्कमो सुणिज्जइत्ति', तेहिं भणियं-'देव! तुम्हाणंपि सयासाओ कोऽवि अतुलबलो? जेण साहिज्जइ, महीए सूरमंडले पहवंतंमि विप्फुरइ तारगगरुई?', राइणा भणियं-'बहुरयणा वसुंधरा, किमिह न संभवइ?', मंतीहिं भणियं-'देव! निच्छियं न मुणिमो, सवणपरंपराए पुण सुणिज्जंति-पयावइनरिंदस्स कुमारा अनन्नसरिसपरक्कमा लीलादलियसेससोंडीरबलावलेव'त्ति, एवमायन्निऊण राइणा भणिओ चंडवेगो-जहा 'भद्द! गच्छसु एयस्स राइणो सगासे साहेसु य तस्स अमुगं मम पओयणं', 'जं देवो भणइ'त्ति पडिच्छिऊण सासणं निग्गओ, गओ महया पुरिसपरियारेणं परिक्खित्तो पोयणपुराभिमुहं चंडवेगो।

इओ य पयावइराया कयपवरसिंगारो, परिहरियमहामुल्लदुगुल्लो, कुमारपमुह-परियणाणुगओ अंतेउरमज्झे ठिओ चिट्ठइ। वट्टइ य तत्थ पेच्छणयं। केरिसं? -

---

स्वयमपि उपविष्टः आस्थानमण्डपे, पृष्टाः च अमात्यादयः 'अहो! कः साम्प्रतं नरपतिः, दण्डाधिपः कुमारः वा अतुलबलपराक्रमः श्रूयते?' तैः भणितं 'दैव! युष्मत् सकाशात् कोऽपि अतुलबलः? येन कथ्यते, मह्यां सूरमण्डले प्रभवति विस्फुरति तारकगुरुता?' राज्ञा भणितं 'बहुरत्ना वसुन्धरा, किमत्र न सम्भवति?' मन्त्रिभिः भणितं 'देव! निश्चितं न जानीमः, श्रवणपरम्परया पुनः श्रूयते-प्रजापतिनरेन्द्रस्य कुमारौ अनन्यसदृशपराक्रमौ लीलादलिताऽशेषशौण्डीर्यबलाऽवलेपौ' इति। एवमाकर्ण्य राज्ञा भणितः चण्डवेगः यथा 'भद्र! गच्छ एतस्य राज्ञः सकाशं कथय च तस्य अमुकं मम प्रयोजनम्।' 'यद् देवः भणति' इति प्रतीच्छ्य शासनं निर्गतः। गतः महता पुरुषपरिचारेण परिक्षिप्तः पोतनपुराऽभिमुखं चण्डवेगः।

इतश्च प्रजापतिराजा कृतप्रवरशृङ्गारः, परिहितमहामूल्यदुकुलः, कुमारप्रमुखपरिजनाऽनुगतः अन्तःपुरमध्ये स्थितः तिष्ठति। वर्तते च तत्र प्रेक्षणकम्। कीदृशम्? -

---

'અહો! અત્યારે રાજા, દંડાધિપ કે કુમારોમાં કોણ અતુલ બળશાળી સંભળાય છે?' તેઓ બોલ્યા-'હે દેવ! તમારા કરતાં શું અન્ય કોઇ અતુલબળી છે કે જેથી તમને જણાવીએ? સૂર્યમંડળ વિદ્યમાન છતાં તારાઓ પ્રકાશી શકે? રાજાએ કહ્યું-'પૃથ્વીપર અનેક રત્નો પડ્યાં છે, માટે તેમાં અસંભવિત શું છે?' મંત્રીઓ બોલ્યા-'હે રાજન્! અમો નિશ્ચયપૂર્વક જાણતા નથી; પરંતુ શ્રવણ-પરંપરાથી એમ સંભળાય છે કે 'પ્રજાપતિ રાજાના કુમારો, લીલાથી અન્યના શૌર્યના ગર્વને ભાંગનાર અને અસાધારણ પરાક્રમવાળા છે.' એમ સાંભળતાં રાજાએ **ચંડવેગ** દૂતને કહ્યું કે-'હે ભદ્ર! તું પ્રજાપતિ રાજા પાસે જા અને કહે કે તેનું મારે અમુક પ્રયોજન છે.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ કહેતાં તે આજ્ઞા લઇને પુરુષોના મોટા પરિવાર સાથે **પો**તનપુર ચાલ્યો.

હવે અહીં પ્રજાપતિ રાજા પ્રવર શૃંગાર અને મહાકિંમતી વસ્ત્રો ધારણ કરી, કુમાર વિગેરેના પરિવાર સહિત અંતઃપુરમાં બેઠો છે. ત્યાં આ પ્રમાણે નાટક ચાલી રહ્યું હતું-કે જે

विविहंगहारविब्भमविचित्तकरणप्पओगरमणिज्जं।
रणझणिरमंजुमंजीरमणहरारावसंवलियं ।।१।।

दढदेहायासवसुच्छलंततुट्टंतहारसरिविसरं।
भूभंगविब्भमुब्भडपसरियबहुहावभावभरं ।।२।।

कलयंठकंठगायणपारद्धविसुद्धतारगेयसरं।
ताडियपडुपडहुम्मिस्समंजुगुंजंतवरमुरवं(जं?) ।।३।।

इय एरिसंमि तरुणीजणस्स नट्टंमि संपयट्टंमि।
अदिट्ठरूवपुव्वे संपन्ने परमरंगे य ।।४।।

---

विविधाऽङ्गहारविभ्रमविचित्रकरणप्रयोगरमणीयम्।
रणन्मञ्जुमञ्जीरमनोहराऽऽरावसंवलितम् ।।१।।

दृढदेहाऽऽयासवशोच्छलत्त्रुटद्धारसरिविसरम्।
भ्रूभङ्गविभ्रमोद्भटप्रसृतबहुहावभावभरम् ।।२।।

कलकण्ठकण्ठगायनप्रारब्धविशुद्धतारगेयस्वरम्।
ताडितपटुपटहोन्मिश्रमञ्जुगुञ्जद्वरमुरजम् ।।३।।

इति एतादृशे तरुणीजनस्य नाट्ये सम्प्रवृत्ते।
अदृष्टरूपपूर्वे सम्पन्ने परमरङ्गे च ।।४।।

---

વિવિધ અંગના સુંદર વિભ્રમ અને વિચિત્ર કરણના પ્રયોગથી રમણીય, રણઝણાટ કરતાં સુંદર ઝાંઝરના મનોહર ધ્વનિયુક્ત, (૧)

મજબૂત દેહને વાળતાં ઊછળવાથી જ્યાં હારની સેરો તૂટી રહી છે, ભ્રકુટીના વિભ્રમથી ઉત્કટ હાવભાવ જ્યાં પ્રસરી રહેલ છે, (૨)

કોયલસમાન કંઠવાળા ગાયકોએ જ્યાં વિશુદ્ધ વાજિંત્રને અનુસરીને સંગીત પ્રારંભ કરેલ છે અને મજબૂત પટહમિશ્રિત સુંદર ધ્વનિ કરતાં મૃદંગ જ્યાં વાગી રહ્યા છે. (૩)

એ પ્રમાણે તરુણીજનનું નાટક પ્રવર્તતાં અને અપૂર્વ પરમ રંગ જામતાં, રાજસભા જાણે નિદ્રાધીન બની હોય, જાણે ચિત્રમાં આલેખાઇ ગઇ હોય, જાણે લેપથી ઘડાયેલ હોય, જાણે દોરડીથી બંધાયેલ હોય અને જાણે મદિરાના મદથી સ્તબ્ધ બનેલ હોય તેમ અન્ય ઇંદ્રિયોની પ્રવૃત્તિ મૂકી દઇ, તત્કાલ તે અનિમિષ લોચનયુક્ત બની ગઇ. આ વખતે રાજલોક અને ત્રિપૃષ્ટકુમાર સત્વર અત્યંત સંતુષ્ટ થયા. (૪/૫/૬)

सुत्तव्व चित्तलिहियव्व लेवघडियव्व रज्जुनद्धव्व।
मइरामयनिप्फंदियव्व विमुक्कऽन्नवावारा ।।५।।

अणमिसनयणनिवेसा जणपरिसा तक्खणेण सा जाया।
अइतुट्ठ तिविट्ठुकुमार रायलोएण सह झत्ति ।।६।। तिहिं विसेसियं।

एत्थंतरे खीरोयनिम्महणपज्जंतुट्ठियविसुग्गारोव्व कंपियविबुहसत्थो, कयंतोव्व अणिवारियागमणो पविट्ठो सो चंडवेगाहिहाणो दूओ। तं च दट्ठूण ससंभममुट्ठिया। सामिदूओत्ति कलिऊण कया महती पडिवत्ती, पुट्ठो य आसग्गीवनरिंदस्स सरीरारोग्गवत्तं, सिरसा पडिच्छियं सासणं। संवरियपेच्छणगवावारो नियनियगेहेसु गओ जणो। रंगभंगकरणेण य बाढं अमरिसिओ तिविट्ठुकुमारो। पुच्छिओ अणेण एगो पुरिसो-'अरे! को एस? किं वा एयागमणेण अब्भुट्ठिओ ताओ? कहं वा पविसमाणो दुवारेच्चिय न रुद्धो पडिहारेण?'।

---

सुप्ता इव चित्रलिखिता इव लेपघटिता इव रज्जुनद्धा इव।
मदिरामयनिष्पन्दिता इव विमुक्ताऽन्यव्यापारा ।।५।।

अनिमेषनयननिवेशा जनपर्षत् तत्क्षणेन सा जाता।
अतितुष्टः त्रिपृष्ठकुमारः राजलोकेन सह झटिति ।।६।। त्रिभिः विशेषितम्।

अत्रान्तरे क्षीरोदनिर्मथनपर्यन्तोत्थितविषोद्गारः इव कम्पितविबुधसार्थः, कृतान्तः इव अनिवारिताऽऽगमनः प्रविष्टः सः चण्डवेगाऽभिधानः दूतः। तं च दृष्ट्वा ससम्भ्रमं उत्थिताः (जनाः)। स्वामिदूतः इति कलयित्वा कृता महती प्रतिपत्तिः, पृष्टश्च अश्वग्रीवनरेन्द्रस्य शरीराऽऽरोग्यवार्ताम्, शिरसा प्रतीच्छितं शासनम्। संवृतप्रेक्षणकव्यापारः निजनिजगृहेषु गतः जनः। रङ्गभङ्गकरणेन च बाढम् आमृष्टः त्रिपृष्ठकुमारः। पृष्टः अनेन एकः पुरुषः 'अरे! कः एषः? किं वा एतदागमनेन अभ्युत्थितः तात? कथं वा प्रविश्यमाणः द्वारे एव न रुद्धः प्रतिहारेण?' तेन भणितं 'कुमार! एषः खलु राजाधिराजस्य प्रधानदूतः। अतः स्वामी इव

---

એવામાં ક્ષીરસાગરનું મંથન કરતાં પ્રાંતે ઉત્પન્ન થયેલ વિષોદ્ગારની જેમ દેવોને કંપાવનાર અને યમની જેમ જેનું આગમન અનિવારિત છે એવો તે ચંડવેગ નામે દૂત રાજસભામાં દાખલ થયો. તેને જોતાં રાજા તરત ઉઠ્યો અને 'આ સ્વામીનો દૂત છે' એમ ધારી તેણે દૂતનો ભારે આદરસત્કાર કરતાં અશ્વગ્રીવ નરેંદ્રના કુશળ સમાચાર પૂછ્યા, વળી તેની આજ્ઞા માથે ચડાવી. આ વખતે નાટકની પ્રવૃત્તિ બંધ થતાં લોકો બધા પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. એ રંગમાં ભંગ પડ્યો, જેથી ત્રિપૃષ્ટકુમાર ભારે કોપાયમાન થયો અને તેણે એક પુરુષને પૂછ્યું-'અરે! આ કોણ છે? એના આવવાથી તાત ઉઠ્યા કેમ? દ્વારમાં પ્રવેશ કરતાં પ્રતિહારે એને અટકાવ્યો કેમ નહિ?' તે બોલ્યો 'હે કુમાર! એ રાજાધિરાજનો મુખ્ય દૂત છે, માટે તેને સ્વામીતુલ્ય સમજીને રાજાએ સામે અભ્યુત્થાન કર્યું અને

तेण भणियं-'कुमार! एसो खु रायाहिरायस्स पहाणदूओ। अओ सामिव्व दट्ठव्वोत्ति राइणा अब्भुट्ठिओ। अओच्चिय पडिहारेणवि न खलिओ। एयाणुवित्तीए चेव सुहेणेत्थ निवसिज्जइ। पभुचित्ताणुवत्तित्तणं हि सेवगधम्मो।'

कुमारेण भणियं-'जाणियव्वं कोऽवि कस्सवि पभू सेवगो वा, होउ ताव किं एएण?, अनिव्वडियपुरिसायाराणं विफलो अत्तुक्करिसो, निरत्थओ तुंडमंडवो(णो?), अणुचिओ भुयबलावलेवो, अजुत्तो नेवत्थफडाडोवो। ता एयं एत्थ पत्तकालं-अरे! साहेज्जसु तुमं मम जया एसो सनयराभिमुहं वच्चेज्ज, जेण करेमि एयस्स पाहुन्नयं।' 'जं कुमारो आणावेइ'त्तिभणिऊण अब्भुवगयं पुरिसेण। सो य दूओ गुणदोसे राइणा समं भासिऊण साहियनरिंदपओयणो, परिगहियविविहपाहुडो, कयसक्कारसम्माणो चलिओ सनयराभिमुहं। अंतरा य गच्छंतो विन्नायगमणवइयरेणं पडिरुद्धो तिविट्ठुकुमारेण अयलपरिगएणं, भणिओ य-

---

दृष्टव्यः इति राज्ञा अभ्युत्थितः। अतः एव प्रतिहारेण अपि न स्खलितः। एतदनुवृत्त्या एव सुखेनाऽत्र न्युष्यते। प्रभुचित्ताऽनुवर्तित्वं हि सेवकधर्मः।'

कुमारेण भणितं 'ज्ञातव्यं कः कंस्य प्रभुः सेवकः वा। भवतु तावत् किं एतेन? अनिर्वर्त्तितपौरुषाणां विफलः आत्मोत्कर्षः, निरर्थकः तुण्डमण्डनः, अनुचितः भुजबलाऽवलेपः, अयुक्तः नेपथ्यफटाऽऽटोपः। तस्माद् एतदत्र प्राप्तकालम् - अरे! कथय त्वं मां यदा एषः स्वनगराऽभिमुखं व्रजेत्, येन करोमि एतस्य प्राधुण्यकम्।' 'यद् कुमारः आज्ञापयति' इति भणित्वा अभ्युपगतं पुरुषेण। सः च दूतः गुणदोषान् राज्ञा समं भाषित्वा साधितनरेन्द्रप्रयोजनः, परिगृहीतविविधप्राभृतः, कृतसत्कारसन्मानः चलितः स्वनगराऽभिमुखम्। अन्तरा च गच्छन् विज्ञातगमनव्यतिकरेण प्रतिरुद्धः त्रिपृष्ठकुमारेण अचलपरिगतेन, भणितश्च-

---

તેથી પ્રતિહારે પણ તેને અટકાવ્યો નહિ. એની અનુકૂળતાથી જ અહીં સુખે રહી શકાય છે, કારણકે સ્વામીની મરજી પ્રમાણે વર્ત્તવું એ સેવકનો ધર્મ છે.'

કુમાર બોલ્યો-'કોણ કોનો સ્વામી કે સેવક છે? તે હવે જાણવામાં આવી જશે. એ બાબતથી અત્યારે પ્રયોજન નથી. જે પરાક્રમ કરતા નથી તેવા જનોનો અત્યુત્કર્ષ વિફળ છે, મુખની શોભા નિરર્થક છે, ભુજબળનો ગર્વ અનુચિત છે અને વસ્ત્રાદિકનો આડંબર અયુક્ત છે, માટે અત્યારે અહીં એ જ કર્તવ્ય છે કે એ દૂત જ્યારે પોતાના નગરભણી પાછો ફરે ત્યારે તમે મને ખબર આપજો, કે જેથી તેનું આતિથ્ય કરું.' એટલે 'જેવી કુમારની આજ્ઞા' એમ કહી તે પુરુષે કુમારનું વચન માન્ય કર્યું.

હવે તે દૂત રાજા સાથે ગુણ-દોષની વાતો કરી, પોતાના સ્વામીનું પ્રયોજન કહી, વિવિધ પ્રાભૃત-ભેટ સ્વીકારી, સત્કાર-સન્માન પામી, તે પોતાના નગર તરફ ચાલ્યો. એવામાં તેના ગમનનો વૃતાંત જાણવામાં આવતાં, અચલ ભ્રાતા સાથે ત્રિપૃષ્ટકુમારે દૂતને અધવચ અટકાવ્યો અને જણાવ્યું-

रे दूयाहम! अइदुट्ठ धिट्ठ पाविट्ठ कत्थ वच्चिहिसि।
पेच्छणयरंगभंगं तइया काउं मम समक्खं? ।।१।।

निब्भग्ग! गरुयराउलसेवणओऽविहु पभूयकालेणं।
पत्थावापत्थावं न मुणसि किं सिक्खिओ तंसि? ।।२।।

नियजण! वयणविन्नासपमुहगुणवित्थरेण उवहससि।
सक्कगुरुंपि विदूकुह! अन्नेव वियड्ढिमा तुज्झ? ।।३।।

ता पाव! पावसु फलं सदुट्ठचेट्ठियतरुस्स दुव्विसहं।
सुमरेसु य इट्ठदेवं माऽकयधम्मो धुवं मरसु ।।४।।

इय भणिऊण तिविट्ठू निट्ठुरमुट्ठिप्पहारमुग्गिरिउं।
जा हणइ नेव दूयं अयलेणं जंपियं ताव ।।५।।

---

रे दूताऽधम! अतिदुष्ट! धृष्ट! पापिष्ठ! कुत्र व्रजिष्यसि।
प्रेक्षणकरङ्गभङ्गं तदा कृत्वा मम समक्षम्? ।।१।।

निर्भग! गुरुकराजकुलसेवनतः अपि खलु प्रभूतकालेन।
प्रस्तावाऽप्रस्तावं न जानासि किं शिक्षितः त्वम् असि? ।।२।।

नीचजन! वचनविन्यासप्रमुखगुणविस्तारेण उपहससि।
शक्रगुरुमपि विद्वत्कुथ! अन्या एव विदग्धता तव! ।।३।।

तस्मात् पाप! प्राप्नुहि फलं स्वदुष्टचेष्टिततरोः दुर्विसहम्।
स्मर च इष्टदेवं मा अकृतधर्मः ध्रुवं म्रियस्व ।।४।।

इति भणित्वा त्रिपृष्ठः निष्ठुरमुष्टिप्रहारम् उद्गीर्य।
यावद् हन्ति नैव दूतमचलेन जल्पितं तावत् ।।५।।

---

'હે અધમ દૂત! અરે ધૃષ્ટ! દુષ્ટ! પાપિષ્ઠ! તે વખતે મારી સમક્ષ નાટકના રંગનો ભંગ કરીને તું હવે ક્યાં જવાનો છે? (૧)

હે નિર્ભાગી! લાંબો વખત મોટા રાજાની સેવા કરવા છતાં તું પ્રસ્તાવ-પ્રસંગ કે અપ્રસ્તાવને જાણતો નથી. તું શું શીખ્યો છે? (૨)

હે નીચ! વચન-વિન્યાસ-રચનાપ્રમુખ ગુણના વિસ્તારથી તું બૃહસ્પતિને પણ હસી કાઢે છે હે અધમ પંડિત! એ તારી ચતુરાઇ કંઇ જુદા જ પ્રકારની છે., (૩)

માટે હે પાપી! તું તારા દુષ્ટ આચરણનું અસહ્ય ફળ અનુભવી લે, હવે ઇષ્ટદેવને યાદ કરી લે, કારણકે ધર્મ

भो भो कुमार! विरमसु गोहच्चंपिव विमुंच एयवहं।
दूया रंडा भंडा कयावराहावि अहणणिज्जा ।।६।।

ताहे भणिया पुरिसा! रे रे सिग्घं इमस्स पावस्स।
मोत्तूण जीवियव्वं सेसं अवहरह वत्थाइं ।।७।।

पुरिसेहिं तओ कुमरस्स वयणओ लट्ठि-मुट्ठिपभिईहिं।
गहिऊण तं समत्थं धणाइयं अवहडं तस्स ।।८।।

भयभरविहुरत्तणओ नियंसियं वत्थमविय से गलियं।
भूमीए निवडणेणं धूलीए धूसरियमंगं ।।९।।

---

भोः भोः कुमार! विरम गोहत्यामिव विमुञ्च एतद्वधम्।
दूताः, रण्डाः, भण्डाः कृताऽपराधाः अपि अहन्तव्याः ।।६।।

तदा भणिताः पुरुषाः रे! रे! शीघ्रमस्य पापस्य।
मुक्त्वा जीवितव्यं शेषमपहरत वस्त्रादिं ।।७।।

पुरुषैः ततः कुमारस्य वचनाद् यष्टि-मुष्टिप्रभृतिभिः।
गृहीत्वा तत् समस्तं धनादिकमपहृतं तस्य ।।८।।

भयभरविधूरत्वतः निवसितं वस्त्रमपि च तस्य गलितम्।
भूमौ निपतनेन धूल्यां धूसरितमङ्गम् ।।९।।

---

કર્યા વિના તું મરણ ન પામે.' એમ કહી ત્રિપુષ્ટ જેવામાં મજબૂત મુષ્ટિપ્રહાર ઉગામી તેને હણવા જાય છે, તેવામાં અચલે તેને અટકાવીને કહ્યું-'હે કુમાર! ગોહત્યાની જેમ એના વધથી વિરામ પામ, કારણકે દૂત, વિધવા અને ભાંડ = બહુરૂપીયો એ અપરાધી છતાં અવધ્ય છે. (૪/૫/૬)

એટલે કુમારે પોતાના સેવકોને આજ્ઞા કરી - 'હે પુરુષો! તમે આ પાપીનું એક જીવિત મૂકીને બીજું બધું વસ્ત્રાદિક વિનાવિલંબે છીનવી લ્યો.' (૭)

એ રીતે કુમારના વચનથી પુરુષોએ લાકડી, મુષ્ટિ વિગેરેથી તેનો નિગ્રહ કરી, ધનાદિક બધું છીનવી લીધું. (૮)

આથી ભારે ભયથી વ્યાકૂળ થતાં દૂતનું ઉપરનું વસ્ત્ર પણ જમીનપર પડી ગયું અને જમીન પર પડી જવાથી તેનું બધું શરીર ધૂળથી મલિન થઇ ગયું. (૯)

अह खमणगोव्व मुणिउव्व पंडरंगोव्व तक्खणं जाओ।
सो चंडवेगदूओ नियजीवियरक्खणट्ठाए ।।१०।।

सेसो पुण परिवारो जीवियकंखी य पहरणे मोत्तुं।
सयलदिसासु पलाणो दंसणमेत्तेऽवि कुमरस्स ।।११।।

एवं च लुंच-विलुंचियं काउं दूयं वलिया कुमारा। जाणिया य वत्ता पयावइणा। तओ भीउव्विग्गो चिंतिउमाढत्तो-अहो असोहणं कयं कुमारेहिं। एयंमि पडिकूलिए परमत्थेण आसग्गीवो पडिकूलिओ। अजहाबलमारंभो मूलं विणासस्स। न य कुमारावरद्धे मम निद्दोसत्तणं वयणसएणवि कोऽवि पडिवज्जिही। पडिवज्जिएवि पयडो खलु एस ववहारो जं भिच्चवराहे सामिणो दंडो। ता विसममावडियं। अहवा अलं चिंतिएण। उवाओ चेव

अथ क्षपणकः इव, मुनिः इव पाण्डुराङ्गः इव तत्क्षणं जातः।
सः चण्डवेगदूतः निजजीवितरक्षणार्थम् ।।१०।।

शेषः पुनः परिवारः जीवितकाङ्क्षी च प्रहरणानि मुक्त्वा।
सकलदिक्षु पलायितः दर्शनमात्रेऽपि कुमारस्य ।।११।।

एवं च लुञ्च-विलुञ्चितं कृत्वा दूतं वलिताः कुमाराः। ज्ञाता च वार्ता प्रजापतिना। ततः भीतोद्विग्नः चिन्तयितुं आरब्धवान् 'अहो! अशोभनं कृतं कुमारैः। एतस्मिन् प्रतिकूलिते परमार्थेन अश्वग्रीवः प्रतिकूलितः। अयथाबलमाऽऽरम्भः मूलं विनाशस्य। न च कुमाराऽपराधे मम निर्दोषत्वं वचनशतेनाऽपि कोऽपि प्रतिपत्स्यति। प्रतिप्रत्यां अपि प्रकटः खलु एषः व्यवहारः यद् भृत्याऽपराधे स्वामिनः दण्डः। तस्मात् विषममापतितम्। अथवा अलं चिन्तितेन। उपायः एव उपेयस्य साधकः' इति निश्चित्य आनायितः दूतः। सविशेषं कृता

એટલે પોતાના જીવિતની રક્ષા માટે તે ચંડવેગ દૂત તરત તપસ્વી, મુનિ કે મહાદેવ જેવો બની ગયો. (૧૦)

વળી પોતાના જીવિતને ઈચ્છનાર એવો અન્ય જે તેનો પરિવાર હતો, તે તો કુમારને જોતાં જ શસ્ત્રો નાખી દઇને ચારે દિશામાં પલાયન કરી ગયો. (૧૧)

એ પ્રમાણે દૂતના હાલહવાલ કરીને કુમારો પાછા વળ્યા. એ હકીકત પ્રજાપતિ રાજાના જાણવામાં આવતાં તે ભયથી ઉદ્વિગ્ન થઇને ચિંતવવા લાગ્યો કે-'અહો! કુમારોએ બહુ જ ખોટું કર્યું. એ દૂત પ્રતિકૂળ થતાં ખરીરીતે અશ્વગ્રીવ રાજા પ્રતિકૂળ થયો. અયોગ્ય રીતે બળ વાપરવાથી વિનાશનું મૂળ રોપાય છે. વળી કુમારોના અપરાધમાં ગમે તેવાં વચનોથી પણ મારું નિર્દોષપણું કોઇ સ્વીકારે તેમ નથી અને કદાચ કોઇ સ્વીકારે, છતાં જગતમાં એવો વ્યવહાર તો પ્રગટ જ છે કે 'સેવકનો અપરાધ થતાં સ્વામી દંડાય.' તેથી મારાપર તો સંકટ જ આવી પડ્યું. અથવા તો આવી ચિંતા કરવાથી શું? કારણ કે ઉપાય જ ઉપેય-કાર્યનો સાધક છે,' એમ નિશ્ચય કરીને તેણે ચંડવેગ દૂતને

उवेयस्स साहगोत्तिनिच्छिऊण आणाविओ दूओ। सविसेसं कया पडिवत्ती। समप्पियाइं महामोल्लाइं पाहुडाइं। कओ य चउग्गुणो दाणक्खेवो। भणिओ य एसो-'अहो महायस! बालभावसुलभनिव्विवेयत्तणेण, जोव्वणवसविसंठुलचिट्ठियत्तणेण, रायकुलजम्मसहय-दुल्ललियत्तणेण य जइवि बाढं अवरद्धं कुमारेहिं तुम्ह तहावि सव्वहा न कायव्वो चित्तसंतावो। न वोढव्वो अमरिसो। मम निव्विसेसोऽसि तुमं। डिंभदुव्विलसियाणि न करिंति चित्तपीडं कहवि जणगत्थाणीयस्स। अहं जणगो चेव एएसिं। उत्तरोत्तरगुण-पगरिसारोहणं पुण तुमए इमेसिं कायव्वं, ता कुणसु पसायं परिहरसु अवमाणं।'

दूएण भणियं-'महाराय! किमेवमाउलो भवसि?, किं कोऽवि नियडिंभेसु दुव्विणयमासंकेइ?, पेमपरवसहियएसु वा एगमवि अवराहं न मरिसेति?', राइणा भणियं-'एवमेवं, जाणामि तुज्झ चित्तवित्तिं, लक्खेमि पडिवन्नभरधवलत्तणं, केवलं तहा कायव्वं

---

प्रतिपत्तिः। समर्पितानि महामूल्यानि प्राभृतानि। कृतश्च चतुर्गुणः दानक्षेपः। भणितश्च एषः 'अहो महायशः! बालभावसुलभनिर्विवेकत्वेन, यौवनवशविसंस्थुलचेष्टितत्वेन, राजकुलजन्मसहजदुर्ललितत्वेन च यद्यपि बाढमपराद्धं कुमाराभ्यां, त्वया तथापि सर्वथा न कर्तव्यः चित्तसन्तापः। न वोढव्यः आमर्षः। मम निर्विशेषः त्वम्। डिम्भदुर्विलसितानि न कुर्वन्ति चित्तपीडां कथमपि जनकस्थानीयस्य। अहं केवलं जनकः एव एतयोः। उत्तरोत्तरगुणप्रकर्षाऽऽरोहणं पुनः त्वया एतयोः कर्तव्यम्। ततः कुरु प्रसादम्, परिहर अपमानम्।'

दूतेन भणितं 'महाराज! किं एवमाकुलः भवसि? कि कोऽपि निजडिम्भेषु दुर्विनयम् आशङ्कते? प्रेमपरवशहृदयेषु वा एकमपि अपराधं न मर्षति?' राज्ञा भणितं 'एवमेवम्, जानमि तव चित्तवृत्तिम्, लक्षयामि प्रतिपन्नभरधवलत्वम्, केवलं तथा कर्तव्यं यथा देवः कुमारव्यतिकरं न शृणोति। इति भणिते

---

પાછો બોલાવ્યો અને તેનો વિશેષ પ્રકારે સત્કાર કર્યો, તેમજ મહાકિંમતી ભેટો આપીને પ્રથમ કરતાં ચારગણું ધન આપ્યું. પછી તેને ધીરજ આપતાં જણાવ્યું કે-'હે મહાયશ! બાલ્યાવસ્થામાં નિર્વિવેક સુલભ હોવાથી, યૌવનને લીધે અસભ્ય ચેષ્ટા અધિક રહેવાથી અને રાજકુળમાં જન્મ પામવાથી ઉન્મત્તતા સહજ હોવાથી, જો કે કુમારોએ તમને બહુ સતાવ્યા, છતાં કોઇ રીતે મનમાં ખેદ ન લાવવો, તેમજ કોપને પણ અવકાશ ન આપવો. તમારે માટે બધા કરતાં મને બહુમાન છે. પિતાની સભામાં બેસનારને બાળકુચેષ્ટા કદાપિ ખેદ ઉપજાવતી નથી. હું એમનો ફક્ત જન્મદાતા છું. તમારે તો એ કુમારોમાં અધિકાધિક શ્રેષ્ઠ ગુણ સિંચવા, માટે પ્રસાદ લાવી અપમાનની વાત ભૂલી જાઓ.'

ત્યારે દૂત બોલ્યો- 'હે મહારાજ! તમે આવા વ્યાકુળ શામાટે થાઓ છો? શું પોતાના બાળકોમાં કોઇ અવિનયની શંકા કરે? અથવા તો હૃદય પ્રેમને પરવશ થતાં એક પણ અપરાધને શું સહન કરી ન શકે ?' રાજાએ જણાવ્યું- 'એ બરાબર છે, તારા ચિત્તને હું જાણું છું, તારી નિષ્ઠા મારા લક્ષ્યમાં છે. હવે કેવળ એટલું જ કરવાનું છે કે-કુમારો વાત અશ્વગ્રીવ રાજાના સાંભળવામાં ન આવે.' એમ રાજાનું વચન સ્વીકારીને ચંડવેગ દૂત ચાલતો

जहा देवो कुमारवइयरं न निसामेइ।' इइ भणिए पडिवज्जिऊणं चलिओ चंडवेगो। कमेण गच्छंतो पत्तो आसग्गीवनरिंदसमीवं।

अह पुव्वागयनरकहियकुमारवइयरनिसामणा रुसिओ।
आबद्धभिउडिभीमो रत्तच्छो पेच्छिओ राया ।।१।।

नायं च जहा पुव्वागएहिं सिट्ठो स वइयरो रन्नो।
ताहे कयप्पणामो उवविट्ठो सो नियट्ठाणे ।।२।।

पुट्ठो य तओ रन्ना कहिओ नीसेसवइयरो तेण।
जह कुमरेहिं पहओ अयाणमाणेहि निरवेक्खं ।।३।।

जइविहु देवऽवरद्धं बालत्तणओ सुएहिं मम किंपि।
तहवि पयावइनिवई अहिगं सोगं समुव्वहइ ।।४।।

---

प्रतिपद्य चलितः चण्डवेगः। क्रमेण गच्छन् प्राप्तः अश्वग्रीवनरेन्द्रसमीपम्। अथ

पूर्वाऽऽगतनरकथितकुमारव्यतिकरनिश्रवणेन रुष्टः।
आबद्धभृकुटिभीमः रक्ताक्षः ईक्षितः राजा ।।१।।

ज्ञातं च यथा पूर्वाऽऽगतैः शिष्टः सः व्यतिकरः राज्ञः।
तदा कृतप्रणामः उपविष्टः सः निजस्थाने ।।२।।

पृष्टः च ततः राज्ञा कथितः निःशेषव्यतिकरः तेन।
यथा कुमाराभ्यां प्रहतः अजानद्भ्यां निरपेक्षम् ।।३।।

यद्यपि खलु देव! अपराद्धं बालत्वात् सुताभ्यां मम किमपि।
तथापि प्रजापतिनृपतिः अधिकं शोकं समुद्वहति ।।४।।

---

थयो अने अनुक्रमे ते अश्वग्रीव राजा पासे आवी पहोंच्यो.

એવામાં પૂર્વે આવેલા પુરુષોના મુખથી કુમારોનો પ્રસંગ સાંભળવાથી કોપાયમાન થયેલ, ભ્રકુટી ચડાવવાથી ભયંકર ભાસતો અને રક્તલોચન કરી બેઠેલ રાજા દૂતના જોવામાં આવ્યો. (૧)

એટલે તે સમજી ગયો કે- 'પૂર્વે આવેલા પુરુષોએ રાજાને તે પ્રસંગ સંભળાવ્યો છે.' પછી પ્રણામ કરી દૂત પોતાના સ્થાને બેઠો. (૨)

એટલે રાજાએ પૂછતાં, બધો વૃત્તાંત જણાવતાં તેણે કહ્યું. - 'પ્રજાપતિ રાજાના કુમારોએ અપેક્ષા વિના અજાણપણે મને માર્યો. (૩)

બાળપણાને લીધે જો કે તેમણે મારો અપરાધ કર્યો, તોપણ એ બનાવથી પ્રજાપતિ રાજાને બહુ ખેદ થયો છે. (૪)

चूडामणिव्व सीसेण सासणं तुम्ह धरइ विणयनओ।
निब्भंतभिच्चभावं सविसेसं दंसइ सयावि ।।५।।

न मुणिज्जइ जुवईणं मंजीररवो कयावि तस्स गिहे।
मागहलोएणं तुह गुणनिवहं संथुणंतेण ।।६।।

किं बहुणा? महिवइणो मए सुदिट्ठा कया समग्गा।
किं तु नियसामिभत्तीए तुलइ नो कोऽवि तेण समं ।।७।।

अह आसग्गीवनरिंदेण सुमरियं नेमित्तिगवयणं। परिकंपिओ मणेणं, चिंतियं च-'अहो निव्वडियं ताव एगं नेमित्तिगवयणं। बीयंपि जइ इत्थमेव हवेज्ज ता निच्छियं अकुसलं'ति परिभाविऊण आहूओ अवरो दूओ, भणिओ य जहा-'गच्छसु रे पयावइस्स सगासे, भणसु

---

चूडामणिः इव शीर्षेण शासनं तव धरति विनयनतः।
निर्भान्तभृत्यभावं सविशेषं दर्शयति सदाऽपि ।।५।।

न ज्ञायते युवतीनां मञ्जीररवः कदापि तस्य गृहे।
मागधलोकेन तव गुणनिवहं संस्तुवद्भिः ।।६।।

किं बहुना? महीपतयः मया सुदृष्टाः कृताः समग्राः।
किन्तु निजस्वामिभक्त्या तोलयति नो कोऽपि तेन समम् ।।७।।

अथ अश्वग्रीवनरेन्द्रेण स्मृतं नैमित्तिकवचनम्। परिकम्पितः मनसा, चिन्तितं च - अहो! निष्पन्नं तावद् एकं नैमित्तिकवचनम्। द्वितीयमपि यदि एवमेव भवेत् ततः निश्चितं अकुशलमिति परिभाव्य आहूतः अपरः

---

વિનયથી નમ્ર બની મુગટની જેમ તમારી આજ્ઞાને શિરપર ધારણ કરે છે અને સદા વિશેષપણે અત્યંત પોતાનો ભૃત્યભાવ બતાવી રહ્યો છે. (૫)

તેના ઘરે તમારા ગુણો માગધજનો ગાઇ રહ્યા છે, તેથી કોઈવાર પણ યુવતીઓના ઝાંઝરનો ધ્વનિ સાંભળવામાં આવતો નથી. (૬)

હે રાજન્! હું વધારે શું કહું? મેં બધા રાજાઓને સાક્ષાત્ જોયા છે, છતાં પોતાના સ્વામીની ભક્તિમાં તેની તુલના કોઇ કરી શકે તેમ નથી.' (૭)

એ પ્રમાણે સાંભળતાં અશ્વગ્રીવ રાજાને પેલા નૈમિત્તિકનું વચન યાદ આવ્યું અને મનમાં કંપતાં ચિંતવવા લાગ્યો- 'અહો! નિમિત્તિયાનું એક વચન તો બરાબર સિદ્ધ થયું અને બીજું વચન પણ જો એજ પ્રમાણે સાચું થાય,

य तं मम वयणेण-जेण सालिच्छेत्तेसु करिज्जमाणेसु सबलवाहणो गंतूण केसरिं परिक्खलह'त्ति। 'जं देवो आणवेइ'त्ति भणिऊण निग्गओ दूओ। कमेण पत्तो पयावइस्स भवणं। सक्कारिओ रण्णा, पुट्ठो य आगमणपयोयणं। साहियं च तेण सीहरक्खणरूवं नरिंदसासणं, अब्भुवगयं च पयावइणा, सट्ठाणे य पेसिऊण दूयं एवं उवालद्धा कुमारा-

पुत्ता! अकाल एव हि तुम्हेहिं पबोहिओ धुवं मच्चू।
आसग्गीवनरिंदस्स धरिसिओ जमिह सो दूओ ॥१॥

तेणेव अयंडे च्चिय दारुणरूवा इमा ममावडिया।
आणा कयंतविब्भमपंचाणणरक्खणाणुगया ॥२॥

कुमारेहिं भणियं-'ताय! कहं मच्चू पबोहिओ?', रन्ना भणियं-'पुत्ता! सुणेह।

---

दूतः, भणितश्च यथा 'गच्छ रे! प्रजापतेः सकाशं, भण च तं मम वचनेन 'येन शालीक्षेत्रेषु कृष्यमाणेषु सबलवाहनः गत्वा केसरीं परिस्खल'। 'यद् देवः आज्ञापयति' इति भणित्वा निर्गतः दूतः। क्रमेण प्राप्तः प्रजापतेः भवनम्। सत्कारितः राज्ञा, पृष्टश्च आगमनप्रयोजनम्। कथितं च तेन सिंहरक्षणरूपं नरेन्द्रशासनम्, अभ्युपगतं च प्रजापतिना, स्वस्थाने च प्रेषित्वा दूतमेवमुपालब्धाः कुमाराः -

पुत्रौ! अकाले एव हि युष्माभ्यां प्रबोधितः ध्रुवं मृत्युः।
अश्वग्रीवनरेन्द्रस्य धृष्टः यदिह सः दूतः ॥१॥

तेनैव अकाण्डे एव दारूणरूपा एषा मम आपतिता।
आज्ञा कृतान्तविभ्रमपञ्चाननरक्षणाऽनुगता ॥२॥

कुमारैः भणितं 'तात! कथं मृत्युः प्रबोधितः?' राज्ञा भणितं 'पुत्रौ, श्रुणुतम्। अश्वग्रीवनरेन्द्रस्य

---

તો અવશ્ય અકુશળ જ છે.' એમ ધારી બીજા દૂતને બોલાવીને તેણે કહ્યું- 'અરે! તું પ્રજાપતિ પાસે જા અને મારી આજ્ઞા તેને સંભળાવ કે-તૈયાર થયેલા ચોખાના ખેતરોમાં જઇને સિંહનું નિવારણ કર.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ કહેતાં તે દૂત ચાલતો થયો અને અનુક્રમે પ્રજાપતિ પાસે જઇ પહોંચ્યો. રાજાએ સત્કારપૂર્વક તેને આવવાનું પ્રયોજન પૂછ્યું, ત્યારે તેણે સિંહને અટકાવવારૂપ નરેંદ્રનો આદેશ કહી સંભળાવ્યો. રાજાએ તે શાસનનો સ્વીકાર કરી, દૂતને સ્વસ્થાને મોકલીને કુમારોને તેણે ઠપકો આપ્યો-

'હે પુત્રો! અશ્વગ્રીવ નરેંદ્રના દૂતનો જે પરાભવ કર્યો, તેથી અકાળે તમોએ અવશ્ય મૃત્યુને જગાડ્યો છે. (૧)

એજ કારણે યમસમાન સિંહને અટકાવવારૂપ આ ભયંકર આજ્ઞા અકાળે મારા પર આવી પડી.' (૨)

કુમારો બોલ્યા- 'હે તાત! અમે મૃત્યુને શી રીતે જગાડ્યો?' રાજાએ કહ્યું- 'સાંભળો અશ્વગ્રીવ નરેંદ્રના ચોખાના ખેતરોના ખેડૂતોને સિંહ પરાભવ પમાડે છે, પ્રતિવર્ષે વારાપૂર્વક બધા રાજાઓએ યથાક્રમે તેનાથી રક્ષણ

आसग्गीवनरिंदस्स सालिखेत्तस्स केसरी करिसगजणं विद्दवेइ। सो य पइवरिसं वारोवारएण जहक्कमं सव्वनरिंदेहिं रक्खिज्जइ। संपयं पुण धरिसियदूयकुविएण आसग्गीवेण अपत्थावेच्चिय अहं समाइट्ठोऽम्हि। ता एयं मच्चुए पडिबोहणं'ति तेसिं कहिऊण समाढत्तं पयाणयं। एत्थंतरे विन्नत्तं कुमारेहिं-'ताय! अम्हे वच्चामो।' रन्ना भणियं-'पुत्तया! बालया तुम्हे, न जाणह अज्जवि कज्जाकज्जं। ता विरमह इमाओ अज्झवसायाओ। अहं सयमेव वच्चिस्सामि।' तेहिं भणियं-'सव्वहा मोक्कलह, गंतव्वमवस्समम्हेहिं, महंतमेयं कोऊहलं, केरिसो सो केसरि'त्ति?, राइणा भणियं-'अरे पुत्ता! हरिणंकमंडलनिक्कलंके कुले समुप्पत्ती, कुबेरसमइरेगो धणसंचओ, अविगलं आणाईसरियं, कलाकलावंमि विमलंमि विमलं कुसलत्तणं, समत्थसुत्थत्थेसु पवीणआ, नीसेसेसु पहरणेसु परमो परिस्समो य, नीरूवमं वीरियं, अप्पडिमा रूवलच्छी, एएसिमेगयरंपि उम्मग्गपवत्तणसमत्थं, किं पुण एगत्थ समवाओ?,

---

शालीक्षेत्रस्य केसरी कर्षकान् विद्रवति। सः च प्रतिवर्षं वारंवारकेण यथाक्रमं सर्वनरेन्द्रैः रक्ष्यते। साम्प्रतं पुनः धर्षितदूतकुपितेन अश्वग्रीवेण अप्रस्तावे एव अहं समादिष्टः अस्मि। तस्माद् एतद् मृत्योः प्रतिबोधनम्' इति तेषां कथयित्वा समारब्धं प्रयाणकम्। अत्रान्तरे विज्ञप्तं कुमारैः 'तात! आवां व्रजावः।' राज्ञा भणितं 'पुत्रौ! बालौ युवाम्, न जानीतम् अद्याऽपि कार्याऽकार्यम्। तस्मात् विरमेथामस्माद् अध्यवसायात्। अहं स्वयमेव व्रजिष्यामि।' ताभ्यां भणितं 'सर्वथा प्रेष, गन्तव्यमवश्यमस्माभ्याम्, महदेतत् कौतूहलम्, कीदृशः सः केसरी' इति। राज्ञा भणितम् 'अरे पुत्रौ! हरिणाङ्कमण्डलनिष्कलङ्के कुले समुत्पत्तिः, कुबेरसमाऽतिरेकः धनसञ्चयः, अविकलमाज्ञैश्वयम्, कलाकलापे विमले विमलं कुशलत्वम्, समस्तसूत्रार्थेषु प्रवीणता, निःशेषेषु प्रहरणेषु परमः परिश्रमश्च, निरूपमं वीर्यम्, अप्रतिमा रूपलक्ष्मीः... एतेषाम् एकतरमपि उन्मार्गप्रवर्तनसमर्थम्, किं पुनः एकत्र समवायः? एतानि च सर्वाणि युवयोः सन्ति। तस्माद् एतैः

---

કરવાનું છે, પરંતુ તમે તેના દૂતનું અપમાન કર્યું, તેથી કોપાયમાન થયેલા અશ્વગ્રીવે અત્યારે વારાના ક્રમ વિના મને તે કામ કરવાની આજ્ઞા કરી છે, એટલે એ મૃત્યુને જગાડવા સમાન જ છે.' એમ કહીને તેણે પ્રયાણ કરવાની તૈયારી કરી. એવામાં કુમારોએ વિનંતિ કરીને કહ્યું- 'હે તાત! એ કામ બજાવવા અમે જઇએ.' રાજા બોલ્યો- 'હે વત્સો! તમે હજી બાળક છો, તેથી તમને હજી કાર્યાકાર્યની ખબર નથી માટે એ વિચારથી તમે અટકી જાઓ. હું પોતે જ જઇશ.' ત્યારે કુમારોએ જણાવ્યું- 'તમે ગમે તે રીતે અમને જ મોકલો. અમારે અવશ્ય જવું છે અને અમને કૌતૂહલ છે કે તે સિંહ કેવો છે.' રાજાએ કહ્યું કે- 'અરે પુત્રો! ચંદ્રમા સમાન નિષ્કલંક કુળમાં જન્મ, કુબેર કરતાં અધિક ધનનો સંચય, અખંડ આજ્ઞા-ઐશ્વર્ય, નિર્મળ કલા-કલાપમાં અતુલ કુશળતા, સમસ્ત શાસ્ત્રાર્થમાં પ્રવીણતા, બધા આયુધોમાં પરમ પરિશ્રમ, અસાધારણ વીર્ય, અપ્રતિમ રૂપલક્ષ્મી, એ બધામાં એકાદ બાબત પણ ઉન્માર્ગે પ્રવર્ત્તાવવામાં સમર્થ છે, તો આ બધું એક સાથે ભેગુ થાય તો શું ન કરે ! ઉપર બતાવેલ બધી બાબતો તમારી પાસે

एयाणि य सव्वाणिवि तुम्ह संति। ता एएहिं हीरमाणाणं तुम्हाणं को पडिक्खलणकारी?, जम्हा बद्धमच्छरा वेरिणो, उस्सिंखला खला, अविभावणिज्जागमाओ आवयाओ, अच्चंतं पमत्तचित्ता य तुम्हे। न जाणिज्जइ केरिसो विवागो हवइ?, अओ मुयह गाढग्गहं'ति। तेहिं भणियं-'ताय! हवउ किंपि, निच्छयं गंतव्वमम्हेहिं', तओ निवारिज्जमाणावि चलिया कुमारा पहाणराइणा समेया कइवयकरि-तुरय-रह-परियणपरियरिया, पत्ता य तेसु सालिच्छेत्तेसु जत्थ सो केसरी निवसइ।

पुट्ठा य तेहिं करिसगा-'अरे किह अन्ने राइणो पुव्विं सीहं रक्खियाइया?', तेहिं भणियं-'कुमार! पयंडगुडाडोवभासुरेहिं पवरकुंजरेहिं, पवणाइरेगवेगसुंदरंगेहिं जच्चतुरंगेहिं, उड्डंड-गंडीव-सेल्ल-भल्लि-नाराय-कुंतपमुहपहरणहत्थेहिं सुहडसत्थेहिं विरइऊण तिउणपायारपरिक्खेवं अच्चंतमप्पमत्तचित्ता मरणमहाभयवेवंतसव्वसरीरा केसरिगुहामुहनिहिया-

---

ह्रियमाणयोः युवयोः कः प्रतिस्खलनकारी? यस्माद् बद्धमत्सराः वैरिणः, उच्छुङ्खलाः खलाः, अविभाविताऽऽगमनाः आपदः, अत्यन्तप्रमचित्तौ च युवाम्। न ज्ञायते कीदृशः विपाकः भविष्यति। अतः मुञ्चतम् गाढाऽऽग्रहम्।' तैः भणितं 'तात! भवतु किमपि, निश्चितं गन्तव्यमस्माभ्याम्।' ततः निवार्यमाणौ अपि चलितौ कुमारौ प्रधानराज्ञा समेतौ कतिपयकरि-तुरग-रथ-परिजनपरिवृत्तौ, प्राप्तौ च तेषु शालीक्षेत्रेषु यत्र सः केसरी निवसति।

पृष्टाश्च तैः कर्षकाः 'अरे! कथमन्ये राजानः पूर्वं सिंहं रक्षितवन्त?' तैः भणितं 'कुमार! प्रचण्डगुडाऽऽटोपभासुरैः प्रवरकुञ्जरैः, पवनाऽतिरेकवेगसुन्दराङ्गैः जात्यतुरगैः, उद्दण्ड-गाण्डीव-बाण-भल्ली-नाराच-कुन्तप्रमुखप्रहरणहस्तैः सुभटसार्थैः विरच्य त्रिगुणप्राकारपरिक्षेपमत्यन्तमप्रमत्तचित्ताः

---

મોજુદ છે, માટે ખેંચાતા (= નુકસાનને લાવતા) તમને કોણ અટકાવે તેમ છે? વળી શત્રુઓ તો ભારે મત્સરી અને ઉચ્છૃંખલ ખલ જેવા હોય છે, આપદાઓ ક્યારે માથે આવી પડશે તે કાંઇ જાણી શકાતું નથી અને તમો અત્યંત પ્રમત્ત છો, તેથી ભવિષ્યમાં કેવું પરિણામ આવશે તે અત્યારે જાણી શકાય નહિ; માટે તમે એ ગાઢ આગ્રહ મૂકી ઘો' તેમણે કહ્યું- 'હે તાત! ભલે ગમે તેમ થાઓ, પરંતુ અમારે તો અવશ્ય જવું છે.' એમ અટકાવ્યા છતાં કુમારો, પ્રધાનપુરુષો તથા કેટલાક હાથી, અશ્વ, રથ અને સુભટો તેમજ પરિજનો સહિત ચાલતા થયા અને જ્યાં તે કેસરી વસતો હતો તે શાલિક્ષેત્રોમાં પહોંચ્યા.

ત્યાં તેમણે ખેડૂતોને પૂછ્યું- 'અરે! પૂર્વે અન્ય રાજાઓએ સિંહ થકી તમારી શી રીતે રક્ષા કરી?' તેઓ બોલ્યા- 'હે કુમાર! પ્રચંડ કવચના આડંબરથી શોભતા પ્રવર હાથીઓ, પવન કરતાં અધિક વેગવાળા અને સુંદર જાત્ય-અશ્વો અને ઉત્કટ ધનુષ્ય, શલ્ય, બરછી, બાણ, ભાલાપ્રમુખ શસ્ત્રોને ધારણ કરતા સુભટ-સમૂહોવડે ત્રિગુણ કિલ્લાસમાન ઘેરાવો રચી, અત્યંત સાવધાન રહેતાં અને મરણના મહાભયથી શરીરે કંપતા, એવા રાજાઓએ

निमेसनयणा रक्खिंसु नराहिवा। तहा रक्खमाणाणवि पइक्खणं सीहनायवससमुच्छलंत-पडिसद्दायन्नणेण अवगणियतिक्खंकुसपहारा करडितडपणट्ठमयजला विहडंति करिघडा, गाढखलितखलिज्जमाणाइं वि दिसोदिसिं फट्टंति तुरयघट्टाइं, विमुक्कपोरिसाभिमाणाणि इट्ठदेवयमणुसरमाणाणि सव्वओ पलायंति पायक्काणि।' कुमारेण भणियं-'अहो महापरक्कमो, अहो अनन्नविप्फुरियं वीरियं, अहो ओहामियसयलसुहडदप्पमाहप्पं, अहो भुवणच्छरियं चरियं तस्स केसरिणो जं तिरियमेत्तस्सवि एवं परिसंकिज्जइ। अरे केत्तियं पुण कालं एवंविहपरिकिलेसेण एस पडिक्खलिज्जइ?, तेहिं भणियं-कुमार! जाव सयलंपि करिसणं ण सगिहे पविसइ। कुमारेण भणियं-भो करिसगा! को वासारत्तदुव्विसहसीयवायाभिहओ, नियसुहिसयणपमुहपहाणलोयरहिओ, चिक्खल्लोलंमि मेइणितले, मेहमालाउले दिसिवलए अणवरयं निवडंतीसु दिसिवहूमुत्तामणिहारविब्भमासु, मुणीणंपि कयमयणवियारासु,

---

વચનને વિસારી મૂકી, અવશ્ય વિનાશ થવાનો હોવાથી, ભાગ્યની પ્રતિકૂળતા છતાં, વૃદ્ધ પુરુષોએ વાર્યા છતાં, અપશુકનોથી સ્ખલના પામ્યા છતાં, અંતઃપુરની રમણીઓએ આગ્રહપૂર્વક અટકાવ્યા છતાં અને નિમિત્ત પાઠકોએ છત્ર-ભંગ સંભળાવ્યા છતાં, સકલ સૈન્ય સાથે તે આગળ ચાલ્યો અને અનુક્રમે પોતાના દેશના સીમાડાપર આવેલ **રથાવર્ત** પર્વતના પ્રદેશમાં જઈ પહોંચ્યો. પછી ત્યાં સેનાની છાવણી નંખાવી તેણે દૂતને બોલાવીને કહ્યું-'અરે! પ્રજાપતિની પાસે જા અને તેને કહે કે - 'અશ્વગ્રીવ રાજા યુદ્ધને માટે સજ્જ થઇને આવી પહોંચ્યો છે, માટે હવે સત્વર સામે આવ, અથવા તો કુમારોને મોકલી તેનો સત્કાર કર. અકાળે કુળનો ક્ષય ન કર.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ તે વચન સ્વીકારીને દૂત ચાલી નીકળ્યો. અને તે પ્રજાપતિની પાસે પહોંચ્યો. ત્યાં અશ્વગ્રીવનો આદેશ તેણે કહી સંભળાવ્યો. જે સાંભળતાં ત્રિપૃષ્ઠકુમાર ભારે કોપાયમાન થઇને કહેવા લાગ્યો-

'હે દૂત! તું અવધ્ય અને નિર્ભય છે. મારા આગ્રહથી અશ્વગ્રીવને જઇને પ્રગટ રીતે આ પ્રમાણે કહે કે-(૧)

मा होहिसि विगयभओ बहुपरिवारोत्ति चिंतिउं अचिरा।
सीहोव्व मइसिलिंबं एस तिविट्ठू तुमं हणिही ॥२॥

अज्जवि पयावइनिवो नियनामत्थं फुडं सुमरमाणो।
रक्खइ तं जइ परिहरसि निट्ठुरत्तं वहसि पणयं ॥३॥

अहऽभिणिविट्ठमईणं सुट्ठु भणियंपि दोसमावहइ।
ता किं निरत्थएणं सिक्खादाणेण एएण? ॥४॥

दूएण तओ भणियं अज्जवि दुस्सिक्खिया दढं तुम्हे।
न मुणह देवस्स बलं तेणेवमसंकमुल्लवह ॥५॥

---

मा भव विगतभयः बहु परिवारः इति चिन्तयित्वा अचिरेण।
सिंहः इव मृगीशिशुम् एषः त्रिपृष्ठः त्वां हनिष्यति ॥२॥

अद्यापि प्रजापतिनृपः निजनामार्थं स्फुटं स्मरन्।
रक्षति त्वां यदि परिहरसि निष्ठुरत्वं वहसि प्रणयम् ॥३॥

अथाऽभिनिविष्टमतीनाम् सुष्ठु भणितमपि दोषमावहति।
तस्मात् किं निरर्थकेन शिक्षादानेन एतेन ॥४॥

दूतेन ततः भणितमद्यापि दुःशिक्षिताः दृढं यूयम्।
न जानीध्वे देवस्य बलं तेन एवमाशङ्कामुल्लपथ ॥५॥

---

તું બહુ પરિવારવાળો છે એમ વિચારીને નિર્ભય થઇને રહીશ નહિ, કારણ કે બાળમૃગને સિંહની જેમ અલ્પકાળમાં આ ત્રિપૃષ્ઠ તને મારશે. (૨)

હજી પણ પ્રજાપતિ રાજા પોતાના નામઅર્થને સ્પષ્ટ રીતે યાદ કરતાં, કદાચ તું નિષ્ઠુરતા તજી દે અને સ્નેહને ધારણ કરે, તો તે તારું રક્ષણ કરે; (૩)

પરંતુ દુરાગ્રહયુક્ત મતિવાળાને સાચું કહેતા પણ તે દોષ જુએ છે, માટે નિરર્થક આ શિક્ષાદાનથી શું?' (૪)

ત્યારે દૂત બોલ્યો-'તમે હજી પણ દુઃશિક્ષિત જ રહ્યા છો. તમે સ્વામીના બળને જાણતા નથી, તેથી આમ નિઃશંકપણે બોલો છો.' (૫)

अह पयावइणा भणियं-'भद्द! वच्च नियनरिंदसगासं, साहेसु य जहा-एस आगओ पयावइ'त्ति। एवमाइन्निऊण निग्गओ दूओ। राइणावि काराविओ सेन्नसंवाहो। तओ पक्खरिज्जंतदप्पियवग्गंततुरंगमं, गुडिज्जंतगयघडं, समरपरिहत्थुच्छहंतफारफारक्कचक्कं, चंडगंडीवगुणज्झणक्कारमुहलुच्छलंतधणुद्धरं, रहारूढपवरवीरं, नाणाउहहत्थसमुत्थरंत-सुहडसत्थं चलियं चाउरंगं बलं। तेण य परिवुडो पयंडगुडाडोवभासुरकुंजरकंधराधिरूढो नीहरिओ पुराओ पयावई। एत्थंतरे नीलचलंतमहंततालज्झयाणुसारमिलियसामंतपरिगएण पबलनीलीनीलयदुउल्लनियंसणेण करयलफुरंतहल-मुसलपहरणेण संगामसंगमुक्कंखिरेण अयलकुमारेण अणुगम्ममाणमग्गो; आमलगथूलमुत्ताहलहारेण गयणाभोगोव्व नहसुरसरिपवाहेण सोहंतवियडवच्छत्थलो, तरुणतरणिकिरणसन्निगाससिचयजुयलेण वडवानलजालाकलावेण

---

अथ प्रजापतिना भणितं 'भद्र! व्रज निजनरेन्द्रसकाशम्, कथय च यथा 'एषः आगतः प्रजापतिः।' एवमाकर्ण्य निर्गतः दूतः। राज्ञाऽपि कारितः सैन्यसंवाहः। ततः प्रक्षरद्दृप्तवल्गत्तुरङ्गमम्, गुड्यमानगजघट्टम्, समरपरिहस्तोच्छलत्स्फारस्फारक(अस्त्र)चक्रम्, चण्डगाण्डीवगुणझणक्कार-मुखरोच्छलद्धनुर्धरम्, रथाऽऽरूढप्रवरवीरम्, नानाऽऽयुधहस्तसमुत्तिष्ठत्सुभटसार्थं चलितं चातुरङ्गं बलम्। तेन च परिवृत्तः प्रचण्डगुडाटोपभासुरकुञ्जरकन्धराऽधिरूढः निहृतः पुरात् प्रजापतिः। अत्रान्तरे नीलचलन्महत्ताल-ध्वजाऽनुसारमिलितसामन्तपरिगतेन प्रवरनीलनिलयदुकुलनिवसनेन करतलस्फुरद्हल-मुशलप्रहरणेन सङ्ग्रामसङ्गमोत्कण्ठितेन अचलकुमारेण अनुगम्यमानमार्गः, आमलकस्थूलमुक्ताफलहारेण गगनाभोगः इव नभःसुरसरित्प्रवाहेण शोभमानविकटवक्षस्थलः, तरुणतरणिकिरणसन्निकाशसिचययुगलेन

---

એટલે પ્રજાપતિએ કહ્યું-'હે ભદ્ર! તું તારા સ્વામી પાસે જા અને કહે કે-પ્રજાપતિ આ આવ્યો.' એમ સાંભળી દૂત તરત ચાલી નીકળ્યા. અહીં રાજાએ પણ સૈન્ય સજ્જ કરવાની તૈયારી કરી. એટલે ગર્વથી હણહણાટ કરતાં અશ્વો શણગારવામાં આવ્યા, ગજઘટાને કવચ ચડાવવામાં આવ્યા, યુદ્ધદક્ષ અને ઉત્સાહ પામતા સ્ફરકાસ્ત્રધારી સુભટો તૈયાર થયા, પ્રચંડ ધનુષ્યની દોરીના ઝણકારથી શબ્દાયમાન એવા ધનુર્ધરો ઉછળવા લાગ્યા, મજબૂત યોધાઓ રથોપર આરૂઢ થયા તથા વિવિધ આયુધોને હાથમાં ધારણ કરતાં સુભટો બહાર નીકળ્યા. એમ ચતુરંગ બળ-સૈન્ય ચાલવા તૈયાર થયું. તેનાથી પરિવૃત થયેલ પ્રજાપતિ રાજા પણ, પ્રચંડ કવચના આટોપ-આડંબરથી શોભાયમાન કુંજરપર બેસીને નગરની બહાર નીકળ્યો. એવામાં ઉછળતી અને મોટા તાલપત્રસમાન નીલધ્વજાના અનુસારે એકત્ર થયેલા સામંતોથી પરવરેલ, નીલી વૃક્ષના સ્થાનરૂપ અત્યંત નીલવસ્ત્રને ધારણ કરનાર, હાથમાં હળ-મુશળરૂપ આયુધથી વિરાજિત, તથા સંગ્રામ-સંગમાં ઉત્કંઠિત એવા અચલકુમારથી અનુસરાતો, આમળાસમાન મોટા મોતીના હારવડે, આકાશ ગંગાના પ્રવાહથી ગંગનાંગણની જેમ વિસ્તૃત વક્ષસ્થળથી શોભાયમાન, તરૂણ સૂર્યના કિરણ સમાન વસ્ત્રયુગલવડે વડવાનલના જ્વાલાકલાપથી સમુદ્રની જેમ શરીરે સુશોભિત, કર્ણમાં નાખેલ કનકકુંડલની કાંતિના પ્રસારવડે, તત્કાલ સંગમ કરવાને ઉત્સુક બનેલ રાજલક્ષ્મીના સરાગ કટાક્ષની જેમ મુખે

जलरासिव्व रेहंतदेहो, सवणकयकणयकुंडलकंतिपसरेण तक्कालसंगमूसुयरायसिरिसरागतिरिच्छच्छिविच्छोहेहिं व भासमाणवयणो, पुरो पइट्ठियरयणलट्ठिनिविट्ठकणयकविलगरुलकंतिपडलच्छलेण कोवं व उग्गिरंतो तिविट्ठुकुमारो सिग्घं गंतूण मिलिओ पयावइनरिंदस्स, भणिउमाढत्तो य-'ताय! नियत्तह तुम्हे, देह ममाएसं, कित्तियमेत्तो एसो घोडयग्गीवो?, अवणेमि तुम्ह पसाएण एयस्स धिट्ठसोंडीरयं। न य बहुसहाओत्ति संकणिज्जं, जओ भोयणमेत्तसहायिणो इमे, परमत्थेण एगागी चेव एसो।' रायणा भणियं-'पुत्त! लीलाविहाडियसमुक्कडकेसरिकिसोरस्स अविगणियपडिवक्खलक्खस्स किं असज्झं तुह परक्कमस्स?, केवलं दूरट्ठिया कोऊहलपेच्छगा एत्थ अम्हे।' कुमारेण वुत्तं-'एवं होउ।'

अह विसिट्ठसउणोवलंभवड्ढंतपरितोसाणं अणवरयपयाणगेहिं वच्चंताणं तेसिं तस्स रहावत्तपव्वयस्स समीवे संपत्ताणं अवरोप्परासन्नदंसणवसेण जाए हलबोले

---

वडवानलज्वालाकलापेन जलराशिः इव राजमानदेहः, श्रवणकृतकनककुण्डलकान्तिप्रसरेण तत्कालसङ्गमोत्सूकराजश्रीसरागतिर्यगक्षिविक्षोभैः इव भासमानवदनः, पुरतः प्रतिष्ठितरत्नयष्टिनिविष्टकनककपिलगुरुकान्तिपटलच्छलेन कोपमिव उद्गिरन् त्रिपृष्ठकुमारः शीघ्रं गत्वा मिलितः प्रजापतिनरेन्द्रम्, भणितुमारब्धश्च 'तात! निवर्तस्व त्वम्, देहि मम आदेशम्, कियन्मात्रः एषः घोटकग्रीवः? अपनयामि तव प्रसादेन एतस्य धृष्टशौण्डीर्यताम्। न च बहुसहायः इति शङ्कनीयम्, यतः भोजनमात्रसहायिनः इमे, परमार्थेन एकाकी एव एषः।' राज्ञा भणितं 'पुत्र! लीलाविघटितसमुत्कटकेसरिकिशोरस्य अविगणितप्रतिपक्षलक्षस्य किमसाध्यं तव पराक्रमस्य? केवलं दूरस्थिताः कौतूहलप्रेक्षकाः अत्र वयम्।' कुमारेण उक्तम् 'एवं भवतु।'

अथ विशिष्टशुकनोपलाभवर्धमानपरितोषाणां अनवरतप्रयाणकैः व्रजतां तेषां तस्य रथावर्तपर्वतस्य समीपे सम्प्राप्तानां अपराऽपराऽऽसन्नदर्शनवशेन जाते कलकले परिकल्पितसन्नद्धगुण्डाऽऽटोपानि उत्थितानि

---

દીપતો તથા આગળ પ્રસ્થિત રત્ન-લષ્ટિમાં જડેલ સોનાની પીળી ભારે કાંતિના બહાને જાણે કોપને બહાર કાઢતો હોય એવો ત્રિપૃષ્ઠકુમાર સત્વર જઇને પ્રજાપતિ રાજાને મળ્યો, અને કહેવા લાગ્યો 'હે તાત! તમે નિવૃત્ત થાઓ અને મને આજ્ઞા કરો. એ અશ્વગ્રીવ શું માત્ર છે? તમારા પ્રસાદથી એના ધૃષ્ટ શૌર્યને પરાસ્ત કરી દઉં વળી એના બહુ સહાયકો છે એવી પણ તમારે શંકા ન કરવી કારણ કે તે બધા ભોજનમાત્રના સહાયકો છે, પરંતુ ખરીરીતે તો તે એકલો જ છે.' રાજાએ કહ્યું-'પુત્ર! ઉત્કટ કેશરિકિશોરને લીલામાત્રથી મારી નાખનાર અને લાખો શત્રુઓની અવગણના કરનાર એવા તારા પરાક્રમને શું અસાધ્ય છે? અમે તો અહીં દૂર રહીને કેવલ કૌતુક જોયા કરીશું,' કુમાર બોલ્યો, 'ભલે એમ કરજો.'

હવે વિશિષ્ટ શુકનો થતાં વધતા હર્ષે, નિરંતર પ્રયાણ કરતાં તે રથાવર્ત પર્વતની સમીપે તેઓ પહોંચ્યા, એટલે બંને સૈન્યોએ પરસ્પર એક બીજાને નજીક જોવાથી કોલાહલ વધતાં, પાખરેલા અશ્વો અને કવચધારી

परिकप्पियपक्खरगुंडाडोवाइं उट्ठियाइं तुरङ्ग-हत्थिसाहणाइं। उद्धुयधयचिंधाइं संपलग्गाइं उभयबलाइं। तओ-ताडियसरतूरतुट्ठजणं भयथरहरंतकायरगणं, उद्दामबंदिसद्दपढणुच्छहंतसुहडं वरधूलिधूसरियरहधयवडं ।।१।। खरखुरुप्पकप्परियतुरयपक्खरियनियतुरयघट्ट-लोट्टावियकुंतयरं, आसवारकरु-क्खयतिक्खकरवालविदारियसूरसिरं। गुंडियगुरुकरडि-घडफोडियतुरयघट्टं, अन्नोन्नमिलणजायनिविडसंघट्टं ।।२।।

सरलसेल्लकल्लोलकीलिज्जंतकुंभपलायंतगयं, सुन्नपुन्नहिंडंत चंडचंडुलहयं। तिसूल-भल्लि-सेल्लभिन्नवेल्लंतनरं, उत्तालनिवडियछत्तछत्तधरं ।।३।। दंतिदंतसंघट्टपयट्टानलकणं, उद्धबाहुनच्चंतकबंधपबन्धघणं। विप्फुरंतकुंतग्गघायघुम्मियरहियं, सारिमज्झजुज्झंतजोहघायदुव्विसहं ।।४।। कुंभिकुंभघायसमुच्छलियरुहिरप्पवहं, भूमिवट्ठनिच्चेट्ठपडियसमुत्तुंगमायंगरुद्धपहं।

---

तुरङ्ग-हस्तिसाधनानि। उद्धूतध्वजचिह्नानि सम्प्रलग्नानि उभयबलानि। ततः-ताडितस्वरतूरतुष्टजनं भयकम्पमाणकातरगणम्। उद्दामबन्दिशब्दपठनोच्छलत्सुभटम्, वरधूलिधूसरितरथध्वजपटम् ।।१।। खरक्षुरप्रदारिततुरगसन्नद्धनिजतुरगघट्टलोठितकुन्तकरम्, अश्ववारकरोत्खाततीक्ष्णकरवालविदारितशूरशिरः। गुण्डितगुरुकरटिघटाऽऽस्फोटिततुरगघट्टम्, अन्योन्यमिलनजातनिबिडसङ्घट्टम् ।।२।। सरलशल्य-कल्लोलक्लिष्यमाणकुम्भपलायमानगजम्, शून्यपुण्य(?)हिण्डमानचण्डचटुलहयम्। त्रिशूल-भल्ली-बाणभिन्नवेल्लन्नरम्, उत्तालनिपतितछत्रछत्रधरम् ।।३।। दन्तिदन्तसङ्घट्टप्रवृत्ताऽनलकणम्, उर्ध्वबाहुनृत्यत्कबन्ध-प्रबन्धघनम्। विस्फुरत्कुन्ताग्रघातघूर्णितरथिकम्, शारि(मृत्तिका?)मध्ययुध्यद्योधघातदुर्विसहम् ।।४।। कुम्भिकुम्भ-

---

હાથીઓ ઉઠ્યા, તથા પોતપોતાના ધ્વજચિન્હને ઉંચે કરતાં બંને સૈન્યો સામસામે આવ્યાં અને યુદ્ધ કરવા લાગ્યાં, જેમાં વાજીંત્રના સ્વરથી લોકો સંતુષ્ટ થતા, કાયર જનો ભયથી થરહર કંપતા, ઉત્કટ બંદીજનોના પઢવાથી સુભટો ઉત્સાહમાં આવી જતા અને ધૂળ ઉડવાથી રથોના ધ્વજ-પટો મલિન થયેલા ભાસતા હતા. (૧)

વળી તીક્ષ્ણ બાણથી ઘાયલ કરેલ અશ્વ શસ્ત્રોથી તૈયાર પોતાના ઘોડા સાથે અથડાવાથી પડતા સૈનિકવાળું, ઘોડેસવારની તીક્ષ્ણ તરવાર ચાલતાં સુભટોનાં શિર જ્યાં કપાઇ રહ્યાં છે, કવચધારી મોટા હાથીઓએ જ્યાં અશ્વસમૂહને ફોડી નાખેલ છે, અને અન્યોન્ય એકત્ર મળવાથી જ્યાં અત્યંત અથડામણ થઇ રહેલ છે, (૨)

તેમજ સરલ શલ્ય શસ્ત્રના પ્રહારથી ગંડસ્થળમાં વેદના પામી હસ્તીઓ જ્યાં પલાયન કરી રહ્યાં છે, પ્રચંડ અને પીન અશ્વો જ્યાં શૂન્ય થઇને ચાલતા, ત્રિશૂળ, ભાલા, બરછી, શલ્ય પ્રમુખ શસ્ત્રોથી ભેદાઇને સુભટો જ્યાં પડી રહ્યા છે, છત્ર અને છત્રધર જ્યાં નીચે પડી ગયેલ છે, (૩)

હસ્તીઓના પરસ્પર દંત-સંઘટ્ટનથી અગ્નિકણો પ્રગટ થઇ રહ્યા છે, ઘણા ધડ જ્યાં ઊંચા હાથ કરીને નાચી રહ્યા છે, ચળકતા ભાલાની અણીથી ઘાયલ થતાં રથિકો જ્યાં ઘુમી રહ્યા છે અને રણાંગણના મધ્યભાગમાં યુદ્ધ કરતા યોધાઓના ઘાતથી તે દુઃસહ્ય ભાસતું હતું. હાથીઓના કુંભસ્થળો ચીરાતાં જ્યાં રુધિરનો પ્રવાહ ઉછળતો,

महल्लच्छभल्लभल्लुंकमुक्केफ(?क्कफे)क्कारभीसणं, संगामरसियसुहडलोयतोसणं ।।५।।
काऊण (दंडपडण) विचित्तसमरवावारं ।।

धाणुक्कढुक्कधाणुक्कयाहं, फारक्कियभडफारक्कियाहं।
कुंतयरभिडियसमवग्गियाहं, खग्गाउहउक्खयखग्गियाहं ।।१।।

पडिखलियतुरंगतुरंगमेहिं, मेल्लंतसेल्लभडदुग्गमेहिं।
मयगलगिलंतमयगिण्णगंड, अब्भिट्टपरोप्परबद्धसुंड ।।२।।

पाउब्भवंतअइघोररोस खणि खणि विमुक्कभीसणनिघोस।
चाउद्दिसि सुहड समोत्थरेवि पहरंति समरि नियपाण देवि ।।३।।

---

घातसमुच्छलितरुधिरप्रवाहम्, भूमिपृष्ठनिश्चेष्टपतितसमुत्तुङ्गमातङ्गरुद्धपथम्। महाऋक्ष-भल्ल-भल्लुङ्कमुक्त-फेत्कारभीषणम्, सङ्ग्रामरसिकसुभटलोकतोषणम् ।।५।। कृत्वा (दण्डपतन)विचित्रसमरव्यापारम् ।।

धानुष्कमिलितधानुष्कैः स्फारक्कियभटस्फारक्कैः।
कुन्तकरयुध्यत्समवर्गिभिः, खड्गाऽऽयुधोत्क्षतखड्गिभिः ।।१।।

प्रतिस्खलिततुरङ्गतुरङ्गमैः मिलत्शरभटदुर्गमैः।
मदगलगलन्मदगीर्णगण्डाः अभीष्टपरस्परबद्धकराः ।।२।।

प्रादुर्भवदतिघोररोषाः क्षणं क्षणं विमुक्तभीषणनिर्घोषाः।
चतुर्दिशि सुभटाः समवस्तृताः(=निरुद्धाः) अपि प्रहरन्ति समरे निजप्राणान् ददति ।।३।।

---

ભૂમિપર નિશ્ચેષ્ટ થઇને પડેલા મોટા હાથીઓથી જ્યાં માર્ગ રોકાઇ જતો, લોચન વિકાસીને આવેલા રીંછ અને શિયાળોએ કરેલા અવાજથી જે ભીષણ ભાસતું અને રણરસિક યોધાઓ જ્યાં સંતોષ પામતા હતા; (૫) વળી દંડ-પતન પ્રમુખ સંગ્રામની વિવિધ પ્રવૃત્તિ કરી

ધનુર્ધરો ધનુષ્યધારીઓ સાથે, સ્ફરકાસ્ત્રધારી સુભટો તેવા જ યોધાઓ સામે, કુંતધારી પોતાના સમવર્ગી જોડે અને અસિધારી ખડ્ગધારી સાથે સંગ્રામમાં જોડાયા. (૧)

અશ્વો અશ્વોને સ્ખલના પમાડતા, શલ્ય મૂકતા સુભટોવડે દુર્ગમ, હાથીઓના ગંડસ્થળો ઝરતા મદથી જ્યાં આર્દ્ર બનેલ છે, અને સામે આવીને પરસ્પર હસ્તીઓએ જ્યાં એક બીજાની સૂંઢ જકડેલ છે, (૨)

વળી જ્યાં ઘોર રોષ પ્રગટ થઇ રહેલ છે અને ક્ષણે ક્ષણે ભીષણ નિર્ઘોષ થતો સંભળાય છે, નિરોધ પામ્યા છતાં સુભટો સમરાંગણમાં પોતાના પ્રાણ આપીને પણ ચોતરફ પ્રહાર કરતા, (૩)

नाणाउहहत्थनरिंदवग्ग अवरोप्परजुज्झिंतसंपलग्ग।
गयजीविय निवडहिं दंडनाह, पवहंतरुहिरपहजुय अगाह ।।४।।

सेसारुणच्छुरणबद्धकच्छु, मह दंसह आसग्गीवु हत्थु।
इय जंपिरु रिउपडिसत्तुराओ, एत्थंतरि पडिपहरंतु आउ ।।५।।

तो वंग-कलिंगनगराहिवेहिं, जुगवं चिय मुक्कमहाउहेहिं।
पडिखलियउ पयावइ जुज्झमाणु, साहुव्व जाओ परिचत्तुमाणु ।।६।।

आसग्गीवह सेन्नेण अइबहुसंखेण हरि-करि-संदणदुद्धरेण।
निम्महिय परक्कमु पहणिय उज्जमु कयउ पयावइ तक्खणेण ।।७।।

---

नानायुधहस्तनरेन्द्रवर्गः अपरापरयुध्यमानसम्प्रलग्नः।
गतजीवितः निपतति दण्डनाथः, प्रवहद्रुधिरपथयुतः अगाधः ।।४।।

शेषाऽरुणाक्ष-रणबद्धकक्षः, 'मां दर्शय अश्वग्रीवः हस्तेन'।
इति जल्पन् रिपुप्रतिशत्रुराजा, अत्रान्तरे प्रतिप्रहरन् आगतः ।।५।।

ततः बङ्ग-कलिङ्गनगराऽधिपैः, युगपद् एव मुक्तमहाऽऽयुधैः।
प्रतिस्खलितः प्रजापतिः युध्यमानः, साधुः इव जातः परित्यक्तमानः ।।६।।

अश्वग्रीवस्य सैन्येन अतिबहुसङ्ख्येन हरि-करि-स्यन्दनदुर्धरेण।
निर्मथितपराक्रमः प्रहतोद्यमः कृतः प्रजापतिः तत्क्षणेन ।।७।।

---

નરેંદ્રો હાથમાં વિવિધ આયુધ લઇને પરસ્પર યુદ્ધમાં જોડાયા, દંડનાયક-કોટવાલ પ્રાણરહિત થતાં જ્યાં નીચે પડ્યો અને વહેતા રુધિરથી જ્યાં માર્ગ અગમ્ય થઇ પડ્યો, (૪)

એવામાં 'અરે! શેષનાગ સમાન રક્તલોચનયુક્ત અને રણાંગણમાં બદ્ધકક્ષ-સંનદ્ધ થયેલ અશ્વગ્રીવ મને હાથથી બતાવો' એમ બોલતો પ્રતિશત્રુ-પ્રજાપતિ રાજા શત્રુની સામે પ્રતિપ્રહાર કરતો આવ્યો, (૫)

એટલે ભંગ, કલિંગના રાજાઓએ એકીસાથે છોડેલા મહા-આયુધોથી પ્રજાપતિને લડતો અટકાવી દીધો, જેથી તે સાધુની જેમ માનરહિત બની ગયો. (૬)

અશ્વગ્રીવના અશ્વો, ગજો અને રથોવડે દુર્ધર અને બહુજ વિસ્તૃત સેનાએ તત્કાલ પ્રજાપતિના પરાક્રમને મથી તેને ઉદ્યમરહિત બનાવી દીધો. (૭)

मुणिवि तं निज्जियं जायकोवुग्गमो, भिउडिभीमाणणो पायडो नं जमो।
अयलु पयलंतहलमुसलदिव्वाउहो, सिग्घवेगेण सत्तूण ठिओ संमुहो ।।८।।

तयणु चिरलद्धजयवायगव्वुद्धुरा, ते नरिंदा समुव्वूढदढमच्छरा।
सेल्ल-नाराय-सरनिरयमेलंतया, अयलपासंमि वच्चंति वग्गंतया ।।९।।

हरिसभरतडयडुत्तुट्टकंकडगुणो, सो य ते पेच्छिउं बाढमखुभियमणो।
जंपए रे लहुं चयह चक्खुप्पहं, कीस वच्चह विणा कारणं जमगिहं? ।।१०।।

किं न भो नियह मह लंगलं सियसिहं, कुवियकीणासजीवं व अइदुस्सहं।
वइरिवच्छत्थलीविलिहणुड्डामरं, जस्स कंतीहिं अरुणिज्जए अंबरं ।।११।।

---

ज्ञात्वा तं निर्जितं जातकोपोद्गमः, भृकुटीभीमाऽऽननः प्रकटः (नं) यमः।
अचलः प्रचलद्हल-मुशलदिव्याऽऽयुधः, शीघ्रवेगेन शत्रूणां स्थितः सम्मुखः ।।८।।

तदनु चिरलब्धजयवादगर्वोद्धूराः, ते नरेन्द्राः समुद्व्रूढदृढमत्सराः।
बाण-नाराच-शरनिरतमेलयन्तः, अचलपार्श्वे व्रजन्ति वल्गन्तः ।।९।।

हर्षभर'तड्तड्'त्रुटत्कङ्कटगुणः, सः च तान् प्रेक्ष्य बाढं अक्षुब्धमनाः।
जल्पति रे! लघुं त्यजत चक्षुपथम्, कथं व्रजत विना कारणं यमगृहम् ।।१०।।

किं न भोः पश्यत मम लाङ्गलं श्वेतशिखम्, कुपितकीनाशजीवमिव अतिदुःसहम्।
वैरिवक्षस्थलविलेखनोड्डामरम्, यस्य कान्तिभिः अरुणायते अम्बरम् ।।११।।

---

એમ તેને પરાજિત સમજી પ્રગટ થયેલ કોપ અને ભ્રકુટીથી ભીષણ બનેલ મુખવડે સાક્ષાત્ યમ સમાન ભાસતો એવો અચલકુમાર પોતાના હળ અને મુશળ દિવ્યાયુધને ચલાવતો સત્વર શત્રુની સામે આવીને ઉભો રહ્યો. (૮)

ત્યારે લાંબા કાળથી પ્રાપ્ત કરેલ જયવાદના ગર્વથી અભિમાની બનેલા, દૃઢ મત્સરને ધારણ કરતા અને શલ્ય, બાણ, પ્રમુખ શસ્ત્રોને મૂકતા એવા તે રાજાઓ ગર્વથી ગાજતા, અચલ પાસે આવ્યા, (૯)

જેથી અચલને હર્ષનો આવેશ આવતાં તેના કવચના સાંધા તૂટી પડ્યા અને તેમને જોતાં મનમાં જરાપણ ક્ષોભ પામ્યા વિના તે ભારે શોચ કરતો બોલ્યો-'અરે! તમે સત્વર મારા ચક્ષુપથથી દૂર થઇ જાઓ. વિના કારણે તમે યમના ઘરે જવાને શા માટે તૈયાર થયા છો? (૧૦)

અરે! શ્વેત શિખાવાળા અને કોપાયમાન કીનાશના જીવ સમાન અતિ દુસ્સહ એવા મારા હળને તમે શું જોઇ શકતા નથી? વળી જે શત્રુના વક્ષસ્થળને ચીરવામાં સમર્થ અને જેની કાંતિથી આકાશ લાલ થાય છે, (૧૧)

किं न वा मुसलमलिवलयकसिणप्पहं, धरणिमणिसारपरमाणुनिम्मियमुहं।
जयह तुब्भे जमेवं रणे उज्जुया, तेहि वुत्तं अरे तुज्झ का चंगया? ।।१२।।

जेण दीसंति तुह सन्निहा हालिया, धरइ लीलाए मुसलंपि किल महिलिया।
एवमुल्लाविरं वइरिसत्थं बलो, सरइ वेगेण करकलियसियलंगलो ।।१३।।

केऽवि मुट्ठिप्पहारेण ताडइ भडे, अवरि मुसलेण चूरइ सहावुब्भडे।
हलसिहग्गेण केसिंपि उरु दारए, अन्नि चलणप्पहारेण मुसुमूरए ।।१४।।

एक्कघाएण पाडइ महाकुंजरे, तणयपूलं व गयणे खिवइ रहवरे।
मुयइ करुणाय परिचत्तसयलाउहे, ठाइ निग्गयपयावोऽवि नो से मुहे ।।१५।।

---

किं न वा मुसलमलिवलयकृष्णप्रभम्, धरणिमणिसारपरमाणुनिर्मितमुखम्।
यतध्वं यूयं यदेवं रणे उद्यताः, तैः उक्तम् अरे! तव का रम्यता? ।।१२।।

येन दृश्यते तव सन्निभाः हालिकाः, धारयन्ति लीलया मुसलमपि किल महिलाः।
एवमुल्लपन्तं वैरिसार्थं बलः, सरति वेगेन करकलितश्वेतलाङ्गलः ।।१३।।

कान् अपि मुष्टिप्रहारेण ताडयति भटान्, अपरान् मुसलेन चूरयति स्वभावोद्भटान्।
हलशिखाऽग्रेण केषामपि उरुं दारयति, अन्यान् चरणप्रहारेण भनक्ति ।।१४।।

एकघातेन पातयति महाकुञ्जरान्, तृणपूलमिव गगने क्षिपति रथवरान्।
मुञ्चति करुणया परित्यक्तसर्वाऽऽयुधान्, तिष्ठति निर्गतप्रतापः अपि न तस्य मुखे ।।१५।।

---

અને વળી તમે જય મેળવવા સમરાંગણમાં જે આમ ઉદ્યત થયા છો, તો ભ્રમરસમાન શ્યામ પ્રભાયુક્ત અને પૃથ્વીપરના મણિઓના શ્રેષ્ઠ પરમાણુઓથી જેનું મુખ બનાવેલ છે એવા મારા મુશલને પણ શું તમે જોતા નથી?' એ પ્રમાણે સાંભળતાં તેઓ કહેવા લાગ્યા-'અરે! તારી તે શી શ્રેષ્ઠતા? (૧૨)

કારણ કે તારા જેવા હળ ચલાવનારા જોયા છે, અને મુશળ તો મહિલા પણ લીલાથી ધારણ કરે છે.' એમ બોલતાં શત્રુઓ સામે બળદેવ-અચલ હાથમાં હળ લઇને એકદમ ધસ્યો. (૧૩)

અને કેટલાક સુભટોને તે મુષ્ટિ-પ્રહારથી મારવા લાગ્યો, સ્વભાવથી ઉદ્ભટ એવા કેટલાકને મુશળથી ચૂરવા લાગ્યો, હળના અગ્રભાગથી કેટલાકના સાથળ ચીરવા લાગ્યો અને કેટલાકને પાદ પ્રહારથી જમીનદોસ્ત કરવા લાગ્યો. (૧૪)

એક ઘાતથી તે મહા હાથીઓને પાડતો અને તૃણ-પૂળાની જેમ મોટા રથોને આકાશમાં ઉડાવી દેતો, છતાં જેઓ બધા આયુધો તજી દેતા, તેમને તે કરૂણા લાવીને છોડી મૂકતો. તેના તેજની પ્રખરતાને લીધે બાલસૂર્ય પણ તેના મુખપર (= સન્મુખ) રહી શકતો નહિ. (૧૫)

इय निट्ठुरगत्तेण निरुवमसत्तेण निट्ठुरेण बलदेवेण बलु वलु विरियहं।
तक्खणि विद्धंसिओ भडमउ नासिउ सयलदिसामुह(?मुहं) पसरियहं ।।१६।।

एवं चिय पइदिवसं दोण्हवि सेन्नाण जुज्झमाणाणं।
विविहप्पयारभीमं एयं जायं समरठाणं ।।१७।।

एगत्थ पडियनरवइपियंगणाकरुणरुन्नरवभीमं।
अन्नत्थ बंदितज्जणसवडंमुहचलियपडिसुहडं ।।१८।।

एगत्थ दंतिदसणग्गभिन्नसूरासिलेहहयरहियं।
अण्णत्थ भीयकायरनियमुहखित्तंगुलीवलयं ।।१९।।

---

एवं निष्ठुरगात्रेण निरूपमसत्त्वेन, निष्ठुरेण बलदेवेन बलं वालितं वीर्यम्।
तत्क्षणं विध्वस्तः भटमदः नष्टं सकलदिग्मुखं प्रसृत्य ।।१६।।

एवमेव प्रतिदिवसं द्वयोः अपि सैन्ययोः युध्यमानयोः।
विविधप्रकारभीमम् एतत् जातं समरस्थानम् ।।१७।।

एकत्र पतितनरपतिप्रियाङ्गनाकरुणरुदनरवभीमम्।
अन्यत्र बन्दितर्जनाऽभिमुखचलितप्रतिसुभटम् ।।१८।।

एकत्र दन्तिदशनाग्रभिन्नशूराऽसिलीढहयरथिकम्।
अन्यत्र भीतकातरनिजमुखक्षिप्ताऽङ्गुलीवलयम् ।।१९।।

---

એમ મજબૂત શરીર અને અનુપમ સત્ત્વશાળી પરાક્રમી બળદેવે, અશ્વગ્રીવની બળવાન સેનાને દૂર કરી. તથા સુભટોના મદનો સત્વર નાશ કરી દીધો, જેથી તેઓ ચોતરફ નાશ-ભાગ કરવા લાગ્યા. (૧૬)

એ પ્રમાણે પ્રતિદિન બંને સેનાનું યુદ્ધ ચાલતાં તે સમરાંગણ અનેક પ્રકારે ભીષણ ભાસવા લાગ્યું. (૧૭)

તેમજ વળી એક બાજુ માર્યા ગયેલા રાજાઓની રમણીઓના કરુણ રુદનથી ભયંકર અને બીજી બાજુ બંદીજનોની તર્જનાથી પ્રતિસુભટો પાછા આવતા, (૧૮)

એક તરફ હાથીઓના દંતાગ્રથી ભેદાયેલા શૂરાઓની તરવારથી રથિકો માર્યા જતા અને એક તરફ ભય પામેલા કાયરજનો પોતાના મુખમાં આંગળી નાખી રહ્યા હતા. (૧૯)

एगत्तो ऊसियकरमाहूयऽण्णोण्णवीरवरपुरिसं।
अव्वत्थोमिंठविणट्ठमिंठपरिभमियगयनिवहं ।।२०।।

एगत्थुत्तालिमिलंतघोरवेयालविहियहलबोलं।
अन्नत्थ सिवागणखज्जमाणगयजीवनरनिवहं ।।२१।।

एगत्तो दंसणतिक्खचक्कछिज्जंतमहिगयजणोहं,
अन्नत्तो भडतोसियमागहगिज्जंतवरचरियं ।।२२।।

इय विहियविविहभीसणकिरिएहिं उभयसेन्नसुहडेहिं।
समरंगणं सुराणवि जायं अच्चंतभयजणगं ।।२३।।

---

एकत्र उच्छ्रितकरम् आहूताऽन्योन्यवीरवरपुरुषम्।
अव्यक्तहस्तिपक-विनष्टहस्तिपकपरिभ्रमितगजनिवहम् ।।२०।।

एकत्र उत्तालिमिलद्घोरवेतालविहितकलकलम्।
अन्यत्र शिवागणखाद्यमानगतजीवनरनिवहम् ।।२१।।

एकत्र दशनतीक्ष्णचक्रछिद्यमानमहीगतजनौघम्।
अन्यत्र भटतोषितमागधगीयमानवरचरित्रम् ।।२२।।

इति विहितविविधभीषणक्रियैः उभयसैन्यसुभटैः।
समराङ्गणं सुराणामपि जातमत्यन्तभयजनकम् ।।२३।।

---

એકત્ર વીર પુરુષો અન્યોન્ય હાથ ઉંચા કરીને એકબીજાને બોલાવતા અને અન્યત્ર અજાણ્યા મહાવત અને મરેલા મહાવતવાળા હાથીઓ પરિભ્રમણ કરી રહ્યા હતા. (૨૦)

એક સ્થળે તાળી દઇ મળતા ઘોર વેતાળો કોલાહલ કરતા અને અન્ય સ્થાને શિયાલણો મરેલા માણસોને ખાતી હતી. (૨૧)

વળી એક તરફ દાંત સમાન તીક્ષ્ણ ચક્રથી જમીનપરના ઘણા લોકો છેદાતા અને બીજી બાજુ માગધજનોથી ગવાતા શ્રેષ્ઠ ચરિત્રો સાંભળતાં સુભટો સંતોષ પામતા હતા. (૨૨)

એમ ઉભય સૈન્યના સુભટોએ વિવિધ ભીષણ ક્રિયાઓ કરતાં, તે સમરાંગણ દેવતાઓને પણ ભારે ભય ઉપજાવનારું થઈ પડ્યું, (૨૩)

किं च-रणट्ठाणनिवडियकण्ण-सीस-कर-चरण-जंघतणुखंडं।
विहिणो घरं व नज्जइ जयजणघडणुज्जयमइस्स ।।२४।।

एवं च बहूइं वासराइं महासम्मद्देण निवाडियाणेगसुहत्थिसु तिक्खनारायनिब्भिन्न-कुंभिकुंभत्थलेसु, चुरियचारुतुंगसिंगरहवरेसु, मुसुमूरियनरवइसहस्सेसु जायंतेसु आओहणेसु पेच्छिऊण बहुजणक्खयं तिविट्ठुणा भणाविओ दूयवयणेण आसग्गीवो, जहा-'किमणेण निरत्थएणं निद्दोसपरियणक्खएणं?, तुमं च अहं च परोप्परबद्धवेरा। ता अंगीकरेह नियभुयबलं, सम्मं ठवेहि चित्तावट्ठंभं, विमुंच कायरत्तं, परिच्चय परपुरिसायारं, दावेहि सहत्थकोसल्लं, मेल्लेहि सरीरसोकुमल्लं, पगुणो भवाहि असहाओ मए एगागिणा सह जुज्झिउं'ति। सम्ममवधारिऊण गओ दूओ, निवेइओ आसग्गीवस्स कुमारसंदेसगो, पडिवन्नो य राइणा।

---

किं च-रणस्थाननिपतित कर्ण-शीर्ष-कर-चरण-जङ्घातनुखण्डम्।
विधेः गृहमिव ज्ञायते जगज्जनघटनोद्यतमतेः ।।२४।।

एवं च बहूनि वासराणि महासम्मर्देन निपातिताऽनेकसुहस्तिषु तीक्ष्णनाराचनिर्भिन्नकुम्भिकुम्भस्थलेषु, चूरितचारुतुङ्गशृङ्गरथवरेषु, भिन्ननरपतिसहस्रेषु जायमानेषु आयोधनेषु प्रेक्ष्य बहुजनक्षयं त्रिपृष्ठेन भणितः दूतवचनेन अश्वग्रीवः, यथा-किमनेन निरर्थकेन निर्दोषपरिजनक्षयेण? त्वं च अहं च परस्परबद्धवैरौ। तस्माद् अङ्गीकुरु निजभुजबलम्, सम्यक् स्थापय चित्ताऽवष्टम्भम्, विमुञ्च कातरत्वम्, परित्यज परपौरुषम्, दर्शय स्वहस्तकौशल्यम्, मुञ्च शरीरसुकुमारत्वम्, प्रगुणः भव असहायः मया एकाकिना सह योद्धुम् इति। सम्यग् अवधार्य गतः दूतः, निवेदितः अश्वग्रीवस्य कुमारसन्देशः, प्रतिपन्नश्च

---

અને વળી રણસ્થાનમાં પડેલા કાન, શિર, હાથ, પગ, જંઘા અને શરીરના ટુકડા જોતાં, જગતના લોકોને ઘડવા તૈયાર થયેલા એવા વિધાતાના ઘર જેવું તે ભાસતું હતું. (૨૪)

એ રીતે ઘણા દિવસ મહાસંગ્રામ ચાલતાં, તીક્ષ્ણ બાણોથી કુંભસ્થળમાં ભેદાયેલા અનેક શ્રેષ્ઠ હાથીઓ જમીનદોસ્ત થતાં, વળી સુંદર અને ઊંચા રથો ચૂરણ થઇ જતાં, હજારો રાજાઓ નાશ પામતાં અને ત્યાં બહુ લોકોનો ક્ષય થતો જોઇને ત્રિપૃષ્ઠે દૂતના મુખથી અશ્વગ્રીવને જણાવ્યું-'આ નિરર્થક નિર્દોષ પરિજનોના નાશથી શું? આપણા વચ્ચે પરસ્પર વૈર બંધાયેલ છે, માટે તું તારા ભુજબળને અંગીકાર કરી ચિત્તને બરાબર સ્થિર કર. કાયરતા તજીને પરના પ્રયત્નની આશા મૂકી દે. પોતાના હાથની કુશળતા બતાવ, શરીરની સુકુમારતા મેલી દે, અને એકલા મારી સાથે કોઇની મદદ વિના સંગ્રામ કરવાને તૈયાર થા.' એટલે એ સંદેશો બરાબર ધારી લઇને દૂત ચાલ્યો અને કુમારનો સંદેશો તેણે અશ્વગ્રીવને નિવેદન કર્યો. રાજાએ તે પ્રમાણે કબૂલ કર્યું. પછી બીજે દિવસે વિચિત્ર હથિયારથી ભરેલ, પ્રવર અશ્વયુક્ત તથા સારથિ માત્રના પરિકર સહિત એવા રથપર આરૂઢ થઇને

जाए बीयदिवसे विचित्तपहरणपडिहत्थं, जोत्तियपवरतुरयं सारहिमेत्तपरियत्तपरियरं संदणमारुहिऊण ओइण्णा रणभूमीए आसग्गीव-तिविठ्ठुणो। ठियाइं उभयपासेसु सपहुपरक्कमावलोयणकोऊहलाइं दोन्निवि बलाइं। रुंद-खंद-चंडि-कोहंडिपमुहदेवउवजाइयसयदाणपरायणाइं निलीणाइं उच्चपएसेसु अंतेउराइं। पेक्खणुक्कंखिरा य गयणंगणमोगाढा सुर-किंनर-किंपुरिस-विज्जाहरा। लंबंतमुक्कजडाडोवो, पाणिपरिग्गहियछत्तगो, संगामदंसणुव्वूढगाढहरिसो, पइखणअट्टट्टहासे मुयमाणो, देवसमूहं च सोवओगं कुणमाणो, वियंभिओ अंतरे नारयमुणी। एत्थंतरे आसग्गीवेण भणिओ तिविट्ठू-

गिरिगुहनिवासखिन्ने रोगजराजज्जरंगए सीहे।
निहए करुणाठाणे अहो तुमं बलमयं वहसि ।।१।।

---

राज्ञा। जाते द्वितीयदिवसे विचित्रप्रहरणपूर्णम्, योजितप्रवरतुरगम्, सारथिमात्रपरिवृत्तपरिकरं स्यन्दनम् आरुह्य अवतीर्णौ रणभूमौ अश्वग्रीव-त्रिपृष्ठौ। स्थितानि उभयपार्श्वेषु स्वप्रभुपराक्रमाऽवलोकनकौतूहले द्वे अपि बले। रुन्द-स्कन्द-चण्डी-कुष्माण्डी प्रमुखदेवोपयाचितशतदानपरायणानि निलीनानि उच्चप्रदेशेषु अन्तःपुराणि। प्रेक्षणोत्काङ्क्षिताः च गगनाङ्गणाऽवगाढाः सुर-किन्नर-किंपुरुष-विद्याधराः। लम्बमानमुक्तजटाऽऽटोपः, पाणिपरिगृहीतछत्रकः, सङ्ग्रामदर्शनोद्वूढगाढहर्षः, प्रतिक्षणं अट्टहासं मुञ्चन्, देवसमूहं च सोपयोगं कुर्वाणः विजृम्भितः अन्तरे नारदमुनिः। अत्रान्तरे अश्वग्रीवेण भणितः त्रिपृष्ठः-

गिरिगुहानिवासखिन्ने रोग-जराजर्जराङ्गके सिंहे।
निहते करुणास्थाने अहो! त्वं बलमदं वहसि ।।१।।

---

અશ્વગ્રીવ અને ત્રિપૃષ્ઠ બંને રણભૂમિમાં ઉતરી પડ્યા, એટલેનાં બંને બાજુ પોતપોતાના સ્વામીનાં પરાક્રમ જોવાને કૌતુક પામતા બંને સૈન્યો ઉભા રહ્યાં. વળી **રૂંદ, સ્કંદ, ચંડી, કુષ્માંડી** પ્રમુખ દેવતાઓની સેંકડો માનતા માની, દાન કરવામાં પરાયણ એવી રાજરમણીઓ ઉંચા પ્રદેશોમાં છૂપાઇને બેસી રહી. તે યુદ્ધ જોવાને ઉત્સૂક એવા દેવ, કિન્નર, કિંપુરુષ અને વિદ્યાધરો આકાશમાં ઉભા રહ્યા. આ વખતે જટાને જેણે લાંબી લટકતી મૂકી દીધી છે, હાથમાં છત્ર ધારણ કરેલ છે, સંગ્રામ જોવાને ગાઢ હર્ષથી જે ઓતપ્રોત છે, પ્રતિક્ષણે અટ્ટહાસ્ય કરતો અને દેવોને ઉપયોગ કરાવતો એવો નારદમુનિ ત્યાં ઉપસ્થિત થયો. એવામાં અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠને કહ્યું-

'ગિરિગુફાના નિવાસથી ખેદ પામેલ રોગ તથા જરાથી જર્જરિત થયેલ અને કરુણાના સ્થાનરૂપ એવા સિંહને મારવાથી અહો! તું બળમદ બતાવે છે. (૧)

किमहं तं न समत्थो विणासिउं पढममेव लीलाए।
किं तु मयमारणे अवयसो सिया तेण नो हणिओ ।।२।।

जइ कहवि दुद्धवयणोत्ति कलिय नो सिक्खविंति तं कुसला।
किं एत्तिएणऽवि मुहा परंमुहो सुंदर! नयस्स ।।३।।

सच्चं चिय न कयंतो कुद्धो विद्दवइ करचवेडाए।
किं तु दुबुद्धी दाउं परस्स हत्थेण मारेइ ।।४।।

जं चिय किंचि परूढं बाहुबलं तुज्झ नरजणब्भहियं।
पक्खुब्भेओव्व पिवीलियाण तंपि हु वहट्ठाए ।।५।।

---

किमहं तं न समर्थः विनाशितुं प्रथमेव लीलया।
किन्तु मृगमारणे अपयशः स्यात् तेन न हतः ।।२।।

यदि कथमपि दुग्धवदनः इति कलयित्वा न शिक्षयन्ति त्वां कुशलाः।
किमेतावताऽपि मुधा पराङ्मुखः सुन्दर! न्यायस्य ।।३।।

सत्यमेव न कृतान्तः क्रुद्धः विद्रवति करचपेटया।
किन्तु दुर्बुद्धिं दत्वा परस्य हस्तेन मारयति ।।४।।

यदेव किञ्चित् प्ररूढं बाहुबलं तव नगरजनाऽभ्यधिकम्।
पक्षोद्भेदः इव पिपीलिकानां तदपि खलु वधार्थम् ।।५।।

---

શું હું પ્રથમ જ લીલાપૂર્વક તેને મારવામાં સમર્થ ન હતો? પરંતુ મૃગને મારતા સિંહ અપયશ પામે તેથી જ મેં તેને માર્યો નહિ. (૨)

કદાચ તને દુગ્ધવદન-બાળક સમજીને કુશળ પુરુષો શિખામણ ન આપતા હોય, તથાપિ હે સુંદર! એટલા માત્રથી વૃથા ન્યાયની વિમુખ તું શા માટે થાય છે? (૩)

સત્ય છે કે કોપાયમાન થયેલ યમ પોતાના હાથે લપડાક મારતો નથી, પરંતુ દુર્બુદ્ધિ આપીને તે બીજાના હાથે મરાવે છે. (૪)

વળી અન્ય પુરુષો કરતાં કંઇક અધિક જે તને બહુબળ પ્રાપ્ત થયું છે, તે કીડીઓને વિનાશ કાળે જેમ પાંખ પ્રગટે તેમ તારા નાશ નિમિત્તે જ છે. (૫)

थेरस्स पयावइपत्थिवस्स पुत्तच्छलेण तं भद्द!।
नूणं विणासपिसुणो समुग्गओ धूमकेउव्व ।।६।।

ताहे तिविट्ठुणा सो भणिओ वुड्ढत्तणस्स तुह पढमो।
पाओ पाउब्भूओ दुव्वयणुल्लावरूवो किं? ।।७।।

किं वा सन्निहियकयंतसंगसंजायनिट्ठुरसहावो।
निम्मेरं थेर! समुल्लवेसि वन्नसि समाहप्पं ।।८।।

रणकसवट्टयनिवडियपवरसोडीरिमासुवण्णस्स।
अत्तुक्करिसो सोहइ नरस्स वन्निज्जमाणोऽवि ।।९।।

---

स्थविरस्य प्रजापतिपार्थिवस्य पुत्रच्छलेन त्वं भद्र!।
नूनं विनाशपिशुनः समुद्गतः धूमकेतुः इव ।।६।।

तदा त्रिपृष्ठेन सः भणितः वृद्धत्वस्य तव प्रथमः।
पादः प्रादुर्भूतः दुर्वचनोल्लापरूपः किम्? ।।७।।

किं वा सन्निहितकृतान्तसङ्गसञ्जातनिष्ठुरस्वभावः।
निर्मर्यादं स्थविर! समुल्लपसि वर्णयसि स्वमाहात्म्यम् ।।८।।

रणकषपट्टकनिपतितप्रवरशौण्डीर्यसुवर्णस्य।
आत्मोत्कर्षः शोभते नरस्य वर्ण्यमानः अपि ।।९।।

---

હે ભદ્ર! વૃદ્ધ પ્રજાપતિ રાજા માટે તું પુત્રના બહાને ધૂમકેતુની જેમ ખરેખર વિનાશ-સૂચક પ્રગટ્યો છે' (૬)

ત્યારે ત્રિપૃષ્ઠ કહેવા લાગ્યો- 'તારી વૃદ્ધાવસ્થાને આ દુર્વચનના કથનરૂપ શું પ્રથમ પગ પ્રગટ્યો છે? (૭)

અથવા તો યમનો સમાગમ નજીક હોવાથી નિષ્ઠુર સ્વભાવ ઉત્પન્ન થતાં તું આમ નિર્લજ્જ વચન બોલે છે અને હે વૃદ્ધ! પોતાનું માહાત્મ્ય સ્વમુખે વર્ણવે છે. (૮)

રણરૂપ કસોટી પથ્થરમાં આવેલ જેનું પ્રવર શૌર્યરૂપ સુવર્ણ શ્રેષ્ઠતા પામેલ છે એવા પુરુષનો ઉત્કૃષ્ટ ઉત્કર્ષ વખણાતા છતાં શોભે છે. (૯)

ता संवरेसु वयणं खणमेक्कं अंतरे परिभमंतु ।
तुज्झ महच्चिय बाणाऽरिपक्खमहणा महावेगा ।।१०।।

आसग्गीवेण पुणो भणिओ डिंभोत्ति मज्झ नो घायं।
दाउं खमंति हत्था ताहे पहरसु तुमं पढमं ।।११।।

तिविट्ठुणा भणियं-'भो घोडयग्गीव! पुरा मम तायस्स तुमं सामिसद्दमुव्वहंतो ता तयणुवित्तीए चेव अणइक्कमणिज्जवयणोऽसि। अओ अवहिओ होहि, एसा निवडइ कयंतदिट्ठिव्व दुव्विसहा विसिहपरंपर'त्ति भणिऊण आयन्नमाकड्ढिय कोयंडं रणज्झणाविया पडंचा, मुक्का सलोहा मम्मावेहिगा खलालिव्व निट्ठुरा सरधोरणी, तओ आसग्गीवेण धणुवेयकुसलयाए अद्धमग्गमपत्तेच्चिय खंडिया तिक्खखुरुप्पेहिं, पुणरवि कुमारेण भिच्चोव्व सपक्खो निरवेक्खगामी खित्तो नारायनिवहो,

---

तस्मात् संवर वचनं क्षणमेकमन्तरे परिभ्रमन्तु।
तव मम चैव बाणा अरिपक्षमथनाः महावेगाः ।।१०।।

अश्वग्रीवेण पुनः भणितः डिम्भः इति मम न घातम्।
दातुं क्षमेते हस्तौ तदा प्रहर त्वं प्रथमम् ।।११।।

त्रिपृष्ठेन भणितं 'भोः अश्वग्रीव! पुरा मम तातस्य त्वं स्वामिशब्दमुद्वहन् ततः तदनुवृत्त्या एव अनतिक्रमणीयवचनः असि। अतः अवहितः भव, एषा निपतति कृतान्तदृष्टिः इव दुर्विसहा विशिखपरम्परा इति भणित्वा आकर्णमाकृष्य कोदण्डं ध्वनिता प्रत्यञ्चा(?), मुक्ता सलोहा मर्माऽऽवेधिका खलाऽऽलिः इव निष्ठुरा शरधोरणी, ततः अश्वग्रीवेण धनुर्वेदकुशलेन अर्धमार्गप्राप्ता एव खण्डिता तीक्ष्णक्षुरप्रैः।

---

માટે એક ક્ષણવાર એ તારા વચનને સંકેલી લે. હવે શત્રુપક્ષને સતાવનાર અને મહાવેગયુક્ત બાણાવલિ જ તારી અને મારી વચ્ચે ભલે ભમ્યા કરે.' (૧૦)

એટલે અશ્વગ્રીવ પુનઃ બોલ્યો-'હે ભદ્ર! તું હજી બાળક છે, તેથી મારા હાથ પ્રહાર કરવા સમર્થ નથી, માટે તું જ પ્રથમ પ્રહાર કર.' (૧૧)

ત્રિપૃષ્ઠે કહ્યું-'અરે અશ્વગ્રીવ! પૂર્વે તું મારા તાતનો સ્વામી હતો, તેથી તે પરંપરાથી જ તારું વચન મારે અલંઘનીય છે, માટે સાવધાન થઇ જા. કૃતાંતની દૃષ્ટિસમાન દુસ્સહ એવી આ બાણ-શ્રેણિ આવી પડી સમજજે' એમ કહી કાન સુધી ધનુષ્ય ખેંચીને તેણે પ્રત્યંચા-દોરીનો અવાજ કરાવ્યો, અને ખલપંક્તિની જેમ મર્મવેધક તથા લોહમય અને અતિ કઠિન એવી બાણ-શ્રેણિ મૂકી. એટલે અશ્વગ્રીવે ધનુર્વેદની કુશળતાથી તીક્ષ્ણ ખુરપા (= બાણ) વડે અર્ધમાર્ગે જ તેને ખંડિત કરી દીધી. પછી કુમારે પોતાના ભૃત્યની જેમ નિરપેક્ષ ગમન કરનાર ફરીને બાણાવલિ

सोऽवि निप्पुण्णजणमणोरहोव्व पडिखलिओ आसग्गीवेण, किं बहुणा?-

जं जं संत्थं किंपिवि खिवइ नरिंदस्स संमुहं कुमरो।
तं तं आसग्गीवो दक्खत्तणओ पडिक्खलइ ।।१।।

आसग्गीवोऽवि पयंडकोवओ मुयइ पहरणं जमिह।
वेज्जोव्व रोगजायं कुमरोऽवि तयं पडिहणेइ ।।२।।

अह भरह-बाहुबलिणोव्व गाढममरिसभरेण पहरंता।
खयसमए राहु-सणिच्छरव्व रेहंति ते दोऽवि ।।३।।

एवं परोप्परं जुज्झिराण तेसिं पगिट्ठदप्पाणं।
सचराचरावि धरणी ध(?थ)रहरिया पयभरक्कंता ।।४।।

---

पुनः अपि कुमारेण भृत्यः इव स्वपक्षः निरपेक्षगामी क्षिप्तः नाराचनिवहः। सः अपि निष्पुण्यजनमनोरथः इव प्रतिस्खलितः अश्वग्रीवेण। किं बहुना?

यद् यद् शस्त्रं किमपि क्षिपति नरेन्द्रस्य सम्मुखं कुमारः।
तत् तद् अश्वग्रीवः दक्षत्वेन प्रतिस्खलति ।।१।।

अश्वग्रीवः अपि प्रचण्डकोपतः मुञ्चति प्रहरणं यद् इह।
वैद्यः इव रोगजातं कुमारः अपि तं प्रतिहन्ति ।।२।।

अथ भरत-बाहुबली इव गाढमामर्षेण प्रहरन्तौ।
क्षयसमये राहु-शनैश्चरौ इव राजेते तौ द्वौ अपि ।।३।।

एवं परस्परं युध्यमानयोः तयोः प्रकृष्टदर्पयोः।
सचराऽचराऽपि धरणी कम्पिता पदभाराऽऽक्रान्ता ।।४।।

---

મૂકી, જ્યારે પુણ્યરહિત જનના મનોરથની જેમ તેને પણ અશ્વગ્રીવે સ્ખલિત કરી મૂકી. વધારે તો શું પણ

કુમાર નરેંદ્રની સામે જે કાંઇ શસ્ત્ર નાખતો, તે સર્વને અશ્વગ્રીવ પોતાની ચાલાકીથી અટકાવી દેતો. (૧)

વળી પ્રચંડ કોપથી અશ્વગ્રીવ પણ જે કાંઇ શસ્ત્ર કુમાર ભણી છોડતો, તેને રોગ પ્રત્યે વૈદ્યની જેમ કુમાર પણ અટકાવતો. (૨)

એટલે ભરત અને બાહુબલિની જેમ ગાઢ કોપથી પ્રહાર કરતા તે બંને પ્રલયકાળના રાહુ અને શનિશ્ચર જેવા ભાસતા હતા. (૩)

એ રીતે પ્રકૃષ્ટ ગર્વથી પરસ્પર યુદ્ધ કરતાં તેમના પાદ-ભારથી દબાયેલ એવી સચરાચર ધરણી પણ થરથરવા લાગી. (૪)

एत्थंतरंमि अणवरयखिवणओ पहरणुच्चओ सव्वो।
आसग्गीवनरिंदस्स निट्ठिओ सुकयरासिव्व ।।५।।

ताहे किंकायव्वयवाउलचित्तेण खेयविहुरेण।
अविभग्गपसररिउदप्पदंसणुव्वूढकोवेणं ।।६।।

आवयधणं व दढपणयचित्तमित्तं व पियकलत्तं व।
विसमावडिएणं नरवरेण संसुमरियं चक्कं ।।७।। जुम्मम्।

अह जलणुब्भडपसरंतकिरणमालासहसपल्लवियं।
जुगविगमुग्गयमायंडचंडमंडलयदुप्पेच्छं ।।८।।

रुद्दजमारुणनयणं व मिलियनीसेसविज्जुपडलं व।
आसग्गीवस्स झडत्ति चक्करयणं करे चडियं ।।९।। जुम्मम्।

---

अत्रान्तरे अनवरतक्षेपणतः प्रहरणोच्चयः सर्वः।
अश्वग्रीवनरेन्द्रस्य निष्ठितः सुकृतराशिः इव ।।५।।

तदा किंकर्तव्यताव्याकुलचित्तेन खेदविधुरेण।
अविभग्नप्रसररिपुदर्पदर्शनोद्व्यूढकोपेन ।।६।।

आपद्धनमिव, दृढप्रणयचित्तमित्रमिव, प्रियकलत्रमिव।
विषमाऽऽपतितेन नरवरेण संस्मृतं चक्रम् ।।७।। युग्मम्।

अथ ज्वलनोद्भटप्रसरत्किरणमालासहस्रपल्लवितम्।
युगविगमोद्गतमार्तण्डचण्डमण्डलदुर्प्रेक्षम् ।।८।।

रुद्रयमाऽरुणनयनमिव, मिलितनिःशेषविद्युत्पटलमिव।
अश्वग्रीवस्य झटिति चक्ररत्नं करे आरूढम् ।।९।। युग्मम्।

---

એવામાં નિરંતર ફેંકવાથી સુકૃત સમૂહની જેમ અશ્વગ્રીવનો શસ્ત્રસમૂહ બધો ખલાસ થઇ ગયો. (૫)

એટલે કિંકર્ત્તવ્યતાથી મૂઢ અને ખેદથી વ્યાકુળ બનેલ તેમજ શત્રુગર્વનો અભગ્ન પ્રસાર જોતાં, ઉત્પન્ન થતા કોપને લીધે સંકટમાં આવી પડેલ અશ્વગ્રીવે, આપદમાં ધનની જેમ, દૃઢ પ્રેમવાળા મિત્રની જેમ અને પ્રિય પત્નીની જેમ ચક્રનું સ્મરણ કર્યું. (૬/૭)

જેથી અગ્નિના પ્રસરતા ભારે કિરણોની શ્રેણિથી જાણે હજારો પલ્લવ પ્રગટ્યા હોય, કલ્પાંતકાળના પ્રચંડ સૂર્યના મંડળસમાન દુષ્પ્રેક્ષણીય, યમના અરુણ લોચન સમાન રૌદ્ર અથવા એકત્ર થયેલ સમસ્ત વીજળીના પડલ સમાન એવું ચક્રરત્ન તરતજ અશ્વગ્રીવના હાથમાં ઉપસ્થિત થયું. (૮/૯)

तयणंतरं च पहरिसतडत्तितुट्टंतवम्मबंधेण।
तेण विमुक्कं वहणट्ठयाए सिग्घं तिविट्ठुस्स ।।१०।।

गंतुं कवाडवियडे वच्छयले तं जवेण कुमरस्स।
चिरदंसणुस्सुयं वल्लहं व तुंवेण संलग्गं ।।११।।

एत्थंतरंमि दढचक्कतुंबसंघट्टघायवियलंगो।
मुच्छानिम्मिलियच्छो पडिओ धरणीयले कुमरो ।।१२।।

आसग्गीवबलेणं ताहे संपन्नबहुपमोएणं।
जयजयसद्दुम्मिस्सो पकओ कोलाहलो सहसा ।।१३।।

---

तदनन्तरं च प्रहर्षतड्इतित्रुटद्वर्मबन्धेन।
तेन विमुक्तं वधार्थं शीघ्रं त्रिपृष्ठस्य ।।१०।।

गत्वा कपाटविकटे वक्षस्थले तद् जवेन कुमारस्य।
चिरदर्शनोत्सुकं वल्लभमिव तुम्बेन संलग्नम् ।।११।।

अत्रान्तरे दृढचक्रतुम्बसङ्घट्टघातविकलाङ्गः।
मूर्च्छानिर्मिलिताऽक्षः पतितः धरणीतले कुमारः ।।१२।।

अश्वग्रीवबलेन तदा सम्पन्नबहुप्रमोदेन।
जयजयशब्दोन्मिश्रः प्रकृतः कोलाहलः सहसा ।।१३।।

---

એટલે પ્રહર્ષથી તડતડાટ દઇને કવચના બંધ તૂટતાં તેણે ત્રિપૃષ્ઠના વધ નિમિત્તે તરતજ ચક્ર ચલાવ્યું. (૧૦)

તે કુમારના કપાટસમાન વિસ્તૃત વક્ષસ્થળે વેગથી જઇને, લાંબા કાળે દર્શનને માટે ઉત્સુક થયેલ વલ્લભ જનની જેમ તુંબ (= ચક્રની વચ્ચેની ગોળાકાર ધરી) વડે અથડાયુ. (૧૧)

એમ દૃઢ ચક્રના તુંબના તીવ્ર પ્રહારથી ઘાયલ થતાં વ્યાકુળ થયેલ કુમાર મૂર્છાથી આંખ મીંચીને ધરણીપર ઢળી પડ્યો. (૧૨)

જેથી ઉત્પન્ન થતા ભારે પ્રમોદથી અશ્વગ્રીવની સેનાએ તરતજ જય જય શબ્દથી મિશ્રિત કોલાહલ કરી મૂક્યો. (૧૩)

तथा-जाव य उग्गीरियविविहपहरणा नावडंति सत्तुभडा।
ताव तिविट्ठुकुमारेण तक्खणं विगयमुच्छेणं ।।१४।।

भो घोडयगीव! गओऽसि नासमहुणत्ति संलवंतेणं।
तं चिय तस्साभिमुहं मुक्कं चक्कं झलहलंतं ।।१५।। जुम्मम्।

तो तं तालफलंपिव तडत्ति छेत्तूण तिक्खधाराए।
आसग्गीवस्स सिरं करे ठियं पुण तिविट्ठुस्स ।।१६।।

अह निहयंमि आसग्गीवे हरिसवसविसप्पमाणसमुच्चरोमंचेहिं, सहसच्चिय जयजयरवं करंतेहिं सुरासुरेहिं सरसपारियायतरुमंजरीनियरसंवलिया, सोरभभर-गंधलुद्धमिलंत-भसलजालमुहला, अणवरयविणिंतामंदमयरंदबिंदुसंदोहविच्छुरियसयलदिसा कमल-कुवलय-

---

तथा - यावच्च उद्गिरितविविधप्रहरणाः नाऽऽपतन्ति सुभटाः।
तावत् त्रिपृष्ठकुमारेण तत्क्षणं विगतमूर्च्छेन ।।१४।।

भोः घोटकग्रीव! गतः असि नाशमधुना इति संलपन्।
तद् एव तस्याभिमुखं मुक्तं चक्रं जाज्वलत् ।।१५।। युग्मम्।

ततः तं तालफलमिव तड् इति छित्त्वा तीक्ष्णधारेण।
अश्वग्रीवस्य शिरः करे स्थितं पुनः त्रिपृष्ठस्य ।।१६।।

अथ निहते अश्वग्रीवे हर्षवशविसर्पत्समुच्चरोमाञ्चैः, सहसा एव जयजयरवं कुर्वद्भिः सुरासुरैः सरसपारिजाततरुमञ्जरीनिकरसंवलिता, सौरभभरगन्धलुब्धमिलद्भसलजालमुखरा, अनवरतविनिर्गच्छद्-अमन्दमकरन्दबिन्दुसन्दोहविच्छुरितसकलदिक् कमल-कुवलय-मालतीप्रमुखा मुक्ता पञ्चवर्णकुसुमवृष्टिः,

---

તેમજ વિવિધ આયુધો ઉગામતા શત્રુના સુભટો જેટલામાં આગળ ધસ્યા નહિ, તેટલામાં તો તરતજ મૂર્છારહિત થયેલ અને 'અરે! ઘોટકગ્રીવ! હવે હમણાં જ તું મર્યો સમજજે' એમ કહેતા ત્રિપૃષ્ઠ કુમારે ચળકતું ચક્ર તેની સામે છોડ્યું, (૧૪/૧૫)

એટલે તીક્ષ્ણ ધારથી તાડના ફળની જેમ અશ્વગ્રીવનું તરત મસ્તક છેદીને તે પાછું ત્રિપૃષ્ઠના હાથમાં આવ્યું. (૧૬)

એ પ્રમાણે અશ્વગ્રીવ હણાતાં હર્ષ પામી, રોમાંચથી પ્રફુલ્લિત થયેલા અને તત્કાળ જય-જયારવ કરતા દેવ-અસુરોએ, પારિજાતની મંજરીથી ગુંથેલ, ભારે સુગંધને લીધે લુબ્ધ થઇ એકઠા થતા ભ્રમરોના શબ્દો યુક્ત, નિરંતર નીકળતા અમંદ મકરંદના બિંદુ સમૂહથી સમસ્ત દિશાઓને સુગંધમય બનાવનાર એવા કમળ, કુવલય, માલતીપ્રમુખ

मालइपमुहा मुक्का पंचवन्नकुसुमवुट्ठी, उग्घोसियं च महया सद्देण जहा-'भो भो पत्थिवा! परिचयह कोवकंडुं, मुयह दुव्वहदुव्विणयपणयं, परिहरह आसग्गीवपक्खवायं उज्झह असज्झवावारं पणमह सव्वायरेण तिविट्ठुं। एसो खु एत्थ भरहखेत्ते समग्ग-बलवंतपुरिसप्पहाणो, पुव्वभवसमुवज्जियसुकयसंभारवसविसप्पमाणमहल्ल-कल्लाणनिहाणो उप्पन्नो पढमो वासुदेवो'त्ति। एवं च आयन्निऊण संभंतविलोयणेहिं, दूरपरिमुक्कपहरणपबंधेहिं अहमहमिगाए पडिक्खलंतमणिकिरीडकोडिमसिणियकमनहनिवहेहिं भालयलघडिय-करसंपुडेहिं पंचंगपणिवायपुरस्सरं पणमिओ पत्थिवसहस्सेहिं तिविट्ठू। विन्नत्तो य-

देव! परायत्तेहिं जुत्ताजुत्तं अयाणमाणेहिं।
अम्हेहिं जमवरद्धं तमियाणिं खमह नीसेसं ।।१।।

---

उद्घोषितं च महता शब्देन यथा 'भोः भोः पार्थिवा! परित्यजत कोपकण्डुम्, मुञ्चत दुर्वहदुर्विनयप्रणतम्, परिहरत अश्वग्रीवपक्षपातम्, उज्झत असाध्यव्यापारम्, प्रणमत सर्वाऽऽदरेण त्रिपृष्ठम्। एषः खलु अत्र भरतक्षेत्रे समग्रबलवत्पुरुषप्रधानः, पूर्वभवसमुपार्जितसुकृतसम्भारवशविसर्पन्महाकल्याणनिधानः उत्पन्नः प्रथमः वासुदेवः इति। एवं च आकर्ण्य सम्भ्रान्तविलोचनैः, दूरपरिमुक्तप्रहरणप्रबन्धैः अहमहमिकया प्रतिस्खलन्मणिकिरीटकोटिमसृणितक्रमनखनिवहैः भालतलघटितकरसम्पुटैः पञ्चाङ्गप्रणिपातपुरस्सरं प्रणतः पार्थिवसहस्रैः त्रिपृष्ठः। विज्ञप्तश्च-

देव! परायत्तैः युक्तायुक्तमजानद्भिः।
अस्माभिः यद् अपराद्धं तद् इदानीं क्षमस्व निःशेषम् ।।१।।

---

પંચવર્ણ પુષ્પોની વૃષ્ટિ કરી અને ઊંચા ધ્વનિથી ઉદ્ઘોષણા કરી કે - 'અરે! રાજાઓ! હવે તમે કોપની ખરજનો ત્યાગ કરો, દુર્વહ દુર્વિનયને મૂકી દ્યો, અશ્વગ્રીવનો પક્ષપાત તજો, અસાધ્ય ઉદ્યમ મૂકો અને અત્યંત આદરપૂર્વક ત્રિપૃષ્ઠને પ્રણામ કરો, કારણ કે એ આ ભરતક્ષેત્રમાં બધા બલવંત પુરુષોમાં શ્રેષ્ઠ, અને પૂર્વભવે ઉપાર્જન કરેલા સુકૃતનાં સમૂહથી પ્રગટ થતા મહાકલ્યાણના નિધાનરૂપ એવો પ્રથમ વાસુદેવ ઉત્પન્ન થયો છે.' એમ સાંભળતાં સંભ્રાંત-ભયયુક્ત લોચનવાળા, આયુધોને જેમણે દૂર મૂકી દીધાં છે, અહમહમિકા (હું પહેલો જાઉં) એવી અત્યુત્કંઠાથી સ્ખલના પામતા મણિમુગટના અગ્રભાગથી ચરણ-નખોને ઉત્તેજિત કરનાર અને લલાટે અંજલિ જોડી આવનાર એવા હજારો રાજાઓએ પંચાંગ-પ્રણિપાતપૂર્વક ત્રિપૃષ્ઠને પ્રણામ કર્યા અને વિનંતિ કરી-'હે દેવ! પરાધીનતાથી યુક્તાયુક્તને ન જાણતા અમે તમારો જે અપરાધ કર્યો, તે બધો અત્યારે ક્ષમા કરો, (૧)

कुणह पसायं नियचरणनलिणसेवापयाणओ अम्हं।
मोत्तूण तुमं एक्कं अन्नो नो विज्जए नाहो? ।।२।।

एयमायन्निऊण तिविट्ठुणा भणियं-भो भो नरेसरा! किमेवं जंपह? को तुम्ह दोसो?, परायत्तचित्ताणं एसच्चिय गई। ता मुयह पडिभयं, पसंतडिंबडमराइं भुंजह नियनियरज्जाइं। मम छत्तच्छायापरिग्गहियाण पुरंदरोऽवि न पहवेइ तुम्हाणंति।

एत्थंतरे तिविट्ठुसेवोवगयनरवइवग्गावलोयणसंपन्नासग्गीवविणासनिच्छयं समागयं तं पएसमंतेउरं। दिट्ठो छिन्नगलनाडिनिस्सरंतरुहिरपंकविलुत्तगत्तो रत्तचंदणकयंगराओव्व, उवरि परिब्भमंतपिसियासिपक्खिनिवारियरविकरपसरो धरियमहप्पमाणछत्तोवमंव, सन्निहिनिवडियपहाणपुरिसवग्गो अत्थाणगओव्व आसग्गीवनरिंदो। अह अदिट्ठपुव्वं

---

कुरु प्रसादं निजचरणनलिनसेवापरायणाः वयम्।
मुक्त्वा त्वमेकमन्यः न विद्यते नाथः ।।२।।

एवमाकर्ण्य त्रिपृष्ठेन भणितं 'भोः भोः नरेश्वराः किमेवं जल्पथ? कः युष्माकं दोष? परायत्तचित्तानां एषा एव गतिः। तस्माद् मुञ्च प्रतिभयम्, प्रशान्तशत्रुभय-विप्लवाः भुङ्क्त निजनिजराज्यानि। मम छत्रच्छायापरिगृहीतानां पुरन्दरः अपि न प्रभवति युष्माकम्।

अत्रान्तरे त्रिपृष्ठसेवोपगतनरपतिवर्गाऽवलोकनसम्पन्नाऽश्वग्रीवविनाशनिश्चयं समागतं तत्प्रदेशं अन्तःपुरम्। दृष्टः छिन्नगलनाडीनिस्सरद्रुधिरपङ्कविलुप्तगात्रः रक्तचन्दनकृताऽङ्गरागः इव, उपरि परिभ्रमत्पिशिताऽशि-पक्षिनिवारितरविकरप्रसरः धृतमहाप्रमाणछत्रोपममिव, सन्निहितनिपतितप्रधानपुरुषवर्गः आस्थानगतः इव

---

અને કૃપા કરીને તમારા ચરણ-કમળની સેવાથી અમને આભારી બનાવો. એક તમને મૂકીને અમારો બીજો સ્વામી નથી.' (૨)

એમ સાંભળી ત્રિપૃષ્ઠ બોલ્યો કે-'અરે! રાજાઓ! તમે આમ શું બોલો છો? એમાં તમારો શો દોષ છે? પરાધીન જનોની એવી જ ગતિ હોય છે, માટે મારી તરફનો ભય મૂકી દ્યો. ભય કે વિપ્લવની પ્રશાંતિ સાથે તમે પોતપોતાનું રાજ્ય ભોગવો. મારી છત્રછાયા તળે રહેતાં તમને દેવેંદ્ર પણ પરાભવ પમાડનાર નથી.'

એવામાં ત્રિપૃષ્ઠની સેવામાં હાજર થયેલા રાજાઓને જોતાં, અશ્વગ્રીવના નાશનો નિશ્ચય કરી રાજરમણીઓ તે સ્થાને આવી. ત્યાં છેદાયેલ ગળાની નસમાંથી નીકળતા રુધિરના પંકથી અંગે વિલિપ્ત થયેલ તે જાણે શરીરે રક્તચંદનનો લેપ કર્યો હોય તેવો ભાસતો, ઉપર માંસલુબ્ધ પક્ષીઓ ભમવાથી સૂર્ય કિરણને અટકાવનાર જાણે મોટું છત્ર ધારણ કર્યું હોય અને પાસે પડેલા જમીનદોસ્ત થયેલા પ્રધાનપુરુષોને લીધે જાણે રાજ-સભામાં બેઠો હોય

अच्चंततिक्खदुक्खावहं तारिसमवत्थंतरं से पासिऊण अक्कंदिउमारद्धमेवमंतेउरं-

हा हा कयंत! निक्करुण! किं तए पाव एवमायरियं?।
जं एवंविहपुहईपहूऽवि एसो हयास हओ ।।१।।

किं एत्तियाहिं निहयाहिं तुज्झ तित्ती न सुहडकोडीहिं।
उप्पन्ना निप्पुन्नय! जमेस रायावि संहरिओ ।।२।।

हे चक्क! निक्किव! कहं सपहुविणासाजसो तए विहिओ?।
तुब्भेहिऽवि किं जक्खा! उवेक्खियं निग्घिणा एयं? ।।३।।

हे काल! बद्धवरवंसजाय! तुज्झवि गुणेण किं तेण?।
हा हा रक्खामणिणो! वीसत्थविणासगा तुब्भे ।।४।।

---

अश्वग्रीवनरेन्द्रः। अथ अदृष्टपूर्वं अत्यन्ततीक्ष्णदुःखाऽऽवहं तादृशमवस्थान्तरं तस्य दृष्ट्वा आक्रन्दितुमारब्धमेवमन्तःपुरम् -

हा हा कृतान्त! निष्करुण! किं त्वया पापमेवमाचरितम्?।
यतः एवंविधपृथ्वीप्रभुः अपि एषः हताश! हतः? ।।१।।

किमेतावद्भिः हतैः तव तृप्तिः न सुभटकोटिभिः।
उत्पन्ना निष्पुण्यक! यदेषः राजाऽपि संहृतः ।।२।।

हे चक्र! निष्कृप! कथं स्वप्रभुविनाशाऽयशः त्वया विहितः?।
युष्माभिः अपि किं यक्षाः! उपेक्षितं निर्घृणैः अयम्? ।।३।।

हे काल! बद्धवरवंशजात! तवाऽपि गुणेन किं तेन?।
हा! हा! रक्षामणयः! विश्वस्तविनाशकाः यूयम् ।।४।।

---

એવો અશ્વગ્રીવ તેમના જોવામાં આવ્યો, એટલે પૂર્વે ન જોયેલ અને અત્યંત તીક્ષ્ણ દુઃખ પમાડનાર રાજાની તેવી અવસ્થા જોઇને અંતઃપુર આ પ્રમાણે આક્રંદ-વિલાપ કરવા લાગ્યું-

'હા! હા! કૃતાંત! નિર્દય! તેં આવું પાપ કેમ આચર્યું? હે હતાશ! આવા નરેંદ્રનો પણ નાશ કરી નાખ્યો. (૧)

અરે! આટલા બધા કરોડો સુભટોને મારતાં તેને તૃપ્તિ ન થઇ કે નિષ્પુણ્ય! આ રાજાને પણ મારી નાખ્યો? (૨)

હે નિષ્કૃપ ચક્ર! તેં પોતાના સ્વામીના વિનાશથી અપયશ કેમ વ્હોરી લીધો? હે યક્ષો! તમે પણ દયાહીન થઇને આ રાજાની ઉપેક્ષા કેમ કરી? (૩)

શ્રેષ્ઠ વંશમાં ઉત્પન્ન થયેલ હે કાલ! તારા પણ તે ગુણથી શું? હા હા રક્ષામણિ-રત્નો! તમે પણ વિશ્વાસીના વિનાશક નીવડ્યાં! (૪)

घी घी पुरोहियाहम! चिरकालं तप्पियं तए जलणं।
निल्लज्ज! कहसु संपइ असिवं किं जं पडिक्खलियं? ।।५।।

हे अंगरक्खवग्गा! तुब्भेऽविहु कीस संपइ पलाणा?।
हा हा एगपए च्चिय सव्वंपि परंमुहं जायं ।।६।।

हा पाणनाह! संपइ पडिहयपडिवक्खसुहडलक्खंमि।
तुमए सग्गोवगए तडक्किही कस्स जयढक्का? ।।७।।

हा रायलच्छि! वेहव्वदूसिए कीस जीवसि इयाणिं?।
इहराणुहवसि दुक्खं दूमिज्जंती कुनाहेहिं ।।८।।

इय विलविरीहिं निद्दयताडियथणवट्टतुट्टहाराहिं।
वेहव्वदुक्खभरभज्जिरीहिं पल्हत्थवलयाहिं ।।९।।

---

धिक् धिक् पुरोहिताऽधम! चिरकालं तर्पितं त्वया ज्वलनम्।
निर्लज्ज! कथय सम्प्रति अशिवं किं यत् प्रतिस्खलितम् ।।५।।

हे अङ्गरक्षवर्गाः! यूयं अपि खलु कथं सम्प्रति पलायिताः?।
हा! हा! एकपदे एव सर्वमपि पराङ्मुखं जातम् ।।६।।

हा प्राणनाथ! सम्प्रति प्रतिहतप्रतिपक्षसुभटलक्षे।
त्वयि स्वर्गोपगते तटत्करिष्ये कस्य जयढक्का? ।।७।।

हा राजलक्ष्मि! वैधव्यदूषिते! कथं जीवसि इदानीम्?।
इतरथा अनुभवसि दुःखं दूयमाना कुनाथैः ।।८।।

एवं विलपतीभिः निर्दयताडितस्तनपृष्ठत्रुटद्धाराभिः।
वैधव्यदुःखभरभग्नाभिः पर्यस्तवलयाभिः ।।९।।

---

અરે! અધમ પુરોહિત! તેં ઘણો કાલ અગ્નિને તૃપ્તિ પમાડી છે, માટે હે નિર્લજ્જ! કહે કે અત્યારે આ શું અમંગળ-અશિવ થયું? કે આમ બધું સ્ખલિત થવા પામ્યું. (૫)

હે અંગરક્ષકો! તમે પણ અત્યારે કેમ પલાયન કરી ગયા? હા! હા! બધું એકી સાથે વિમુખ થઈ ગયું. (૬)

હા પ્રાણનાથ! લાખો શત્રુ સુભટોને હણનાર તમે અત્યારે સ્વર્ગ જતાં, કોની જયઢક્કા વાગશે? (૭)

હા રાજલક્ષ્મી! તું વૈધવ્યથી દૂષિત થતાં હવે શા માટે જીવે છે? નહિ તો કુનાથથી દુભાતી તું દુઃખ અનુભવીશ.' (૮)

એ પ્રમાણે વિલાપ કરતી, અત્યંત છાતીને કૂટતી, મોતીના હારોને તોડતી, વૈધવ્ય દુઃખથી સંતાપ પામતી,

अणवरयघोरगलियंसुवाहं रुन्नं तहा मयच्छीहिं।
जह तद्देसगएणं रुन्नं पक्खीणवि गणेणं ।।१०।। जुम्मम्।

ताहेऽणुजीविणा परियणेण पम्मुक्कपोक्करुन्नेण।
आसग्गीवसरीरं खित्तं जालाउले जलणे ।।११।।

एत्थंतरे अंतेउरीजणवेहव्वदुक्खमसहमाणोव्व, पयंडरणकम्मदंसणभयभीओव्व, तिक्खासिखंडियहयरुंडावलोयणुत्तट्ठरहतुरंगोव्व, समीरणुद्धुयरुहिरसीयरासारसंसित्तोव्व आलोहियमंडलो झडत्ति चक्खुगोयरमइक्कंतो सहस्सकिरणो। गवलगुलियालिवलयकज्जल-तिमिरपडलपडकयावगुंठणा, फुरंततारनयणा, अणवरयनिवडंतउक्काफुलिंगुग्गारच्छलेण मणोइरित्तपरिपीयसुहडजणरुहिरगंडूसं व मुयंती महारक्खसिव्व भयजणणी पसरिया

---

अनवरतघोरगलिताऽश्रुवाहं रुदितं तथा मृगाक्षीभिः।
यथा तद्देशगतेन रुदितं पक्षिणामपि गणेन ।।१०।। युग्मम्

तदा अनुजीविना परिजनेन प्रमुक्तपूत्काररुदनेन।
अश्वग्रीवशरीरं क्षिप्तं ज्वालाऽऽकुले ज्वलने ।।११।।

अत्रान्तरे अन्तःपुरजनवैधव्यदुःखम् असहमानः इव, प्रचण्डरणकर्मदर्शनभयभीतः इव, तीक्ष्णाऽसि-खण्डितहयरुण्डाऽवलोकनोत्त्रस्तरथतुरङ्गः इव, समीरणोद्धूतरुधिरसीकरसारसंसिक्तः इव आलोहितमण्डलः झटिति चक्षुगोचरं अतिक्रान्तः सहस्रकिरणः। गवल(य?)गुलिकाऽलिवलयकज्जल-तिमिरपटलपटकृताऽवगुण्ठना, स्फुरत्तारनयना, अनवरतनिपतदुल्कास्फुलिङ्गोद्गारच्छलेन मनोऽतिरिक्तपरिपीतसुभटजनरुधिरगण्डूषमिव मुञ्चन्ती महाराक्षसी इव भयजननी प्रसृता रजनी। स्थितः निजनिजस्थानेषु जनः। क्रमेण च जाते

---

વલય-કંકણોને દૂર ફેંકી દેતી અને નિરંતર અશ્રુપ્રવાહને મૂકતી એવી રાજરમણીઓ એવી રીતે રડી કે જે સાંભળતાં તે પ્રદેશના પક્ષીઓ પણ રોવા લાગ્યાં. (૯/૧૦)

પછી પોક મૂકીને રોતા સેવક-પરિજનોએ અશ્વગ્રીવનું મૃત શરીર, જ્વાળાયુક્ત અગ્નિમાં નાખ્યું. (૧૧)

એવામાં રાજરમણીઓના વૈધવ્ય-દુઃખને જાણે સહન કરી શકતો ન હોય, પ્રચંડ સંગ્રામ જોવાથી જાણે ભયભીત થયો હોય, તીક્ષ્ણ તરવારોથી ખંડિત થયેલા અશ્વોના ધડ-કલેવર જોતાં જેના રથાશ્વો જાણે ત્રાસ પામ્યા હોય, અને પવનથી ઉડેલ રુધિરના બિંદુઓથી જાણે સંસિક્ત થયેલ હોય એવો સૂર્ય રક્ત બની અસ્ત પામ્યો. એટલે જંગલી પાડાના શીંગડાના વલય સમાન શ્યામ તિમિર-પડલરૂપ પટથી આચ્છાદિત થયેલ, તારારૂપ લોચનથી ચમકતી, નિરંતર પડતા ઉલ્કાપાતના અગ્નિકણ રૂપ ઉદ્‌ગારના બહાને જાણે ઇચ્છા ઉપરાંત સુભટોનું લોહી પીવાથી કોગળા મૂકતી હોય, મહા રાક્ષસની જેમ ભય પમાડનાર એવી રાત્રિ પ્રસરવા લાગી, જેથી લોકો

रयणी। ठिओ नियनियट्ठाणेसु जणो। कमेण य जाए पहायसमए भणिया तिविट्ठुणा नियपुरिसा-'भो भो गच्छह संगामभूमिं, निरूवेह पहारपरव्वसे जोहनिवहे, करेह ओसहघायबंधाइणा परित्ताणं, परिमग्गह दुट्ठतुरंगमपल्हत्थिए पत्थिवेत्ति सम्मं निउंजिऊण अंतेउरेण समं समग्गनरवइवग्गपरियरिओ समेओ पोयणपुरं। तओ नयरलोएण कयं वेजयंती, सहस्साभिरामं ठाणठाणनिबद्धमंचारूढविलासिणीनट्टरमणिज्जं, पमुक्कसुरभिपुप्फ-पुंजोवयारकलियरायमग्गं, पहयपडुपडहपमुहजयतूरनियरं नयरं पविट्ठो महया विभूइए तिविट्ठू। जहोचियठाणेसु ठिओ सेसो परिवारो। तओ कइवय वासराइं तत्थ ठाऊण पुणोऽवि समग्गबलकलिओ चक्क-छत्त-धणु-मणि-माला-गया-संख-रयणपरिगओ निग्गओ दिसिविजयनिमित्तं तिविट्ठू। कमेण पसाहियं भारहद्धखेत्तं। अपणयपुव्वा नामिया पत्थिवा। गाहिया सेवावित्तिं। गहियाइं तेहिंतो करि-तुरय-रयणपमुहाइं पहाणपाहुडाइं। एवं च

प्रभातसमये भणिताः त्रिपृष्ठेन निजपुरुषाः 'भोः भोः गच्छत सङ्ग्रामभूमिम्, निरूपयत प्रहारपरवशान् योधनिवहान्, कुरुत औषधघात(=व्रण)बन्धनादिना परित्राणम्, परिमृगयध्वं दुष्टतुरङ्गपर्यस्तान् पार्थिवान् इति सम्यग् नियुज्य अन्तःपुरेण समं समग्रनरपतिवर्गपरिवृत्तः समेतः पोतनपुरम्। ततः नगरलोकेन कृता वैजयन्ती, सहस्राऽभिरामं स्थानस्थाननिबद्धमञ्चाऽऽरूढ-विलासिनीनाट्यरमणीयम्, प्रमुक्तसुरभिपुष्प-पुञ्जोपचारकलितराजमार्गम्, प्रहतपटुपटहप्रमुखजयतूरनिकरम् नगरं प्रविष्टः महत्या विभूत्या त्रिपृष्ठः। यथोचितस्थानेषु स्थितः शेषः परिवारः। ततः कतिपयानि वासराणि तत्र स्थित्वा पुनः अपि समग्रबलकलितः चक्र-छत्र-धनुष्क-मणि-माला-गदा-शङ्ख-रत्नपरिगतः निर्गतः दिग्विजयनिमित्तं त्रिपृष्ठः। क्रमेण प्रसाधितं भरतार्द्धक्षेत्रम्। अप्रणतपूर्वाः नामिताः पार्थिवाः। ग्राहिता सेवावृत्तिम्। ग्राहीतानि तेभ्यः करि-तुरग-रत्नप्रमुखाणि प्रधानप्राभृतानि। एवं च निःशेषमण्डलाधिपसहस्राऽनुगम्यमानमार्गः, प्रेक्षमाणः अपूर्वाऽपूर्वनगराणि, स्थापयन्

પોતપોતાના સ્થાને પડી રહ્યા. પછી અનુક્રમે પ્રભાત થતાં ત્રિપૃષ્ઠે પોતાના પુરુષોને જણાવ્યું -'અરે! તમે રણભૂમિમાં જાઓ અને ત્યાં પ્રહારથી ઘાયલ થયેલા યોધાઓની તપાસ કરો. તેમના ઘા પર પાટા બાંધી ઔષધાદિકથી તેમનું રક્ષણ કરો અને દુષ્ટ અશ્વોએ નીચે પાડેલા રાજાઓની શોધ કરો. એ પ્રમાણે પોતના સેવકોને ત્યાં નિયુક્ત કરી, અંતઃપુર સહિત અને સમસ્ત રાજાઓથી પરવરેલ ત્રિપૃષ્ઠ પોતનપુરમાં આવ્યો, અને નગરજનોએ હજારો ધ્વજાઓથી શણગારેલ, સ્થાને સ્થાને બાંધેલ માંચડાપર નાટક કરતી વારાંગનાઓથી રમણીય, પાથરેલ સુગંધી પુષ્પોના પુંજથી વ્યાપ્ત રાજમાર્ગયુક્ત અને મનોહર પટહ પ્રમુખના પ્રગટ જયનાદથી ગર્જિત, એવા તે નગરમાં મહાવિભૂતિપૂર્વક ત્રિપૃષ્ઠ દાખલ થયો, એટલે શેષ પરિવાર યથોચિત સ્થાને રહ્યો. પછી કેટલાક દિવસો ત્યાં રહી, ફરી પણ બધા સૈન્ય સહિત અને ચક્ર, છત્ર, ધનુષ્ય, મણિ, માળા, ગદા, શંખ- એ રત્નોયુક્ત ત્રિપૃષ્ઠ દિગ્વિજય કરવા નીકળ્યો. અનુક્રમે તેણે ભરતાર્ધ ક્ષેત્ર સાધ્યું. પૂર્વે ન નમેલા રાજાઓને નમાવ્યા, તેમને સેવાવૃત્તિમાં સ્થાપ્યા, અને તેમની પાસેથી હાથી, અશ્વ, રત્ન પ્રમુખ કિંમતી ભેટો લીધી. એમ બધા

नीसेसमंडलाहिवसहस्साणुगम्ममाणमग्गो, पेच्छंतो अपुव्वापुव्वनयराइं, ठाविंतो अंग-वंग-कलिंगाइसु अन्नन्ननरिंदे पत्तो मगहाविसए। तहिं च दिट्ठा कोडिपुरिसवोज्झा महासिला। सा य भुयबलावलेवओ लीलाए वामभुयदंडेण उक्खिविऊण छत्तगं व धरिया सीसोवरिं। अतुलियबलावलोयणहरिसुप्फुल्ललोयणेहि य कओ नरवईहिं जयजयारवो, पढियं च मागहगणेहिं, कहं?-

देव! मणालागारो तुज्झ करो कलियरुंदकोडिसिलो।
सिरिधरियधरणिवट्ठस्स वहइ सेसस्स समसीसिं ।।१।।

तुह एवंविहलीलाइएण चित्तं न कंपए कस्स।
जइ सव्वहावि पत्थरविणिम्मिओ होज्ज सो न जणो? ।।२।।

---

अङ्ग-बङ्ग-कलिङ्गादिषु अन्याऽन्यनरेन्द्रान् प्राप्तः मगधविषये। तत्र च दृष्टा कोटिपुरुषवोढव्या महाशिला। सा च भुजबलाऽवलेपतः लीलया वामभुजदण्डेन उत्क्षिप्य छत्रम् इव धृता शीर्षोपरि। अतुलितबलाऽवलोकनहर्षोत्फुल्ललोचनैः च कृतः नरपतिभिः जयजयाऽऽरवः, पठितं च मागधगणैः, कथम्? -

देव! मृणालाऽऽकारः तव करः कलितविस्तीर्णकोटिशिलः।
शिरःधृतधरणिपृष्ठस्य वहति शेषस्य तुल्यताम् ।।१।।

तव एवंविधलीलायितेन चित्तं न कम्पते कस्य।
यदि सर्वथाऽपि प्रस्तरविनिर्मितः भवेत् सः न जनः ।।२।।

---

હજારો રાજાઓથી અનુસરાતો, નવા નગરાદિક જોતો, અંગ, વંગ, કલિંગાદિ દેશોમાં અન્ય અન્ય રાજાઓને સ્થાપન કરતો તે મગધ દેશમાં પહોંચ્યો, ત્યાં કોટિ પુરુષો ઉપાડી શકે તેવી મહાશિલા તેના જોવામાં આવી, એટલે પોતાના ભુજબળના ગર્વથી તેને લીલાપૂર્વક ડાબા ભુજદંડથી ઉંચે ઉપાડી છત્રની જેમ તેણે શિરપર ધારણ કરી. એમ અતુલ બળ જોવાથી હર્ષને લીધે વિકાસ પામતા લોચનવાળા રાજાઓએ જય જયારવ કર્યો અને માગધજનોએ આ પ્રમાણે ગુણગાન કર્યા-

હે દેવ! મૃણાલ સમાન અને વિશાળ કોટિશિલાને ધારણ કરનાર એવો તમારો હાથ, શિરે ધરણીપૃષ્ટને ધરનાર શેષનાગની સમાનતા બતાવે છે. (૧)

તમારી આવી લીલાથી કોનું ચિત્ત કંપાયમાન ન થાય? પરંતુ તે જન સર્વથા પત્થરથી બનાવેલ ન હોવો જોઇએ.' (૨)

इय मागहेहिं णेगप्पयारवयणेहिं संथुणिज्जंतो।
मोत्तूणं कोडिसिलं चलिओ राया सपुरहुत्तं ।।३।।

गच्छन्तो य पत्तो दंडगारन्नपरिसरं, तहिं च खंधावारनिवेसं काऊण ठिओ कइवय वासराइं।

एगया य रयणीमज्झनिब्भरपसुत्ते सेवगजणे अणुरत्तविरत्तपरिवारचारमुवलंभिउं करकलियचक्को, कयवेसपरियत्तो, अणुवलक्खिज्जमाणो जामकरिघडारूढेहिं अंगरक्खेहिं नीहरिओ एगागी वासुदेवो नियगुड्डुराओ, अमुणियपयप्पयारो य इओ तओ परिब्भमंतो जाव खंधावारनिवेसमइक्कमिऊण गच्छइ ताव निसामेइ थेवदेसंतरियं मंदं मंदं कोलाहलं। तं च निसामिऊणुप्पन्नकोऊहलो पधाविओ तयभिमुहं। कमेण पत्तो एगं बहलतरुवरसंछन्नं काणणं। तहिं च पत्तस्स उवसंतो सो कोलाहलो। तओ 'किं बिभीसिया एसा? मइविब्भमो

---

इति मागधैः नैकप्रकारवचनैः संस्तूयमानः।
मुक्त्वा कोटिशिलां चलितः राजा स्वपुराभिमुखम् ।।३।।

गच्छन् च प्राप्तः दण्डकारण्यपरिसरम्, तत्र च स्कन्धावारनिवेशं कृत्वा स्थितः कतिपयानि वासराणि।

एकदा च रजनीमध्यनिर्भरप्रसुप्ते सेवकजने अनुरक्त-विरक्तपरिवारचारमुपलब्धुं करकलितचक्रः, कृतवेशपरावर्तः, अनुपलक्ष्यमाणः यामकरिघटाऽऽरुढैः अङ्गरक्षैः निहृतः एकाकी वासुदेवः निजावसतः(?), अज्ञातपदप्रचारः च इतस्ततः परिभ्रमन् यावत् स्कन्धावारनिवेशं अतिक्रम्य गच्छति तावद् निशृणोति स्तोकदेशाऽन्तरितं मन्दं मन्दं कोलाहलम्। तच्च निश्रुत्य उत्पन्नकुतूहलः प्रधावितः तदभिमुखम्। क्रमेण प्राप्तः बहुतरुवरसञ्छन्नं काननम्। तत्र च प्राप्तस्य उपशान्तः सः कोलाहलः। ततः 'किं बिभीषिका एषा?

---

એમ અનેક પ્રકારે માગધજનોથી વખણાતો ત્રિપૃષ્ઠ કોટિશિલાને મૂકીને પોતાના નગર ભણી ચાલ્યો. (૩)

જતાં જતાં તે દંડકારણ્યની ભૂમિમાં ગયો અને સેનાને સ્થાપન કરીને તે કેટલાક દિવસ ત્યાં રહ્યો.

એકદા સેવકો બધા ગાઢ નિદ્રામાં હતા, તે વખતે અનુરક્ત અને વિરક્ત પરિવારની તપાસ કરવા, વેશ-પરાવર્ત્ત કરી, હાથમાં ચક્ર લઇ, યામહસ્તી (પહેરામાં ઉભા રહેતા માતંગો)પર આરૂઢ થયેલા અંગરક્ષકોનું લક્ષ્ય ચૂકાવી, વાસુદેવ એકલો પોતાના તંબુમાંથી બહાર નીકળ્યો અને પદ-પ્રચાર જણાવ્યા વિના આમ તેમ ભ્રમણ કરતાં તે સૈન્ય-પ્રદેશને ઓળંગી આગળ જેટલામાં જાય છે, તેવામાં થોડે છેટે મંદ મંદ કોલાહલ તેના સાંભળવામાં આવ્યો. જે સાંભળી કુતૂહલ પામતો ત્રિપૃષ્ઠ તે તરફ દોડ્યો અને ઘણા વૃક્ષોથી વ્યાપ્ત એક વનમાં પંહોંચ્યો. ત્યાં જતાં પેલો કોલાહલ શાંત થઇ ગયો. એટલે-'આ શું ભયચેષ્ટા છે કે મારો મતિવિભ્રમ છે? એમ જેટલામાં વિચારે

वा ममे'त्ति जाव चिंतेइ ताव काणणब्भंतराओ समुट्ठिओ सदुक्खनरधणियसद्दो, तदणुमाणेण य पुणो पट्ठिओ तिविट्ठू। अह वच्छत्थलविप्फुरंतकोत्थुभमणिमऊहविद्धंसियंघयारे जाए तत्थ पएसे थेवंतरगएण हरिणा दिट्ठो रुक्खेण समं विविहबंधणबद्धो पुरिसो, पुच्छिओ सो उचियायरेण 'भो को तुमं? केण वा इममवत्थंतरं पाविओसित्ति?', तेण जंपियं-'महाणुभाग! निविडबंधणत्तणओ न सक्केमि परिकहिउं। ता अवणेहि बंधे जेण साहेमि'त्ति कहिए तिविट्ठुणा चक्केण निक्कंतिया बंधा। जाओ वीसत्थो, भणिउं पवत्तो य-'अहो निक्कारण-परमबंधुव्व निसामेहि मम वित्तंतं, अहं **रयणसेहरो** नाम विज्जाहरो रूवलावन्नसुंदराइ-गुणावहिभूयाए **सिंहलराय**धूयाए **विजयवई**नामाए पुव्वं चिय बहुप्पयारपत्थणाहिं दिन्नाए परिणयणत्थं संपयं समग्गसामग्गीसणाहो जाव तत्थ पट्ठिओ ताव एत्थप्पएसे संपत्तो समाणो **वाउवेगा**भिहाणेण वेरिणा विज्जाहरेण सव्वस्समवहरिऊण 'दुक्खेण मरउ'त्ति

---

मतिविभ्रमः वा मम' इति यावत् चिन्तयति तावत् काननाऽभ्यन्तरतः समुत्थितः सदुःखनरध्वनितशब्दः। तदनुमानेन च पुनः प्रस्थितः त्रिपृष्ठः। अथ वक्षस्थलविस्फुरत्कौस्तुभमणिमयूखविध्वस्ताऽन्धकारे जाते तत्र प्रदेशे स्तोकान्तरगतेन हरिणा दृष्टः वृक्षेण समं विविधबन्धनबद्धः पुरुषः। पृष्टः सः उचिताऽऽदरेण 'भोः कः त्वम्? केन वा इदमवस्थान्तरं प्राप्तः असि?' तेन जल्पितं-'महानुभाग! निबिडबन्धत्वात् न शक्नोमि परिकथयितुम्। तस्माद् अपनय बन्धान् येन कथयामि' इति कथिते त्रिपृष्ठेन चक्रेण निष्कर्तिताः बन्धाः। जातः विश्वस्तः, भणितुं प्रवृत्तश्च 'अहो निष्कारणपरमबन्धुः इव निश्रुणु मम वृत्तान्तम्। अहं **रत्नशेखरः** नामा विद्याधरः रूप-लावण्य-सुन्दरादिगुणावधिभूतया **सिंहलराज**दुहित्रा **विजयवती**नाम्ना पूर्वम् एव बहुप्रकारप्रार्थनाभिः दत्ते (सति) परिणयनार्थं साम्प्रतं समग्रसामग्रीसनाथः यावत् तत्र प्रस्थितः तावदत्र प्रदेशे सम्प्राप्तः सन् **वायुवेगा**ऽभिधानेन वैरिणा विद्याधरेण सर्वस्वमपहृत्य 'दुःखेन मरतु' इति

---

છે, તેટલામાં વનમાંથી કોઇ દુઃખી પુરુષનો ગાઢ શબ્દ સંભળાયો, તેને અનુસરીને ત્રિપૃષ્ઠ પુનઃ આગળ ચાલ્યો અને વક્ષસ્થળમાં સ્ફુરાયમાન કૌસ્તુભ-મણિના કિરણથી અંધકારનો નાશ થતાં થોડું આગળ ચાલવાથી વાસુદેવે, વૃક્ષની સાથે વિવિધ બંધને બાંધેલ એક પુરુષ દીઠો. તેણે ઉચિતાદરથી તેને પૂછ્યું-'અરે! તને આવી અવસ્થા કોણે પમાડી છે?' તે બોલ્યો-'હે મહાનુભાવ! હું નિબિડ બંધને બાંધેલ હોવાથી કંઇ પણ કહી શકતો નથી, માટે મને બંધનમુક્ત કરો કે જેથી તમને બધી હકીકત સંભળાવું.' એમ તેના કહેવાથી ત્રિપૃષ્ઠે પોતાના ચક્રથી બંધ કાપી નાખ્યા, એટલે તે સ્વસ્થ થઈને બોલ્યો-'અહો! નિષ્કારણ પરમબંધો! તમે મારો વૃત્તાંત સાંભળોઃ- હું રત્નશેખર નામે વિદ્યાધર છું. રૂપ-લાવણ્ય, સૌંદર્યાદિ ગુણોની અવધિભૂત એવી સિંહલરાજાની વિજયવતી નામની પુત્રી, પૂર્વે અનેક પ્રકારની પ્રાર્થના કરતાં મને આપવામાં આવી, જેથી અત્યારે બધી સામગ્રી સહિત તેને પરણવા નિમિત્તે ચાલ્યો અને જેટલામાં આ પ્રદેશમાં આવ્યો, તેટલામાં વાયુવેગ નામના મારા શત્રુ વિદ્યાધરે બધું છીનવી લઇને-'આ દુઃખે મરણ પામે' એમ ધારી મને આમ ગાઢ બંધને બાંધીને તે ચાલ્યો ગયો.' ત્રિપૃષ્ઠે કહ્યું-'તું વિદ્યાધર થઇને

विभाविंतेण एवं गाढं बंधिऊण चत्तोऽम्हि।' तिविट्ठुणा भणियं-'तुमं विज्जाहरो होऊण केण कारणेण भूमिगोयरधूयं उव्वोढुमिच्छसि?।' तेण जंपियं-'महाभाग! अपुव्वं किंपि से रूवं असरिसं च लायन्नं'ति। तिविट्ठुणा चिंतियं-'जइ सच्चं चिय एवंविहगुणोववेया सा ता मम जोग्गा परिणेउं'ति विभाविऊण भणिओ एसो-'अहो तुमए उव्वूढावि एसा तेण वेरिणा हीरिही, ता किं निरत्थएण तदुवलंभेण?।' विज्जाहरेण जंपियं-'सच्चमेयं जइ तुम्ह सत्ती अत्थि ता तुब्भे परिणेह, परिचत्ता मए इयाणिं।' पडिवन्नं तिविट्ठुणा। कयप्पणामो गओ सट्ठाणं विज्जाहरो। हरिणावि सिंहलेसरं अणेगप्पयारेहिं पत्थिऊण परिणीया सा विजयवई धूया, आगओ य निययपुरं, पडिच्छिओ महारायाभिसेओ। जाया बत्तीसं सहस्सा जुवईणं-

अह निच्चपयट्टविसट्टगीयझंकारमिस्समुरवरवे।
नड-चेड-चाडुकारयकिंकरनरनियरपरियरिए ॥१॥

---

विभाव्य एवं गाढं बद्ध्वा त्यक्तः अहम्। त्रिपृष्ठेन भणितं 'त्वं विद्याधरः भूत्वा केन कारणेन भूमिगोचरदुहितरमुद्वोढुम् इच्छसि?' तेन जल्पितं 'महाभाग! अपूर्वं किमपि तस्याः रूपं, असदृशं च लावण्यम्' इति। त्रिपृष्ठेन चिन्तितं 'यदि सत्यं एव एवंविधगुणोपपेता सा ततः मम योग्या परिणेतुम्' इति विभाव्य भणितः एषः 'अहो त्वया उद्वूढा अपि एषा तेन वैरिणा हृष्यते, तस्मात् किं निरर्थकेन तदुपलम्भेन?' विद्याधरेण जल्पितं 'सत्यमेतद्, यदि तव शक्तिः अस्ति तदा त्वं परिणय, परित्यक्ता मया इदानीम्।' प्रतिपन्नं त्रिपृष्ठेन। कृतप्रणामः गतः स्वस्थानं विद्याधरः। हरिणाऽपि सिंहलेश्वरं अनेकप्रकारैः प्रार्थयित्वा परिणीता सा विजयवती दुहिता, आगतश्च निजपुरम्, प्रतीच्छितः महाराजाऽभिषेकः। जाता द्वात्रिंशत्सहस्राणि युवतीनाम्। -

अथ नित्यप्रवृत्तविकसितगीतझङ्कारमिश्रमुरजरवे।
नट-चेट-चाटुकारक-किङ्करनरनिकरपरिवृत्ते ॥१॥

---

ભૂમિચારની કન્યા શા માટે પરણવા ઇચ્છે છે?' તે બોલ્યો-'હે મહાભાગ! તેણીનું રૂપ કંઇ અપૂર્વ જ છે, અને લાવણ્ય પણ અસાધારણ છે.' એટલે વાસુદેવે વિચાર કર્યો કે-'જો ખરીરીતે તે આવા પ્રકારના ગુણોયુક્ત હોય, તો મારે પરણવા યોગ્ય છે.' એમ ચિંતવી તેણે વિદ્યાધરને કહ્યું-'અહો! તું પરણીશ, તોપણ તે વૈરી એને હરી જશે, તેથી નિરર્થક તેને પરણવાથી શું?' વિદ્યાધર બોલ્યો-'એ તો સત્ય છે, પરંતુ જો તમારી શક્તિ હોય, તો તમે એને પરણો. હું હવે તેની આશા મૂકી દઉં છું.' એટલે વાસુદેવે તે વાત સ્વીકારી. પછી પ્રણામ કરીને વિદ્યાધર પોતાના સ્થાને ચાલ્યો ગયો.

હવે સિંહલેશ્વરને અનેક પ્રકારે સમજાવીને ત્રિપૃષ્ઠ તેની વિજયવતી કન્યા સાથે પરણ્યો, અને તે પોતાના નગરમાં આવ્યો. ત્યાં તેનો મહા-રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને તે બત્રીશ હજાર કન્યાઓ પરણ્યો.

પછી નિરંતર પ્રવર્ત્તેલા સુંદર સંગીતના સ્વરમિશ્રિત જ્યાં મૃદંગ વાગી રહ્યાં છે, નટ, નોકર, ચાટુકાર,

सुविभत्तचित्तविच्छित्तिसुंदरे मंदिरे निवसमाणो।
अइपडिहयपडिवक्खं तिखंडभरहं च रक्खंतो ।।२।।

भयवसनमंतसामंतमंडलो तरुणिसत्थमज्झगओ।
आखंडलोव्व भुंजइ विसए पंचप्पयारेऽवि ।।३।।

नवरं विजयवईए नामंपिहु नेव गिण्हइ तिविट्ठू।
ईसाविसायवसओ सा य पओसं समुव्वहइ ।।४।।

एवं वोलंतंमि काले अन्नया नियमाहप्पनिहयदुब्भिक्खाइदुक्खनिवहो समागओ भयवं **सेयंस**तित्थयरो। विरइयं देवेहिं विसालसालवलयपरिक्खित्तं विचित्तमणिमय-सिंहासणाभिरामं भवभयत्तसत्तसंताणेक्कसरण्णं समोसरणं। तओ सायरमिलंतसुरिंद-संदोहथुणिज्जमाणो

---

सुविभक्तचित्रविन्याससुन्दरे मन्दिरे निवसन्।
अतिप्रतिहतप्रतिपक्षं त्रिखण्डभरतं च रक्षन् ।।२।।

भयवशनमत्सामन्तमण्डलः तरुणीसार्थमध्यगतः।
आखण्डलः इव भुनक्ति विषयान् पञ्चप्रकारान् अपि ।।३।।

केवलं विजयवत्याः नाम अपि खलु नैव गृह्णाति त्रिपृष्ठः।
ईर्षाविषादवशतः सा च प्रदोषं समुद्वहति ।।४।।

एवमतिक्रान्ते काले अन्यदा निजमाहात्म्यनिहतदुर्भिक्षादिदुःखनिवहः समागतः भगवान् **श्रेयांस**तीर्थंकरः। विरचितं देवैः विशालशालवलयपरिक्षिप्तं विचित्रमणिमयसिंहासनाऽभिरामं भवभयार्त्तसत्त्वसन्तानैकशरणं समवसरणम्। ततः सादरमिलत्सुरेन्द्रसन्दोहस्तूयमानः उपविष्टः सिंहासने जिनः। अत्रान्तरे

---

કિંકરજનોથી પરિપૂર્ણ અને વિવિધ પ્રકારની ચિત્ર-રચનાથી મનોહર એવા આવાસ-ભુવનમાં રહેતા, સમસ્ત વૈરીઓનો વિનાશ કરી ત્રિખંડ ભરતનું રક્ષણ કરતા, (૧/૨)

ભયને લીધે બધા સામંતો જેને નમતા રહે છે અને તરૂણીઓના મધ્યમાં રહી, તે ઇંદ્રની જેમ પાંચ પ્રકારના વિષયો ભોગવવા લાગ્યો, (૩)

પરંતુ વિજયવતીનું તે નામ પણ લેતો ન હતો, જેથી ઇર્ષ્યા અને વિષાદથી તે પણ ભારે દ્વેષને ધારણ કરવા લાગી. (૪)

એ પ્રમાણે વખત જતાં એકદા પોતાના માહાત્મ્યથી દુર્ભિક્ષાદિ દુઃખોને ટાળનાર એવા **શ્રેયાંસનાથ** ભગવાન ત્યાં પધાર્યા, એટલે દેવતાઓએ વિશાળ ત્રણ ગોળાકાર ગઢયુક્ત, વિચિત્ર મણિમય સિંહાસનથી સુંદર અને ભવભયથી ત્રાસ પામતા પ્રાણીઓને એક શરણરૂપ એવું સમવસરણ રચ્યું. ત્યાં સાદર એકત્ર થતા સુરેંદ્રોથી સ્તુતિ

उववि‍ट्ठो सिंहासणे जिणो। एत्थंतरे जिणागमणनिउत्तपुरिसेहिं वद्धाविओ तिविट्ठू। कहिओ जिणागमणवइयरो। तओ हरिसभरसमुल्लसंतरोमंचेण य दवावियं पीइदाणं सड्ढदुवालसकलहोयकोडीओ तेसिं पुरिसाणं। समग्गबलवाहणो अचलेण समेओ य गओ वासुदेवो वंदणवडियाए। छत्ताइच्छत्तपमुहं जिणाइसयमवलोइऊण परिचत्तसयलरायचिंधो दूराओ च्चिय पयचारेण गंतूण तिपयाहिणापयाणपुव्वयं जयगुरुं नमंसिऊण एवं थोउं पवत्तो-

जय संसारमहोयहिपडंतजणजाणवत्त! जयनाह!।
परमसिवमोक्खकारण! रणवज्जिय! विजियमयमाण! ।।१।।

निम्महियमोहमाहप्प! दुट्ठकंदप्पदप्पनिद्दलण!।
मायाविसवल्लिविणासपरसु जय जय जयप्पवर! ।।२।।

---

जिनाऽऽगमननियुक्तपुरुषैः वर्धापितः त्रिपृष्ठः। कथितः जिनाऽऽगमनव्यतिकरः। ततः हर्षभरसम्मुलसद्रोमाञ्चेन च दापितं प्रीतिदानं सार्धद्वादशकलधौतकोट्याः तेषां पुरुषाणाम्। समग्रबलवाहनः अचलेन समेतश्च गतः वासुदेवः वन्दनप्रतिज्ञया। छत्रातिछत्रप्रमुखं जिनाऽतिशयमवलोक्य परित्यक्तसकलराजचिह्नः दूरतः एव पादचारेण गत्वा त्रिप्रदक्षिणाप्रदानपूर्वकं जगद्गुरुं नत्वा एवं स्तोतुं प्रवृत्तः-

जय संसारमहोदधिपतज्जनयानपात्र! जगन्नाथ!।
परमशिवमोक्षकारण! रणवर्जित! विजितमदमान! ।।१।।

निर्मथितमोहमाहात्म्य! दुष्टकन्दर्पदर्पनिर्दलन!।
मायाविषवल्लीविनाशपरशो! जय जय जगत्प्रवर! ।।२।।

---

કરાતા એવા જિનેશ્વર સિંહાસનપર બિરાજમાન થયા. એવામાં કેવળ જિનાગમ નિવેદન કરવા નિમિત્તે નિયુક્ત કરેલા પુરુષોએ વાસુદેવને વધામણી આપતા જિનાગમનો પ્રસંગ કહી સંભળાવ્યો, જે સાંભળતાં ભારે હર્ષથી પ્રગટ થતા રોમાંચવડે તેણે તે પુરુષોને સાડીબાર કોટિ સુવર્ણ પ્રીતિદાનમાં અપાવ્યું. પછી સમગ્ર સૈન્ય વાહન સહિત અચલને સાથે લઇને વાસુદેવ પ્રભુને વંદન કરવા ચાલ્યો. આગળ જતાં છત્રાદિપ્રમુખ જિનાતિશય જોઇને બધા રાજચિન્હો તજી, દૂરથી જ પગે ચાલી ત્રણ પ્રદક્ષિણા પૂર્વક જગદીશને વંદન કરીને તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો :-

સંસાર-સાગરમાં પડતા ભવ્યોને નાવરૂપ એવા હે જગદીશ! તમે જય પામો. પરમ કલ્યાણરૂપ મોક્ષના કારણ, સંઘર્ષ વિનાના અને મદ, માનને જીતનાર હે નાથ! તમે જયવંતા વર્ત્તો. (૧)

મોહના પ્રભાવને નિર્મૂળ કરનાર, દુષ્ટ કંદર્પના દર્પને દળી નાખનાર, માયારૂપ વિષ-વેલડીને છેદવામાં પરશુતુલ્ય અને જગતમાં એક શ્રેષ્ઠ એવા હે પ્રભુ! તમારો જય થાઓ. (૨)

जय संजमसिरिवल्लह! कोहमहाजलणसजलजलवाह!।
जय निम्मलकेवलकलियसयलजीवाइयपयत्थ! ।।३।।

जय विण्हुकुलंबरपुण्णचंद! सुररायनमियपयकमल!।
निप्पडिमपसमवरपुरपायार! गुणोहसाहार! ।।४।।

जय करुणामयसारणिसरिच्छ! निच्छिन्नकम्मदुममूल!।
दुहसेलदलणदंभोलिसरिसनामग्गहण! देव! ।।५।।

नाह! तुह पायपंकयममंदमयनिवहकंतिमयरंदं।
फुल्लंधयं व धण्णो सयाऽवितण्हो समल्लियइ ।।६।।

---

जय संयमश्रीवल्लभ! क्रोधमहाज्वलन-सजल-जलवाह!।
जय निर्मलकेवलकलित-सकलजीवादिकपदार्थः ।।३।।

जय विष्णुकुलाऽम्बर-पूर्णचन्द्र! सुरराजनत-पदकमल!।
निष्प्रतिमप्रशम-वरपुरप्राकार! गुणौघसाधारः! ।।४।।

जय करुणाऽमृतसारणीसदृश! निश्छिन्नकर्मद्रुममूल!।
दुःखशैलदलन-दम्भोलीसदृशनामग्रहण! देव! ।।५।।

नाथ! तव पादपङ्कजं अमन्दम(न्दामो?)दनिवहकान्तिमकरन्दम्।
पुष्पन्धयः इव धन्यः सदा अवितृष्णः समुपसर्पति ।।६।।

---

સંયમલક્ષ્મીને વલ્લભ, કોપરૂપ મહા-અગ્નિને શાંત કરવામાં સજલ વાદળ સમાન, નિર્મળ કેવળજ્ઞાનથી સમસ્ત જીવાદિ પદાર્થોને જાણનાર એવા હે દેવાધિદેવ! તમે જય પામો. (૩)

વિષ્ણુ-પિતાના કુળરૂપ આકાશમાં પૂર્ણચંદ્ર સમાન, જેમના ચરણ-કમળને સુરેંદ્રોએ નમસ્કાર કરેલ છે, અપ્રતિમ પ્રશમ-પુરના કિલ્લાસમાન અને ગુણસમૂહના એક આધાર એવા હે જિનેંદ્ર! તમે જયવંતા વર્તો. (૪)

કરૂણા અમૃતની નીકતુલ્ય, કર્મરૂપ વૃક્ષના મૂળને છેદી નાખનાર, દુઃખરૂપ પર્વતને તોડવામાં ઇંદ્રના વજ્રસમાન જેમનું નામ-સ્મરણ છે એવા હે દેવ! તમે જય પામો. (૫)

અમંદ આમોદ-હર્ષના સમૂહ તથા કાંતિરૂપ મકરંદયુક્ત એવા તમારા પાદપંકજમાં ભમરાની જેમ જે સદા તૃષ્ણારહિત થયા વિના લીન રહે છે, હે નાથ! તે જ ભવ્યાત્મા ધન્ય છે. (૬)

को तुह जिणवर! वयणं अमयं व समत्थदोसहरणखमं।
पाऊण कुतित्थियवक्ककलुससलीलं समीहेइ ।।७।।

जइविहु दूरमसारो संसारो तहवि देव! तुम्हेहिं।
विहरंतेहिं मुणिज्जइ सारो निव्वुइपुरीओऽवि ।।८।।

आसग्गीवाइनरिंदविजयलाभाइसु वि नेरिसो नाह!।
जाओ ममप्पमोओ जह दंसणमेत्तओ तुज्झ ।।९।।

ता पसिय भुवणबंधव! जइवि तुमं सव्वहा विगयरागो।
नियचरणदंसणणुग्गहेण मम तहवि सेयंस! ।।१०।।

---

कः तव जिनवर! वचनममृतमिव समस्तदोषहरणक्षमम्।
प्राप्य कुतीर्थिकवाक्यकलुषसलीलं समीहते? ।।७।।

यद्यपि खलु दूरमसारः संसारः तथापि देव! युष्माभिः।
विचरद्भिः ज्ञायते सारः निर्वृतिपुरीतः अपि ।।८।।

अश्वग्रीवादिनरेन्द्रविजयलाभादिषु अपि नेदृशः नाथ!।
जातः मम प्रमोदः यथा दर्शनमात्रतः तव ।।९।।

तस्मात् प्रसीद भुवनबान्धव! यद्यपि त्वं सर्वथा विगतरागः।
निजचरणदर्शनाऽनुग्रहेण मम तथापि श्रेयांस! ।।१०।।

---

હે જિનેશ્વર! સમસ્ત દોષને ટાળવામાં સમર્થ અમૃતની જેમ આપના વચનનું પાન કરીને કુતીર્થીઓના મુખથી નીકળેલ કલુષિત સલિલ-જળતુલ્ય વચનની કોણ વાંછા કરે? (૭)

જો કે સંસાર તો કેવળ અસાર જ છે. છતાં હે દેવ! તમો વિચરો છો, તેથી મુક્તિ નગરી કરતા પણ તે વધારે સારરૂપ ભાસે છે. (૮)

હે નાથ! તમારા દર્શનમાત્રથી જે મને પ્રમોદ થયો, તેવો હર્ષ અશ્વગ્રીવાદિ નરેંદ્રોના વિજયથી થયેલ લાભમાં ન થયો. (૯)

હે ભુવનબંધવ! જો કે તમે સર્વથા વીતરાગ છો, તથાપિ હે શ્રેયાંસનાથ! તમારા ચરણ-દર્શનના અનુગ્રહથી મારા પર સદા પ્રસન્ન રહેજો.' (૧૦)

एवं च सुचिरं थोऊण सो तिविट्ठुनरिंदो निविट्ठो समुचियट्ठाणे। भगवयावि आजोयणमित्ताणुसारिणीए वाणीए समारद्धा धम्मदेसणा, जहा-'भो भो देवाणुप्पिया! कहकहवि चिरं संसारकंतारमणुपरियट्टमाणेहिं तुम्हेहिं पाविओ एस मणुयजम्मो। जायं अविकल-पंचिंदिअत्तणं। संपत्ता निक्कलंककुलारोगाइया सामग्गी, समुल्लसिया सद्धम्मबुद्धी। ता दुगुञ्छह मिच्छत्ताविरइसंगं, समीहह संमत्त-नाण-चरित्तवित्तं, पेच्छह पमायपरपाणिगण-दुहविवागं, अणुचिंतह खणदिट्ठनट्ठसरूवयं सव्वभावाणं, विमंसह पुणो दुल्लहत्तणं आरियखेत्ताइलाभस्स, अन्नं च-

तुच्छेहियसुहलवमेत्तलालसा कीस वसह निस्संका?।
किं तुम्ह कयंतेणं निब्भयपत्तं सयं लिहियं? ।।१।।

---

एवं च सुचिरं स्तुत्वा सः त्रिपृष्ठनरेन्द्रः निविष्टः समुचितस्थाने। भगवताऽपि आयोजनमात्राऽनुसार्या वाण्या समारब्धा धर्मदेशना, यथा-'भोः भोः देवानुप्रियाः! कथंकथमपि चिरं संसारकान्तारम् अनुपरिवर्तमानैः युष्माभिः प्राप्तमिदं मनुजजन्म, जातं अविकलपञ्चेन्द्रियत्वम्, सम्प्राप्ता निष्कलङ्ककुलाऽरोगादिका सामग्री, समुल्लसिता सद्धर्मबुद्धिः। तस्मात् जुगुप्सत मिथ्यात्वाऽविरतिसङ्गम्, समीहध्वं सम्यक्त्व-ज्ञान-चारित्रवित्तम्, प्रेक्षध्वं प्रमादपरप्राणिगणदुःखविपाकम्, अनुचिन्तयत क्षणदृष्टनष्टस्वरूपं सर्वभावानाम्, विमृषत पुनः दुर्लभत्वमार्यक्षेत्रादिलाभस्य। अन्यच्च -

तुच्छैहिकसुखलवमात्रलालसाः कथं वसत निःशङ्काः?।
किं युष्माकं कृतान्तेन निर्भयपत्रं स्वयं लिखितम्? ।।१।।

---

એ પ્રમાણે વિસ્તારથી સ્તુતિ કરીને ત્રિપૃષ્ઠ નરેંદ્ર ઉચિત સ્થાને બેઠો, ભગવંતે પણ યોજનગામિની વાણીથી ધર્મ-દેશના આપવાનો પ્રારંભ કર્યો.

'હે દેવાનુપ્રિય ભવ્યો! સંસારરૂપ વનમાં લાંબા વખતથી પરિભ્રમણ કરતાં તમે આ મનુષ્ય-જન્મ પામ્યા છો. અવિકલ પંચેંદ્રિયપણું મળ્યું છે. ઉત્તમ કુળ અને આરોગ્ય રૂપ સામગ્રી મળેલ છે. અને ધર્મબુદ્ધિ તમને પ્રાપ્ત થઇ છે, માટે મિથ્યાત્વ અને અવિરતિના સંગની ઉપેક્ષા કરો, સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રરૂપ વિત્ત-ધનને વાંછો, પ્રમાદી પ્રાણીઓના દુઃખ-વિપાકને જુઓ, ક્ષણવારમાં દૃષ્ટનષ્ટ થનારા સર્વ પદાર્થો ચિંતવો અને ફરી આર્યક્ષેત્રાદિ લાભની દુર્લભતાને વિચારો અને વળી

આ લોકના તુચ્છ સુખલવમાત્રમાં લુબ્ધ બની તમે નિઃશંક થઇને કેમ રહો છો? શું કૃતાંત-યમરાજે પોતે તમને નિર્ભય-પત્ર લખી આપ્યું છે? (૧)

किं वा केणवि अजरामरत्तणं तुम्ह दावियं? अहवा।
मरणाइदुक्खरहियं ठाणं वा कत्थविय दिट्ठं? ।।२।।

अहवा सासयभावत्तकारणं किं रसायणं लद्धं?।
जेणूसुगत्तठाणेऽवि गाढमंदायरा होह ।।३।।

भो भो देवाणुपिया! सद्धम्मोवज्जणे समुज्जमह।
परिहरह पावमित्तेहिं संगतिं दुक्खसयजणणिं ।।४।।

पडिवज्जह निरवज्जं पव्वज्जं देसविरइमहवावि।
निसुणह पसिद्धसिद्धंतदेसणं मोहनिम्महणिं ।।५।।

---

किं वा केनापि अजराऽमरत्वं युष्माकं दापितम्? अथवा।
मरणादिदुःखरहितं स्थानं वा कुत्रापि च दृष्टम् ।।२।।

अथवा शाश्वतभावत्वकारणं किं रसायनं लब्धम्?।
येन उत्सूकत्वस्थानेऽपि गाढमन्दाऽऽदराः भवथ ।।३।।

भोः भोः देवानुप्रियाः! सद्धर्मोपार्जने समुद्यतध्वम्।
परिहरत पापमित्रैः सङ्गतिं दुःखशतजननीम् ।।४।।

प्रतिपद्यध्वं निरवद्यां प्रव्रज्यां देशविरतिमथवाऽपि।
निश्रुणुत प्रसिद्धसिद्धान्तदेशनां मोहनिर्मथनीम् ।।५।।

---

અથવા તો કોઇએ તમને અજરામરપણું અપાવ્યું છે? કે ક્યાંય મરણાદિ દુઃખ રહિત સ્થાન તમારા જોવામાં આવ્યું છે? (૨)

અથવા શાશ્વતભાવના કારણરૂપ કાંઇ રસાયન તમને સાંપડ્યું છે કે જેથી ઉત્સુકતાના સ્થાને પણ અત્યંત મંદાદરવાળા થયા છો? (૩)

માટે હે દેવાનુપ્રિયો! સદ્ધર્મ સાધવામાં ઉદ્યમી બનો અને સેંકડો દુઃખો પમાડનાર પાપ-મિત્રોની સોબત મૂકી દ્યો, (૪)

નિર્દોષ પ્રવ્રજ્યા કે દેશવિરતિનો સ્વીકાર કરો, મોહનું મંથન કરનારી એવી પ્રસિદ્ધ સિદ્ધાંતની દેશના સાંભળો. (૫)

अत्तसमं पाणिगणं रक्खह, पालेह सीलमकलंकं।
साहम्मिएसु रज्जह, वज्जह विसएसु य पवित्तिं ।।६।।

निग्गुणजणं उवेक्खह अत्तुक्करिसं सयावि परिहरह।
अप्पत्तपुव्वगुणगणमब्भस्सह नासह कसाए ।।७।।

संतोसं च निसेवह परपरिवायं कयावि माऽऽयरह।
ईसरिए मा मज्जह मा रज्जह पावकज्जेसुं ।।८।।

दाणाईसु पयट्टह सेवह सुविसुद्धबुद्धिणा गुरुणो।
परउवयारे गिज्झह मा मुज्झह बुज्झह सतत्तं ।।९।।

एवं च भगवओ धम्मकहमायन्निऊण हरिसुप्फुल्ललोयणेहिं केहिंवि परिचत्तपुत्त-कलत्तेहिं

---

आत्मसमं प्राणिगणं रक्षत, पालयत शीलमकलङ्कम्।
साधर्मिकेषु रज्यध्वम्, वर्जयत विषयेषु च प्रवृत्तिम् ।।६।।

निर्गुणजनमुपेक्षध्वम्, आत्मोत्कर्षं सदाऽपि परिहरत।
अप्राप्तपूर्वगुणगणमभ्यसध्वम्, नाशयत कषायान् ।।७।।

सन्तोषं च निसेवध्वम्, परपरिवादं कदाऽपि मा आचरत।
ऐश्वर्ये मा माद्यत मा रज्यध्वं पापकार्येषु ।।८।।

दानादिषु प्रवर्तध्वम्, सेवध्वं सुविशुद्धबुद्धिना गुरून्।
परोपकारे गृध्यत, मा मुह्यत, बोधत स्वतत्त्वम् ।।९।।

एवं च भगवतः धर्मकथामाकर्ण्य हर्षोत्फुल्ललोचनैः कैः अपि परित्यक्तपुत्र-कलत्रैः प्रतिपन्ना

---

પ્રાણીઓને પોતાની સમાન ગણીને તેમની રક્ષા કરો, નિષ્કલંક શીલ પાળો, સાધર્મિકજનોની ભક્તિ કરો અને વિષયોની પ્રવૃત્તિથી પાછા હઠો. (૬)

નિર્ગુણી જનની ઉપેક્ષા કરો, સદા આત્મ-પ્રશંસાને તજો અને પૂર્વે પ્રાપ્ત ન થયેલા એવા ગુણોનો અભ્યાસ કરો, કષાયોને નાશ પમાડો. (૭)

સંતોષને સેવો, કદીપણ પરનિંદા ન કરો, ઐશ્વર્યમાં લુબ્ધ ન બનો, પાપ-કાર્યોમાં અનુરક્ત ન થાઓ. (૮)

દાનાદિકને આદરો, વિશુદ્ધ બુદ્ધિથી ગુરુની ઉપાસના કરો, પરોપકારમાં રક્ત બનો, મૂઢ-મુગ્ધ ન થાઓ અને સત્તત્વનું=આત્મતત્ત્વનું જ્ઞાન મેળવો.' (૯)

એ પ્રમાણે ભગવાનની ધર્મકથા સાંભળી હર્ષથી લોચન વિકસાવતા કેટલાક ભવ્યોએ પુત્ર, પત્ની વગેરેનો

पडिवन्ना सव्वविरई, केहिंवि परिग्गहियं सम्मद्दंसणं, अन्नेहिं अंगीकया देसविरई, अन्ने य छिन्नसंसया जाया बहवे पाणिणो। हलहर-नारायणेहिंवि अणाचक्खणिज्जं पमोयभरमुव्वहंतेहिं पडिवन्नं सम्मत्तरयणं। अह समइक्कंताए पोरिसीए वंदिऊण जयगुरुं गया निययावासं। भयवंपि अन्नत्थ विहरिओ।

एवं च वच्चंतंमि काले अच्चंतसुहसागरावगाढस्स तिविट्ठुराइणो एगया समागया परिभूयकिन्नरकंठा गायणा, तेहि य पदंसियं गीयकोसल्लं, हरियं हिययं तिविट्ठुस्स, अन्नं च-

गीउग्गारो तेसिं जस्स मणागंपि विसइ सवणंमि।
उज्झियनियवावारो चित्तलिहिउव्व सो सुणइ ।।१।।

अच्छउ दूरे एयं तिरियाविहु तेसि गेयवसणेणं।
निम्मीलियच्छिओ उच्छहंति नो भोयणाईसु ।।२।।

---

सर्वविरतिः, कैः अपि परिगृहीतं सम्यग्दर्शनम्, अन्यैः अङ्गीकृता देशविरतिः, अन्ये च छिन्नसंशयाः जाताः बहवः प्राणिनः। हलधर-नारायणाभ्यामपि अनाचक्ष्यं प्रमोदभरमुद्वहद्भ्यां प्रतिपन्नं सम्यक्त्वरत्नम्। अथ समतिक्रान्तायां पौरुष्यां वन्दित्वा जगद्गुरुं गतौ निजाऽऽवासम्। भगवान् अपि अन्यत्र विहृतः।

एवं च व्रजति काले अत्यन्तसुखसागराऽवगाढस्य त्रिपृष्ठराज्ञः(सतः) एकदा समागताः परिभूतकिन्नरकण्ठाः गायकाः। तैः च प्रदर्शितं गीतकौशल्यम्, हृतं हृदयं त्रिपृष्ठस्य। अन्यच्च -

गीतोद्गारः तेषां यस्य मनागपि विशति श्रवणयोः।
उज्झितनिजव्यापारः चित्रलिखितः इव सः शृणोति ।।१।।

अस्तु दूरं एतत् तिर्यञ्चः अपि खलु तेषां गेयव्यसनेन।
निमिलिताऽक्षयः उत्सहन्ते नो भोजनाऽऽदिषु ।।२।।

---

ત્યાગ કરી સર્વવિરતિ સ્વીકારી, કેટલાકોએ સમકિત ગ્રહણ કર્યું, કેટલાકોએ દેશવિરતિ લીધી, ઘણા લોકોના સંશયો દૂર થયા, અતુલ પ્રમોદને ધારણ કરતા અચલ અને ત્રિપૃષ્ઠે સમકિત રત્ન ગ્રહણ કર્યું. પછી પોરસી વ્યતીત થતાં (= ધર્મદેશના પૂર્ણ થતા) પ્રભુને વાંદીને તેઓ પોતાના આવાસે ગયા અને ભગવંતે પણ અન્યત્ર વિહાર કર્યો.

એ રીતે દિવસો વ્યતીત થતાં અત્યંત સુખ-સાગરમાં નિમગ્ન થયેલ-વાસુદેવની સભામાં એકદા કિન્નરોના કંઠને પરાસ્ત કરનાર એવા ગાયકો આવ્યા. તેમણે પોતાનું ગીત-કૌશલ્ય બતાવતાં ત્રિપૃષ્ઠનું હૃદય હરી લીધું, કારણ કે તેમનો ગીતોદ્ગાર લેશ પણ જેના કાનમાં દાખલ થતો, તે પોતાનાં અન્ય કાર્યને તજી જાણે ચિત્રમાં આળેખાઇ ગયેલ હોય તેમ સ્તબ્ધ બનીને સાંભળતા. (૧)

અરે! એ તો દૂર રહો, પરંતુ તિર્યંચો પણ તેમના ગીતને આધીન થઇ, આંખો મીંચીને ભોજનાદિકની પણ દરકાર કરતા ન હતા. (૨)

एवंविहसुस्सरयागुणेण हरिस्स ते सयावि पासवत्तिणो परमप्पसायठाणं जाया।

अन्नया य सुसेज्जानिसन्नस्स वासुदेवस्स रयणीसमए समारद्धं तेहिं गेयं, जणिओ बाढं चित्तस्स अक्खेवो। निद्दागमणकाले य निरूविओ वासुदेवेण सेज्जावालो, जहा-'भद्द! जया मम निद्दा एइ तया इमे गायणा तुमं विसज्जेज्जासि।' 'जं देवो आणेवइ तं करिस्सामि'त्ति पडिवज्जियं सेज्जावालेणं। खणंतरेण य आगया राइणो निद्दा। तेऽवि अविसज्जियत्ति तहेव गाइउमारद्धा। नवरं पच्छिमरयणिसमए पबुद्धेण राइणा ते तहा गायंते निसामिऊण, पुच्छिओ सिज्जावालो-'अरे! कीस एए न विसज्जिया?', तेण भणियं-'देव! अइसवणसुहत्तणेणं मए खणंतरं पडिवालिया।' एयमायन्निऊण जायगाढकोवो आगारसंवरं काऊण तुण्हिक्को ठिओ तिविट्ठू। उग्गए य कमलसंडपडिबोहणे मायंडमंडले उट्ठिऊण सयणीयाओ कयपाभाइयकायव्वो निसण्णो अत्थाणमंडवे राया। ठिया य नियनियट्ठाणेसु

एवंविधसुस्वरतागुणेन हरेः ते सदाऽपि पार्श्ववर्तिनः परमप्रसादस्थानं जाताः।

अन्यदा च सुशय्यानिषण्णस्य वासुदेवस्य रजनीसमये समारब्धं तैः गेयम्। जनितः बाढं चित्तस्य आक्षेपः। निद्राऽऽगमनकाले च निरूपितः वासुदेवेन शय्यापालः यथा 'भद्र! यदा मम निद्रा एति तदा इमान् गायकान् त्वं विसृज।' 'यद् देवः आज्ञापयति तत् करिष्यामि' इति प्रतिपद्यं शय्यापालेन। क्षणान्तरेण च आगता राज्ञः निद्रा। तेऽपि अविसर्जिताः इति तथैव गातुं आरब्धाः। किन्तु पश्चिमरजनीसमये प्रबुद्धेन राज्ञा तान् तथा गायतः निश्रुत्य पृष्टः शय्यापालः 'अरे! कथमेते न विसर्जिताः?' तेन भणितं 'देव! अतिश्रवणसुखत्वेन मया क्षणान्तरं प्रतिपालिताः।' एवमाकर्ण्य जातगाढकोपः आकारसंवरं कृत्वा तूष्णीकः स्थितः त्रिपृष्ठः। उद्‌गते च कमलखण्डप्रतिबोधने मार्तण्डमण्डले उत्थाय शय्यातः कृतप्राभातिककर्तव्यः निषण्णः आस्थानमण्डपे राजा। स्थिता च निजनिजस्थानेषु सामन्त-मन्त्रि-सुभटादयः। अत्रान्तरे स्मृतः

આવા સુસ્વરના ગુણ વડે સદા વાસુદેવની પાસે રહેતા તેઓ તેના પરમ પ્રસાદના પાત્ર થઇ પડ્યા.

એક વખતે સુખ-શય્યામાં બેઠેલા વાસુદેવ પાસે તેમણે રાત્રે સંગીત ચલાવ્યું, જેથી તેનું મન ભારે આકૃષ્ટ થયું. પછી નિદ્રાસમયે તેણે શય્યાપાલકની સામે જોઇને કહ્યું-'હે ભદ્ર! જ્યારે મને નિદ્રા આવી જાય ત્યારે આ ગવૈયાઓને તું વિસર્જન કરજે.' એટલે-'દેવની આજ્ઞા પ્રમાણે હું કરીશ.' એમ શય્યાપાલકે તે વચન સ્વીકાર્યું. ક્ષણવાર પછી રાજાને નિદ્રા આવી, પરંતુ જવાનું ન કહેવાયેલા તેમણે પણ ગાવાનું ચાલુ રાખ્યું. એવામાં પાછલી રાતે રાજા જાગ્યો, અને તેમને તે જ રીતે ગાતાં સાંભળીને તેણે શય્યાપાલકને પૂછ્યું-'અરે! તેં એમને વિસર્જન કેમ ન કર્યા?' તે બોલ્યો-'હે દેવ! સંગીત કાનને અતિ સુખકારી લાગવાથી મેં થોડી વાર એમને અટકાવી રાખ્યા' એમ સાંભળતા ગાઢ કોપ ઉત્પન્ન થયા છતાં તેવો આકાર સંવરીને ત્રિપૃષ્ઠ મૌન રહ્યો. પછી કમળ-ખંડને વિકસિત કરનાર સૂર્ય ઉદય પામતાં શય્યા થકી ઉઠી, પ્રાભાતિક કર્ત્તવ્ય કરીને તે સભામંડપમાં બેઠો, એટલે સામંત, મંત્રી,

सामंत-मंति-सुहडाइणो। एत्थंतरंमि सुमरिओ राइणा रयणिवइयरो। आहूओ सेज्जावालो, भणिया य नियपुरिसा-'अरे गीयस्स रत्तत्तणेण ममाणाभंजगस्सेयस्स तत्ततउयतंबरसं खिवेह सवणेसु'त्ति। एयमायन्निऊण नीओ सो तेहिं एगंतदेसे। कढियतउयतंबयरसेण भरिया कन्ना। महावेयणाभिभूओ गओ य सो झत्ति पंचत्तं। तिविट्ठुणावि गाढामरिसवसेण निबद्धं निविडं दुहविवागवेयणिज्जं कम्मं। सावि सिहंलेसरसुया ठाणे ठाणे अत्तणो पराभवं पेच्छंती हरिणा वयणमेत्तेणवि अविगणिज्जंती सुचिरमप्पाणं झूरिऊण मया तिरिएसु य उववन्ना। सेसं उवरि भन्निही।

तिविट्ठूवि कालंतरेण विविहसोक्खमणुभुंजमाणो रज्जे, रट्ठे (य) मुच्छाणुबंधमुव्वहंतो, नियभुयबलेण सेसपुरिसवग्गमवमन्नंतो, विविहपाणाइवायकिरियाए महारंभमहापरिग्गहेहिं अइकूरज्झवसाणेण य परिगलियसम्मत्तरयणो नारगाउयं निकाइऊण चुलसीईवाससय-

---

राज्ञा रजनीव्यतिकरः। आहूतः शय्यापालः भणिताश्च निजपुरुषाः 'अरे गीतस्य रक्तत्वेन मदाऽज्ञाभञ्जकस्य एतस्य तप्तत्रपु-ताम्ररसं क्षिपत श्रवणयोः' इति। एतद् आकर्ण्य नीतः सः तैः एकान्तदेशे। क्वथितत्रपुक-ताम्रकरसेन भृते कर्णे। महावेदनाऽभिभूतः गतश्च सः झटिति पञ्चत्वम्। त्रिपृष्ठेनाऽपि गाढाऽऽमर्षवशेन निबद्धं निबिडं दुःखविपाकवेदनीयं कर्म। साऽपि सिंहलेश्वरसुता स्थाने स्थाने आत्मनः पराभवं प्रेक्षमाणा हरिणा वचनमात्रेणाऽपि अविगण्यमाणा सुचिरं आत्मना क्षित्वा (=स्वयं दुःखीभूय) मृता तिर्यक्षु च उपपन्ना। शेषं उपरि भणिष्यते।

त्रिपृष्ठः अपि कालान्तरेण विविधसौख्यम् अनुभुञ्जमानः राज्ये, राष्ट्रे च मूर्च्छाऽनुबन्धम् उद्वहन्, निजभुजबलेन शेषपुरुषवर्गमवमन्यमानः, विविधप्राणातिपातक्रियया महाऽऽरम्भ-महापरिग्रहाभ्याम् अतिक्रूराऽध्यवसानेन च परिगलितसम्यक्त्वरत्नः नारकाऽऽयुष्कं निकच्य चतुरशीतिवर्षशतसहस्राणि सर्वायुष्कं

---

સુભટપ્રમુખ બધા પોતપોતાના સ્થાને બેસી ગયા. એવામાં રાત્રિનો પ્રસંગ રાજાને યાદ આવ્યો, જેથી તેણે શય્યાપાલકને બોલાવી પોતાના સેવક પુરુષોને આદેશ કર્યો-'અરે! ગીત-સ્વરમાં રક્ત થતાં મારી આજ્ઞાનો ભંગ કરનાર આ શય્યાપાલકના કાનમાં તપ્ત સીસા અને તાંબાનો રસ નાખો.' એમ સાંભળી સેવકો તેને એકાંત સ્થાને લઇ ગયા અને ત્યાં તપાવેલ સીસા-તાંબાના રસથી તેના કાન ભરી દીધા, જેથી મહાવેદના થતાં તરત જ તે મરણ પામ્યો. ત્રિપૃષ્ઠે પણ ગાઢ કોપથી દુઃખના વિપાકરૂપ નિબિડ વેદનીયકર્મ બાંધ્યું. વળી તે સિંહલેશ્વરની પુત્રી સ્થાને સ્થાને પોતાનો પરાભવ જોતી, વાસુદેવના વચનમાત્રથી પણ માન ન પામતાં તે લાંબો વખત દુઃખી થઇને મરણ પામી અને તિર્યંચમાં ઉત્પન્ન થઇ. એનો શેષ વૃતાંત આગળ કહેવામાં આવશે.

અહીં ત્રિપૃષ્ઠ પણ વિવિધ સુખ ભોગવતો, રાજ્ય અને રાષ્ટ્ર-દેશ પ્રત્યે મૂર્ચ્છા વધારતો, પોતાના ભુજબળથી બીજા પુરુષોની અવગણના કરતો, વિવિધ પ્રાણાતિપાત પ્રમુખ ક્રિયા, મહા-આરંભ અને પરિગ્રહ તથા અતિ ક્રૂર અધ્યવસાયથી સમકિત રત્ન ગુમાવી, નરકાયુ નિકાચિત કરી, ચોરાશીલાખ વરસનું આયુષ્ય ભોગવી, પ્રાંતે મરણ

सहस्साइं सव्वाउयं पालिऊण कालमासे कालं किच्चा उववन्नो सत्तममहीए तमतमाभिहाणाए अप्पइट्ठाणंमि नरयावासे लक्खपमाणे पंचधणूसि(स?)यसरीरो नारगो। अइगाढपावकम्मेहिं पुव्वभवसंचिएहिं गरुएहिं निहओ विसहतो दुक्खाइं परमतिक्खाइं चाउद्दिसिनिट्ठुरवज्ज-सूलतिक्खखग्गभिज्जमाणंगो अइदीणकरुणसद्दं पइक्खणं विलवमाणो य।

किं पुव्वभवंमि मए कयंति जेणेरिसंमि ठाणंमि।
निच्चंधयारतमसे उववन्नो कुच्छणिज्जंमि? ।।१।।

एवं विचिंतयंतो खणे खणे घोरवेयणाभिहओ।
पज्जलियगेहमज्झप्पविट्ठपंगुव्व विलवेइ ।।२।।

अयलोऽवि कयतप्पारलोइयकायव्वो गाढसोगाभिभूओ सुसाणं व भवणं मन्नमाणो, अदिट्ठपुव्वयं पिव पियजणं च अवगणिंतो, विसं विसयं मन्नमाणो, बंधुणो बंधणं परिकप्पेमाणो,

---

पालयित्वा कालमासे कालं कृत्वा उपपन्नः सप्तममह्यां तमःतमाऽभिधाने अप्रतिष्ठाने नरकाऽऽवासे लक्षप्रमाणे पञ्चधनुष्कशतशरीरः नारकः। अतिगाढपापकर्मभिः पूर्वभवसञ्चितैः गुरुकैः निहतः, विसहमानः दुःखानि परमतीक्ष्णानि, वज्र-शूलतीक्ष्णखड्गभिद्यमानाऽङ्गः अतिदीनकरुणशब्दं प्रतिक्षणं विलपमानः च -

किं पूर्वभवे मया कृतं इति येन ईदृशे स्थाने।
नित्याऽन्धकारतमसि उपपन्नः कुत्सिते? ।।१।।

एवं विचिन्तयन् क्षणे क्षणे घोरवेदनाऽभिहतः।
प्रज्वलितगृहमध्यप्रविष्टपङ्गुः इव विलपति ।।२।।

अचलोऽपि कृततत्पारलौकिककर्तव्यः गाढशोकाऽभिभूतः स्मशानमिव भवनं मन्यमानः, अदृष्टपूर्वकमिव प्रियजनञ्चाऽवगणयन्, विषं विषयं मन्यमानः, बन्धून् बन्धनं परिकल्पमानः, प्रवरतरुखण्डमण्डिते नन्दनवने

---

પામી, સાતમી **તમસ્તમા** નામની પૃથ્વી નરકના લક્ષ યોજનપ્રમાણ **અપ્રતિષ્ઠાન** નામના નરકાવાસ-પાથડામાં તે પાંચસો ધનુષ્યપ્રમાણ શરીરવાળો નારક થયો. પૂર્વભવમાં ભેગા કરેલ અત્યંત ગાઢ અને મોટાં પાપકર્મથી હણાયેલ, અતિ તીક્ષ્ણ દુઃખોને સહન કરતો, ચોતરફ કઠિન વજ્ર, શૂળ, તીક્ષ્ણ ખડ્ગ વિગેરે શસ્ત્રોથી કપાતો અને ક્ષણે ક્ષણે અત્યંત દીનતાથી કરુણ શબ્દોથી વિલાપ કરતો, - 'અહો! મેં પૂર્વભવે શું પાપ કર્યું હશે કે જેથી આવા નિત્ય અંધકારમય અને કુત્સિત સ્થાનમાં હું ઉત્પન્ન થયો?' આ પ્રમાણે વિચારતો તે ક્ષણે ક્ષણે ઘોર વેદનાથી પરાભવ પામતાં, બળતા ઘરમાં પેઠેલ પંગુ-લંગડાની જેમ વારંવાર વિલાપ કરતો રહ્યો. (૧/૨)

એવામાં તેની ઉત્તરક્રિયા કરી, ગાઢ શોક કરતો અચલ પણ ભવનને શ્મશાનતુલ્ય સમજતો, પૂર્વે ન જોયેલ એવા પ્રિયજનની પણ દરકાર ન કરતો, વિષયને વિષ સમાન માનતો, બંધુઓને બંધનરૂપ ગણતો, પ્રવર વૃક્ષોથી

पवरतरुसंडमंडिए नंदणवणे कमल-कुवलय-कल्हारबंधुरासु सरसीसु सिंगारागारचारुवेसासु अंतेउरीसु खणंपि चक्खुमक्खिवंतो, कत्थवि रइं अलभमाणो, अच्चंतं संसारासारयं भावेंतो, सेयंसतित्थयरुवइट्ठधम्मवयणाइं चिंतिंतो, वइरिभवणं व गिहावासं परिच्चइउकामो सयणोवरोहेण कइवयवासराइं ठाऊण गओ **धम्मघोसा**यरियसमीवे। वंदिओ परमाए भत्तीए। सूरिणाऽवि दिव्वणाणेण णाऊण तस्साभिप्पायं समारद्धा धम्मदेसणा, जहा-

खणसंजोगविओगं खणपरियट्टं(वट्टं?)तविविहसुहदुक्खं।
नडनच्चियव्व संसारविलसियं चित्तरूवधरं ।।१।।

दट्ठूण को पमायइ जिणिंदधम्मंमि सोक्खहेउम्मि?।
अच्चंतवल्लहे वा मयंमि को सोयमुव्वहइ? ।।२।।जुग्गं।

---

कमल-कुवलय-कल्हारबन्धुरासु सरस्सु शृङ्गाराऽऽकारचारुवेशासु अन्तःपुरीषु क्षणमपि चक्षुं अक्षिपन्, कुत्राऽपि रतिं अलभमानः, अत्यन्तं संसाराऽसारतां भावयन्, श्रेयांसतीर्थकरोपदिष्टधर्मवचनानि चिन्तयन्, वैरिभवनमिव गृहाऽऽवासं परित्यक्तुकामः स्वजनोपरोधेन कतिपयवासराणि स्थित्वा गतः **धर्मघोषा**ऽऽचार्यसमीपे। वन्दितः परमया भक्त्या। सूरिणाऽपि दिव्यज्ञानेन ज्ञात्वा तस्याऽभिप्रायं समाऽऽरब्धा धर्मदेशना, यथा -

क्षणसंयोगवियोगं क्षणपरिवर्तमानविविधसुखदुःखम्।
नटनर्तिनमिव संसारविलसितं चित्ररूपधरम् ।।१।।

दृष्ट्वा कः प्रमाद्यति जिनेन्द्रधर्मे सौख्यहेतौ?।
अत्यन्तवल्लभे वा मृते कः शोकमुद्वहति? ।।२।। युग्मम्।

---

શોભતા **નંદન**વનમાં, કમળ, કુવલય અને કલ્હારના પુષ્પોવડે સુંદર તલાવડીઓમાં શૃંગાર, આકૃતિ, સુંદર વેશવાળી રમણીઓમાં એક ક્ષણ પણ નજર ન નાખતો, ક્યાં પણ સ્વાસ્થ્ય ન પામતો, અત્યંત સંસારની અસારતાનો વિચાર કરતો, શ્રેયાંસ પ્રભુએ કહેલ ધર્મવચનને ચિંતવતો અને શત્રુભવનની જેમ ગૃહાવાસને તજવા ઇચ્છતો એવો તે સ્વજનોના આગ્રહથી કેટલાક દિવસ ત્યાં રહી, **ધર્મઘોષ** નામના આચાર્ય પાસે ગયો અને પરમ ભક્તિથી તેણે વંદના કરી એટલે આચાર્યે પણ દિવ્યજ્ઞાનથી તેની મનોભાવના જાણીને આ પ્રમાણે ધર્મદેશના આપી-

'ક્ષણિક સંયોગ અને ક્ષણિક વિયોગ યુક્ત, ક્ષણે ક્ષણે આવતા વિવિધ સુખ-દુઃખથી વ્યાપ્ત, અને નટના નૃત્યની જેમ વિચિત્રરૂપ ધરનાર આ સંસારનો વિલાસ જોઇ, સુખના કારણરૂપ જિનધર્મ સાધવામાં કોણ પ્રમાદ કરે? અથવા તો અત્યંત વલ્લભજન મરણ પામતાં કોણ શોક ધરે? (૧/૨)

जइ एगस्सेव भवेज्ज एत्थ वल्लहजणेण सह विगमो।
ता परिभवोत्ति काउं सोगोऽवि जणेण कीरेज्जा ।।३।।

जाव य समग्गभरहाहिवावि भरहाइणो कयंतेणं।
विज्झविया दीवा इव पवणेण पयंडवेगेण ।।४।।

ता कीस कुसलमइणो अट्ठाणे च्चिय कुणंति संतावं?।
नाए वत्थुसरूवे खिज्जंति न जेण सप्पुरिसा ।।५।। तीहिं विसेसयं।

नियजीवियस्सवि जया धरणोवाओ न तीरए काउं।
तत्थऽण्णजीवियव्वे चलंमि कह कीरइ थिरत्तं? ।।६।।

---

यदि एकस्यैव भवेद् अत्र वल्लभजनेन सह विगमः।
तदा परिभवः इति कृत्वा शोकः अपि जनेन क्रियेत ।।३।।

यावत् च समग्रभरताधिपाः अपि भरतादयः कृतान्तेन।
विध्यापिताः दीपाः इव पवनेन प्रचण्डवेगेन ।।४।।

ततः कथं कुशलमतयः अस्थाने एव कुर्वन्ति सन्तापम्?।
ज्ञाते वस्तुस्वरूपे खिद्यन्ते न येन सत्पुरुषाः ।।५।। त्रिभिः विशेषकम्।

निजजीवितस्याऽपि यदा धारणोपायः न शक्यते कर्तुम्।
तत्र अन्यजीवितव्ये चले कथं क्रियते स्थिरत्वम्? ।।६।।

---

કદાચ એક જ માણસને પ્રિયજનનો વિયોગ આ સંસારમાં થતો હોય, તો પરિભવ સમજીને તેણે શોક પણ કરવો, (૩)

પરંતુ આ તો ભરતાદિક સમગ્ર ભરતના રાજાઓને પણ પ્રચંડવેગી પવનવડે દીવાની જેમ કૃતાંતે મારી નાખ્યા, તો કુશળજનો અસ્થાને સંતાપ શા માટે કરતા હશે? કારણ કે સત્ય-સ્વરૂપ જાણવામાં આવતાં સત્પુરુષો ખેદ કરતા નથી. (૪/૫)

પોતાના જીવિતને પણ ટકાવી રાખવું જ્યારે અશક્ય છે, તો અન્યના ચંચલ જીવિતમાં સ્થિરપણું ક્યાંથી લાવી શકાય? (૬)

इयरजणस्स व सोगो काउं न उ जुज्जए तुह कहंपि।
किं गिरि-तरूणि(ण) मंतरमणिलेण चलंति जइ दोवि
(अणिलेण गिरितरूणि चलिज्ज नवि मंदरो उ गिरी) ।।७।।

एसो खु सुद्धबुद्धिस्स विब्भमो जं पियस्स मरणंमिं।
अक्कंदणेण सिरकुट्टणेण अवणिज्जई सोगो ।।८।।

उत्तममईण पुण भवविरूवयाऽऽलोयणेण निव्वेओ।
उप्पज्जइ तत्तो च्चिय विसेसधम्मुज्जमो होइ ।।९।।

इय चयसु सोगपसरं सरेसु संसारदारुकरवत्तं।
पवज्जं निरवज्जं चिच्चा रज्जं च रट्ठं च ।।१०।।

---

इतरजनस्य इव शोकः कर्तुं न तु युज्यते तव कथमपि।

किं गिरि-तरू मन्द्रानिलेन चलतः यदिं द्वौ अपि।
अनिलेन गिरितरू चलेताम् नापि मन्दरः तु गिरिः ।।७।।

एषः खलु शुद्धबुद्धेः विभ्रमः यत् प्रियस्य मरणे।
आक्रन्दनेन शिरकुट्टनेन अपनीयते शोकः ।।८।।

उत्तममतीनां पुनः भवविरूपताऽऽलोक(च)नेन निर्वेदः।
उत्पद्यते ततः एव विशेषधर्मोद्यमः भवति ।।९।।

इति त्यज शोकप्रसरं सर संसारदारुकरपत्राम्।
प्रव्रज्यां निरवद्यां त्यक्त्वा राज्यं च राष्ट्रं च ।।१०।।

---

માટે ઇતર-સામાન્ય જનની જેમ તારે કોઇ રીતે શોક કરવો ઉચિત નથી. પવનથી શું ગિરિ અને વૃક્ષો ચલિત થાય? અને કદાચ પવનથી તે બંને ચલાયમાન થાય, છતાં મંદરાચલ તો ચલિત ન જ થાય. (૭)

પ્રિયજનના મરણમાં આક્રંદ કે શિરતાડનથી જે શોક દૂર કરવામાં આવે છે, એ તો વિશુદ્ધ બુદ્ધિશાળીનો વિભ્રમ છે. (૮)

પરંતુ ઉત્તમ મતિમાનને તો ભવવિરૂપતા જોવાથી નિર્વેદ ઉત્પન્ન થાય છે અને તેથી ધર્મમાં વિશેષ ઉદ્યમ થઇ શકે છે. (૯)

માટે શોક-પ્રસારને તજી અને રાજ્ય તથા રાષ્ટ્રને છોડીને, સંસારરૂપ કાષ્ઠને માટે કરવત સમાન એવી નિરવદ્ય પ્રવ્રજ્યાને ધારણ કરી લે.' (૧૦)

एयं च समायन्निऊण ववगयसमग्गसोगसंतावो हलहरो भणिउमाढत्तो-'भयवं! सच्चं तुम्हेहिं करुणापरहियएहिं ममोवइट्ठं, ता पसिय इयाणिं, देह पवज्जं निरवज्जं'ति वुत्ते पव्वाविओ सो गुरुणा, सिक्खविओ समणधम्मं, देसिया दसविहचक्कवालसामायारी, अब्भुवगया य तेण सम्मं। अह गामागरेसु अप्पडिबद्धो विहरिऊण किंपि कालं दुक्करतव-चरणेहिं सोसिऊण सरीरं कम्मनिवहं च पत्तो सो सासयसोक्खं मोक्खंति।।

तिविट्ठूवि तेत्तीसं सागरोवमाइं अप्पइट्ठाणे अणुहविऊण दुक्खं चुओ समाणो उववन्नो सीहत्ताए एगंमि गिरिकंदरे, तओ-

उम्मुक्कबालभावो विगयासंको समग्गरण्णंमि।
परिभवइ कूरचित्तो जमोव्व अनिवारियप्पसरो ।।१।।

---

एवं च समाकर्ण्य व्यपगतसमग्रशोकसन्तापः हलधरः भणितुं आरब्धवान् 'भगवन्, सत्यं युष्माभिः करुणापरहृदयैः ममोपदिष्टम्। तस्मात् प्रसीद इदानीम्, देहि प्रव्रज्यां निरवद्याम्' इति उक्ते प्रव्राजितः सः गुरुणा, शिक्षापितः श्रमणधर्मः, देशिता दशविधचक्रवालसामाचारी, अभ्युपगता च तेन सम्यक्। अथ ग्रामाऽऽकरेषु अप्रतिबद्धः विहृत्य किमपि कालं, दुष्करतपश्चरणैः शोषयित्वा शरीरं कर्मनिवहं च प्राप्तः सः शाश्वतसौख्यं मोक्षम्।

त्रिपृष्ठः अपि त्रयस्त्रिंशत् सागरोपमाणि अप्रतिष्ठाने अनुभूय दुःखं च्युतः समानः उपपन्नः सिंहतया एकस्मिन् गिरिकन्दरे। ततः -

उन्मुक्तबालभावः विगताऽऽशङ्कः समग्राऽरण्ये।
परिभवति क्रूरचित्तः यमः इव अनिवारितप्रसरः ।।१।।

---

એમ સાંભળતાં સમગ્ર શોક-સંતાપ છોડીને બળદેવ કહેવા લાગ્યો- 'હે ભગવન્! કરુણાપરાયણ અને પરહિતકારી એવા તમે મને સત્ય ઉપદેશ આપ્યો, માટે હવે કૃપા કરી, મને અત્યારે નિર્દોષ પ્રવ્રજ્યા આપો.' એ પ્રમાણે તેની ભાવના થતાં ગુરુએ તેને સંયમ-સામ્રાજ્યથી અલંકૃત કર્યો, શ્રમણધર્મની શિક્ષા આપી, દશવિધ યતિધર્મની સામાચારી બતાવી, જે તેણે બરાબર સ્વીકારી લીધી. પછી ગામ, નગરમાં અપ્રતિબદ્ધપણે વિહાર કરતા **અચલમુનિ**, કેટલોક કાળ દુષ્કર તપ-ચરણથી શરીર અને કર્મસમૂહને શોષવી-ખપાવી, શાશ્વત સુખપૂર્ણ મોક્ષને પામ્યા.

અહીં ત્રિપૃષ્ઠનો જીવ પણ અપ્રતિષ્ઠાનમાં તેત્રીશ સાગરોપમ દુઃખ ભોગવી, ત્યાંથી ચ્યવીને એક ગિરિગુફામાં સિંહપણે ઉત્પન્ન થયો. તે તરુણ થતાં બધા અરણ્યમાં નિઃશંકપણે યમની જેમ નિરોધ પામ્યા વિના અત્યંત ક્રૂર થઇને બીજાનો પરાભવ કરવા લાગ્યો. (૧)

दारइ गइंदकुंभत्थलाइं अइतिक्खनक्खनिवहेण।
सारंगकुलं अचलं तासइ गलगज्जिमेत्तेण ।।२।।

हिंसइ विविहजीवे इय एवं जीविऊण चिरकालं।
मरिऊण पुणो जाओ नेरइओ नरयपुढवीए ।।३।।

छिंदण-भिंदण-सामलिसूलारोवणपराइं दुक्खाइं।
रोमुद्धोसकराइं सुमरणमेत्तेणवि जणाणं ।।४।।

आमरणंतं सोढुं भमिओ विविहासु तिरियजोणीसु।
अह एगत्थ भवंमी कम्मखओवसमभावेणं ।।५।।

लद्धूण माणुस्सत्तं काउं छट्ठट्ठमाइ तवचरणं।
भोगफलमज्जिऊणं उववन्नो देवलोगंमि ।।६।। तिहिं विसेसियं।

---

दारयति गजेन्द्रकुम्भस्थलानि अतितीक्ष्णनखनिवहेन।
सारङ्गकुलमचलं त्रासयति गलगर्जितमात्रेण ।।२।।

हिनस्ति विविधजीवान् इति एवं जीवित्वा चिरकालम्।
मृत्वा पुनः जातः नारकः नरकपृथिव्याम् ।।३।।

छेदन-भेदन-शामलीशूलारोपणपराणि दुःखानि।
रोमोद्धर्षकराणि स्मरणमात्रेणाऽपि नराणाम् ।।४।।

आमरणान्तं सहित्वा भ्रान्तः विविधासु तिर्यग्योनिषु।
अथ एकस्मिन् भवे कर्मक्षयोपशमभावेन ।।५।।

लब्ध्वा मानुषत्वं कृत्वा षष्ठाऽष्टमादि तपश्चरणम्।
भोगफलमर्जयित्वा उपपन्नः देवलोके ।।६।। त्रिभिः विशेषितम्।

---

અને પોતાના અતિ તીક્ષ્ણ નખથી ગજેંદ્રોના કુંભસ્થળને છેદતો હતો. તથા ઘોર ગર્જનાથી સ્થિર હરણોને ત્રાસ પમાડતો હતો. (૨)

વળી વિવિધજીવોની હિંસા કરવામાં તે તત્પર રહેતો. એમ ચિરકાળ જીવિત ધરી, મરણ પામીને તે પુનઃ નરકપૃથ્વીમાં નારક થયો. (૩)

ત્યાં છેદન, ભેદન, શાલ્મલિવૃક્ષની શૂળોપર આરોપણ ઇત્યાદિ, સ્મરણમાત્રથી લોકોને રુંવાટા ઊભા કરનાર એવાં દુઃખો મરણાંતસુધી સહન કરી, તે વિવિધ તિર્યંચયોનિઓમાં ભમ્યો. એમ કરતાં એકદા ક્ષયોપશમભાવના યોગે મનુષ્યપણું પામી, છઠ, અઠ્ઠમાદિ તપ આચરતાં, ભોગફળ ઉપાર્જન કરીને તે દેવલોકમાં ઉત્પન્ન થયો. (૪/૫/૬)

तओ आउक्खएणं चुओ समाणो रिद्धित्थिमियसमिद्धे निरंतरमुप्पज्जमाण-जिणचक्कवट्टिबलदेववासुदेवपहाणपुरिससरिए(?) हिए(?) एगवीस(परियरिए(?) एगस)रूवकाल-परिकलिए अवरविदेहे खेत्ते मूयाए रायहाणीए **धणंजय**स्स राइणो सयलंतेउरपहाणाए **धारिणी**ए देवीए चउद्दसमहासुमिणसूइओ सो तिविट्ठुजीवो कुच्छिंसि पुत्तत्तणेण उववन्नोत्ति। समुचियसमए य कयं से **पियमित्तो**त्ति नामं। वड्ढिओ य देहोवचएणं विण्णाणपगरिसेण य। अण्णया य सो धणंजयराया सरयनिसायरसरिसवयणं, तरुणतरणिपडिबुद्धपुंडरियलोयणं, मणिखंडमंडियकुंडलुल्लिहियपीणगंडमंडलं, अकुडिलुत्तुंगनासावंसं, बालप्पवालपाडलोट्ठसंपुडं कुंदमउलमालासिणिद्धसुसिलिट्ठदंतपंतिं, पसत्थरेहावलयरेहंतकंठकंदलं, मंसलसुविसाल-वच्छत्थलं, महानयरगोपुरपयंडबाहुदंडं, संगयपासोवसोहियसुप्पमाणमज्झभागं, वियसियसय-वत्तसरिच्छातुच्छनाभिं, जच्चतुरयवट्टिय-

---

ततः आयुःक्षयेण च्युतः सन् ऋद्धिस्तिमितसमृद्धे निरन्तरमुत्पद्यमान-जिन-चक्रवर्ति-बलदेव-वासुदेवप्रधानपुरुष-परिवृते एकस्वरूपकालपरिकलिते अपरविदेहे क्षेत्रे मूकायां राजधान्यां **धनञ्जय**स्य राज्ञः सकलान्तःपुरप्रधानायाः **धारिण्याः** देव्याः चतुर्दशमहास्वप्नसूचितः सः त्रिपृष्ठजीवः कुक्षौ पुत्रत्वेन उपपन्नः इति। समुचितसमये च कृतं तस्य **प्रियमित्र** इति नाम। वर्धितः च देहोपचयेन विज्ञानप्रकर्षेण च। अन्यदा च सः धनञ्जयराजा शरदनिशाकर-सदृशवदनं, तरुणतरणिप्रतिबुद्ध-पुण्डरिकलोचनम्, मणिखण्डमण्डितकुण्डलोल्लिखितपीनगण्डमण्डलम्, अकुटिलोत्तुङ्गनासावंशम्, बालप्रवालपाटलोष्ठसम्पुटम्, कुन्दमुकुलमालास्निग्धसुश्लिष्टदन्तपङ्क्तिम्, प्रशस्तरेखावलयराज-मानकण्ठकन्दलम्, मांसलसुविशालवक्षस्थलम्, महानगरगोपुरप्रचण्डबाहुदण्डम्, सङ्गतपार्श्वोपशोभित-सुप्रमाणमध्यभागम्, विकसितशतपत्रसदृशाऽतुच्छनाभिकम्, जात्यतुरग-वर्तितकटिभागम्, सुरेन्द्रवारणकर(अनु)करणिजङ्घायुगलम्,

---

त्यांथी आयुक्षय थतां च्यवी, निश्चळ ऋद्धिवडे समृद्ध, निरंतर ज्यां जिनेश्वर, चक्रवर्त्ती, बळदेव, वासुदेवप्रमुख श्रेष्ठपुरुषो उत्पन्न थाय छे अने ज्यां सदाकाळ एकस्वरूपे वर्त्ते छे एवा मनोहर **महाविदेह** क्षेत्रमां आवेल **मूका**-राजधानीना राजा धनंजयनी बधी राणीओमां प्रधान एवी **धारिणी** नामे पटराणीना उदरमां चौद महास्वप्नोथी सूचित एवो ते त्रिपृष्ठनो जीव पुत्रपणे उत्पन्न थयो. जन्म पामतां उचित समये राजाए तेनुं **प्रियमित्र** एवुं नाम राख्युं. ते देहना उपचय अने विज्ञान-कळाकौशल्यथी वृद्धि पाम्यो. एकदा धनंजय राजाए, शरदऋतुना चंद्रमा समान मुखयुक्त, बाळसूर्यथी विकास पामेला पुंडरीक-कमळ समान लोचनवाळा, मणिथी जडेला कुंडलो जेना पुष्ट गालपर लटकी रह्यां छे, सरल अने उन्नत नासिकायुक्त, कोमळ प्रवालसमान रक्त ओष्ठवाळा, कुंदपुष्पनी कळीओनी श्रेणिसमान स्निग्ध अने अत्यंत सुश्लिष्ट दंतपंक्तिथी विराजित, प्रशस्त रेखाओना वलयथी कंठ रूपी कंद जेनो शोभित छे, पुष्ट अने विशाळ वक्षस्थळयुक्त, महानगरना गोपुर-मुख्यद्वारतुल्य जेना भुजदंड छे, बंने पुष्ट पार्श्वभागथी सुप्रमाण जेनो मध्यभाग शोभे छे, विकसित कमळतुल्य जेनी तुच्छ-कृश नाभि छे, जात्य-

कडिभागं, सुरिंदवारणकरकरणिजंघाजुयलं, सुपइट्ठियलट्ठसुकुमालरत्ततलं चलंतं कुमारं पेच्छिऊण जायपरमसंतोसो पवररायकुलपसूयाओ कण्णगाओ परिणाविऊण, पसत्थवासरे रज्जे अभिसिंचिउं तओ तहाविहाण य सूरीणं पासे पव्वज्जं पडिवज्जइ। पियमित्तस्सवि अप्पडिहयसासणं रज्जं करिंतस्स कालक्कमेण समुप्पन्नाइं चउद्दस रयणाइं, ताणि य इमाणि-

सेणावइ गाहावइ पुरोहिय तुरय वड्ढइ गयित्थी।
चक्कं छत्तं चम्मं मणि कागणि खग्ग दंडो य ।।१।।

एवं सो पियमित्तो समुप्पन्नचक्काइरयणो, अणेगनरनाहनिवहपरियरिओ, चक्करयणदंसिज्जमाणमग्गो विजयजत्ताए मागहतित्थाभिमुहं संपत्थिओ। कमेण य तस्सादूरदेसं पत्तो समाणो खंधावारनिवसं काऊण **मागहतित्था**हिवस्स देवस्स साहणत्थं अट्ठमभत्तं तवोकम्मं पडिवज्जइ। तस्स पज्जंते य हय-रह-जोहपुरिवुडो, जोत्तियपवरतुरंगं

---

सुप्रतिष्ठितलष्टसुकुमाररक्ततलं चलन्तं कुमारं प्रेक्ष्य जातपरमसन्तोषः प्रवरराजकुलप्रसूताः कन्याः परिणाय्य, प्रशस्तवासरे राज्ये अभिसिच्य ततः तथाविधस्य च सूरेः पार्श्वे प्रव्रज्यां प्रतिपद्यते। प्रियमित्रस्याऽपि अप्रतिहतशासनं राज्यं कुर्वतः कालक्रमेण समुत्पन्नानि चतुर्दशरत्नानि, तानि च इमानि -

सेनापतिः गाथापतिः पुरोहितः तुरगः वार्धकिः गजः स्त्री।
चक्रं छत्रं चर्म्म मणिः काकणिः खड्गः दण्डश्च ।।१।।

एवं सः प्रियमित्रः समुत्पन्नचक्रादिरत्नः, अनेकनरनाथनिवहपरिवृत्तः, चक्ररत्नदर्श्यमाणमार्गः, विजययात्रायै **मागधतीर्था**भिमुखं सम्प्रस्थितः। क्रमेण च तस्याऽदूरदेशं प्राप्तः सन् स्कन्धावारनिवेशं कृत्वा मागधतीर्थाधिपस्य देवस्य साधनार्थम् अष्टमभक्तं तपःकर्म प्रतिपद्यते। तस्य पर्यन्ते च हय-रथ-योधपरिवृत्तः, योजितप्रवरतुरगं

---

અશ્વના જેવો જેનો કટિભાગ છે, ઐરાવણની સૂંઢસમાન જેની જંઘાઓ છે, તથા સુપ્રતિષ્ઠિત પુષ્ટ અને સુકુમાલ જેના રક્ત પાદતળ છે એવા તે કુમારને ફરતો જોઇને, પરમ સંતોષ પામી, ઉત્તમ રાજકુળની અનેક કન્યાઓ પરણાવી અને શુભ દિવસે તેને રાજ્યપર બેસારીને પોતે (રાજાએ) આચાર્ય મહારાજ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી, પછી અખંડ રાજ્ય ચલાવતાં પ્રિયમિત્રે અનુક્રમે ચૌદ રત્નો ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે-**'સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, અશ્વ, વાર્ધકિ, ગજ, સ્ત્રી, ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાકિણી, ખડ્ગ, અને દંડ.**

એમ ચક્રાદિક રત્નો ઉત્પન્ન થતાં અનેક રાજાઓના પરિવારવાળો ચક્રરત્ન વડે દેખાડાતા માર્ગવાળો તે પ્રિયમિત્ર વિજયયાત્રા કરવા **માગધતીર્થ** તરફ ચાલ્યો અને અનુક્રમે તે તીર્થની નજીકના પ્રદેશમાં પહોંચતાં સૈન્યને સ્થાપન કરી, માગધતીર્થના અધિપતિ દેવને સાધવા નિમિત્તે તેણે અટ્ઠમતપ કર્યો. તે પછી અશ્વ, સુભટો અને રથયુક્ત શ્રેષ્ઠ અશ્વ તથા ચાર ઘંટાવળા રથમાં આરૂઢ થઇ, ચક્રને અનુસરી, કેટલોક માર્ગ આગળ જઇ,

चाउग्घंटं रहमारूढो चक्काणुमग्गेण केत्तियंपि भूमिभागं गंतूण कुवियकयंतभूविब्भमं, अणेगरयणकिरणजालकब्बुरियदिसावलयं वामपाणिणा सज्जीकयजीवं कोदंडं गिण्हिऊण तहा वज्जसारतुंडं, विविहरयणविरइयपंखदेसं, मणिविणिम्मियचक्कवट्टिनामचिंधं दाहिणकरेण सरं आयन्नमाकड्डिऊण मागहतित्थाहिवस्स सम्मुहं मुयइ। सोऽवि सरो दुवालस जोयणाइं गंतूण मागहदेवस्स सहाए निसन्नस्स तस्स पुरओ निवडिओ। तं च सो दट्ठूण निट्ठुरनिडालवट्टनिविट्ठभिउडिभीसणवयणो गाढकोवभरारुणनयणो भणिउमाढत्तो-

रे रे कस्स कयंतेण सुमरियं? कस्स वल्लहं न जियं?।
को मज्झ कोवदीवयसिहं व वंछइ पयंगोव्व? ।।१।।

किं केणइ भुयबलदप्पिएण देवेण अहव मणुएणं।
जक्खेण रक्खसेण व एसो खित्तो सरो होही? ।।२।।

---

चतुर्घण्टं रथमारूढः चक्राणुमार्गेण कियन्तमपि भूमिभागं गत्वा कुपितकृतान्तभ्रूविभ्रमम्, अनेकरत्न-किरणजालकर्बुरितदिग्वलयं वामपाणिना सज्जीकृतज्यावन्तं कोदण्डं गृहीत्वा तथा वज्रसारतुण्डम्, विविधरत्न-विरचितपक्षदेशम्, मणिविनिर्मितचक्रवर्तिनामचिह्नं दक्षिणकरेण शरमाकर्णम् आकृष्य मागधतीर्थाधिपस्य सन्मुखं मुञ्चति। सोऽपि शरः द्वादशयोजनानि गत्वा मागधदेवस्य सभायां निषण्णस्य तस्य पुरतः निपतितः। तं च सः दृष्ट्वा निष्ठुरललाटपट्टनिविष्टभृकुटीभीषणवदनः गाढकोपभराऽरुणनयनः भणितुं आरब्धवान्-

रे रे कः कृतान्तेन स्मृतः? कस्य वल्लभं न जीवितम्?
कः मम कोपदीपकशिखां वा वाञ्छति पतङ्गः इव? ।।१।।

किं केनाऽपि भुजाबलदर्पितेन देवेन अथवा मनुजेन।
यक्षेण राक्षसेन वा एषः क्षिप्तः शरः भविष्यति? ।।२।।

---

કોપાયમાન થયેલ કૃતાંતની ભ્રકુટીતુલ્ય, અનેક રત્નના કિરણોથી દિશાઓને ચકમકતી કરનાર તથા સજ્જ કરેલ જ્યા-દોરીયુક્ત એવા ધનુષ્યને ડાબા હાથે ધારણ કરી, વજ્રસમાન અગ્રભાગવાળા, વિવિધ રત્નોથી જડેલ પંખ-પક્ષયુક્ત, તથા મણિઓથી જેમાં ચક્રવર્ત્તીના નામની નિશાની કરવામાં આવેલ છે એવા બાણને જમણા હાથે કાન સુધી ખેંચીને તેણે માગધતીર્થના અધિપતિ તરફ છોડ્યું, એટલે તે બાણ પણ બાર યોજન જઇ, સભામાં બેઠેલ માગધદેવની આગળ પડ્યું. તે જોતાં નિષ્ઠુર લલાટપર ચડાવેલ ભ્રકુટીથી ભીષણ મુખયુક્ત અને ગાઢ કોપથી આંખો લાલ કરી તે કહેવા લાગ્યો-'અરે! કૃતાંતે આજે કોને યાદ કરેલ છે? અથવા કોને પોતાનું જીવિત વ્હાલું નથી? કે જે મારા કોપરૂપ દીપકની શિખામાં પતંગની જેમ પડવાને ઇચ્છે છે. (૧)

શું આ બાણ, ભુજબળથી ગર્વિષ્ઠ બનેલા કોઇ દેવ કે મનુષ્યે અથવા યક્ષ કે રાક્ષસે નાખ્યું હશે?' (૨)

इय खणमेगं परिचिंतिऊण गिण्हइ सरं सहत्थेणं।
पेच्छइ य चक्कवट्टिस्स नामयं मणिविणिम्मवियं ।।३।।

एवं च ववगयसंसओ उवसमियकोवविगारो विविहमहामोल्लचित्तमणिरयणाभरण-नामंकियसरसणाहो पियमित्तचक्कवट्टिणो सगासमुवगंतूण मत्थए अंजलिं काऊण य विजएणं वद्धावेइ। भणइ य-'जहाऽहं इयाणिं तुम्ह आणानिद्देसवत्ती किंकरनिव्विसेसो, ता पडिच्छह इमं पीइदाणं'ति भणिऊण आभरणाइं सरं च समप्पेइ। चक्कवट्टीवि तं सक्कारिऊण सम्माणिऊण य सट्ठाणे विसज्जेइ, रहंपि परावत्तिऊण खंधावारमुवागच्छइ, भोयणाइ काऊण य किंकरपुरिसेहिं मागहदेवस्स अट्ठाहियामहिमं कारावेइ। तस्स य पज्जंते चक्काणुमग्गेण खग्ग-चाव-नाराय-कणकप्पणि-सूल-लडलि-भिंडिमालपमुहपहरणहत्थ-सुहडसत्थाणुजायमग्गो हत्थिरयणमारूढो नरिंदो काल-पीय-रत्त-पंडुरवण्णाणेगचिंधसहस्सेहिं

---

इति क्षणमेकं परिचिन्त्य गृह्णाति शरं स्वहस्तेन।
प्रेक्षते च चक्रवर्तिनः नाम मणिविनिर्मापितम् ।।३।।

एवं च व्यपगतसंशयः उपशान्तकोपविकारः विविधमहामूल्यचित्र-मणि-रत्नाऽऽभरणनामाऽङ्कित-शरसनाथः प्रियमित्रचक्रवर्तिनः सकाशमुपगत्य मस्तके अञ्जलिं कृत्वा च विजयेन वर्धापयति। भणति च 'यथाऽहम् इदानीं तव आज्ञानिर्देशवर्ती किङ्करनिर्विशेषः, तस्मात् प्रतीच्छ इदं प्रीतिदानम्' इति भणित्वा आभरणानि शरं च समर्पयति। चक्रवर्ती अपि तं सत्कार्य सन्मान्य च स्वस्थाने विसृजति, रथमपि परावर्त्य स्कन्धावारम् उपागच्छति, भोजनादीन् कृत्वा च किङ्करपुरुषैः मागधदेवस्य अष्टाह्निकामहिमानं कारयति। तस्य च पर्यन्ते चक्राऽनुमार्गेण खड्ग-चाप-नाराच-कणकल्पनि-शूल-काली-भिंडिमाल-प्रमुखप्रहरणहस्तसुभट-सार्थाऽनुयातमार्गः हस्तिरत्नमारुढः नरेन्द्रः कृष्ण-पीत-रक्त-पाण्डुर-वर्णाऽनेकचिह्नसहस्रैः छादयन् इव

---

એમ ક્ષણવાર ચિંતવી તે બાણ તેણે પોતાના હાથમાં લીધું અને મણિથી આલેખેલ ચક્રવર્ત્તીનું નામ જોયું. (૩)

એટલે સંશય દૂર થતાં કોપવિકાર શમાવી, મહાકિંમતી વિવિધ મણિ, રત્ન, આભરણ અને નામાંકિત તે બાણ લઇ, પ્રિયમિત્ર ચક્રવર્ત્તી પાસે આવી, મસ્તકે અંજલિ જોડીને તેણે વિજયથી વધાવ્યો અને કહ્યું કે-'હવે કિંકર સમાન હું આપની આજ્ઞા પ્રમાણે વર્ત્તીશ, માટે આ પ્રીતિદાન સ્વીકારો.' એમ કહી તેણે બાણ અને આભરણાદિ તેને અર્પણ કર્યાં. ચક્રવર્ત્તી પણ તેને સત્કાર અને સન્માન આપી, સ્વસ્થાને મોકલી, રથને પાછો વાળીને તે પોતાના સૈન્યમાં આવ્યો. ત્યાં ભોજનાદિ કરી, પોતાના કિંકરજનો પાસે માગધદેવનો અઠ્ઠાઇ મહોત્સવ કરાવ્યો. પછી ત્યાંથી ચક્રાનુસારે, ખડ્ગ, ધનુષ્ય, બાણ, ક્ષુરપ્ર, ભાલા, બરછી, ભિંડીમાલપ્રમુખ શસ્ત્રોને ધારણ કરતાં અનેક સુભટો સહિત, હસ્તિ-રત્નપર આરૂઢ થઇને પ્રિયમિત્ર નરેંદ્ર, કાળા, પીળા, રક્ત, શ્વેત-વર્ણયુક્ત અનેક ધ્વજાઓથી જાણે આકાશતલને આચ્છાદિત કરતો હોય, અને અશ્વોના હેષારવ, હાથીઓના ગુલગુલાયિત ધ્વનિ, તથા રથોના

छायमाणोव्व अंबरतलं, हयहेसिय-गयगुलगुलाइय-रहघणघणाइयरवेहिं बहिरयंतोव्व जीवलोयं **वरदाम**तित्थाभिमुहं वच्चइ। कमेण य तहिं पत्तो समाणो पुव्वविहीए वरदामदेवस्स अट्ठमभत्तं, रयणपहरणं अट्ठाहियामहिमं च करेइ। एवं **पहास**तित्थाहिवस्सऽवि, नवरं पभासतित्थदेवो मालं, मउडं, मुत्ताजालं कडगतुडियाणि य चक्कवट्टिस्स पीइदाणं पयच्छइत्ति। तओ पुणोऽवि जक्खसहस्सपरिवुडेण अंतरिक्खगएण चक्करयणेण दंसिज्जमाणमग्गो चक्कवट्टी **सिंधु**महानईए दाहिणिल्लेणं कूलेणं सिंधूदेविभवणाभिमुहं गओ। तत्थवि अट्ठमभत्तं पगिण्हइ। तस्स पज्जंते य सिंधुदेवीए सुहासणत्थाए चलियं सीहासणं। ओहिनाणमुणियचक्कवट्टिसमागमा य नाणामणि-कणग-रयणभत्तिचित्ताणि दोन्नि भद्दासणाइं, कडगाणि, तुडिगाणि, वत्थाणि पगहिऊण चक्कवट्टिसगासमागया पंजलिउडा विणएण समप्पेइ। रायाऽवि तं सक्कारिय सम्माणिय सट्ठाणे विसज्जेइ। तओ पुणरवि चक्करयणं वेयड्ढपव्वयाभिमुहं गंतुमारद्धं।

---

अम्बरतलम्, हयहेषित-गजगुलगुलायित-रथघनघनायितरवैः बधिरयन् इव जीवलोकं वरदामतीर्थाभिमुखं व्रजति। क्रमेण च तत्र प्राप्तः सन् पूर्वविधिना **वरदाम**देवस्य अष्टमभक्तम्, रत्नप्रहरणम् अष्टाह्निकामहिमानं च करोति। एवं **प्रभास**तीर्थाधिपस्य अपि, केवलं प्रभासतीर्थदेवः मालाम्, मुकुटम्, मुक्ताफलम् कटकत्रुटितानि च चक्रवर्तिने प्रीतिदानं प्रयच्छति। ततः पुनः अपि यक्षसहस्रपरिवृत्तेन अन्तरिक्षगतेन चक्ररत्नेन दर्श्यमानमार्गः चक्रवर्ती **सिन्धु**महानद्यां दक्षिणेन कूलेन सिन्धुदेवीभवनाभिमुखं गतः। तत्रापि अष्टमभक्तं परिगृह्णाति तस्य पर्यन्ते च सिन्धुदेव्याः सुखासनस्थायाः चलितं सिंहासनम्। अवधिज्ञानज्ञातचक्रवर्तिसमागमा च नानामणि-कनक-रत्न-भक्तिचित्रे द्वे भद्रासने, कटके, त्रुटिते, वस्त्राणि प्रगृह्य चक्रवर्तिसकाशमागता प्राञ्जलिपुटा विनयेन समर्पयति। राजाऽपि तां सत्कृत्य सन्मान्य स्वस्थाने विसृजति। ततः पुनः अपि

---

ઘણ-ઘણાયિત અવાજથી જાણે જીવલોકને બહેરા બનાવતો હોય એવો તે **વરદામ** તીર્થ ભણી ચાલ્યો. અનુક્રમે ત્યાં પહોંચતાં પૂર્વવિધિપ્રમાણે તેણે વરદામદેવ નિમિત્તે અઠ્ઠમ તપ, બાણપ્રેષણ, ઉપહારગ્રહણ અને અઠ્ઠાઇ-મહોત્સવ કર્યો. એ પ્રમાણે **પ્રભાસ**તીર્થના અધિપતિને સાધ્યો. તેમાં એટલું વિશેષ કે તેણે નરેંદ્રને માળા, મુગટ, મોતીઓ, કંકણ, બાજુબંધપ્રમુખ પ્રીતિદાનમાં આપ્યાં. પછી ત્યાંથી હજાર યક્ષોથી અધિષ્ઠિત, આકાશે ચાલતા ચક્રરત્ન વડે બતાવાતા માર્ગને અનુસારે નરેંદ્ર, **સિંધુ** મહાનદીના દક્ષિણ તટપર **સિં**ધુદેવીના ભવન ભણી ગયો. ત્યાં પણ અઠ્ઠમતપ કરવાથી સુખાસને બેઠેલ સિંધુદેવીનું સિંહાસન ચલાયમાન થયું. ત્યારે અવધિજ્ઞાનથી ચક્રવર્ત્તીનું આગમન જાણી, વિવિધ મણિ, કનક, રત્ન, વિવિધ ચિત્રો, બે ભદ્રાસન, કંકણ-કડાં, બાહુબંધ, વસ્ત્રોપ્રમુખ લઇને નરેંદ્ર પાસે આવી અને વિનયથી અંજલિ જોડી તેણે બધું સમર્પણ કર્યું, એટલે રાજાએ પણ તેને સન્માન અને સત્કાર આપી સ્વસ્થાને વિસર્જન કરી. પછી ચક્રરત્ન **વૈતાઢ્ય** પર્વત તરફ જવા લાગ્યું અને રાજા પણ અનુક્રમે બળ-વાહન-સહિત જતાં તે પર્વતનાં મૂળ-પ્રદેશમાં આવ્યો. ત્યાં સેનાને સ્થાપન કરાવી. એવામાં વૈતાઢ્યગિરિના **કુમારદેવે** પણ પ્રથમ પ્રમાણે આસન ચલાયમાન થવાથી વિવિધ અલંકાર સમર્પીને તેની સેવા-આજ્ઞાનો સ્વીકાર

रायाऽवि सबलवाहणो तदणुसारेण य(गच्छइ) कमेण य पत्तो वेयड्डपव्वयस्स नियंबदेसं। तत्थ य खंधावारं निवेसावेइ। **वेयड्ढ**गिरिकुमारदेवोऽवि पुव्वनाएण चलियासणो विविहालंकारहत्थो सेवं पडिच्छइ। कइवयदिणाणंतरं च **तिमिस**गुहासमीवमुवागयस्स चक्किणो अट्ठमभत्ततवचलियासणो **कयमाल**यदेवो भालयलविलुलंतकरकमलो झडत्ति चक्खुगोयरमागओ। थीरयणजोग्गं रयणालंकारं अन्नाणि य विविहाणि भूसणाइं पणामेइ। आणानिद्देसं च बहुमन्निऊण गए तंमि राया **विजयसेणं** सेणावइं रयणभूयं सद्दाविऊण एवं वागरेइ-'भो विजयसेण! गच्छाहि तुमं **सिंधुमहानईए पच्चत्थिमिल्लदेसं** नग-नगरागराइपरिक्खित्तं सिग्घं साहिऊण एहि'त्ति। 'जं देवो आणवेइ'त्ति विणएण सासणं पडिच्छिऊण सेणाहिवो विहियतक्कालोचियमज्जणाइवावारो, महापरक्कमो, तेयंसी, मेच्छभासाविसारओ, विस्सुयजसो, पवरकुंजरखंधाधिरूढो, सन्नद्धबद्धकवओ,

---

चक्ररत्नं **वैताढ्य**पर्वताभिमुखं गन्तुमारब्धम्। राजाऽपि सबलवाहनः तदनुसारेण च (गच्छति) क्रमेण च प्राप्तः वैताढ्यपर्वतस्य नितम्बदेशम्। तत्र च स्कन्धावारं निवेशयति। वैताढ्यगिरिकुमारदेवः अपि पूर्वन्यायेन चलिताऽऽसनः विविधाऽलङ्कारहस्तः सेवां प्रतीच्छति। कतिपयदिनान्तरं च **तमिस्रा**गुहासमीपमुपागतस्य चक्रिणः अष्टमभक्ततपश्चलिताऽऽसनः **कृतमाल**कदेवः भालतलविलुलत्करकमलः झटिति चक्षुगोचरम् आगतः। स्त्रीरत्नयोग्यं रत्नाऽलङ्कारमन्यानि च विविधानि भूषणानि अर्पयति। आज्ञानिर्देशं च बहुमन्य गते तस्मिन् राजा **विजयसेनं** सेनापतिं रत्नभूतं शब्दाप्य एवं व्याकरोति-'भोः विजयसेन! गच्छ त्वं **सिन्धुमहानद्याः पाश्चात्यदेशं** नग-नगराऽऽकरादिपरिक्षिप्तं शीघ्रं साधयित्वा एहि' इति। 'यद् देवः आज्ञापयति' इति विनयेन शासनं प्रतीच्छ्य सेनाधिपः विहिततत्कालोचितमज्जनादिव्यापारः, महापराक्रमः, तेजस्वी, म्लेच्छभाषाविशारदः, विश्रुतयशाः प्रवरकुञ्जरस्कन्धाऽधिरूढः, सन्नद्धबद्धकवचः,

---

કર્યો. ત્યાંથી કેટલાક દિવસ પછી તે **તમિસ્રા**ગુફાની સમીપે ગયો, અને અટ્ઠમ-તપ કરતાં આસન ચલિત થવાથી, **કૃતમાલ** દેવ લલાટે અંજલિ જોડી તરત જ નરેંદ્ર પાસે આવ્યો. તેણે સ્ત્રીરત્નને યોગ્ય રત્નાલંકાર તેમજ બીજાં વિવિધ આભૂષણો અર્પણ કરીને પ્રણામ કર્યા અને તેની આજ્ઞાને બહુમાન્ય કરી તે સ્વસ્થાને ગયો. પછી રાજાએ રત્નભૂત **વિજયસેન** સેનાપતિને બોલાવીને કહ્યું-'હે વિજયસેન! તમે પર્વત, નગર-ખાણાદિ યુક્ત **સિંધુ મહાનદીના પશ્ચિમ ભાગે** આવેલ દેશ સાધીને સત્વર પાછા આવો.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ વિનયથી શાસન સ્વીકારી સેનાપતિ, તે સમયને ઉચિત મજ્જનાદિ કર્મ કરી, પરાક્રમી, તેજસ્વી, મ્લેચ્છ-ભાષામાં વિશારદ, યશથી વિખ્યાત, કવચ બાંધી સજ્જ થયેલ, પીઠપર જેણે કસીને બાણનું ભાથુ અને ધનુષ્ય બાંધેલ છે, અનેક ગણનાયક તથા દંડનાયક-કોટવાલથી પરવરેલ, ધવલ છત્રને જેણે ધારણ કરેલ છે, નિર્મળ ચામરો જેનાપર ઢળી રહ્યાં છે અને વાજિંત્રોના નાદથી દિશાઓને જેણે બહેરી કરેલ છે એવો તે શ્રેષ્ઠ હાથી પર આરૂઢ થઇને સિંધુ નદીના

उप्पीलियसरासणधणुपट्ठो, अणेगगणनायगदंड-नायगपरिवुडो, धरियधवलायवत्तो, चलंतविमलचामरो, पहयतूररवबहिरियदियंतरो सिंधुमहानईतीरमुवागच्छइ।

ताहे स चम्मरयणं सिंधुमहानइजलंमि वित्थरइ।
बारसजोयणमेत्तं नावारूवेण तरणट्ठा ।।१।।

तो तंमि समारूढो हरि-करि-पाइक्क-चक्कपरियरिओ।
वीसत्थो पवणवसुल्लसंतसुमहल्लकल्लोलं ।।२।।

गोपयमिव सिंधुनइं लंघित्ता मेच्छजाइए सव्वे।
आणानिद्देसे संठवेइ रयणाइं गिण्हेइ ।।३।। जुम्मम्।

सामी! तुम्हे सरणं गई य एमाइ जंपमाणे ते।
ठविउं सट्ठाणेसुं विणियत्तइ विजयसेणो तो ।।४।।

---

उत्पीडितशरासनधनुष्पृष्ठः, अनेकगणनायक-दण्डनायकपरिवृत्तः, धृतधवलाऽऽतपत्रः, चलद्विमलचामरः, प्रहततूररवबधिरितदिगन्तरः सिन्धुमहानदीतीरमुपागच्छति।

तदा सः चर्मरत्नं सिन्धुमहानदीजले विस्तारयति।
द्वादशयोजनमात्रं नौरूपेण तरणार्थम् ।।१।।

ततः तस्मिन् समारूढः हरि-करि-पदाति-चक्रपरिवृत्तः।
विश्वस्तः पवनवशोल्लसत्सुमहाकल्लोलाम् ।।२।।

गोष्पदं इव सिन्धुनदीं लङ्घित्वा म्लेच्छजातिकान् सर्वान्।
आज्ञानिर्देशे संस्थापयति रत्नानि गृह्णाति ।।३।। युग्मम्।

स्वामिन्! भवन्तः शरणं गतिः च एवमादीन् जल्पमानान् तान्।
स्थापयित्वा स्वस्थानेषु विनिवर्तते विजयसेनः ततः ।।४।।

---

કિનારે આવ્યો.

પછી તે મહાનદી ઉતરવાને નાવરૂપે બાર યોજન વિસ્તૃત ચર્મરત્ન પાથર્યું. (૧)

તેનાપર અશ્વ, હાથી, સુભટ અને ચક્રથી પરિવૃત સેનાપતિ નિશ્ચિંતપણે આરૂઢ થઇ, પવનથી જ્યાં મોટા કલ્લોલ ઉછળી રહ્યા છે એવી સિંધુનદી એક ખાબોચિયાની જેમ ઓળંગી, બધી મ્લેચ્છ જાતિઓને તેણે આજ્ઞા-આધીન બનાવી અને તેમની પાસેથી રત્નાદિકની ભેટો લીધી. (૨/૩)

'હે સ્વામીન્! તમે અમારા શરણરૂપ કે ગતિરૂપ છો' એમ બોલતાં તે મ્લેચ્છોને સ્વસ્થાને મોકલી, વિજયસેન ત્યાંથી પાછો વળ્યો. (૪)

पियमित्तचक्कवट्टिस्स पायपंकयजुयं पणमिऊण।
रयणाइं समप्पइ सो भिलक्खुविजयं च वज्जरइ ।।५।।

पुणरवि रण्णा भणिओ सेणाहिवई जहा तुमं भद्द!।
गच्छसु **तिमिस**गुहाए कबाडउग्घाडणत्थाए ।।६।।

ताहे तहत्ति सम्मं पडिसुणिऊणं समग्गबलकलिओ।
गंतुं गुहासमीवे अट्ठमभत्तं तवो कुणइ ।।७।।

अह तिक्खुत्तो पहणइ निविडेणं तिव्वदंडरयणेणं।
ते तिमिसगुहाकवाडे महप्पमाणे वइरघडिए ।।८।।

दंडाभिधायपरिपेल्लियाइं कुंचारवं करेंताइं।
कुकलत्तकहियगुज्झं व ताइं विहडंति वेगेण ।।९।।

---

प्रियमित्रचक्रवर्तिनः पादपङ्कजयुगं प्रणम्य।
रत्नानि समर्पयति सः म्लेच्छविजयं च वदति ।।५।।

पुनः अपि राज्ञा भणितः सेनाधिपतिः यथा त्वं भद्र!।
गच्छ तमिस्रागुहायां कपाटोद्घाटनार्थम् ।।६।।

तदा तथेति सम्यक् प्रतिश्रुत्य समग्रबलकलितः।
गत्वा गुहासमीपे अष्टमभक्तं तपः करोति ।।७।।

अथ त्रिधा प्रहन्ति निबिडेन तीव्रदण्डरत्नेन।
ते तमिस्रागुहाकपाटे महाप्रमाणे वज्रघटिते ।।८।।

दण्डाऽभिघातपरिप्रेरिते कुञ्चारवं कुर्वती।
कुकलत्रकथितगुह्यमिव ते विघटतः वेगेन ।।९।।

---

પ્રિયમિત્ર ચક્રીના ચરણ-પંકજને નમી તેણે રત્નાદિ સમર્પણ કર્યાં તથા મ્લેચ્છોનો વિજય કહી સંભળાવ્યો. (૫)
એટલે ફરી રાજાએ સેનાપતિને કહ્યું-'હે ભદ્ર! તમે **તમિસ્રા**ગુફાના કપાટ-કમાડ ઉઘાડવા માટે જાઓ.' (૬)
રાજાનું એ શાસન શિરપર ચડાવી, સમસ્ત બળયુક્ત તે ગુફા પાસે જઇને તેણે અઠ્ઠમતપ આદર્યો. (૭)
પછી વજ્રથી બનાવેલા તે ગુફાના મોટા કપાટને તેણે નિબિડ અને તીવ્ર દંડરત્નથી ત્રણવાર તાડન કર્યું. (૮)
દંડના અભિઘાતથી પ્રેરિત થયેલા, કુંચારવ કરતા તે કપાટ, કુકામિનીને કહેલ ગુહ્ય વાતની જેમ તરત ઉઘડી ગયા. (૯)

तयणंतरं च वलिउं साहइ सो चक्कवट्टिणो वत्तं।
सोऽवि य गयमारूढो समग्गसेणाए संजुत्तो ।।१०।।

चउरंगुलप्पमाणं रोगासिवनासणं मणिं घेत्तुं।
चक्काणुमग्गलग्गो तिमिसगुहं विसइ महराया ।।११।।

तत्तो तिमिसगुहंतंधयारविद्धंसणट्ठमइगरुए।
मंडलगे सो विलिहइ कागिणिरयणेण भित्तीसु ।।१२।।

ताहे मंडलगमऊहजालउज्जोयहणियतिमिराओ।
नीहरइ सुहेण समं सेणाए सो गुहाहिंतो ।।१३।।

इओ य वेयड्ढपरभागवत्तिणो वि(चि?)लाया महापरक्कमा, अपरिभूयसामत्था, कणग-

---

तदनन्तरं च वलित्वा कथयति सः चक्रवर्तिनं वृत्तम्।
सोऽपि च गजमाऽऽरूढः समग्रसेनाभिः संयुक्तः ।।१०।।

चतुरङ्गुलप्रमाणं रोगाऽशिवनाशकं मणिं गृहीत्वा।
चक्रानुमार्गलग्नः तमिस्रागुहां विशति महाराजा ।।११।।

ततः तमिस्त्रगुहान्ताऽन्धकारविध्वंसनार्थम् अतिगुरुकान्।
मण्डलकान् सः विलिखति काकिणीरत्नेन भित्तिषु ।।१२।।

तदा मण्डलकमयूखजालोद्योतहततिमिरायाः।
निहरति सुखेन समं सेनया सः गुहायाः ।।१३।।

इतश्च वैताढ्यपरभागवर्तिनः किराताः महापराक्रमाः, अपरिभूतसामर्थ्याः, कनक-रजत-धन-धान्यसमृद्धाः

---

પાછા વળીને તેણે તે વૃત્તાંત પ્રિયમિત્રને જણાવ્યો, જેથી સમસ્ત સેનાયુક્ત તે હાથીપર આરૂઢ થઇ, રોગ અને અશિવનો નાશ કરનાર તથા ચાર અંગુલપ્રમાણ મણિરત્ન લઈ, ચક્રાનુસારે તેણે તમિસ્રાગુફામાં પ્રવેશ કર્યો. (૧૦/૧૧)

ત્યાં તમિસ્રાગુફાના અંધકારને પરાસ્ત કરવા તેણે ભીંતો પર કાકિણીરત્નથી મોટા માંડલા કર્યાં. (૧૨)

ત્યારે માંડલાના કિરણ-સમૂહના ઉદ્યોતથી અંધકાર હણાઈ જતાં, તે સેના સહિત ગુફામાંથી સુખે બહાર નીકળ્યો. (૧૩)

હવે અહીં વૈતાઢ્યના પરભાગમાં રહેતા, મહાપરાક્રમી, કનક, રત્ન, ધન, ધાન્યથી સમૃદ્ધ અને અપરિભૂત

रयय-धण-धन्नसमिद्धा नियनियट्ठाणेसु निवसंता बहूणि गंधव्वनगर-रुहिरवरिस-भूमिकंपपमुहाइं उप्पाइयसयाइं पेच्छंति। ततो णं ते ताणि पेच्छिऊण उव्विग्गा निराणंदा ओहयमणसंकप्पा दीणयं पिव अप्पाणं मन्नंता जाव चिट्ठंति ताव सहसच्चिय उक्किट्ठिसीहनायकलयलरवेण समुद्दमहणसंकं समुप्पायमाणो निसियकरवाल-सेल्ल-भल्लि-कुंतपहरणकरेहिं सूरेहिं अणुगम्ममाणो पत्तो तेसिं देसं पियमित्तनरवई। तं च आगयं निसामिऊण ते मिलेच्छा पयंडकोवारुणच्छा परोप्परं मंतंति-'भो भो एस कोइ कयंतचोइओ अम्ह विसयं उवद्दविउकामो वट्टइ। ता तहा करेमो जहा एस अंतरा चेव विणस्सइ'त्ति। एवं संपहारित्ता पीडियदुब्भेयकवया, विचित्तपहरणहत्था, समुद्धुयमगर-नर-वसह-सद्दूल-गरुलाइचिंधा, पोरुसाभिमाणमुव्वहंता अहमहमिगाए गंतूण चक्किणो अग्गसेन्नेण संपलग्गा जुज्झिउं, तओ य अग्गसेण्णं हयपरक्कमं, निवडियसुहडं, पडिभग्गरहवरं, खंडियजच्चतुरंगवग्गं, पडिखलियनरवइजणं तेहिं कयं

---

निजनिजस्थानेषु निवसन्तः बहूनि गन्धर्वनगर-रुधिरवर्षा-भूमिकम्पप्रमुखानि उत्पा(दि)तशतानि प्रेक्षन्ते। ततः ते तानि प्रेक्ष्य उद्विग्नाः निराणन्दाः अपहतमनःसङ्कल्पाः दीनं इव आत्मानं मन्यमानाः यावत् तिष्ठन्ति तावत् सहसा एव उत्कृष्टसिंहनादकलकलरवेण समुद्रमन्थनशङ्कां समुत्पाद्यमानः निशितकरवाल-बाण-भल्ली-कुन्तप्रहरणकरैः शूरैः अनुगम्यमानः प्राप्तः तस्मिन् देशं प्रियमित्रनरपतिः। तं च आगतं निश्रुत्य ते म्लेच्छाः प्रचण्डकोपाऽरुणाऽक्षाः परस्परं मन्त्रयन्ति-'भोः भोः एषः कोऽपि कृतान्तनोदितः अस्माकं विषयं उपद्रवितुकामः वर्तते। तस्मात् तथा कुर्मः यथा एषः अन्तरा एव विनश्यति।' एवं सम्प्रधार्य (उद्)पीडितदुर्भेदकवचाः, विचित्रप्रहरणहस्ताः, समुद्धूतमकर-नर-वृषभ-शार्दूल-गरुडादिचिह्नाः, पौरुषाभिमानम् उद्वहन्तः अहमहमिकया गत्वा चक्रिणः अग्रसैन्येन सम्प्रलग्नाः योद्धुम्। ततश्च अग्रसैन्यं हतपराक्रमम्, निपतितसुभटम्, प्रतिभग्नरथवरम्, खण्डितजात्यतुरगवर्गम्, प्रतिस्खलितनरपतिजनं तैः कृतं प्रेक्ष्य विजयसेनः

---

સામર્થ્યવાળા એવા મ્લેચ્છો તે ગંધર્વનગર, રુધિરવર્ષણ, ભૂમિકંપપ્રમુખ સેંકડો ઉત્પાદો જોઇ રહ્યા છે; પછી તે ભીલો તે અપશુકનોને જોઈ, નિરાનંદ, ઉદ્વિગ્ન અને પોતાના મનના સંકલ્પો જાણે હણાયા હોય તેમ પોતાને દીન માનતા જેટલામાં રહે છે, તેટલામાં તો એકદમ ઉત્કૃષ્ટ સિંહનાદના કલરવથી સમુદ્ર-મંથનની શંકા ઉપજાવતો, અને તીક્ષ્ણ તરવાર, બરછી, ભાલા, શલ્ય વિગેરે શસ્ત્રોને ધારણ કરનાર એવા શૂરવીર સુભટો વડે અનુસરાતો **પ્રિયમિત્ર** નરપતિ તેમના પ્રદેશમાં આવી પહોંચ્યો. એટલે તેને આવેલ સાંભળતાં પ્રચંડ કોપથી લોચનને રક્ત કરતા મ્લેચ્છો પરસ્પર વિચારવા લાગ્યા કે-'અરે! કૃતાંતે મોકલેલ આ કોઇ આપણા દેશને ઉપદ્રવ કરવા આવ્યો છે, માટે આપણે એવો ઉપાય કરીએ કે અધવચમાં જ એ વિનાશ પામે.' એમ ધારી દુર્ભેદ કવચો ચડાવી, હાથમાં વિવિધ શસ્ત્રો લઇ, મગર, નર, વૃષભ, સિંહ, ગરુડપ્રમુખના ચિન્હો ઉંચા કરતા અને બળનો ગર્વ કરતા એવા તે એકદમ ઉતાવળથી જઈને ચક્રીના અગ્રસૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. એવામાં ભીલો વડે પરાક્રમહીન સુભટો જેમાં પડી ગયા છે, શ્રેષ્ઠ રથ જ્યાં તૂટી ગયા છે, જાત્ય અશ્વો જેમાં જખમી થયા છે, તથા રાજાઓ જ્યાં સ્ખલના પામ્યા

पेच्छिऊण विजयसेणो सेणाहिवई जायकोवो **कमलामेल**गनामं आसरयणं आरुहिऊण कुवलयदलसामलं सव्वत्थ अप्पडिहयं नरवइहत्थाओ खग्गरयणं च गहिऊण ते वि(?चि)लाए चाउद्दिसिंपि पसरिए पडिखलइ। किं बहुणा?-

तिमिरंव दिणयरेणं भुयगसमूहोव्व पक्खिराएणं।
सेणाहिवेण निहया भीया ते अइगया सगिहं ।।१।।

घेत्तूणं घरसारं पुत्तकलत्ताइयं च मरणभया।
अइदूरमवक्कंता सिग्घं विसमेसु ठाणेसु ।।२।।

ताहे सिंधुनईए कूले परिचत्तसव्ववावारा।
उत्ताणा निव्वसणा अट्ठमभत्तं पगिण्हंति ।।३।।

---

सेनाधिपतिः जातकोपः **कमलामेलक**नाम अश्वरत्नम् आरुह्य कुवलयदलश्यामम्, सर्वत्र अप्रतिहतम्, नरपतिहस्ततः खड्गरत्नं च गृहीत्वा तान् किरातान् चतुर्दिक्षु अपि प्रसृतान् प्रतिस्खलति। किं बहुना? -

तिमिरमिव दिनकरेण, भुजगसमूहः इव पक्षिराजेन।
सेनाधिपेन निहताः भीताः ते अतिगताः स्वगृहम् ।।१।।

गृहीत्वा गृहसारं पुत्र-कलत्रादिकं च मरणभयात्।
अतिदूरमपक्रान्ताः शीघ्रं विषमेषु स्थानेषु ।।२।।

तदा सिन्धुनद्याः कूले परित्यक्तसर्वव्यापाराः।
उत्तानाः निर्वसनाः अष्टमभक्तं प्रगृह्णन्ति ।।३।।

---

છે એવા પોતાના અગ્રસૈન્યને જોઇ, વિજયસેન સેનાપતિ ભારે કોપ પામી, **કમલામેલક** નામના અશ્વપર આરૂઢ થઇ, કુવયના પાંદડા સમાન, શ્યામ અને સર્વત્ર અસ્ખલિત એવું ખડ્ગ રત્ન રાજાના હાથમાંથી લઇને, તેણે ચોતરફ પ્રસરેલા મ્લેચ્છોને પરાજિત કરી દીધાં. વધારે તો શું પણ

અંધકારને સૂર્યની જેમ, ભુજંગોને ગરુડની જેમ, સેનાપતિએ હણેલા તે મ્લેચ્છો ભય પામી પોતાના ઘરે ગયા. (૧)

ત્યાં મરણના ભયથી પુત્ર, કલત્રાદિ સાર વસ્તુ લઇને સત્વર તેઓ અતિ દૂર વિષમ-વિકટ સ્થાનોમાં ચાલ્યા ગયા. (૨)

પછી સિંધુનદીના કિનારે બધા કાર્યો છોડીને, વસ્ત્રરહિત થઇ, ઉર્ધ્વમુખે અઠ્ઠમ-તપ કરે છે. (૩)

सत्तुबलहणणहेउं पुव्विंपि य पाडिहेरकरणपरे।
सुमरंति एगचित्ता कुलदेवे मेहमुहनामे ।।४।।

अट्ठमभत्तस्संते तत्तो चलियासणा सुरा एंति।
गयणंगणमोइन्ना भणंति किं सुमरिया अम्हे? ।।५।।

सिट्ठं च चिलाएहिं जह अम्हे रिउबलेण पडिहणिया।
ता तुम्हे मुसुमूरह रिउपक्खं अम्ह रक्खट्ठा ।।६।।

देवेहिं तओ भणियं एसो पियमित्तनाम वरचक्की।
काउमिमस्स विणासं अहो न सक्कोऽवि सक्केइ ।।७।।

ता भो अणभिभवणिज्जो एस। केवलं तुम्ह पक्खवायमणुसरंता किंपि उवसग्गेमोत्ति

---

शत्रुबलहननहेतुं पूर्वमपि च प्रातिहार्यकरणपरान्।
स्मरन्ति एकचित्ताः कुलदेवान् मेघमुखनाम्नाम् ।।४।।

अष्टमभक्तस्याऽन्ते ततः चलिताऽऽसनाः सुराः एन्ति।
गगनाङ्गणमवतीर्णाः भणन्ति किं स्मृताः वयम्? ।।५।।

शिष्टं च किरातैः यथा वयं रिपुबलेन प्रतिहताः।
तस्मात् यूयं भञ्जत रिपुपक्षमस्माकं रक्षणाय ।।६।।

देवैः ततः भणितं एषः प्रियमित्रनामकः वरचक्री।
कर्तुमस्य विनाशम् अहो! न शक्रः अपि शक्नोति ।।७।।

तस्माद् भोः अनभिभवनीयः एषः। केवलं युष्माकं पक्षपातमनुसरन्तः किमपि उपसृजामः इति निवेद्य

---

અને શત્રુબળને હણવા નિમિત્તે પૂર્વેપણ સાન્નિધ્ય કરનારા એવા **મેઘમુખ** નામના પોતાના કુળદેવોને તેમણે એકચિત્તે યાદ કર્યા. (૪)

એટલે અટ્ઠમતપને અંતે આસન ચલાયમાન થતાં તે દેવો આવ્યા અને ગગનાંગણે રહીને બોલ્યા-'અમને શા માટે યાદ કર્યા છે?' (૫)

મ્લેચ્છોએ કહ્યું-'શત્રુબળથી અમો પરાજિત થયા છીએ, માટે તમે અમારી રક્ષા કરવા શત્રુનો નાશ કરો.' (૬) ત્યારે દેવો કહેવા લાગ્યા કે-'એ પ્રિયમિત્ર નામે ચક્રવર્તી છે. અહો! એનો વિનાશ કરવા ઇંદ્ર પોતે પણ સમર્થ નથી, (૭)

તેથી એ પરાભવ પમાડવાને અશક્ય છે; છતાં કેવળ તમારો પક્ષપાત કરવા અમો કાંઇપણ ઉપસર્ગ કરીએ.'

निवेइऊण तेसिं अंतियाओ ते मेहमुहा अवक्कमंति। नरवइखंधावारस्स उवरिं मेहनिवहं विउव्वंति, तओ जुगमुसलमुट्ठिप्पमाणधाराहिं निरंतरं वारिनिवहं सत्तरत्तं जाव मुयंति। पियमित्तचक्कवट्टीऽवि तं तहाविहं पिच्छिऊण दिव्वचम्मरयणं परामुसइ। तंपि य खिप्पमेव दुवालस जोयणाइं तिरियं पवित्थरइ। तत्थ सो समत्थोऽवि खंधावारो समारुहइ। पुणोऽवि नरिंदो नवनवइसहस्सकंचणसलागपरिमंडियं महरिहं विविहभत्तिचित्तं डिंडीरपिट्ठ(?ण्ड)पंडुरं छत्तरयणं खंधावारस्स उवरिं वारस जोयणाइं समहियाइं वित्थारेइ, मणिरयणं च किरणजालं मुयंतं सरयरविसरिच्छं छत्तमज्झभागे ठवेइ। गाहावईवि चम्मरयणेगदेसंमि तद्दिवसपइन्न-निप्फण्णपूयाणं सव्वधण्णाणं अणेगकुंभसहस्साइं उवट्ठवेइ। एवं च सो राया सव्वप्पयारेहिं अणुव्विग्गो चम्मरयणमारूढो छत्तरयणच्छन्नोवरिमविभागो मणि-रयणकओज्जोओ गाहावइउवट्ठावियधन्ननिचओ नियभवणगओव्व सुहेण अच्छेइ। किं बहुणा?

---

तेषां अन्तिकात् ते मेघमुखाः अप्रक्रामन्ति। नरपतिस्कन्धावारस्य उपरिं मेघनिवहं विकुर्वन्ति। ततः युगमुशलमुष्टिप्रमाणधाराभिः निरन्तरं वारिनिवहं सप्तरात्रं यावद् मुञ्चन्ति। प्रियमित्रचक्रवर्ती अपि तं तथाविधं पेक्ष्य दिव्यचर्मरत्नं परामृशति। तदपि च क्षिप्रमेव द्वादश योजनानि तिर्यक् प्रविस्तरति। तत्र सः समस्तः अपि स्कन्धावारः समारोहति। पुनः अपि नरेन्द्रः नवनवतिसहस्रकञ्चनशलाकापरिमण्डितं महार्हं विविधभक्तिचित्रं डिण्डीरपिण्डपाण्डुरं छत्ररत्नं स्कन्धावारस्य उपरिं द्वादशयोजनानि समधिकानि विस्तारयति, मणिरत्नं च किरणजालं मुञ्चत् शरदरविसदृशं छत्रमध्यभागे स्थापयति। गाथापतिः अपि चर्मरत्नैकदेशे तद्दिवसप्रतीर्ण(=अन्त)निष्पन्नपूतानां सर्वधान्यानां अनेककुम्भसहस्राणि उपस्थापयति। एवं च सः राजा सर्वप्रकारैः अनुद्विग्नः चर्मरत्नमारूढः छत्ररत्नच्छन्नोपरिमविभागः मणि-रत्नकृतोद्यतः गाथापत्युपस्थापितधान्यनिचयः निजभवनगतः इव सुखेन आस्ते। किं बहुना?

---

એમ કહી દેવો તેમની પાસેથી નીકળીને રાજાના સૈન્ય ઉપર તેમણે મેઘસમૂહ વિકૂર્વ્યો અને યુગ, મુશળ કે મુષ્ટિ પ્રમાણ ધારાથી નિરંતર સાત દિવસપર્યંત વારિધારા વરસાવી એટલે તે જળ-ઉપદ્રવ જોઇ ચક્રવર્તીએ પણ દિવ્ય ચર્મરત્નપર હાથ ફેરવ્યો, જેથી તે તરત જ બાર યોજન વિસ્તૃત થયું. તેનાપર બધી સેના આરૂઢ થઇ. પછી રાજાએ નવ્વાણુ હજાર કંચન-શલાકાઓથી મંડિત, મહાકીંમતી, વિવિધ રચનાવડે વિચિત્ર તથા ફીણના સમૂહ સમાન ઉજ્વળ, એવા છત્રરત્નને સેનાપર કંઇક અધિક બાર યોજન વિસ્તાર્યું અને કિરણોને વિસ્તારનાર તથા શરદઋતુના સૂર્યસમાન મણિરત્નને છત્રના મધ્ય ભાગમાં મૂક્યું. જ્યારે ગાથાપતિ પણ તે દિવસથી, વિસ્તારથી નિષ્પન્ન કરી સાફ કરેલ સર્વ પ્રકારના ધાન્યોના હજારો કુંભો-પાત્રો ચર્મરત્નના એક ભાગમાં ઉપસ્થિત કરવા લાગ્યો. એ પ્રમાણે તે રાજા ચર્મરત્નપર આરૂઢ થઇ, ઉપરના ભાગમાં છત્રરત્નથી આચ્છાદિત બની, મણિરત્નના ઉદ્યોતમાં રહેતાં અને ગાથાપતિ સર્વ ધાન્ય નિષ્પન્ન કરતો, જેથી તે પોતાના ભવનમાં જાણે રહેતો હોય તેમ સર્વ પ્રકારે ઉદ્વેગરહિત થઇને સુખે રહેવા લાગ્યો. વધારે તો શું પણ -

नवि से छुहा न वाही नेव भयं नेव विज्जए दुक्खं।
विजयाहिवस्स रण्णो खंधावारस्सवि तहेव ।।१।।

अह पियमित्तनरिंदो संपत्ते सत्तरत्तपज्जंते।
चिंतेइ को णु एसो जो मं विद्दवइ सलिलेणं? ।।२।।

एत्थंतरंमि आबद्धपरियरा विविहपहरणसमेया।
सोलस जक्खसहस्सा मेहमुहाणं गया पासे ।।३।।

भणिया य तेहिं रे रे अप्पत्थियपत्थिया धुवं तुम्हे।
जं चक्कवट्टिणोऽविहु उवसग्गं एवमायरह ।।४।।

ता मुंचह चक्खुपहं अहवा जुद्धत्थमभिमुहा होह।
इइ भणिए मेहमुहा गया चिलायाण पासंमि ।।५।।

---

नाऽपि तस्य क्षुधा न व्याधिः नैव भयं नैव विद्यते दुःखं।
विजयाधिपस्य राज्ञः स्कन्धावारस्याऽपि तथैव ।।१।।

अथ प्रियमित्रनरेन्द्रः सम्प्राप्ते सप्तरात्रिपर्यन्ते।
चिन्तयति 'कः ननु एषः यः मां विद्रवति सलिलेन?' ।।२।।

अत्रान्तरे आबद्धपरिकराः विविधप्रहरणसमेताः।
षोडश यक्षसहस्राः मेघमुखानां गताः पार्श्वे ।।३।।

भणिताः च तैः रे रे! आप्रार्थितप्रार्थकाः ध्रुवं यूयम्।
यत् चक्रवर्तिनः अपि खलु उपसर्गमेवं आचरथ ।।४।।

तस्माद् मुञ्चत चक्षुपन्थानम् अथवा युद्धार्थं अभिमुखाः भवत।
इति भणिते मेघमुखाः गताः किरातनां पार्श्वे ।।५।।

---

ક્ષુધા કે રોગ તેમજ ભય કે દુઃખ તે વિજયાધિપતિ રાજાને તેમજ તેની સેનાને કંઇપણ ન હતાં. (૧)

હવે સાત દિવસ વીતતાં પ્રિયમિત્ર નરેંદ્ર ચિંતવવા લાગ્યો કે-'એવો કોણ છે કે જળથી મારો પરાભવ કરે છે?' (૨)

એવામાં શસ્ત્રો સહિત સજ્જ થઇને સોળ હજાર યક્ષો તે મેઘમુખ દેવો પાસે ગયા અને કહેવા લાગ્યા કે-'તમે ખરેખર અપ્રાર્થ્યની પ્રાર્થના કરતા લાગો છો, કે ચક્રવર્ત્તીને પણ આ પ્રમાણે ઉપસર્ગ કરવા તૈયાર થયા છો. (૩/૪)

માટે સત્વર દૂર ભાગી જાઓ. નહિં તો યુદ્ધ કરવાને તૈયાર થાઓ.' એમ યક્ષોના કહેવાથી તેઓ મ્લેચ્છો પાસે

साहंति सव्ववइयरमसमत्थत्तं च अत्तसत्तीए।
नरवइसेवाकज्जे पेसेंति य ते चिलाएऽवि ।।६।।

अह मुक्ककेसहत्था पहरणरहिया नियंसिओल्लपडा।
भयवसविसंठुलंगा गंतूण नमंति ते मेच्छा ।।७।।

कणगं विचित्तरयणे अन्नंपि विसिट्ठवत्थुमप्पिंति।
पडिवज्जिय तस्सेवं नियावराहं च खामेंति ।।८।।

एवं च पवज्जियसेवा मिलेच्छा सम्माणिऊण चक्किणा विसज्जिया सट्ठाणेसु। सेणावईवि **सिंधुमहानईए बीअखंड**साहणत्थं पेसिओ पुव्वविहीए। तं च साहिऊण पच्छाऽऽगए तंमि पियमित्तो राया चक्काणुमग्गेण पट्ठिओ वेयड्ढाभिमुहं, कमेण य पत्तो पव्वयनियंबदेसं।

कथयन्ति सर्वव्यतिकरमसमर्थत्वं च आत्मशक्त्याः।
नरपतिसेवाकार्ये प्रेषन्ति च तान् किरातान् अपि ।।६।।

अथ मुक्तकेशहस्ताः प्रहरणरहिताः निवसिताऽऽर्द्रपटाः।
भयवशविसंस्थुलाङ्गाः गत्वा नमन्ति ते म्लेच्छाः ।।७।।

कनकम्, विचित्ररत्नानि, अन्यदपि विशिष्टवस्तु अर्पयन्ति।
प्रतिपद्य तत्सेवां निजाऽपराधं च क्षामयन्ति ।।८।।

एवं च प्रपन्नसेवाः म्लेच्छाः सन्मान्य चक्रिणा विसर्जिताः स्वस्थानेषु। सेनापतिः अपि **सिन्धुमहानद्याः द्वितीयखण्ड**साधनार्थं प्रेषितः पूर्वविधिना। तच्च साधयित्वा पश्चाद् आगते तस्मिन् प्रियमित्रः राजा

ગયા અને પોતાના અસામર્થ્ય સાથે તેમણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, તથા તે મ્લેચ્છોને પણ નરેંદ્રની સેવા કરવા મોકલ્યા. (૫/૬)

પછી છૂટા મૂકેલા કેશોપર હાથ ફેરવતા, હથિયાર રહિત, આર્દ્ર વસ્ત્ર પહેરી, ભયથી વ્યાકુળ બનેલા એવા મ્લેચ્છો જઇને નરેંદ્રને નમી પડ્યા. (૭)

વળી સુવર્ણ, વિવિધ રત્નો, તેમજ બીજી પણ કીંમતી વસ્તુઓ તેમણે ભેટ ધરી અને તેની સેવા સ્વીકારીને પોતાનો અપરાધ ખમાવ્યો. (૮)

એ પ્રમાણે સેવાનો સ્વીકાર કરતાં મ્લેચ્છોનો સત્કાર કરીને તેને સ્વસ્થાને વિસર્જન કર્યા. પછી **સિંધુ નદીનો બીજો ખંડ** સાધવા માટે નરેંદ્રે પૂર્વ પ્રમાણે સેનાપતિને મોકલ્યો, એટલે તે સાધીને સેનાપતિ પાછો આવતાં પ્રિયમિત્ર રાજા ચક્રાનુસારે વૈતાઢ્યગિરિ ભણી ચાલ્યો અને અનુક્રમે પર્વતના મધ્યભાગમાં પહોચ્યો. ત્યાં ઉત્તર અને દક્ષિણ

तओ मणसीकरेइ उत्तरदाहिणसेढि**विज्जाहरे**। तेऽविय भयखुभियचित्ता नाणाविहकणग-रयणपमुहपहाणवत्थुसमप्पणपुव्वयं नरवइणो सिरसा सासणं पडिच्छंति। सेणावईऽवि पुव्वकमेण गंगामहानईपुव्वखंडं साहिऊण पासमल्लियइ ॥

पुव्वक्कमेण पुणरवि खंडगुहं लंघिऊण नरनाहो।
चउरंगबलसमेओ **गंगापच्चत्थिमे** कूले ॥१॥

खंधावारनिसेसं काऊणं पवररयणपडिपुण्णो।
अट्ठमभत्तपुरस्सरमह गिण्हइ नव महानिहिणो ॥२॥ जुम्मम्।

मणवंछियत्थकरणेक्कपच्चला वइरनिम्मियकवाडा।
बहुपुन्नपावणिज्जा इमेहिं नामेहिं ते नेया ॥३॥

---

चक्रानुमार्गेण प्रस्थितः वैताढ्याऽभिमुखम्, क्रमेण च प्राप्तः पर्वतनितम्बदेशम्। ततः मनसीकरोति उत्तर-दक्षिणश्रेणि**विद्याधरान्**। तेऽपि च भयक्षुब्धचित्ताः नानाविधकनक-रत्नप्रमुखप्रधानवस्तुसमर्पणपूर्वकं नरपतेः शिरसा शासनं प्रतीच्छन्ति। सेनापतिः अपि पूर्वक्रमेण गङ्गामहानदीपूर्वखण्डं साधयित्वा पार्श्वे उपसर्पति।

पूर्वक्रमेण पुनः अपि खण्डगुहां लङ्घित्वा नरनाथः।
चतुरङ्गबलसमेतः **गङ्गापश्चिमे** कूले ॥१॥

स्कन्धावारनिवेशं कृत्वा प्रवररत्नप्रतिपूर्णः।
अष्टमभक्तपुरस्सरम् अथ गृह्णाति नव महानिधयः ॥२॥ युग्मम्।

मनोवाञ्छिताऽर्थकरणैकप्रत्यलाः वज्रनिर्मितकपाटाः।
बहुपुण्यप्राप्याः एभिः नामभिः ते ज्ञेयाः ॥३॥

---

श्रेणिना **विद्याधरो**ने तेणे याद कर्या. एवामां भयथी मनमां क्षोभ पामतां, विविध कनक, रत्न प्रमुख प्रधान वस्तु समर्पवा पूर्वक तेमणे नरपतिनी आज्ञा शिरोमान्य करी. त्यां पूर्वक्रमथी गंगा नदीनो पूर्व खंड साधीने सेनापति पण आवी पहोंच्यो, एटले

प्रथमनी जेम फरी चतुरंग सेना सहित चक्रवर्त्ती, खंडनी गुफा ओळंगी, **गंगा**नदीना **पश्चिम** किनारे सैन्य स्थापन करी, अट्ठम-तपपूर्वक श्रेष्ठ रत्नपूर्ण एवा नवमहानिधिओ ग्रहण कर्या, के जे मनोवांछित पूरवामां समर्थ, वज्रनिर्मित द्वारवाळा, अने बहु पुण्यथी पामवा लायक, अने जे आवां नामोथी प्रसिद्ध छे- (१/२/३)

नेसप्प पंडुए पिंगले य तह सव्वरयण महपउमे।
काले य महाकाले माणवग महानिही संखे ।।४।।

एएसिं चिय चक्की निहीणमनिहीणपोरिसारंभो।
सक्कारपुव्वयं कारवेइ अट्ठाहियामहिमं ।।५।।

**गंगापुरत्थिमिल्लं** सेणावइणा दुइज्जमवि खंडं।
गाहावइ तत्थ ठिओ भुंजंतो विविहविसयसुहं ।।६।।

एवं च सो पियमित्तचक्कवट्टी पसाहियछक्खंडो, निज्जियपडिवक्खचक्को अप्पणो आणाए ठवेंतो, नराहिवे दंसेंतो नियपरक्कमं, सम्माणंतो सेवगजणं, विरयंतो दीणाणाहाण अणवरयदाणं, बत्तीसनरवइसहस्साणुगम्ममाणो पडिनियत्तो **मूया**नयरीए। पडिच्छिओ

---

नैसर्पः पाण्डुकः पिङ्गलश्च तथा सर्वरत्नः महापद्मः।
कालश्च महाकालः माणवकः महानिधयः शङ्खः ।।४।।

एतेषामेव चक्री निधीनाम् अनिहीनपौरुषाऽऽरम्भः।
सत्कारपूर्वकं कारयति अष्टाह्निकामहिमानम् ।।५।।

**गङ्गापौर्वत्स्यं** सेनापतिना द्वितीयमपि खण्डम्(साधितम्)।
गाथापतिः (=चक्री) तत्र स्थितः भुञ्जन् विविधविषयसुखम् ।।६।।

एवं च सः प्रियमित्रचक्रवर्ती प्रसाधितषट्खण्डः, निर्जितप्रतिपक्षचक्रमात्मनः आज्ञायां स्थापयन्, नराधिपान् दर्शयन् निजपराक्रमम्, सम्मानयन् सेवकजनम्, विरचयन् (=वितरन्) दीनाऽनाथानां अनवरतदानम्, द्वात्रिंशन्नरपतिसहस्राऽनुगम्यमानः प्रतिनिवृत्तः **मूका**नगर्याम्। प्रतीच्छितः द्वादशवार्षिकः महाराजाऽभिषेकः।

---

**નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક** અને **શંખ.** (૪)

એ પ્રમાણે પૂર્ણ પુરુષાર્થ યુક્ત એવા નરેશ્વરે એ નવે નિધાનોનો સત્કાર પૂર્વક અટ્ઠાઈ મહોત્સવ કરાવ્યો. (૫)

એવામાં સેનાપતિએ **ગંગા નદીના પૂર્વ**નો બીજો ખંડ પણ જીતી લીધો. ત્યાં ગાથાપતિ વિવિધ વિષય-સુખ ભોગવતો રહ્યો. (૬)

એ રીતે પ્રિયમિત્ર ચક્રવર્તી, છ ખંડને સાધી, બધા શત્રુઓને પરાજિત કરી પોતાની આજ્ઞામાં મૂકતો, રાજાઓને પોતાનો પરાક્રમ બતાવતો, સેવકોને સન્માનતો તથા દીન અને અનાથ જનોને સતત દાન આપતો તે બત્રીશ હજાર રાજાઓ સહિત **મૂકા** નગરીમાં આવ્યો. ત્યાં રાજાઓએ તેનો બાર વરસ મહારાજ્યાભિષેક કર્યો.

दुवालसवारिसिओ महारायाभिसेओ। एवं च कयकायव्वो बत्तीसाए बत्तीसबद्धनाडयसहस्साणं, सोलसण्हं जक्खसहस्साणं, तिण्हं तिसट्ठीणं सूयसयाणं, अट्ठारसण्हं सेणिप्पसेणीणं, चउरासीए तुरगसयसहस्साणं चउरासीए पवरकुंजरसयसहस्साणं, छण्णउइए मणुसकोडीए, बावत्तरीए पुरवरसहस्साणं, बत्तीसाए जणवयसहस्साणं, छन्नउइए गामकोडीणं, नवणउइए दोणमुहसहस्साणं, चउवीसाए कब्बडसहस्साणं, अडयालीसाए पट्टणसहस्साणं, चउवीसाए मडंबसहस्साणं, वीसाए आगरसहस्साणं, सोलसण्हं खेडसयाणं चउदसण्हं संवाहसहस्साणं अन्नेसिं च राईसर-सेट्ठि-सेणावइपमुहाणं जणाणं आणिस्सरियसारं सामित्तमणुपालिंतो दिव्वं विसयसुहमणुभुंजंतो य कालं वोलेइ।

एगया य पसंतचित्तो भवणोवरिभूमिगाए ओलोयणगओ जाव दिसावलयमवलोएइ

---

एवं च कृतकर्तव्यः द्वात्रिंशद्भिः द्वात्रिंशद्बद्धनाटकसहस्राणां, षोडशं यक्षसहस्राणाम्, त्रयः त्रिषष्टीनां सूदशतानाम्, अष्टादश श्रेणि-प्रश्रेणीनाम्, चतुरशीतिः तुरगशतसहस्राणाम्, चतुरशीतिः प्रवरकुञ्जरशतसहस्राणाम्, षड्नवतिः मानुषकोटीनाम्, द्वासप्ततिः पुरवरसहस्राणाम्, द्वात्रिंशत् जनपदसहस्राणाम्, षड्नवतिः ग्रामकोटीनाम्, नवनवतिः द्रोणमुखसहस्राणाम्, चतुर्विंशतिः कर्बटसहस्राणाम्, अष्टचत्वारिंशत् पट्टणसहस्राणाम्, चतुर्विंशतिः मडम्बसहस्राणाम्, विंशतिः आकरसहस्राणाम्, षोडशः खेटशतानाम्, चतुर्दशः सम्बाहसहस्राणाम्, अन्येषां च राजेश्वर-श्रेष्ठि-सेनापतिप्रमुखाणां जनानां आज्ञैश्वर्यसारं स्वामित्वमनुपालयन् दिव्यं विषयसुखमनुभुञ्जन् च कालं व्यतिक्रामति।

एकदा च प्रशान्तचित्तः भवनोपरिभूमिभागे आलोकनगतः यावद् दिग्वलयम् अवलोकते तावत् सहसा

---

એ પ્રમાણે કૃતકૃત્ય થતાં બત્રીશ પાત્રો સંયુક્ત એવા બત્રીશ હજાર નાટકો, સોળ હજાર યક્ષો, ત્રણસો ત્રેસઠ રસોયા, અઢાર શ્રેણિ અને પ્રશ્રેણિ, ચોરાશી લાખ અશ્વો, ચોરાશી હજાર કુંજરો, છન્નુ કોટી મનુષ્યો, બહોંતેર હજાર શ્રેષ્ઠ નગરો, બત્રીશ હજાર દેશો, છન્નુ કોટી ગામો નવ્વાણુ હજાર [1]દ્રોણમુખ, ચોવીસ હજાર [2]કર્બટ, અડતાલીશ હજાર [3]પત્તન, ચોવીશ હજાર [4]મડંબ, વીશ હજાર [5]આકર, સોળસો [6]ખેડ, ચૌદ હજાર પ્રવર યોધાઓ, તેમજ યુવરાજ, શ્રેષ્ઠી, સેનાપતિપ્રમુખ જનોને આજ્ઞા-ઐશ્વર્યરૂપ સ્વામિત્વ પળાવતો અને દિવ્ય વિષય-સુખ ભોગવતો તે કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એવામાં એકદા શાંત ચિત્તે ચોતરફ અવલોકન કરવા આવાસના ઉપલા ભાગપર જતાં નરેંદ્ર જેટલામાં દિશાઓ તરફ જુવે છે, તેટલામાં આકાશ પ્રત્યે તરત પ્રગટ થયેલ અને નાનકડુ એક વાદળું તેના જોવામાં આવ્યું,

---

૧. જળ-સ્થળના માર્ગવાળા ગામો. ૨. સાદા નગર, ૩. શહેર, ૪. જેની આસપાસ એક યોજન ગામ ન હોય તેવા ગામો, ૫. ખાણ અથવા ખાણવાળો પ્રદેશ, ૬. ધૂળના પ્રાકારવાળા નગરો.

ताव सहसच्चिय पेच्छइ गयणंगणे समुत्थियं थेववित्थारं मेहखंडं, तं च-कज्जल-भसल-गवल-कोइल-कालिंदीजलसामलं, फुरंतविज्जुदंडुड्डामरं, धंतकलहोयधवलगोपंतिमणहरं, समुल्लसंताखंडलगंडीवाडंबररमणिज्जं, मंदमंदमुक्कबिंदुसंदोहसुंदरं गंभीरगज्जिररवतंडवियसिहंडिगणं खणमेगं दिसामुहेसु पसरिऊण सहसच्चिय समुच्छलियपबलपवणप्पणोलिज्जमाणं सव्वहा पणट्ठमवलोइऊण चिंतेइ-'अहो केरिसी वत्थुपरिणई? जं तारिसं घणपडलमच्चंतनयणाभिरामं खणमेत्तमुन्नइं पाविऊण संपयं सव्वुच्छेयमावन्नं। एयाणुमाणेणं चिय सव्ववत्थूणं एसा गई, खणविगमधम्मे य एत्थ किं पडिबंधट्ठाणं?, का वा रई? को वा उत्तरोत्तरकायव्वविहाणुज्जमो? कहं वा खणमेत्तंपि बज्झवत्थूसु विस्सासो, अच्छंतु वा बज्झवत्थुणो, जं इमं सयलमणोरहमंदिरं सरीरं जस्स किर निमित्तं कीरइ करि-तुरय-रह-जोह-जुवइ-पुरागरपमुहरज्जंगोवज्जणसमुज्जमो तंपि उप्पायधम्मत्तणेण पच्चक्खदिट्ठविणट्ठ-

---

एव प्रेक्षते गगनाङ्गणे समुत्थितं स्तोकविस्तारं मेघखण्डम्। तं च कज्जल-भ्रमर-गवय-कोकिल-कालिन्द्रीजलश्यामलम्, स्फुरद्विद्युद्दण्डोद्भटम्, ध्मातकलधौतधवलगोपङ्क्तिमनोहरम्, समुल्लसदाऽऽखण्डल-गाण्डीवाऽऽडम्बररमणीयम्, मन्दमन्दमुक्तबिन्दुसन्दोहसुन्दरम्, गम्भीरगर्जिररवताण्डवितशिखण्डिगणं क्षणमेकं दिङ्मुखेषु प्रसृत्य सहसा एव समुच्छलितप्रबलपवनप्रणोद्यमानं सर्वथा प्रणष्टमवलोक्य चिन्तयति-'अहो! कीदृशी वस्तुपरिणतिः? यद् तादृशं घनपटलमत्यन्तनयनाऽभिरामं क्षणमात्रम् उन्नतिं प्राप्य साम्प्रतं सर्वोच्छेदमापन्नम्। एतदनुमानेन एव सर्ववस्तूनाम् एषा गतिः। क्षणविगमधर्मे च अत्र किं प्रतिबन्धस्थानम्? का वा रतिः? कः वा उत्तरोत्तरकर्तव्यविधानोद्यमः? कथं वा क्षणमात्रमपि बाह्यवस्तुषु विश्वासः। आस्तां वा बाह्यवस्तुभिः, यद् इदं सकलमनोरथमन्दिरं शरीरं यस्य किल निमित्तं क्रियते करि-तुरग-रथ-योध-युवती-पुराऽऽकरप्रमुखराज्याङ्गोपार्जनसमुद्यमः तदपि उत्पादधर्मत्वेन प्रत्यक्षदृष्टविनष्टमेघमालामिव ध्रुवं

---

કે જે કાજળ, ભમરા, જંગલી પાડા, કોયલ, અને યમુનાના જળ સમાન શ્યામ, સ્ફુરાયમાન વીજળીને લીધે ભયાનક, ધમેલ શ્યામ સુવર્ણની વચ્ચે વીજળી રૂપી શ્વેત કિરણોની શ્રેણિ સમાન મનોહર, ઉલ્લાસ પામતા ઇંદ્રધનુષ્યના આડંબર વડે રમણીય, મંદ મંદ વરસતાં બિંદુ સમૂહવડે સુંદર, ગંભીર ગર્જારવથી મયૂરોને નૃત્ય કરાવનાર એવું તે ક્ષણવાર દિશાઓમાં પ્રસરીને તરતજ પ્રબળ પવનથી પ્રેરાતાં સર્વથા નષ્ટ થએલ જોઇને નરેંદ્ર ચિંતવવા લાગ્યો કે-'અહો! વસ્તુની પરિણતિ કેવી છે? કે આંખોને અત્યંત ગમે એવું વાદળ ક્ષણવાર ઉન્નતિ પામી અત્યારે સર્વથા વિચ્છેદ પામ્યું. એના અનુમાનથી સર્વ પદાર્થોની એવી જ સ્થિતિ સમજવી. ક્ષણવિનશ્વર એવી વસ્તુમાં આસક્તિ શું કરવી? કે પ્રીતિ પણ કેવી? અથવા ભવિષ્યના કાર્યવિધાનનો ઊદ્યમ પણ કેવો? કે બાહ્યવસ્તુઓમાં ક્ષણમાત્રનો વિશ્વાસ પણ શો કરવો? અથવા તો બાહ્યવસ્તુઓ દૂર રહો, પરંતુ સમસ્ત મનોરથના મંદિરરૂપ એવું આ શરીર કે જેના નિમિત્તે હાથી, ઘોડા, રથ, યોધા, યુવતી, નગર, ખાણ વગેરે રાજ્યાંગ મેળવવાનો પ્રયત્ન થાય છે, તે પણ ઉત્પન્ન થવાથી, પ્રત્યક્ષ દૃષ્ટ-વિનષ્ટ મેઘની શ્રેણીની જેમ અવશ્ય વિનશ્વર જ

मेहमालं व धुवं विणस्सरसीलं। अओ कुसला कहमेयस्स निस्सारपोग्गलचओवचयरूवस्स, अट्ठि-मिंज-वसा-रुहिर-मंस-सुक्काइविलीणकारणसमुब्भवस्स, विविहरोगनिवहपरिग्गहियस्स, पइदिवसण्हाण-विलेवण-भोयणपमुहोवयारपरिपालणिज्जस्स, सीय-तावायंकाइदोसरक्खणिज्जस्स, परमदुगुच्छणिज्जगंधस्स असुइपडिपुण्णकलसस्सेव बाहिरमेत्तरमणीयस्स, दुज्जणचेट्ठियस्सेव अवियारसुंदरस्स, महानरिंदस्सेव विसिट्ठविसयाणुरागिस्स, दुद्धपाणपरव्वसमज्जारस्सेव अणवेक्खियपयंडजमदंडाभिघायस्स विविहप्पयारेहिं उवलालणत्थं गिण्हंति रज्जं, करेंति निरवेक्खचित्ता पाववावारं, सयावि रक्खणत्थं विविहपहरणहत्थं धरेंति सुहडसत्थं, अणवरयसंतावकरं कोह-लोहाइवेरिनियरं निच्चं पच्चासन्नट्ठियंपि अणवेक्खिऊण जोयणसहस्संतरियं संकंति सत्तुनिवहं, सकज्जमत्ताणुरागिणंपि निक्कवडपेम्मं मण्णंति परियणं, अवस्संभाविनिहणंपि धुवं लक्खंति धणं। ता अहो तेसिं पमत्तचित्तया,

---

विनश्वरशीलम्। अतः कुशलाः कथमेतस्य निःसारपुद्गलचयोपचयरूपस्य, अस्थि-मेद्य-वसा-रुधिर-मांस-शुक्रादि-विलीनकारणसमुद्भवस्य, विविधरोगनिवहपरिगृहीतस्य, प्रतिदिवसस्नान-विलेपन-भोजन-प्रमुखोपचारपरिपालनीयस्य, शीत-तापाऽऽतङ्कादिदोषरक्षणीयस्य, परमजुगुप्सनीयगंधस्य अशुचिप्रति-पूर्णकलशस्येव बाह्यमात्ररमणीयस्य, दुर्जनचेष्टितस्येव अविचारसुन्दरस्य, महानरेन्द्रस्येव विशिष्ट-विषयानुरागिणः, दुग्धपानपरवशमार्जारस्येव अनपेक्षितप्रचण्डयमदण्डाभिघातस्य विविधप्रकारैः उपलालनार्थं गृह्णन्ति राज्यम्, कुर्वन्ति निरपेक्षचित्ताः पापव्यापारम्, सदापि रक्षणार्थं विविधप्रहरणहस्तं धारयन्ति सुभटसार्थम्, अनवरतसन्तापकरं क्रोध-लोभादिवैरिनिकरं नित्यं प्रत्यासन्नस्थितमपि अनपेक्ष्य योजनसहस्रान्तरितं शङ्कन्ते शत्रुनिवहम्, स्वकार्यमात्राऽनुरागिणमपि निष्कपटप्रेमाणं मन्यन्ते परिजनम्, अवश्यम्भाविनिधनमपि ध्रुवं लक्षयन्ति धनम्। तस्माद् अहो तेषां प्रमत्तचित्तता, अहो निर्विवेकता, अहो महामोहमहिमा, अहो

---

છે, માટે કુશળજનો નિઃસાર પુદ્ગલોના ઉપચયરૂપ, અસ્થિ, મેદ, ચરબી, લોહી, વીર્ય, માંસ ઇત્યાદિના સ્થાનરૂપે ઉત્પન્ન થયેલ, વિવિધ રોગથી ઘેરાયેલ, પ્રતિદિવસ સ્નાન, વિલેપન, ભોજન પ્રમુખ ઉપચારોથી પરિપાલનીય, શીત, તાપ, પીડાના દોષથી રક્ષણ કરવા લાયક, અત્યંત બીભત્સ ગંધયુક્ત અશુચિથી ભરેલા કળશની જેમ, માત્ર બ્હારથી રમણીય દુર્જનની ચેષ્ટાની જેમ વિચાર ન કરો ત્યાં સુધી સુંદર, મહાનરેંદ્રની જેમ વિશિષ્ઠ વિષય (= દેશ અને ઇન્દ્રિય) રાગવાળા અને દૂધ પીનાર બિલાડાની જેમ પ્રચંડ યમદંડના ઘાતની દરકાર ન કરનાર એવા આ શરીરનું લાલન-પાલન કરવા વિવિધ પ્રકારે કેમ રાજ્ય ગ્રહણ કરે છે? મનમાં દરકાર રાખ્યા વિના કેમ પાપ સેવે છે? સદા એનું રક્ષણ કરવા વિવિધ શસ્ત્રવાળા સુભટોને કેમ સંઘરે છે? નિરંતર સંતાપકારી અને નિત્ય પોતાની પાસે ઉપસ્થિત છતાં ક્રોધ, લોભાદિ શત્રુઓને ન જોતાં, હજારો યોજનને આંતરે રહેલા એવા બાહ્યશત્રુઓથી કેમ શંકા પામે છે? પોતાના સ્વાર્થમાત્રથી અનુરાગ બતાવનાર એવા પરિજનોને નિષ્કપટ-પ્રેમી કેમ માનતા હશે? વળી અવશ્ય નાશ પામનાર છતાં ધનને તેઓ અવિનશ્વર કેમ સમજે છે? માટે અહો! તેમની પ્રમત્તતા, અહો!

अहो निव्विवेययया, अहो महामोहमहिमया, अहो इहलोयपडिबंधपरव्वसया, अहो आगामिदुक्ख-निरवेक्खया अहो दुहविबागावलोयणपडिकूलया।' इइ चिंतयंतस्स पढियमेगेण कालनिवेयएण वेयालिएण-

विच्छायं पच्छिमासागयमिममहुणा सूरबिंबं मिलंता,
रोवंति व्वाऽलिजालुब्भडरवमिसओ पुंडरीयाण संडा।
कंदंते चक्कवाया गुरुविरहमहादुक्खसंतत्तगत्ता,
धी संसारो (संसारो धी) असारो जमिह फुडमहो सासयं नत्थि किंपि ।।१।।

राइणाऽवि एवमायन्निऊण चिंतियं 'अहो अणिच्चयाए संबद्धं साहु पढियं एएण, जुत्तो संपयं मम धम्मुज्जमो काउं'ति निच्छिऊण पसुत्तो रयणीए। ततो खणे खणे भवनिग्गुणत्तं पेहमाणस्स, पाणिवहपमुहाइं दुक्कियाइं गरिहंतस्स, संसारुव्वेयं वहमाणस्स, सुहिसंबद्धं

---

इहलोकप्रतिबन्धपरवशता, अहो आगामिदुःखनिरपेक्षता, अहो दुःखविपाकाऽवलोकनप्रतिकूलता।' इति चिन्तयतः पठितमेकेन कालनिवेदकेन वैतालिकेन-

विच्छायं पश्चिमाऽऽशागतम् इदमधुना सूर्यबिम्बं म्लायति (सति),
रुदन्ति वाऽअलिजालोद्भटरवमिषतः पुण्डरीकाणां खण्डानि।
क्रन्दन्ते चक्रवाकाः गुरुविरहमहादुःखसन्तप्तगात्राः,
धिक् संसारः असारः यदिह स्फुटमहो शाश्वतं नास्ति किमपि ।।१।।

राज्ञाऽपि एवमाकर्ण्य चिन्तितम् 'अहो अनित्यतया सम्बद्धं साधु पठितमेतेन। युक्तः साम्प्रतं मम धर्मोद्यमः कर्तुमि'ति निश्चित्य प्रसुप्तः रजन्याम्। ततः क्षणे क्षणे भवनिर्गुणत्वं प्रेक्षमाणस्य, प्राणिवधप्रमुखा दुष्क्रियाः गर्हतः, संसारोद्वेगं वहमानस्य, सुहृद्सम्बद्धं बन्धनमिव गणयतः, भोगान् भुजङ्गाः इव

---

નિર્વિવેકતા, અહો! મહામોહનો મહિમા, અહો! આ લોક સંબંધી રાગની પરવશતા, અહો! આગામી દુઃખની બેદરકારી, અહો! દુઃખવિપાક જોવાની પ્રતિકૂળતા.' એમ રાજા ચિંતવતો હતો, તેવામાં એક કાલનિવેદક વૈતાલિકે જણાવ્યું કે-

'અહો! તેજરહિત થઇ આ સૂર્યબિંબ અત્યારે પશ્ચિમ દિશામાં જતાં કમળો સંકોચ પામવાથી ભ્રમરકુળના ભારે ગુંજારવના બહાને જાણે રુદન કરી રહ્યા છે, તથા મોટા વિરહના મહાદુઃખથી દુઃખી શરીરવાળા ચક્રવાકો આક્રંદ કરી રહ્યા છે, માટે અહો! આ અસાર સંસારને ધિક્કાર છે કે જ્યાં સાક્ષાત્ કંઈ શાશ્વત વસ્તુ જ નથી.' (૧) એમ સાંભળતા રાજાએ પણ વિચાર કર્યો કે-'અહો! અનિત્યતાને લગતું આ ઠીક બોલ્યો, માટે હવે મારે ધર્મ-ઉદ્યમ કરવો જ યોગ્ય છે.' એમ ધારીને તે રાત્રે સૂઇ ગયો, છતાં ક્ષણે ક્ષણે સંસારની નિર્ગુણતા જોતાં, જીવહિંસા પ્રમુખ દુષ્કૃતોની ગર્હા કરતાં, સંસારની ઉદ્વેગતા ધરતાં, સ્વજન-સંબંધને બંધન સમાન ગણતાં, ભોગોને સાપતુલ્ય

बंधणं व गणेंतस्स, भोगे भुयंगेव्व परिकप्पिंतस्स, मायंदजालं व जीवलोयविलसियमवलोयंतस्स विसालसेज्जाएवि तल्लुवेल्लिं करेंतस्स कहकहवि वोलीणा रयणी। समुग्गओ दिवायरो। एत्थंतरे पढियं मागहेण-

पडिहयपडिवक्खं चक्कदिन्नेक्कसोक्खं, मिउकररमणिज्जं सज्जणासंसणिज्जं।
तुममिव रविबिंबं पुव्वसेलावलंबं, उदयमिममियाणिं जाइ दोसेक्कहाणिं ।।१।।

इमं च उदयसद्दसुंदरं सिलोगमायन्निऊण संभावियापुव्वलाभो नरवई समुट्ठिऊण सयणिज्जाओ कयपाभाइयकायव्वो निसन्नो सीहासणे। एत्थंतरे समागया उज्जाणवालया, कयप्पणामा विन्नविउमाढत्ता य-'देव! वद्धाविज्जह तुब्भे जेण समागया भगवंतो बहुसीसगण-समेया **पोट्टिला**भिहाणसूरिणो, समोसरिया य तुम्ह उज्जाणे'त्ति। एवमायन्निऊण निब्भरं पमोयभरमुव्वहंतो दाविऊण तेसिं चिंताइरित्तं पारिओसियं पवरवारणखंधाधिरूढो

---

परिकल्पयतः(=परिचिन्तयतः), मायेन्द्रजालमिव जीवलोकविलसितमवलोकमानस्य, विशालशय्यायां त्वरां कुर्वतः कथंकथमपि अतिगता रजनी। समुद्गतः दिवाकरः। अत्रान्तरे पठितं मागधेन -

प्रतिहतप्रतिपक्षं चक्रदत्तैकसौख्यम्, मृदुकररमणीयं, सज्जनाऽऽशंसनीयम्।
त्वदिव रविबिम्बं पूर्वशैलाऽवलम्बम्, उदयमिदमिदानीं याति दोषैकहानिम् ।।१।।

इदं च उदयशब्दसुन्दरं श्लोकमाकर्ण्य सम्भाविताऽपूर्वलाभः नरपतिः समुत्थाय शय्यातः कृतप्राभातिककर्तव्यः निषण्णः सिंहासने। अत्रान्तरे समागताः उद्यानपालकाः, कृतप्रणामाः विज्ञप्तुमारब्धवन्तः च-'देव! वर्धाप्यध्वे यूयं येन समागताः भगवन्तः बहुशिष्यगणसमेताः **पोट्टिला**ऽभिधानसूरयः, समवसृताः च तव उद्याने।' एवमाकर्ण्य निर्भरं निर्भरं प्रमोदभरम् उद्वहन् दापयित्वा तेषां चिन्तातिरिक्तं पारितोषिकं

---

સમજતાં, સંસારના વિલાસને માયાજાળ સમાન અવલોકતાં, વિશાળશય્યામાં પણ તાલાવેલી કરતાં, મહાકષ્ટે રાજાએ રાત્રિ વ્યતીત કરી. એવામાં સૂર્ય ઉદય પામ્યો ત્યારે એક માગધ બોલ્યો કે-'શત્રુનો પરાજય કરનાર, ચક્ર-ચક્રવાકને સુખ પમાડનાર, મૃદુ કિરણથી રમણીય સજ્જનોને આશંસનીય તથા રાત્રિને હણનાર એવું આ સૂર્યબિંબ અત્યારે તમારી જેમ ઉદયાચલપર ઉદય પામે છે.

એ ઉદય શબ્દથી સુંદર શ્લોક સાંભળતાં અપૂર્વ લાભની સંભાવના થવાથી નરપતિ શય્યા થકી ઉઠી, પ્રભાત કર્ત્તવ્ય આચરીને તે સિંહાસનપર બેઠો. એવામાં ઉદ્યાનપાલકોએ આવી, પ્રણામ કરીને નિવેદન કરતાં જણાવ્યું કે-'હે દેવ! આપને વધામણી આપીએ છીએ કે ભગવંત **પોટ્ટિલાચાર્ય** બહુ શિષ્યોના પરિવાર સાથે આપના ઉદ્યાનમાં પધાર્યા છે.' એ પ્રમાણે સાંભળી અત્યંત પ્રમોદને ધારણ કરતાં તેણે ઉદ્યાનપાલકોને ધારણા કરતાં અધિક પારિતોષિક દેવરાવ્યું. પછી પ્રવર ગજેંદ્રપર આરૂઢ થઇ, સર્વ પરિવાર સહિત ચક્રી મહાવિભૂતિપૂર્વક ઉદ્યાનમાં

सव्वपरियणसहिओ महाविभूईए गओ चक्की उज्जाणे। वंदिया सव्वायरेणं सूरिणो, उवविट्ठो य जहासन्निहियधरणीए। जोडियकरसंपुडेण साहिओ गुरुणो मेहविगमदंसणुब्भूओ सद्धम्मसमुज्जमसंमुहो नियचित्तपरिणामोत्ति। गुरुणा भणियं 'भो महाराय! कुसलाणुसारिणी तुज्झ बुद्धी, संपन्नो कम्मविवरो, करकमलं निलीणा मोक्खलच्छी, जस्स तुह एवंविहा वासणा। ता महाराय! तिविहा पुरिसा भवंति, तंजहा-उत्तिमा मज्झिमा जहन्ना य। तत्थ-

उत्तमपुरिसा भवभंगुरत्तणं जाणिऊण णियमईए।
परिचत्तगिहकलत्ता परलोयहियं पवज्जंति ।।१।।

गरुयं रोगायंकं तहाविहंपि अ विओगदुक्खं च।
दट्ठूण मज्झिमा पुण कहमवि लग्गंति जिणधम्मे ।।२।।

---

प्रवरवारणस्कन्धाधिरूढः सर्वपरिजनसहितः महाविभूत्या गतः चक्री उद्याने। वन्दिताः सर्वाऽऽदरेण सूरयः उपविष्टश्च यथासन्निहितपृथिव्याम्। योजितकरसम्पुटेन कथितः गुरुं मेघविगमदर्शनोद्भूतः सद्धर्मसमुद्यमसम्मुखः निजचित्तपरिणामः। गुरुणा भणितं 'भोः महाराज! कुशलानुसारिणी तव बुद्धिः, सम्पन्नः कर्मविवरः, करकमलं निलीना मोक्षलक्ष्मीः, यस्य (येन) तव एवंविधा वासना। तथा महाराज! त्रिविधाः पुरुषाः भवन्ति तद्यथा - उत्तमाः, मध्यमाः जघन्याः च। तत्र -

उत्तमपुरुषाः भवभङ्गुरतां विज्ञाय निजमत्या।
परित्यक्तगृह-कलत्राः परलोकहितं प्रपद्यन्ते ।।१।।

गुरुकं रोगाऽऽतङ्कं तथाविधमपि च वियोगदुःखं च।
दृष्ट्वा मध्यमाः पुनः कथमपि लगन्ति जिनधर्मे ।।२।।

---

ગયો. ત્યાં ભારે આદરથી આચાર્ય મહારાજને તેણે વંદન કર્યું અને નજીકના ભૂમિભાગપર બેસીને અંજલિ જોડી, મેઘવિલયને જોતાં પ્રગટ થયેલ તથા સદ્ધર્મ સાધવાની ભાવનારૂપ પોતાના મનના પરિણામ ગુરુ આગળ કહી સંભળાવ્યા, એટલે ગુરુ બોલ્યા કે-'હે મહારાજ! તારી બુદ્ધિ કુશળજનોને અનુસરતી છે. તને કર્મવિવર સંપન્ન થતાં મોક્ષલક્ષ્મી હવે તારા કરકમળમાં છે કે જે તને આવા પ્રકારની ભાવના જાગૃત થઈ છે, માટે હે નરેંદ્ર! પુરુષો ત્રણ પ્રકારના હોય છે. ઊત્તમ, મધ્યમ અને જઘન્ય. તેમાં

ઉત્તમપુરુષો પોતાની મતિથી સંસારની ક્ષણભંગુરતા જાણી ઘર, પત્ની વગેરેને તજી પરલોકમાં હિતકારી એવી પ્રવ્રજ્યાને આદરે છે, (૧)

તેમજ મધ્યમ પુરુષો મોટા રોગની પીડા કે ભારે વિયોગ દુઃખ જોઇ, મહાકષ્ટે તેઓ જિનધર્મમાં સંલગ્ન થાય છે. (૨)

जे उ जहन्ना ते सव्वहावि विविहावईनिमग्गावि।
दुक्खसयपीडियाविहु न मुत्तिमग्गंमि लग्गंति ।।३।।

करुणोयहिणा गुरुणा भणिज्जमाणावि विविहवयणेहिं।
अच्छउ काउं धम्मं सद्दहिउंपि यि(य?) न सक्कंति ।।४।।

इय मज्झिमा जहन्ना य हुंति धम्माहिगारिणो न तहा।
जह मुणियभवसरूवा सभावओ उत्तिमा पुरिसा ।।५।।

ता भो महायस! तुमं जोग्गो सव्वण्णुभणियधम्मस्स।
संपइ करेसु सहलं एयायरणेण नियजीयं ।।६।।

---

ये तु जघन्याः ते सर्वथाऽपि विविधाऽऽपन्निमग्नाः अपि।
दुःखशतपीडिताः अपि खलु न मुक्तिमार्गे लगन्ति ।।३।।

करुणोदधिना गुरुणा भण्यमाणाऽपि विविधवचनैः।
आस्तां कर्तुं धर्मं श्रद्धातुं अपि च न शक्नुवन्ति ।।४।।

इति मध्यमाः जघन्याः च भवन्ति धर्माधिकारिणः न तथा।
यथा ज्ञातभवस्वरूपाः स्वभावतः उत्तमाः पुरुषाः ।।५।।

तस्माद् भोः महायशः! त्वं योग्यः सर्वज्ञभणितधर्मस्य।
सम्प्रति कुरु सफलमेतदाऽऽदरेण निजजीवितम् ।।६।।

---

વળી જે જઘન્ય પુરુષો છે, તેઓ તો વિવિધ આપદામાં નિમગ્ન થયા છતાં તથા સેંકડો દુઃખોથી પીડાયા છતાં, કોઇ રીતે મુક્તિમાર્ગમાં પ્રવર્તતા નથી. (૩)

તેમજ કરૂણાનિધાન ગુરુએ વિવિધ વચનોથી બોધ આપતાં પણ ધર્મ આદરવાનું તો દૂર રહો, પરંતુ ધર્મની શ્રદ્ધા પણ તેઓ રાખી શકતા નથી. (૪)

અહીં ભવસ્વરૂપ જાણતા ઉત્તમ પુરુષો જેમ સ્વભાવથી જ ધર્મના અધિકારી હોય છે, તેમ મધ્યમ અને જઘન્ય પુરુષો ધર્મના અધિકારી થઇ શકતા નથી. (૫)

તો હે મહાયશ! સર્વજ્ઞકથિત ધર્મને તું યોગ્ય છે, માટે અત્યારે તે આદરીને પોતાના જીવિતને સફળ કર; (૬)

नहि विन्नायसरूवे चिंतामणिपमुहदिव्वरयणंमि।
अग्गहणिच्छा जायइ कयावि सुद्धि(द्ध?)बुद्धीण ।।७।।

अन्नं च-जललवतरलं जीयं, सुरिंदकोदंडविब्भमं पेमं।
गयकण्णतालचवलं पुण्णंपि सरीरलायण्णं ।।८।।

मारुयपणुण्णपण्णं व भंगुरं सुंदरंपि तारुण्णं।
आवयलक्खनिमित्तं वित्तंपि कहंपि पविढत्तं ।।९।।

एएसिं एक्केक्कंपि नूण वेरग्गकारणं गरुयं।
सुहबुद्धीणं जायइ किं पुण सव्वेसि समवाओ? ।।१०।।

अच्छरियमिमं जे एरिसेहिं संवेगभावहेऊहिं।
निच्चं विज्जंतेहिवि न मोक्खमग्गे पयट्टंति ।।११।।

---

न हि विज्ञातस्वरूपे चिन्तामणिप्रमुखदिव्यरत्ने।
अग्रहणेच्छा जायते कदाऽपि शुद्धबुद्धीनाम् ।।७।।

अन्यच्च-जललवतरलं जीवं, सुरेन्द्रकोदण्डविभ्रमं प्रेम।
गजकर्णतालचपलं पूर्णमपि शरीरलावण्यम् ।।८।।

मारुतप्रणोदितपर्णमिव भङ्गुरं सुन्दरमपि तारुण्यम्।
आपल्लक्षनिमित्तं वित्तमपि कथमपि प्रार्जितम् ।।९।।

एतेषु एकैकमपि नूनं वैराग्यकारणं गुरुकम्।
शुभबुद्धीनां जायते किं पुनः सर्वेषां समवायः? ।।१०।।

आश्चर्यमिदं ये ईदृशैः संवेगभावहेतुभिः।
नित्यं विद्यमानैः अपि न मोक्षमार्गे प्रवर्तन्ते ।।११।।

---

ચિંતામણિ પ્રમુખ રત્નોનું સ્વરૂપ જાણવામાં આવતાં સુબુદ્ધિ પુરુષો તેનો આદર કરવામાં કદાપિ વિમુખ થતા નથી. (૭)

અને વળી જળબિંદુ સમાન ચંચળ જીવિત, ઇંદ્રધનુષ્ય સમાન પ્રેમ, પૂર્ણ છતાં ગજકર્ણ તથા તાળી તુલ્ય ચપળ શરીરલાવણ્ય, પવનથી પ્રેરાયેલ પર્ણસમાન તારૂણ્ય, સુંદર છતાં ક્ષણભંગુર તેમજ મહાકષ્ટથી વૃદ્ધિ પમાડેલ ધન પણ સેંકડો આપદાઓના નિમિત્તરૂપ જ છે. (૮/૯)

એમાંનું એક એક પણ સુબુદ્ધિ પુરુષને અવશ્ય મોટા વૈરાગ્યનું કારણ થાય છે, તો બધી બાબતો માટે તો કહેવું જ શું? (૧૦)

સંવેગ-ભાવના કારણભૂત આવા પદાર્થો નિત્ય સાક્ષાત્ વિદ્યમાન છતાં જેઓ મોક્ષમાર્ગમાં પ્રવર્તવાનો પ્રયત્ન કરતા નથી એ જ મોટામાં મોટું આશ્ચર્ય છે. વધારે શું કહેવું? (૧૧)

किं बहुणा कुणसु तुमं संपइ सद्धम्मकम्मपडिवत्तिं।
बहुविग्घो सेयत्थो कालविलंबो न ता जुत्तो ।।१२।।

एवं सोच्चा चक्कवट्टिणा भावसारं चलणेसु निवडिऊण भणिओ गुरू-'अवितहमेयं। इयाणिं समीहामि अगाराओ अणगारियं पडिवज्जिउं।' गुरुणा भणियं-'भद्द! मा पडिबंधं करेसु, जुत्तमेयं तुम्हारिसाणं मुणियपरमत्थाणं'ति वुत्ते वंदिऊण गुरुं गओ नयरीए चक्कवट्टी। समाहूया नायरय-मंति-सामंत-सेणावइपमुहपहाणपुरिसा, भणिया य-'भो भो इयाणिं जाया अम्ह गिहपरिच्चायबुद्धी। काउं वंछामो निग्गंथपावयणपडिवत्तिं। ता खमियव्वं तुब्भेहिं जं मए पुरा निओइया आणानिद्देसे, काराविया सेवाविहिं, पीडिया समहिगकरगहणेण'त्ति। तेहिं भणियं-देव!

---

किं बहुना, कुरु त्वं सम्प्रति सद्धर्मकर्मप्रतिपत्तिम्।
बहुविघ्नः श्रेयोर्थः कालविलम्बः न तस्माद् युक्तः ।।१२।।

एवं श्रुत्वा चक्रवर्तिना भावसारं चरणयोः निपत्य भणितः गुरुः 'अवितथमेतत्। इदानीं समीहे अगाराद् अणगारितां प्रतिपत्तुम्' । गुरुणा भणितं 'भद्र! मा प्रतिबन्धं कुरु, युक्तमेतद् युष्मादृशानां ज्ञातपरमार्थानाम्' इति उक्ते वन्दित्वा गुरुं गतः नगर्यां चक्रवर्ती। समाऽऽहूताः नागरक-मन्त्री-सामन्त-सेनापतिप्रमुखप्रधानपुरुषाः भणिताश्च 'भोः भोः इदानीं जाता अस्माकं गृहपरित्यागबुद्धिः। कर्तुं वाञ्छामि निर्ग्रन्थप्रवचनप्रतिपत्तिम्। तस्मात् क्षन्तव्यं युष्माभिः यन्मया पुरा नियोजिताः आज्ञानिर्देशे, कारापिता सेवाविधिः, पीडिताः समधिककरग्रहणेन' इति। तैः भणितं - देव!

---

તમે હવે સદ્ધર્મનો સ્વીકાર કરો, કારણ કે શુભ કામમાં અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે; માટે કાળનો વિલંબ કરવો તે યોગ્ય નથી.' (૧૨)

એ પ્રમાણે સાંભળતાં ચક્રવર્ત્તી ભાવપૂર્વક ગુરુના ચરણમાં પડીને કહેવા લાગ્યો-'હે ભગવન્! આપનું એ કથન યથાર્થ છે. હવે હું ગૃહાદિક તજીને સંયમ લેવા ઇચ્છું છું.' ગુરુ બોલ્યા-'હે ભદ્ર! તમે હવે પ્રતિબંધ ન કરો. પરમાર્થને જાણનારા તમારા જેવા પુરુષોને એજ માર્ગ ઉચિત છે.' ગુરુએ એમ કહેતાં પ્રિયમિત્ર નરેંદ્ર ગુરુને વંદન કરીને પોતાની રાજધાનીમાં ગયો, ત્યાં નગરજનો, મંત્રીઓ, સેનાપતિ પ્રમુખ પ્રધાન પુરુષોને બોલાવીને તેણે કહ્યું-'હે પ્રધાન પુરુષો! હવે ગૃહત્યાગ કરવાની મારી ભાવના છે, જેથી નિર્ગ્રંથ-પ્રવચનનો સ્વીકાર કરવા ઇચ્છા છે, તો પૂર્વે મેં જે તમને મારી આજ્ઞામાં નિયુક્ત કર્યા તે બદલ તમારું દિલ દુભાયું હોય, વળી તમારી પાસે સેવાવિધિ કરાવી, તેમજ અધિક કર ગ્રહણ કરવાથી મેં તમને સતાવ્યા હોય એ બધું ક્ષમા કરજો.' એટલે તેમણે કહ્યું-

वज्जोवलेहिं घडियं हिययं अम्हारिसाण निब्भंतं।
जं एरिसाइं वयणाइं तुम्ह सोउं न विहडेइ ।।१।।

जणणीजणगा जेणं पढमं उवगारिणो परं जाया।
परमुत्तरुत्तरगुणेसु नूणं अम्हे तए ठविया ।।२।।

ता कह इयाणिं तुह चरणकमलसेवाविवज्जिया गेहे।
निग्घिणचित्ता अम्हे निवसंता नेव लज्जामो ।।३।।

जह तुम्हे तह को वा अवराहपयं तितिक्खिही अम्ह।
जह इहलोए तह परभवेऽवि ता नाह! तं सरणं ।।४।।

एवं भणिए राइणा वुत्तं-जइ एवं ता निययगेहेसु गंतूण सट्ठाणे पुत्ते ठविऊण य, कयसयलकायव्वा, पवरसिबिगाधिरूढा ममंतियं पाउब्भवह। तहत्ति पडिवज्जिऊण गया

---

वज्रोपलेपैः घटितं हृदयं अस्मादृशाणां निर्भ्रान्तम्।
यद् एतादृशानि वचनानि तव श्रुत्वा न विघटति ।।१।।

जननी-जनकौ येन प्रथममुपकारिणौ परं जातौ।
परं उत्तरोत्तरगुणेषु नूनं वयं त्वया स्थापिताः ।।२।।

तस्मात् कथमिदानीं तव चरणकमलसेवाविवर्जिताः गृहे।
निर्घृणचित्ताः वयं निवसन्तः नैव लजामहे? ।।३।।

यथा यूयं तथा कः वा अपराधपदं तितीक्षति अस्माकम्।
यथा इहलोके तथा परभवेऽपि तस्माद् नाथ! त्वं शरणम् ।।४।।

एवं भणिते राज्ञा उक्तं 'यदि एवं ततः निजगृहेषु गत्वा स्वस्थाने पुत्रं स्थाप्य च, कृतसकलकर्तव्याः, प्रवरशिबिकाऽधिरूढाः ममाऽन्तिकं प्रादुर्भवत।' तथेति प्रतिपद्य गताः ते स्वगृहेषु। कृतं तत्कालोचितं

---

'હે દેવ! અમારા જેવાનું હૃદય ખરેખર! વજ્રમય પાષાણથી બનાવેલ લાગે છે કે જે તમારાં આવાં વચનો સાંભળતાં પણ ભેદાતું નથી. (૧)

વળી માબાપ તો પ્રથમ પરમ ઉપકારી થયા, પરંતુ ઉત્તરોત્તર ગુણોમાં તો તમે જ અમને સ્થાપન કર્યા. (૨)

તેથી તમારા ચરણકમળની સેવા રહિત અમો નિર્દય ચિત્તે હવે ઘરે રહેતાં લજ્જા કેમ ન પામીએ? (૩)

જેમ તમે અમારા અપરાધ સહન કર્યા, તેમ અન્ય કોણ સહન કરે? માટે આ લોકની જેમ પરભવમાં પણ હે નાથ! તમે જ અમારા શરણ છો.' (૪)

એમ તેમના કહેતાં રાજાએ જણાવ્યું કે-'જો એમ હોય તો તમે પોતપોતાના સ્થાને જઇ, પુત્રોને ગૃહકાર્યાદિમાં નિયુક્ત કરી, બધાં કર્ત્તવ્ય આચરી, શિબિકામાં બેસીને મારી પાસે આવો.' રાજાનું એ વચન સ્વીકારીને તેઓ

ते सगिहेसु। कयं तक्कालोचियं किच्चं। राइणावि अभिसित्तो नियरज्जे पुत्तो। समप्पिया करि-तुरगाइणो। कयमज्जणालंकारपरिग्गहो य चारुसिबिगाधिरूढो तेहिं सव्वेहिंवि पव्वज्जागहणाभिलासीहिं परिवुडो, दिज्जंतेसु अणिवारियप्पसरं कणगाइदाणेसु, वज्जंतेसु चउव्विहतूरेसु, नच्चंतेसु तरुणिसत्थेसु, थुणंतेसु मागहनिवहेसु गओ उज्जाणं। ओयरिओ सिबिगाओ। तिपयाहिणीकाऊण वंदिओ सूरी। परिचत्ताभरणस्स य दिन्ना से गुरूहिं पव्वज्जा, अंगीकया य तेण भावसारं।

अह पढियजिणिंदुद्दिट्ठसिद्धंतसत्थो गुरुजणपयआराहणुज्जुत्तचित्तो।
परिहरियपमायुम्माय-मायापवंचो बहुविहतवकम्मासेवक्खीणदेहो ।।१।।

विमलगुणकलावं अज्जिणंतो जिणंतो, कुसुमसरपमोक्खं वेरिवग्गं समग्गं।
नियजियमिव सव्वे पाणिणो रक्खमाणो, खणमिव अचयंतो सुत्ततत्तत्थचित्तं ।।२।।

---

कृत्यम्। राज्ञाऽपि अभिषिक्तः निजराज्ये पुत्रः। समर्पिताः करि-तुरगादयः। कृतमज्जनाऽलङ्कारपरिग्रहः च चारुशिबिकाऽधिरूढः तैः सर्वैः अपि प्रव्रज्या-ग्रहणाऽभिलाषिभिः परिवृत्तः, दिगन्तेषु अनिवारितप्रसरं कनकादिदानेषु, वाद्यमानेषु चतुर्विधतूरेषु, नृत्यत्सु तरुणीसार्थेषु, स्तुवत्सु मागधनिवहेषु गतः उद्यानम्। अवतीर्णः शिबिकातः। त्रिप्रदक्षिणीकृत्य वन्दितः सूरिः। परित्यक्ताऽऽभरणस्य च दत्ता तस्य गुरुणा प्रव्रज्या, अङ्गीकृता च तेन भावसारम्।

अथ पठितजिनेन्द्रोद्दिष्टसिद्धान्तसार्थः गुरुजनपदाऽऽराधनोद्युक्तचित्तः।
परिहृतप्रमादोन्माद-मायाप्रपञ्चः बहुविधतपोकर्माऽऽसेवाक्षीणदेहः ।।१।।

विमलगुणकलापमर्जयन् जयन्, कुसुमशरप्रमुखं वैरिवर्गं समग्रम्।
निजजीवमिव सर्वान् प्राणिनः रक्षन्, क्षणमिव अत्यजन् सूत्र-तत्वार्थचिन्ताम् ।।२।।

---

પોતપોતાને ઘરે ગયા અને તે સમયને યોગ્ય તેમણે બધું કૃત્ય કર્યું. અહીં રાજાએ પણ પોતાના પુત્રનો રાજ્યાભિષેક કર્યો અને હાથી, અશ્વ પ્રમુખ સૈન્ય સમર્પણ કર્યું. પછી મજ્જન કરી, અલંકાર પહેરી, રાજા શિબિકાપર આરૂઢ થયો અને પ્રવ્રજ્યાના અભિલાષી તે બધા સામંતાદિકથી પરિવૃત થઇ, અનિવારિત કનકાદિકના દાન દેવામાં આવતાં, ચતુર્વિધ વાજીંત્રો વાગતાં, તરુણીજનો નૃત્ય કરતાં અને માગધ-સ્તુતિપાઠકો વિવિધ ગુણ બોલતાં તે ઉદ્યાનમાં આવ્યો. ત્યાં શિબિકાથકી નીચે ઉતરી તેણે આચાર્ય મહારાજને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કર્યું. પછી આભરણોનો ત્યાગ કરતાં ગુરુએ તેને દીક્ષા આપી, જે તેણે ભાવ સહિત અંગીકાર કરી.

હવે જિનેશ્વર પ્રણીત સિદ્ધાંતોને ભણતાં, ગુરુની આજ્ઞાની આરાધનામાં ચિત્ત લગાડતાં, પ્રમાદ, ઉન્માદ અને માયાપ્રપંચને તજતાં, બહુવિધ તપથી શરીરને ક્ષીણ કરતાં, (૧)

નિર્મળ ગુણ-સમૂહનો સંગ્રહ કરતાં, કામ પ્રમુખ સમસ્ત રિપુઓને જીતતાં, પોતાના જીવિતની જેમ બધા પ્રાણીઓની રક્ષા કરતાં, સૂત્રાર્થના ચિંતનને ક્ષણ પણ ન મૂકતાં, (૨)

सुह-दुह-मणि-लेट्ठू-सत्तु-मित्ताइएसुं, तुलमिव समरूवं चित्तवित्तिं धरिंतो।
तिणमिव पडलग्गं छंडिउं सव्वसंगं, विहरइ वसुहाए निप्पकंपो महप्पा ।।३।।

तो वासकोडिमेगं पव्वज्जं पालिऊण कयमरणो।
**सुक्कं**मि देवलोए जाओ देवो महिड्ढीओ ।।४।।

इय वीरनाहचरिए सुपवित्ते दुक्खदारुकरवत्ते।
सिवपुरसंमुहपत्थियमंगलकलसेक्कवरसउणे ।।५।।

उसभजिणकहियहरि-चक्कवट्टिपयपवरलाभपडिबद्धो।
जणमणविम्हयजणणो समत्तो तइयपत्थावो ।।६।। जुम्मं।।

## (इति तइओ पत्थावो)

सुख-दुःख-मणि-लेष्टु-शत्रु-मित्रादिषु, तुला इव समरूपां चित्तवृत्तिं धारयन्।
तृणमिव पटलग्नं त्यक्त्वा सर्वसङ्गम्। विहरति वसुधायां निष्प्रकम्पः महात्मा ।।३।।

ततः वर्षकोटिमेकां प्रव्रज्यां पालयित्वा कृतमरणः।
**शुक्रे** देवलोके जातः देवः महर्द्धिकः ।।४।।

इति वीरनाथचरित्रे सुपवित्रे दुःखदारुकरपत्रे।
शिवसुखसम्मुखप्रस्थितमङ्गलकलशैकवरशकुने ।।५।।

ऋषभजिनकथितहरि-चक्रवर्तीपदप्रवरलाभप्रतिबद्धः।
जनमनोविस्मयजनकः समाप्तः तृतीयप्रस्तावः ।।६।।

## इति तृतीयः प्रस्तावः

સુખ-દુઃખ, મણિ-પાષાણ, શત્રુ-મિત્રાદિકમાં તુલા-ત્રાજવાની જેમ સમાન ચિત્તવૃત્તિને ધરતાં, વસ્ત્રે લાગેલ તૃણની જેમ સર્વ સંગને તજી, તે મહાત્મા નિષ્કંપ થઇને વસુધાપર વિચરવા લાગ્યા. (૩)

એમ એક કોટી વરસ પ્રવ્રજ્યા પાળી, મરણ પામતાં પ્રિયમિત્ર મુનિ **શુક્ર દેવલોક**માં મહર્દ્ધિક દેવતા થયા. (૪)

**એ પ્રમાણે દુઃખરૂપી લાકડાને કાપવામાં કરવત સમાન, શિવપુર પ્રત્યે પ્રસ્થિતને મંગલ-કળશની જેમ એક પ્રવર શુકનરૂપ અને સુપવિત્ર એવા મહાવીર-ચરિત્રમાં ઋષભસ્વામીએ કહેલ શ્રેષ્ઠ વાસુદેવ અને ચક્રવર્તીની પદવીની પ્રાપ્તિવાળો અને જન-મનને આશ્ચર્ય પમાડનાર એવો ત્રીજો પ્રસ્તાવ પૂર્ણ થયો. (૫/૬)**

**।। इति तृतीय प्रस्ताव ।।**

प्रकाशक
श्री दिव्यदर्शन ट्रस्ट

ISBN 978-81-925531-0-8